# પ્રેમચંદજીની શ્રેષ્ઠ વાર્તાઓ

**અનુ.**
યાકુબ

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**Prem Chhandjini Shresda vartao**
Published by M.M.Sahitya Prakashan
Mahavir Marg, Anand-388 001

© લેખકશ્રી

**પ્રેમચંદજીની શ્રેષ્ઠ વાર્તાઓ**

યાકુબભાઈ મલેક

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૧૫૦/-**

**આવરણ**

જાગૃતિ ચૌહાણ, બાકરોલ

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક :**

ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**મુદ્રક :**

સરજુ પબ્લિકેશન, આણંદ.

**પ્રકાશક**
એમ.એમ.સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

# અર્પણ



જેમનું હરહંમેશ સાથ અને સહકાર મળે છે તેવા

**અમરસિંહ પરમાર**

# પ્રસ્તાવના

વિશ્વના શ્રેષ્ઠ સાહિત્યકારોમાં જેમની ગણના થાય છે એવા હિંદી સાહિત્ય જગતના સિતારી પ્રેમચંદજીની વાર્તાઓનો અનુવાદ સૌ વાચકો સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

પ્રેમચંદનું ભાવજગત મર્મવેદી કોઇ આજે પણ એમની વાર્તાઓ જીવંત લાગે છે. એ વાર્તાઓમાં લોકજીવન અને સમાજજીવનનો ધબકાર પડઘાય છે. આથી જ કદાચ લેખકની વાર્તાઓ સામાન્ય માનવીનાં મન અને હૃદય સુધી પહોંચવામાં સફળ રહી છે.

આ વાર્તાઓમાં પાત્રો આજે પણ આપણી આસપાસ હરતાં ફરતાં જણાયા વગર રહેતાં નથી. સમાજની નરી અને નક્કર વાસ્તવિકતાઓમાં ઠોંસી ઠોંસીને ભરાયેલી દેખાય છે. જાણે વાચકના પોતાના જીવનની ઘટનાનો એમાં તાદશ્ય થતી અનુભવાય છે. એટલે જ આજ સુધી પ્રેમચંદજીનું સાહિત્ય એટલું જ વંચાય છે.

વાર્તાઓમાંથી માનવજીવનના ઉચ્ચ આદર્શો અને માનવીય મૂલ્યો ઉજાગર થાય છે. સમાજમાં ઘર કરી ગયેલાં, સમાજના અધઃપતન માટે જવાબદાર સામાજિક દુષણો સામે લેખકનો ઉગ્ર આક્રોશ વાર્તાઓમાંથી પ્રગટ થાય છે.

લેખક અમની વાર્તાઓ, વાર્તાઓનાં પાત્રો અને શબ્દચિત્રો દ્વારા સમાજસુધારણાની આલબેલ પોકારે છે.

સ્વર્ણિમ ગુજરાતની સ્મૃતિ રૂપે પ્રેમચંદજીની વાર્તાઓનો અનુદિત સંગ્રહ પુસ્તકરૂપે પ્રગટ કરતાં હું ધન્યતાની લાગણી અનુભવું છું. આ કાર્યમાં મને

સાથ સહકાર અને પ્રેરણા આપનાર મારા મિત્રો અને શુભેચ્છકો નો હું ઋણી છું. એ સર્વેનો હૃદય પૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકને પ્રકાશિત કરી આપ સૌનાં કરકમલો સુધી પહોંચાડવામાં અર્પણ પ્રિન્ટરી, આણંદે ખૂબ જહેમત ઊઠાવી છે. એના સંચાલકોનો આભાર ન માનું તો હું નગુણો ગણાઉ.

આપ સૌ વાચકોનો પણ આભારી છું.


**યાકુબ મલેક**

એમ.એમ. સાહિત્ય પ્રકાશન

મહાવીર માર્ગ – આણંદ

મો. ૯૮૭૯૪ ૪૪૭૬૩


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | નિષ્કલંકિની | ૧ |
| ૨. | ભીનો ભીનો ઠપકો | ૧૮ |
| ૩. | રસિક સંપાદક | ૨૯ |
| ૪. | નરકનો રસ્તો | ૩૬ |
| ૫. | સાચું દર્શન | ૪૪ |
| ૬. | મનુષ્ય નહીં, દેવતા | ૫૧ |
| ૭. | શંકા | ૫૯ |
| ૮. | નૈરાશ્ય લીલા | ૬૭ |
| ૯. | યુક્તિ | ૭૯ |
| ૧૦. | સ્વર્ગની દેવી | ૮૫ |
| ૧૧. | માતૃત્વભાવનો વિજય | ૯૫ |
| ૧૨. | એક આંચની કસર! | ૧૦૨ |
| ૧૩. | મમતાનો પોકાર | ૧૦૯ |
| ૧૪. | કાળમુખી | ૧૧૯ |
| ૧૫. | આશા એ જ નિરાશા... | ૧૨૯ |
| ૧૬. | સજા | ૧૪૨ |
| ૧૭. | લૈલા | ૧૫૭ |
| ૧૮. | મુક્તિધન | ૧૭૬ |
| ૧૯. | દિક્ષા | ૧૮૭ |
| ૨૦. | સૌભાગ્યના કોરડા | ૨૦૧ |
| ૨૧. | સાચું સમર્પણ | ૨૧૫ |
| ૨૨. | મુક્તિ માર્ગ | ૨૨૨ |
| ૨૩. | મૈત્રીનું મૂલ્ય | ૨૩૩ |
| ૨૪. | ભોગ | ૧૪૭ |

# નિષ્કલંકિની

ચારનો ભારો લઈ આવેલી મુલિયાનો ઉદાસ ચહેરો જોઈ મહાવીરે પૂછ્યું – ''મુલિયા; કેમ આજે ઉદાસ દેખાય છે? જીવનો ઠીક નથી કે શું?''

જવાબમાં મુલિયા કશું બોલી નહીં. એની આંખો માંથી ડબ્...ડબ્...ડબ્...આંસુ ખરી રહ્યાં હતાં.

પાસે જઈ મહાવીરે ફરી પૂછ્યું – ''શું થયું છે? કેમ કશું બોલતી નથી? કોઈએ તને કશું કહ્યું છે? મા વઢી હતી? આટલી બેચેન કેમ દેખાય છે?''

ડૂસકું ભરતાં તેણે કહ્યું – ''મને કશુંય થયું નથી. સારી તો છું?''

મહાવીરે મુલિયાના આખા શરીર ઉપર સૂક્ષ્મ નજર ફેરવતાં કહ્યું – ''આમ ઊભી ઊભી રડ્યા જ કરીશ કે કહીશ કશું !''

''કહેવા જેવું હોય તો કહું ને?''

મુલિયા તો રણમાં ગુલાબ હતી. ઘઊંવર્ણું શરીર, હરણી જેવી તેજસ્વી આંખો, જરાક નીચે તરફ ખેંચાયેલી હડપચી, અણીદાર ભ્રમરો, કપાળ ઉપર તરવરતી લાલિમાં અને હોઠો ઉપર હસતું સ્મિત એ એના વ્યકિતત્વની





લાક્ષણિકતાઓ હતી. છતાં એની આંખોમાંથી મૂક વેદના છલકાતી હતી. ચમારના ઘરમાં જાણે સ્વર્ગની અપ્સરાનું અવતારણ થયું હતું! એનું નાજુક નમણું શરીર ઘાસ વેચવા યોગ્ય હતું? એ ગામમાં એવા પણ કેટલાક હતા કે જેઓ મુલિયાની પાછળ પાગલ થયા હતા. એની એક નજર માટે તરસતા હતા. એ જેની સાથે એકવાર પણ બોલતી એ જાણે ન્યાલ થઈ જતો. ઘાસનો ભારો માથે મૂકીને એ ઘેરથી નીકળતી તો લાગતું કે જાણે પૂર્વની ક્ષિતિજેથી ઉષ્મા પ્રગટી! એનો રસ્તો જતી જોઈ કોઈ દિવાના ગીતની લીટીઓ ગણગણતા તો કોઈ આછા આછા સિસકારા ભરતા, પણ મુલિયાતો નીચે મોંએ એના રસ્તે આગળને આગળ ચાલી જતી. લોકો નિરાશ અને હેરાન થઈને કહેતા ''ઓહો! આટલો ઠસ્સો! આટલું અભિમાન! મહાવીરીયામાં એવું શું બળ્યું છે કોણ જાણે? આમ તો એ કઈ જુવાનેય નથી. તોય શી રીતે મુલિયા રહેતી હશે એની જોડે?

સવારનો સમય હતો. આંબાના મોરમાંથી ચળાઈને આવતો વાયરો સુગંધ ફેલાવતો હતો. આકાશ ધરતી પર જાણે સોનું વરસાવતું હતું. માથે ડાલો ટોપલો મુકી મુલિયા ઘાસ કાપવા ચાલી જતી હતી. ત્યારે રસ્તામાં એણે એકાએક સામે આવતા યુવાન ચૈનસિંહને જોયો. એ જરાક ફંટાઈને નીકળી જવા વિચારતી હતી પણ જેમ બાજ ચકલી ઉપર ઝપટ મારે એમ ચૈનસિંહે એનો હાથ ઝાલી લીધો અને કહ્યું – ''મુલિયા, તને મારી ઉપર જરાય દયા નથી આવતી?''

મુલિયાની આંખોમાંથી તણખા ખરવા લાગ્યા. એ જરાય ગભરાઈ નહીં. જરાય અસ્વસ્થ થઈ નહીં. ટોપલો માથેથી હેઠે નાખતાં બોલી – ''મેલી દે મને, નઈ તો હું રાડ્ય નાખું છું.''

ચૈનસિંહને જીવનમાં આજે નવો અનુભવ થયો. નીચી જાતની રૂપવાન યુવતીઓનું, ઊંચી જાતિના લોકો નું મનોરંજન કરવા સિવાય બીજું કામ પણ શું હોય! ઘણી બાજીઓ જીતી જનાર ચૈનસિંહ આજે મુલિયાનો ગુસ્સો જોઇ હડબડી ગયો. એના છક્કા છૂટી ગયા. અણે મુલિયાનો હાથ છોડી દીધો. એ ઉતાવળે પગલે એના રસ્તે આગળ વધી ગઇ.

ખૂબ આગળ નીકળી ગયા પછી મુલિયા ક્રોધ, ભય અનો પોતાની કંગાલિયતનો અનુભવ કરતી રડવા લાગી. એણે થોડીકવારતો મનને કાબૂમાં રાખ્યું પણ પછી હૈયું હાથ ના રહેતાં ડૂસકે ડૂસકે રડવા લાગી. જો એ આટલી ગરીબ ના હોત તો શી મજાલ હતી. કોઇની કે આમ છડેચોક એની છેડતી કરે! એ રડતી હતી નો ઘાસ કાપતી જતી હતી. મહાવીરના સ્વભાવનો એ જાણતી હતી. જો એનો કાનો વાત નાખવામાં આવે તો એ ઠાકુરનો ટોટો પીસી દીધા વગર ના મૂકે. પણ પછી એનું શું પરિણામ આવે! એ વિચાર માત્રથી એનો કંપારી વછૂટી ગઇ. અનો એટલે જ અત્યારે એ મહાવીરના પ્રશ્નનો કોઇ જવાબ આપી શકતી ન હતી.

બીજે દિવસો મુલિયા ઘાસ લેવા ગઇ નહીં. સાસુએ પૂછ્યું – ‘‘મુળી...જા નો ઘાસ લેવા. તું એકલી જ રહી ગઇ છું. આજ તો. બધીય શેમશેઢે જતી રૈ સો. ભળાય છે આખા મુલ્લામાં કોઇ?’’

‘‘હું એકલી નહીં જાઉં, મા.’’

‘‘ચ્યમ કાંઇ? કોઇ બાચકાં ભરી જવાનું સો તાનો એકલીનો?’’મહાવીરની માએ ગુસ્સો થતાં કહ્યું.





બીતાં બીતાં મુલિયાએ કહ્યું – ‘‘મા; મૂવા આ ગામના જુવાનીયાઓ રસ્તે નો સોમમાં મારી મશ્કરી કરે છે.’’

સાસુએ ગુસ્સો ઠાલવતાં કહ્યું – ‘‘કોઇનીય કોઇ છેડાછેડી નથી કરતું નો તારી પાછળ જ પડ્યું હશે લોક, ખરું કેની? રે’વાદે, રે’વાદે આ બધા ચાળા હવે! ચાર લેવા નઇં જવાનાં નખરાં છે આતો. તે ના જવું હોય તો ભલે ના જતી, પણ આ ઘરમાં મહારાણી થઇનો તમારો નરવા નઇ થાય, હમજી? તારું રૂપ તનો ગંધાય, એનો પૂછે છે મારી બલારાત અમારે તો તન તોડીને વૈતરું કરે ઇ વા’લી લાગે. ઊઠ્ય. ઉપાડ્ય ડાલો ને હેંડવા માંડ્ય ઘાસ પૂંજો લેવા.’’

બહાર ચોકમાં લીમડાના ઝાડ નીચે છાંયડામાં મહાવીર ઘોડાનો પસવારતો હતો. મુલિયાનો રડતી જતાં જોતી છતાં એ કશું બોલ્યો નહીં. એનું જો ચાલતું હોત તો એનો આંખોમાં સંતાડી રાખત. હૃદયમાં બેસાડી રાખત; પણ એ લાચાર હતો. ઘોડાનો નીરવા તો જોઇએ નો કશુંક! ઘાસ વેચાતું લઇ ખવડાવવું પાલવે તેમ ન હતું. અનો પેલી મજૂરી એ મળતી ન હતી. પરાણે રોજ દોઢ બે રૂપિયા મળતા. એટલામાં તો પૂરુંય શી રીતે થાય? અનો મજૂરી એ કાંઇ રોજ રોજ ઓછી મળે! મળેય ખરી અનો કોઇક દહાડો ના પણ મળે. ખટારા શરૂ થયા પછી તો એકાવાળાનો કોઇ ભાવેય નથી પૂછતુંય શાહુકારનો ત્યાંથી દોઢસો રૂપિયા વ્યાજે લઇ ઘોડો અનો એક્કો લીધાં હતાં. પણ હવે આ હાથલારીઓ આગળ એક્કાનો કોણ પૂછે? શાહુકારનો વ્યાજ ભરવુંય વસમું થઇ પડ્યું છે. એણે ઉપર ઉપરથી કહ્યું – ‘‘તારી ઇચ્છા ના હોય તો રે’વાદે. જોયું જશે.’’

એ મીઠાં વચનોથી મુલિયા જાણે ધન્ય થઇ ગઇ. કહ્યું – ''ઘોડો શું ખાશે?''

આજે એ કાલને રસ્તે ના ગઇ. એણે ખેતરોનો આડફેટો રસ્તો લીધો. વારંવાર એ ચારેબાજુ ઝીણી નજરે જોયા કરતી હતી. ચોતરફ શેરડીનાં ખેતરો લહેરાતા હતાં. જરાક શેરડીનાં પાન ફડફડતાં તો એનું હૈયું ધડકી ઉઠતું. કોઇ શેરડીમાં સંતાઇને તો નઇ બેઠું હોય ને! પણ કશું જ બન્યું નહીં. શેરડીના વાઢપૂરા થયા. આંબાવાડિયું ય વટાવી નાખ્યું. હવે પાણી પાયેલાં ખેતરો દેખાવા લાગ્યાં. દૂર કૂવા ઉપર કોસ ચાલતો હતો.ખેતરના પાળાઓ ઉપર લીલું ઘાંસ ઊગ્યું હતું. મુલિયાનો જીવ લલચાયો. એને થયું કે અહીં કોઇ નથી. કોણ જોવાનું હતું? કોઇ બોલશે તો હેંડી જઇશ. પાકો મનુસૂબો કરી લીલું ઘાસ કાપવાનું એણે શરૂ કર્યું. કલાકેકમાં તો એનો ડાલો ટોપલો લગભગ ભરાઇ જવા આવ્યો હતો. એ ઘાસ કાપવામાં એવી તો તલ્લીન હની ગઇ હતી કે ચૈનસિંહના આવવાની એને જાણ શુદ્ધાં થઇ નહીં. કોઇકના ખોંખારાનો અવાજ સાંભળી એણે માંથું ઊંચે કર્યું તો સામે જ ચૈનસિંહને ઊભેલો જોયો.

મુલિયા એને જોતાં જ પારેવાની જેમ ફડફડવા લાગી. ઘાસ ઠાલવી દઇ, ખાલી ટોપલો લઇ નાસી જવાનું એને મન થયું. પણ એને ચૈનસિંહે પડકારી – '' ઊભી રહે. ગભરાઇશ નહીં. તને હું કશુંય કહેવાનો નથી. તારી ઇચ્છા હોય તેટલું ઘાસ વાઢીજા. આ મારું જ ખેતર છે.''

મુલિયાના હાથ અટકી ગયા. ખરપડી જાણે હાથ સાથે ચોંટી ગઇ! ધરતી માર્ગ આપે તો એને એમાં સમાઇ જવાનું મન થઇ આવ્યું. આંખો આગળ જમીન ખસતી જણાઇ.



ચૈનસિંહે આશ્વાસન આપતાં કહ્યું – ''કેમ અટકી ગઇ? તું તારે નિરાંતે ઘાસ વાઢી લ્યે. હું ક્યાં તને કશું કહું છું? તું રોજ અહીં આવજે. હું તને ઘાસ વાઢી આપીશ.''

મુલિયા જાણે ચિત્રમાં ચીતરી હોય તેમ બેસી રહી.

ચૈનસિંહે જરાક આગળ વધતાં કહ્યું. ''તું મારાથી આટલી ગભરાય છે શું કરવા? તને એમ લાગે છે કે હું તને છંછેડવા આવ્યો છું અહીં? કાલે પણ મેં તારી છેડતી કરવા તારો હાથ ઝાલ્યો ન હતો. સાચું ખોટું તો ભગવાન જાણે છે. તને જોઇને એની મેળે જ મારો હાથ લંબાઇ ગયો હતો. મને કશું ભાન રહ્યું ન હતું. મને થતું હતું કે મારો હાથ જ કાપી નાખું. ઘરે ગયા પછી ઝેર ઘોળવાનુંય મન થઇ આવેલું. ત્યારથી હું તને શોધતો હતો. હું તારાં પગલાં જોતો જોતો અહીં આવ્યો છું. તારે મને જે શિક્ષા કરવી હોય તે કર. મારું માથું વાઢી લેવું હોય તો પણ ભલે! હું નફ્ફટ હતો, લુચ્ચો હતો. નાલાયક હતો. પણ તને જોયા પછી તો આખે આખો બદલાઇ ગયો છું હું. થાય છે કે તારો પાળેલો કૂતરો હોત તો તારાં પગલાં સૂંઘતો સૂંઘતો તારી પાછળ ફર્યા કરતો હોત! તારો ઘોડો હોત તો તારા હાથથી કપાતું ઘાસ ખાતો હોત! હવે તો આ ફકીર તારા કામમાં આવે એ જ એની મોટામાં મોટી ઇચ્છા છે. મહાવીર કેટલો બધો નસીબદાર છે કે એને તારા જેવી દેવી મળી!''

ચૈનસિંહની વાતો સાંભળ્યા પછી મુલિયા ભોળપણથી બોલી – ''તે તમે મને શું કરવા કહો છો?''

''તારી દયા ઇચ્છું છું. બીજું કશું નહીં.''

મુલિયાએ એની તરફ નજર કરી. એની શરમ ક્યાંય અદશ્ય થઇ ગઇ હતી. ભયનું તો નામ નિશાન ન હતું. એણે કહ્યું – ''તમને એક વાત કહેવી છે. ખોટું નઇ લાગે ને? તમારું લગન થઇ ગયું છે?''

‘‘લગન તો થયું છે; પણ ના થયા જેવું.’’

મુલિયાના હોઠો પર તિરસ્કારનું હાસ્ય ઉમટી આવ્યું. એણે કહ્યું – ‘‘જો મારો ધણી તમારી સ્ત્રી આગળ આવી વાતો કરે તો? તમે એનું માંથું ઉતારી લેવાનું વિચારો કે નહીં? શું તમે માનો છો કે મહાવીર ચમાર છે એટલે એના શરીરમાં લોહી નથી વહેતું? એનો મર્યાદા જેવું કશું નથી? એનો એની જાતનું અભિમાન નથી? મારું રૂપ તમને ગમે છે. તો શું ગામમાં મારાથી બીજી રૂપાળી સ્ત્રીઓ નથી? હું તો એમની આગળ કશુંય નથી. તમે એમનામાંથી કોઇ એકની દયા કેમ નથી માગતા? શું એમનાં કાળજામાં દયા નથી? પણ તમારે ત્યાં જવું નથી. કેમ કે તેમની પાસે જતાં તમારો જીવ બળે છે. તમને બીક લાગે છે. અને હું ચમારણ છું, હલકી જાત્યની છું એટલે મારી પાછળ નજર બગાડો છો. તમને એમ કે હલકી વરણનાં લોક જરાક બીકથી કે લાલચથી સહેલાઈથી વશ થઈ જાય છે? કેટલો બધો રસ્તો સોદો છે? તમે તો ઠાકુર છો ને? તમને આટલો સસ્તો સોદો શી રીતે પોષાય?’’

શરમથી સંકોચાઈને ચૈનસિંહે કહ્યું – ‘‘મુલિયા, એવું નથી. સાચું કહું છું. ઊંચ નીચની તો આમાં વાત જ નથી. માણસ તો સૌ સરખાં. હું તો તારા પગમાં મારું માંથું મૂકવા તૈયાર છું.’’

‘‘એટલા માટે કે હું કશું કરી શકવાની નથી? જઇને કોક રજપૂતાણીના પગમાં માથું મેલો એટલે ખબર પડે કે માથું મેલવાનું મૂલ શું ચૂકવવું પડે છે. પછી તો એ માથું તમારા ધડ ઉપર સલામત જ નહીં રહે.’’

ચૈનસિંહ શરમનો માર્યો ભોંય ખોતરવા લાગ્યો.





મહિનાઓ પછીની માંદગીમાંથી હજુ હમણાં જ ઊઠ્યો હોય એમ એનું મોં ઉતરી ગયું હતું. એ સ્તબ્ધ થઇને ઊભો હતો. મુલિયા આટલી બધી વાચાળ હશે એવી તો એને કલ્પનાયે ન હતી.

મુલિયાએ આગળ ચલાવ્યુ. ‘‘હું દરરોજ બજારમાં જાઉં છું. મોટાં મોટાં ઘરની વાતોની મને ખબર છે. એવું એક ઘરતો મને બતાવો કે જેને કગોઇ રાવતે, ઘોડાંગાળીવાળાએ, કહારે, પંડાએ કે કોઇ મહારાજે કલંકિત ના કર્યું હોય! એ તો મોટા ઘરની લીલા છે! એ મોટા ઘરોની સ્ત્રીઓની લીલાની કોઇ વાત ના કરે. એમના ઘરવાળાય ચમારણો અને કહારણો પાછળ ગાંડા થાય છે. એટલે હિસાબ સરખો થઇ જાય છે અમારે તો એવું નથી. મારા આદમી માટે તો આ મલકમાં જે છું તે જ છું. એ મારા સિવાય કોઇ બીજી ચમારણ ભણી ઊંચી આંખ કરીનોય જોતા નથી. એ તો ઠીક છે કે હું જરાક રૂપાળી છું. પણ જો હું કદરૂપી હોત નો તોય મને વિશ્વાસ છે કે એ મને આટલા જ હેતથી રાખતા હોત! હું ભલે ચમારણ રહી; પણ મારા ધણીનો મારાથી છેહ ના દેવાય. હા, એ મને રંજાડતા હોય તો હું એમને રંજાડું એ જુદીવાત! તમે તો મારા રૂપ ઉપર ગાંડા થયા છો ને? પણ મને માતા નીકશે અને હું કાણી કૂબડી થઇ જાઉં તો તમે મારા ભણી નજરેય કરશો કે?’’

ચૈનસિંહ એક અક્ષરેય બોલી શક્યો નહીં.

મુલિયાએ ફરી સગર્વ કહ્યું – ‘‘પણ મારી એક નહીં, આ બેય આંખો ફૂટી જાય ને તોય એવાય તો મને આજે રાખે છે એમ જ રાખે, હું એવા માણસ હાર્યે કપટ શી રીતે કરું? જાઓ, આજ પછી મારી છેડતીનો વિચાર માંડી વાળજો. એ સારું ના કહેવાય.’’

ગુસ્સો, બળ, દયા, હિંમત, આત્મવિશ્વાસ અને ગૌરવ જુવાનીને ઉજ્જવળ અને પવિત્ર બનાવે છે. જ્યારે ઘમંડ, સ્વાર્થ, નિર્દયતા, ઘાતકીપણું, કામવાસના અને લુચ્ચાઇ જીવનનો વિનાશ નોંતરે છે. ચૈનસિંહ પર જુવાનીનો નશો છવાઇ વળ્યો હતો. એ પશુ જેવો થઇ ગયો હતો. મુલિયાની શીતકણો જેવી વાણીએ એનો નશો ઉતારી દીધો હતો. જુવાનીનો નશો ઉતરી ગયો હતો. બચી હતી માત્ર જુવાની. કામિનીનાં વાગ્બાણો જેટલી સહેલાઇથી નાશ કરી શકે છે એટલી જ સહેલાઇથી ઉદ્ધાર પણ કરી શકે છે.

ચૈનસિંહ એ દિવસથી સમૂળો બદલાઇ ગયો હતો. એની ત્રાડથી સૌ થરથરતાં. મજૂરોને ધમકાવવાની, ગાળો ભાંડવાની એની ટેવ હતી. એની સામે કોઇ ચૂં...ચાં કરી શકતું નહીં. બધાનો એના પ્રત્યે ઈર્ષા થતી હતી. પણ આજે એને આટલો કોમળ, દયાળુ, ગંભીર અને સહનશીલ જોઇ સૌને ભારે અચંબો થયો.

કેટલાક દિવસો વીતી ગયા હતા. સંધ્યાકાળે ચૈનસિંહ ખેતરમાં આંટો મારવા ગયો હતો. ખેતરમાં કોસ ફરતો હતો. એણે જોયું તો ઢાળિયો એક જગાએથી ફાટી ગયો હતો અને પાણી બહાર વહી જતું હતું. ક્યારામાં પાણી પહોંચતું જ ન હતું. પણ ક્યારા પાનારી ડોસી તો બેઠી હતી છાનીમાના પાણી નહીં આવવાની એને જરા પણ પડી ન હતી. ચૈનસિંહથી રહેવાયું નહીં. એણે માટીથી ઢાળિયો બાંધી દીધો. અને પછી પેલી ડોસી પાસે જઇ કહ્યું – ‘‘અરે, તું તો અહીં આમ બેસી રહી છે, ને પાણી તો ઢાળિયો ફાડી બહાર વહી રહ્યું છે.’’

પેલી બાઇ ગભરાઇ ગઇ. બોલી – ‘‘હજુ હમણાંજ ફાટ્યો હશે, આ જઇને કરી આવું બંધ.’’



એને ધ્રુજતી જોઇ ચૈનસિંહે કહ્યું – ‘‘રહેવા દે બુઢ્ઢી. મેં બાંધી દીધો છે ઢાળિયો. બેસ હવે, પણ તારો ઘરવાળો નથી દેખાતો ઘણા દિવસથી! કઇ કામે બામે ગયો છે કે શું?’’

‘‘ના રે રાજા, કામ જ આજે મળતું નથી ને! શું કરીએ?’’

‘‘તે આપણે ત્યાં બોલાવી લે ને. થોડા શણ છે તે કાપશે.’’

એમ કહી ચૈનસિંહ કૂવા તરફ ચાલ્યો ગયો. ત્યાં ચાર કોસ ફરતા હતા. પણ અત્યારે બે કોસિયા બોરાં ખાવા ગયા હતા. ચૈનસિંહને જોતાં જ મજૂરોનાં ગાત્રો ગળી ગયાં. કે ઠાકુર પૂછશે તો શો જવાબ દઇશું! આજે આવી બન્યું બધાંનું. ચૈનસિંહે પૂછ્યું – ‘‘આ બે જણા ક્યાં ગયા છે?’’

કોઇ બોલ્યું નહીં. એટલામાં પેલા બે જણા ધોતિયાના છેડામાં બોર વઇ આવી ચઢ્યા. ચૈનસિંહ ઉપર નજર પડતાં જ એમના જીવ નીકળી ગયા જાણે! પગ ધરતી સાથે જડાઇ ગયા હતા જાણે! એમની ગભરામણ નો પાર ન હતો. શું થશે? એમ એ વિચરતા હતા ત્યાં ચૈનસિંહે કહ્યું – ‘‘લાય જો, અલ્યા બોર, ચાખી તો જોઉં કે કેવાંક મીઠાં છે મારી બોરડીનાં છે કે?’’

બન્ને જણા વધારે ફટક્યા. થયું – ‘‘આજે ઠાકુર ઘાણીએ ઘાલીને તેલ કઢાવશે.’’

‘‘લાવને આલ્યા. સંભળાતું નથી? પાકાં પાકાં બોર લઇ લેવા દે મને. અને અલ્યા, તમેય રેવા દ્યો હમણાં કોસ ખેંચવાનું. ને અહીં આવો. લ્યો ખાવ બોર.’’ એમણે ચારેયને પાસે બોલાવ્યા.

પેલા બે જણાને હવે જરાક નિરાંત થઇ. બધાં એ સાથે બેસી બોર ખાધાં. અડધો કલાક કોસ બંધ રહ્યા. બોર ખાઇ,

વાતોચીતો કરી ઠાકુર ત્યાંથી ઊઠ્યા ત્યારે પેલા બે કોસિયાઓએ હાથ જોડી કરગરતાં કહ્યું – ''ભૈયાજી ! આજે જીવતદાન આલો. ભૂલ થઇ ગઇ અમ ગરીબની. જબરી ભૂખ લાગી'તી નઇં તો ના જાત. સરકાર, અમને માફ કરી દ્યો.''

નમ્રતાથી ચૈનસિંહે કહ્યું – ''એમાં ખોટું શું છે? મનેય બોર ચાખવા મળ્યાં. અડધો કલાક વેડફાયો એટલું જ ને? તમે ધારો તો કલાકનું કામ અડધા કલાકમાં કરી નાખો એવા છો.''

ચૈનસિંહના ગયા પછી ચારે જણા વાતોએ ચઢ્યા.

એકે કહ્યું – ''માલિક જો આ રીતે રહેતા હોય તો કામ કરવામાં જીવ પરોવાય.''

બીજાએ કહ્યું – ''મને તો થતું'તું કે આજે આપણને કાચાને કાચા કરડી ખાશે.''

ત્રીજાએ કહ્યું – ''મને કેટલાક દિવસથી એ બદલાઇ ગયેલા દેખાય છે.''

''રહેવા દે તારું ડહાપણ! સાંજે પૂરી મજૂરી મળે તો કહેજે મને!'' ચોથાએ કહ્યું.

''તું તો એવો ને એવો જ રહ્યો લ્યા. માણસનું મન પારખતાંય ના આવડ્યું તને.''

''હવે ખરા મનથી કામ કરીશુ.''

''બીજું શું? એમણે આપણી ઉપર વિશ્વાસ મેલ્યો છે. તે આપણાથી ય કંઇ ધરમ ઓછો ચૂકાય?''

''તમે ગમે એ કહો. પણ મને તો ઠાકુર ઉપર લગીરેય વરાવા આવતો નહીં.''





એક દિવસ ચૈનસિંહને સરકારી કચેરીએ જવું હતું. પાંચ માઇલનો રસ્તો. તડકો તેજ હોવાથી એણે ઘોડા પર બેસી જવાને બદલે એક્કામાં જવાનું વિચાર્યું. મહાવીરને એકેકા માટે કહેણ મોકલ્યું. બરાબર નવ વાગે મહાવીર એક્કો લઇ આવી ગયો. ચૈનસિંહ તો તૈયાર જ હતો. પણ ઘોડા એટલા દુર્બલ હતા, એક્કાની બેઠકની ગાદી એવી તો ફાટી ગયેલી અને ગંદી હતી કે ચૈનસિંહને એક્કામાં બેસતાં સંકોચ થવા લાગ્યો. તેણે કહ્યું ''મહાવીર! અલ્યા આ એક્કો આવો ભંગાર કેમ થઇ ગયો છે? ને તારો ઘોડો તો આવો કોઇ દહાડો જોયો ન હતો. મરી જવા જેવો થઇ ગયો છે બિચારો! શું ભાડુ નથી મળતું કે શું આજકાલ?''

મહાવીરે કહ્યું – ''નારે માલિક! સવારી તો મળે. પણ હવે એકેકાનો ભાવ કોણ પૂછે છે? હવે તો ખટારો આવી ગ્યો છે. આજે તો રૂપિયાની મજૂરીયે નથી મળતી. ઘોડાને શું ખવરાવું? ને અમારે શું ખાવું? થાય છે કે ઘોડો અને ગાડી વેચી મારીને તમારા જેવાંની મજૂરી કરું.''

ચૈનસિંહે એના ફાટેલા ખમીસ તરફ જોતાં કહ્યું – ''બે ચાર વીઘાં ભાગે ખેડી લેતો હોય તો?''

''ખેતી તો ભારે વૈતરાનો ધંધો છે, સરકાર! મેં તો એમ ધાર્યું તુ કે કોક ઘરાક મળી જાય તો એક્કાને વત્તું ઓછું કરીનેય આલી દઉં. ને પછી ઘાસ કાપીને શહેરમાં વેચી આવું. સાસુ વહુ બેય જણાં ઘાસ કાપી લાવે છે ત્યારે બજારમાં જઇ દસબાર આના રળી લેવાય છે.''

ચૈનસિંહે પૂછ્યું – ''તારી મા જાય છે વેચવા?''

''ના રે, ના! એટલે બધે તો હેંડીને શી રીતે જાય? એનીયે ઉંમર થઇ છે હવે તો! ઘાસ વેચવા તો મારી ઘરવાળી જાય છે. બપોર સુધી એ ઘાસ કાપે છે અને નમતા પો'રે

બજારમાં વેચવા નીકળે જાય છે. બિચારી રાત્ય પડચે પાછી આવે છે ઘેર. થાકીને લોથપોથ થઈ જાય છે. પણ શું થાય? જેવા નસીબ ના ખેલ!''

ચૈનસિંહ કચેરીએ પહોંચી ગયો. મહાવીર પેસેન્જરોને શોધતો એક્કો આમતેમ લઈ જતો હતો. પણ કોઈ સવારી ના મળતાં શહેર ભણી ચાલ્યો ગયો. ચૈનસિંહે એને ફરી પાંચ વાગે આવવા જણાવ્યું હતું.

લગભગ ચારેક વાગ્યા હશે! ચૈનસિંહ કચેરીમાંથી નવરો થઈ બહાર આવ્યો. બહાર ખુલ્લી જગામાં પાનનો એક થડો હતો. થોડેદૂર વડનું ઘટાદાર વૃક્ષ હતું. એના છાંયડામાં વીસેક એક્કા, ઘોડાગાડી અને બગી ઉભાં હતાં. ઘોડા ચંદી ચણતા હતા. વકીલો અને અધિકારીઓની સવારી અહીં જ ઊભી રહેતી. ચૈનસિહે પાણી પીને પાન ખાધું. પછી વિચારવા લાગ્યો કે કોઈ ખટારો મળી જાય તો એ શહેરમાં ચાલ્યો જાય. વિચારમાં ને વિચારમાં એ આમતેમ આંટા મારતો હતો ત્યાં એના નજર એક ઘાસ વેચનારી બાઈ પર પડી. માથે ઘાસનો મોટો ટોપલો લઈ એ ગાડી હાંકનારાઓ સાથે ભાવતાલ કરી રહી હતી. ચૈનસિંહે જોયું અને એ ઓળખી ગયો. એ મુલિયા હતી. ગુલાબી સાડી પહેરીને, બની ઠનીને ગાડીવાનો સાથે ભાવતાલ કરી રહી હતી એ. ગાડીવાનો એની આસપાસ એકઠા થઈ ગયા હતા. કેટલાક એની સાથે મજાક કરતા હતા. કોઈ લળી બૂરી નજરે ટીકી ટીકીને તાકી રહ્યા હતા તો કોઈ એની સાથે હસતા હતા.

એક કાળા અને બેડોળ ગાડીવાને કહ્યું – ''મૂલી, બહુ બહુ તો છ આનાનું ઘાસ છે.''

''તે છ આનામાં ઘાસ લેવું હોય તો પેલી સામે ઘાસવાળીઓ બેઠી, લેઈ લ્યો ને જઈને! હું તો બાર આનાથી ઓછે વેચવાની નથી.''

બગી ઉપરથી એક આધેડ વયના ગાડીવાને કહ્યું – ''તારો દા'ડો છે. બાર આના શું એક રૂપિયો માગને લેવાવાળા તો જખ મારીને લેશે. આવવા દે વકીલોને, હવે ઝાઝી વાર નથી.''


ગુલાબી પાઘળીવાળાએ ગાડીવાળાએ કહ્યું – ''બુઢ્ઢાના મોંઢામાંય પાણી આવી ગયું છે. એ મુલિયા શું કરવા બીજા ભણી જુએ?''

ચૈનસિંહને ગુસ્સો આવી ગયો. એમનાં માથાં ફોડી નાખવાનું મન થઈ આવ્યું. બધાય મુલિયાને જાણે પી જવા માગતા હોય એમ તાકી રહ્યા હતા. અને મુલિયા પણ કેટલી ખુશ હતી અહીં! નથી ગુસ્સે થતી કે નથી શરમાતી હસતી હસતી રસભરી આંખોએ કેવી મઝાથી વાતો કરે છે! આ એજ મુલિયા હતી જે સીમમાં એક દિવસ પોતાની સામે વાઘણની જેમ ઘૂરકતી હતી.

ચાર વાગી ગયા. વકીલો, અધિકારીઓ અને કર્મચારીઓનો મોટો ઝમેલો જામી ગયો. કર્મચારીઓ તો ખટારામાં જઈ બેઠા. વકીલો અને અધિકારીઓ ઘોડાગાડીઓ તરફ ચાલ્યા. ગાડીવાનોએ ઝટપટ ઘોડા જોડ્યા. ઘણાય મહાનુભાવોએ મુલિયાને માર્મિક આંખોએ જોઈ અને પછી ગાડીઓમાં ગોઠવાયા.

એક અંગ્રેજી ફેશન કરેલા જુવાન વકીલ જે ફિટનમાં બેસી જઈ રહ્યા હતા એ ફિટન પાછળ માથે ડાલો ટોપલો લઈ મુલિયા દોડી રહી હતી. એમણે ફિટનના પગ મૂકવાના બહારના પાટિયા ઉપર ઘાસ નંખાવી દીધું. અને ગજવામાંથી પૈસા કાઢી મુલિયાના હાથમાં મૂક્યા. મુલિયા હસી. બંન્ને વચ્ચે કશીક વાતો પણ થઈ. શું વાતો થઈ હશે એ ચૈનસિંહ જાણી શક્યો નહોતો.

તે પછી રાજીના રેડ થઈ મુલિયા ઘર ભણી ચાલી નીકળી. ચૈનસિંહ તો પાનવાળાની દુકાને આભો બની ઊભો રહી ગયો. પાનવાળાએ દુકાન વધાવીને જ્યારે બારણું બંધ કર્યું ત્યારે જ એની વિચારે સમાધિ તૂટી એણે પૂછ્યું – ''શું દુકાન બંધ કરી દીધી?''

પાનવાળાએ સહાનુભૂતિપૂર્વક કહ્યું – ''ઠાકુર સાહેબ, આ બિમારી સારી ના કહેવાય! એની જલ્દીથી દવા કરાવો.''

નવાઈ પામી ચૈનસિંહે પૂછ્યું – ''કેવી બિમારી?''

"અરે, સાહેબ! અડધા કલાકથી તો અહીં મડદાની દેમ ઊભા છો. આખી કચેરી ખાલી થઇ ગઇ, દુકાનો બંધ થઇ ગઇ, ઝાડું મારનારા ઝાડું મારીને ચીલ્યા ગયા. અને તમને તો કશી ખબરેય પડી નહીં. બહુ ખરાબ રોગ કહેલાય આ, હાં. જલ્દીથી એનો ઈલાજ કરાવો."

ચૈનસિહે સોટી સંભાળી લીધી. એ ફાટક ભણી ચાલ્યો ત્યાં જ સામેથી મહાવીરનો એક્કો આવતો દેખાયો.

એક્કામાં બેઠા પછી ખાસી વારે ચૈનસિંહે મહાવીરને પૂછ્યું – "આજે કેટલી કમાણી કરી?"

"આજે તો આખો દા'ડો ઊભો જ રહ્યો છું. કોઇએ વેઠ માટેય પૂછ્યું નહીં. ઉપરથી ચાર પૈસાની બીડીઓ ફૂંકી મારી." મહાવીરે એક્કો હાંકતાં કહ્યું.

"એક સલાહ છે મારી મહાવીર. તું રોજ મારી પાસેથી એક રૂપિયો લઇ જજે. અને હું જ્યારે બોલાવું ત્યારે એક્કો લઇને હાજર થઇ જજે. પછી તારી ઘરવાળીને ઘાસ વેચવા શહેરમાં નહીં આવવું પડે, છે મંજૂર?"

મહાવીરે ગદ્‌ગદ્‌ હૈયે કહ્યું – "માલિક, આપનાં દાણો પાણી ખાઉં છું. હું તો આપની પરજા છું પરજા. જ્યારે મરજીમાં આવે ત્યારે બોલાવજો. પણ રોજ રૂપિયો..."

ચૈનસિંહે એની વાત ઉડાવી દેતાં કહ્યું – "ના મારે હરામનું કશું ના જોઇએ. તું રોજ એક રૂપિયો લઇ જજે મારી પાસેથી, પણ તારી ઘરવાળીને ઘાસ વેચવા શહેરના બજારમાં ના મોકલીશ. તારી ઈજ્જત એ મારી ઈજ્જત છે. વધારે પૈસા રૂપિયાની જરૂર પડે તો પણ બેધડક મારી પાસે આવીને લઇ જજે. પણ જોજે, મુલિયાને ભૂલથી આ વાત કરીશ નહીં. આવી વાતો કરવાથી ફાયદો પણ શું?"

કેટલાય દિવસો પછી એકવાર સંધ્યાકાળે મુલિયા ચૈનસિંહને મળી. ચૈનસિંહ જમીનદારો પાસે થી મહેસુલ વસૂલ કરીને ઘેર આવતો હતો. જે





જગાએ ચૈનસિંહે મુલિયાનો હાથ પકડ્યો હતો એ જ જગાએ એને મુલિયાનો અવાજ સંભળાયો. પાછા વળીને એણે જોયું તો મુલિયા દોડતી આવતી દેખાઇ. તેણે કહ્યું – "અરે મુલિયા! શું છે? કેમ દોડે છે? હું ઊભો છું અહીં."

હાંફતી મુલિયાએ કહ્યું – "કેટલાય દિવસોથી તમને મળવું હતું. આજ તમને આવતા ભાળીને દોડી. હવે હું ઘાસ વેચવા નથી જતી."

"બહુ સારી વાત છે."

"શું તમે મને કોઇવાર ઘાસ વેચતી જોઇ છે?"

"હા, જોઇ હતી એક દિવસ. શું મહાવીરે તને બધી વાત કરી દીધી? મેં તો એને ના પાડી હતી."

"એ મારાથી કોઇ વાત છાની રાખતા નથી."

બંન્ને જણાં થોડીક્ષણો ચૂપ ઊભા રહ્યાં. કોઇને કશી વાત સૂઝતી નથી. એકાએક મુલિયાને યાદ આવતાં કહ્યું – "અહીં જ તમે મારો હાથ ઝાલ્યો હતો ને?"

ચૈનસિંહે શરમાંતા શરમાંતા કહ્યું – "ભૂલી જા એ વાતને, મારા પર કોણ જાણે એ સમયે ક્યું ભૂત સવાર થઇ ગયું હશે!"

ગદ્‌ગદ્‌ સ્વરે મુલિયાએ કહ્યું – "શી રીતે ભૂલી જાઉં એ વાત! એ હાથ પકડ્યાની લાજ તો નીભાવી રહ્યા છો. ગરીબી માણસની પાસે શું નથી કરાવતી? તમે તો મને બચાવી લીધી."

બન્ને શાંત થઇ ગયાં.

ચૈનસિંહે બળપૂર્વક કહ્યું – "ના મુલિયા, મેં એક પળ માટે પણ આવો વિચાર કર્યો ન હતો."

મુલિયાએ હસીને કહ્યું – "મને તમારી પાસેથી એ જ આશા હતી અને આજે પણ છે."

પાણી વડે સીંચાયેલાં ખેતરોમાં પવન આરામ કરવા જઇ રહ્યો હતો. સૂર્ય નિશારાણીની ગોદમાં જઇ રહ્યો હતો અને એ મંગલ પ્રકાશમાં ચૈનસિંહ મુલિયાની વિલીન થતી આકૃતિને ઊભો ઊભો જોઇ રહ્યો હતો.





# ભીનો ભીનો ઠપકો

આયખાનો મોટો ભાગ આ ઘરમાં જ વીતાવ્યો હોવા છતાં સુખ તો ક્યારેય જોયું નથી. દુનિયાની નજરે મારા પતિ શિષ્ટ, ઉદાર, સૌમ્ય અને સજ્જન જણાતા હતા. પણ એ તો જેને વીત્યું હોય એને જ ખબર પડે ને!પોતાના ઘરના ભોગે પારકાનું ભલું કરનારનો તો દુનિયા પ્રસંશા કરે જ ને? ઘરના માણસો માટે પ્રાણ પાથરનારની પ્રસંશા કરી છે આ દુનિયાએ ક્યારેય? એવા લોકો તો દુનિયાની દ્રષ્ટિએ સ્વાર્થી, કંજૂસ અને આચારભ્રષ્ટ ગણાય છે. એ જ રીતે બહારના લોકો માટે જીવનભર ઝઝૂમનારની પ્રસંશા ઘરવાળાં શી રીતે કરે!

એઓ તો આખો દિવસ મને બાળતા રહે છે. હું પરદો નથી રાખતી પણ તોય મારા જેવી સીધી સાદી સ્ત્રીને બજારમાં જતાં શરમતો આવે જ ને! અને એમની તો વાત જ કરવા જેવી નથી. જે દુકાને ભૂલે ભટકેય કોઇ ઘરાક ના ફરકતું હોય એવી દુકાને એ વસ્તુ ખરીદવા જઇ ચઢે. એવી દુકાને ના ભાવ તાલનું ઠેકાણું હોય ના વસ્તુમાં બરકત હોય કે ના તોલવામાં ઢંગધડો હોય! એમને સારી દુકાનેથી વસ્તુ ખરીદવા વારંવાર સૂચના આપી. પણ એ માને તો ને! ઘઉં લાવે તોય ખરાબ માં ખરાબ ચોખા એટલા તો જાડા લાવે કે એને કૂતરાંય ના ખાય. દાળ લાવે તેય નર્યા કાંકરાવાળી પણ લાકડાં બાળી નાખીએ તોય ઓગળવાનું નામ ના લે. ઘી લાવે તેય તેલના ભેગવાળું અને પાછું નવટાંક ઓછું. ખૂબ જાણીતી દુકાને જતાં જાણે એમના પગમાં કાંટા વાગે છે!

એક દિવસની વાત હોય તો તો જાણે સમજ્યાં, પણ આ તો રોજેરોજની રામાયણ. સહન શી રીતે થાય? મને થાય છે કે એવા રેંજીપેંજીની દુકાને શું કરવા જતા હશે એ? એમનું ભરણ પોષણ કરવાનો તે કંઇ આપણે ઠેકો રાખ્યો છે! એ તો કહે છે કે, મને જોતાં જ બધા બોલાવવા મંડી પડે છે. શું વાત છે! બસ, એમને બોલાવીને બે ચાર ખુશામતના શબ્દો કહ્યા કે ભાઈ સાહેબતો ફાટીને ફેં થઈ જાય. પછી એમને ભાનેય ના રહે કે દુકાનદાર કચરાનું પોટલું બંધાવે છે. એ શું કરવા એવા નઠારા દુકાનદારોને મોંઢું બતાવતા હશે? શું કરવા એ જ રસ્તે થઈને આવતા જતા હશે?

એકવાર મેં એક ઘરેણું બનાવવા આપ્યું. હું તો ઓળખુંને એમને? કશું પૂછવા કરવાનો તો કોઈ અર્થ જ ન હતો. મારા ઓળખીતા સોનીને બોલાવતી હતી. આ સમયે એમની પણ હાજરી હતી જ, તેમણે તો કહ્યું – ''આ સંપ્રદાય ઉપર વિશ્વાસ કરવા જેવો નથી. દગો થયા વગર નહીં રહે. પણ હું ઓળખું છું એક સોનીને. મારી સાથે જ ભણેલો છે. વરસોથી સાથે જ રમ્યાં છીએ. એ મારી સાથે ચાલબાજી કરશે નહીં.'' મને પણ થયું કે એમનો મિત્ર છે તો વાંધો નહીં. મેં તો સોનાનું ઘરેણું ને સો રૂપિયા આપ્યા. એમણે તો એ ઘરેણું અને રૂપિયા કોણ જાણે કેવા શઠ માણસને આપ્યા કે વરસોની લમણાઝીંક પછી જ્યારે દાગીનો તૈયાર થઈને આવ્યો ત્યારે આઠ આની તાંબુ એમાં ભળી ગયેલું. વરસોની મારી આશા ઉપર પાણી ફરી ગયું. હું તો રડી કૂટીને બેસી રહી.

આવા તો એમના વફાદાર મિત્રો છે.એમની દોસ્તી જ ભિખારીઓ, લફંગા, ખિસાકાતરું અને બેપરવાહ લોકો સાથેની! જેમને મહેનતની સાથે બાપદાદાના જમાનાથી વેર ચાલ્યું આવતું હોય! કોઈકને કોઈક રોજ પૈસા પાછા ઉછીના માગવા આવતું, ને લીધા વગર પાછું ફરતું નહીં. કોઈએ લીધેલા પૈસા પાછા ચૂકવ્યા હોય એવું તો આજ દિન સુધી મને સાંભરતું નથી. અને આ ભલા આદમીને હજાર હજાર વાર ગુમાવ્યા છતાં ભાન થતું નથી. ઉછીના આપેલા રૂપિયા માગવાની વાત કરું તો એ મારા ઉપર જ ઊકળી ઉઠતા. હું ઘણીવાર લુખ્ખા મિત્રોની વાતોમાં નહીં ફસાવવા સમજાવતી રહેતી પણ એ મારું માને તો ને!





મારાં ઘરેણાં ગીરવે મૂકવાં પડે તો ભલે; પણ લોકો એમને શ્રીમંત માને એ ઇચ્છા હતી. ખરું કહું છું ઘણીવાર તો પાઈ પાઈ માટે વલખાં મારવાં પડે છે, તે એ મહાશયને તો રૂપિયા જાણે ઘરમાં બચકાં ના ભરતા હોય! પૈસાની લેવડદેવડ ના કરે તો એમને જરાય ઝંપ ના વળે. સમજાવી સમજાવીને તો મારે નાકે દમ આવી ગયો છે. યમરાજની જેમ કોઈકને કોઈક મહેમાન માથે પડતું. કોણ જાણે કેવા બેફિકર મિત્રો હશે એમના! ઘર તો જાણે નિરાશ્રિતોનો અખાડો! સગવડ અગવડનો વિચાર કર્યા વગર રોજ રોજ એ કોઈકને ઘેર નિમંત્રણ આપતા હતા! મારે અને છોકરાંને તકલિફ ઊઠાવવી પડતી. ઊનાળામાં તો પડ્યાં રહીએ ગમે ત્યાં, પણ શિયાળામાં રાત કાઢતાં સાત જન્મારા સામટા યાદ આવી જતા. એમના મિત્રોને તો આવી કોઈ ફિકર ચિંતા રહેતી નહીં.

ઈશ્વરકૃપાએ એમના બધા મિત્રો આ દરજ્જાના જ છે. એક પણ માઈનો લાલ એવો નથી કે સમય આવ્યે એક પાઈની પણ મદદ કરે! એક બે વાર મહાશયને એનો કડવો અનુભવ થઈ ગયો છે. તેમ છતાં આ જડભરતે તો જાણે આંખો ખોલીને જોવાના સોગંદ ખાધા છે. એમને તો સાવ દરિદ્ર માણસો સાથે ઘનિષ્ઠ સંબંધો છે. શહેરના કોઈ શ્રીમંત માણસને તો તેઓ ઓળખતાય નહીં હોય! એમની દોસ્તી કરતાં તો પેટમાં ચૂંક આવે છે એમના. જેના ઘરમાં ધાનપાણીનો સાંસા છે. એવા ભિખારીઓ એમના દોસ્તો બની બેઠા છે.

એકવાર ઘરકામ કરનારો નોકર ચાલ્યો ગયો. એમને બીજો નોકર જલ્દીથી રાખી લેવાની લાલચ થઈ આવી. હું ચાલાક અને ચતુર કામવાળાની શોધમાં જ હતી. પણ એમણે તો માન્યું કે ઘરકામ કરનાર નોકર વગર ગાડું અટકી ગયું છે જાણે! હું એંઠવાડ કાઢતી એ એમને ગમ્યું નહીં. વળી બજારમાં એમને શાકભાજી લેવા જવું પડતું એય કઠવા લાગ્યું. એક દિવસ એ ક્યાંકથી એક અણઘડને પકડી લાવ્યા. દેખાવે જ એ પૂરો અનાડી લાગતો. પણ એમને તો એ જંગલીનાં એવાં તો વખાણ કર્યાં કે વાત ના પૂછો! ખૈર, મેં એને રાખી લીધો. હું પણ એમની વાતો કોણ જાણે કેમ માની લેતીતી. એ મારી માટે આશ્ચર્યનો વિષય હતો.

નોકર નામનો જ માણસ હતો. માણસાઈનો કોઈ છાંટો ના મળે એનામાં. એના કામમાં કોઈ ભલીવાર નહીં. કામની પરવાય નહીં એને ઈમાનદાર ખરો પણ બુદ્ધિમાં એક નંબરનો ગધેડો. બેઈમાન હોત તો તો એમ માનત કે એ પોતે ખાઈ જાય છે પણ એ તો ગધેડાં જોડે ઘરો ભલાવતો. દસ સુધી હિસાબ આપી રહે નહીં. મને એના પર ગુસ્સો તો એવો આવતો કે શું નું શું કરી નાખું જાણે! ઘરનો ધણી નાહીને ધોતિયું શોધી રહ્યો હોય ને એ આઘો બેસી તમાશો જોતો હોય! આમ છતાં તેઓ તો તેના દોષને ગુણ માનીને સંતોષ મેળવતા.

ઝાડું મારતાંય એને આવડે નહીં પૂરું. એ ઝાડું મારતો ત્યારે ઘરમાં જાણે ધરતીકંપ થઈ જતો. કોઈ પણ વસ્તુ ઠેકાણે ના રહે. ઉથલપાથલ થઈ જાય અને તમે તો જાણે કશુંય ના બન્યું હોય તેમ શાંતિથી બેસી રહેતા હતા. એક દિવસ મેં એને ખૂબ તતડાવ્યો – ''કાલથી જો બરાબર ઝાડું ના માર્યું તો કાન પકડીને હડસેલી મેલીશ.'' સવારે ઊઠીને જોઉં છું તો ઓરડો સાફ હતો. બધી જ વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવાયેલી હતી. ચપટી ધૂળેય ના મળે. હું દંગ રહી ગઈ. ત્યારે તમે કહ્યું – ''શું જુએ છે? ધૂળાએ આજે વહેલી સવારે ઝાડું લગાવ્યું છે. મેં એને બરાબર કામ સમજાવ્યું હતું. તું તો એને કામની સમજ પાડતી નથી ને ઉપરથી ધમકાવવા બેસી જાય છે.''

મને થયું, કમબખ્તે કામ તો સારું કર્યું! પછી તો ઓરડો રોજ વ્યવસ્થિત જણાતો. ધૂળો હવે મને કામકઢો લાગવા માંડ્યો. સંજોગોની વાત છે! પણ એક દિવસ વહેલી ઊઠી જોઉં છું તો ધૂળો ઓરડાના બારણે ઊભો હતો. અને તેઓ ઝાડુ મારતા હતા. મારી આંખો લાલચોળ થઈ ગઈ. મેં એમના હાથમાંથી ઝાડું ઝૂટવી લીધું ને ધૂળાના માથામાં ફટાકર્યું. હરામ ખોરને એ જ વખતે બહાર કાઢી મૂક્યો. તમે કહેતા હતા. – ''એનો પગાર તો આપી દે.'' વાહ! કામ કરવું નથી ને દામ લેવા છે! મેં રાતી પાઈ પણ ના આપી. પહેલા એક ખમીશ આપેલું તેય લઈ લીધું પાછું. આ ઘટના પછી મારા જડભરત મહાશય કેટલાય દિવસો સુધી રીસાયેલા રહ્યા. એ તો ઘર છોડીને જ નાસી જતા હતા. ઘણી મહેનત પડી એમને રોકતાં મને. આવા આવાય લઠ્ઠ માણસો પડ્યા છે આ દુનિયામાં! જો હું ના હોત તો કદાચ કોઈકે એમને બજારમાં વેચી નાખ્યા હોત!





એકવાર મેહતરે ઉતરેલાં કપડાં માગ્યાં. આ મોંઘવારી અને બેકારીના જમાનામાં તો ઉતરેલાં કપડાં પોલીસવાળાને ત્યાં કે શ્રીમંતોને ત્યાં હોય. અમારે તો લૂંગડાં બધાં એક બચકામાં જ સમાઈ જાય. પૈસાનું જ ઠેકાણું પડતું નહીં, પછી કપડાંની કેવી વાત! મેહતરને મેં ના પાડી દીધી. કાતિલ ઠંડી પડતી હતી. મને એનો અનુભવ હતો. ગરીબો પર શું વીતતું હતું તે હું જાણતી હતી. પણ મારી કે એમની પાસે માત્ર દિલગીરી વ્યક્ત કરવા સિવાય બીજો ઉપાય પણ શું હતો? સમાજમાં આવી ફરિયાદો તો થતી જ રહેવાની. જ્યારે પ્રત્યેક અમીર અને શ્રીમંતની પાસે એક એક માલગાડી કપડાંથી ચિક્કાર હોય ત્યારે ગરીબોને શા માટે નગ્નતાનો અનુભવ કરવો ના પડે?

મેં તો મહેતરને ના પાડી દીધી. પણ એમણે તો એમનો કોટ જ આપી દીધો એને. મારું તો આખું શરીર જાણે ભડકે બળવા માંડ્યું. હું એવી દાનવીર નથી કે બીજાંને ખવરાવીને હું પેટમાં ટાંટિયા ઘાલીને પડી રહું. મારા એ આરાધ્યદેવ પાસે એક જ કોટ હતો. હવે એ પહેરશે શું? મિથ્યા કીર્તિની ખેવનાએ એમની બુદ્ધિ હણી નાખી હતી. મહેતરે ઝૂકી ઝૂકીને સલામો કરી, આશીર્વાદ આપ્યા ને પછી ચાલ્યો ગયો. તેઓ તો દિવસો સુધી ટાઢમાં ધ્રુજતા રહ્યા. સવારે ફરવા જવાનું બંધ થઈ ગયું. ઈશ્વરે એમનાં દિલ અને દિમાગ જરા વિચિત્ર પ્રકારનાં આપ્યાં હતાં. એમને તો ફાટતાંતૂટતાં લૂગડાં પહેરતાં માથે લાજ નથી આવતી પણ મારો તો જીવ કપાઈ જાય છે. છેવટે લોકલાજથી મારાથી રહેવાયું નહીં ત્યારે મેં એમને માટે નવો કોટ સીવડાવી લીધો. મને તો થતું'તું કે પંડે થરથરવા દઉં, પણ જો માંદા પડી જાય તો પાછી આફત વધી જાય.

મહાશયને તો એમ લાગતું હતું કે પોતે કેટલા વિનમ્ર અને પરોપકારી હતા, એ વાતનો એમને ગર્વ હતો. મારી દ્રષ્ટિએ એ ન હતા પરોપકારી કે ન હતા વિનમ્ર. એ તો જડતા હતી. જે મહેતરને એમણે કોટ આપ્યો હતો તેને તો મેં દારૂના નશામાં લથડિયાં ખાતાં જોયો હતો. એમને

પણ મેં બતાવેલો. તો પછી બીજાઓની વિવેકશૂન્યતા ને શા માટે પ્રોત્સાહિત કરવી આપણે? ખરેખર જો કોઇ વિનમ્ર અને પરોપકારી હોય તો ઘરના માણસો સાથે પણ એ વિનમ્ર અને ઉદાર હોય. ઉદારતા અને વિનમ્રતા એ શું બહારના લોકો માટે જ હોય છે?

મારી આટલી જિંદગામાં એ સદ્‌ગૃહસ્થે મને એમના હાથે કોઇ ભેટ પણ આપી નથી. હા, હું બજારમાંથી જે વસ્તુ મંગાવતી એ તેઓ લાવતા. એમાં એ ક્યારેય પણ આનાકાની કરતા નહીં. શરત માત્ર એટલી જ કે પૈસા મારે આપવાના રહેતા. એમને ઘરમાં કોઇ વસ્તુ લાવવાનો કશો ઉમંગ જ ન હતો. હા, એ પોતાને માટે પણ કશું ખરીદી લાવતા નહીં. હું બીજી સ્ત્રીઓને માટે એમના પુરુષોને ઘરેણાં, કપડાં અને શૃંગારનાં સાધનો લાવતા જોઉં છું ને મને થાય છે કે એમને આવું મન કેમ થતું નહીં હોય! છોકરાંને માટે પણ એકાદ મરકડું કે મિઠાઇનો ટુકડો બજારમાંથી લાવ્યા નથી એ કોઇ દિવસ. માટે હું તો એમને કંજૂસ, અરસિક અને હૃદયશૂન્ય જ કહીશ, ઉદાર નહીં.

એમની સેવા ભાવનાના મૂળમાં હતું એમનું વ્યાવહારિક અજ્ઞાન. જે ઓફિસમાં એ નોકરી કરે છે તે ઓફિસના કોઇ કર્મચારી સાથે એમને મનમેળ નહીં. પરિણામ? પરિણામે એમને સવેતન રજાઓ મળતી નહીં. નથી તો એમનો ઇજાફો છૂટતો કે નથી તો બઢતી મળતી. આખો દિવસ તનતોડ વૈતરું કર્યા કરે. ઓફિસમાં એમને 'ધિસ્સુ' — 'પિસ્સુ'એવાં નામોની નવાજેશ થાય છે. ભલે એ ગમે તેટલો રૂઆબ જમાવતા હોય પણ એમના નસીબમાં તો ઘાસ પાંદડાની જ રોટલી લખી છે. આ વિવેક નથી. સ્વાધીન મનોવૃત્તિ પણ નથી. હું તો એને સમય ચાતુર્યનો અભાવ કહું છું. વ્યાવહારિક જ્ઞાનનો દોષ માનું છું.

એ કુટુંબ સોવાનો દાવો કરે છે. એમંને ઘણાભાઇ ભત્રીજા છે. એ તો એમનો ભાવેય પૂછતા નથી. પણ એ મહાશય તો એમની આગળ પાછળ ફરતા રહે છે. એમના એક ભાઇ સાહેબ આજકાલ તાલુકદાર છે એમની દેખરેખ હેઠળ મિલકતનો કારોબાર ચાલે છે. એ ઠાઠથી રહે છે. ઘેર મોટર, છે, નોકર ચાકર છે. પણ અહીં એ ભૂલથીયે પત્ર નથી લખતા. એકવાર



અમારે પૈસાની તંગી પડી. મેં પૈસા માટે ભાઇને લખવાનું કહ્યું ત્યારે એમણે જણાવ્યું કે — ''એમને શું કામ ચિંતા કરાવવી? એમને ખર્ચ કંઇ ઓછો નથી થતું! એવી તે એમની શી બચત થતી હશે?'' મેં ઘણાય મજબૂર કર્યા ત્યારે માંડ માંડ એમણે પત્ર લખ્યો ખબર નહીં કે એમણે પત્રમાં શું લખ્યું હતું? પત્ર લખ્યો હતો કે બનાવટ કરી હતી એ પણ હું જાણી શકી નહીં. હું માત્ર એટલું જ જાણી શકી કે પૈસા ક્યારેય આવ્યા ન હતા. હવે આવશે પણ નહીં.

કેટલાક દિવસો બાદ મેં પૂછ્યું — '' જવાબ આવ્યો કોઇ?''

''હજુ અઠવાડિયું થયું છે એટલામાં શાનો જવાબ?''

ત્યાર પછી તો કેટલાંય અઠવાડિયાં વીતી ગયાં. પણ જવાબ ના આવ્યો. હવે એ મને વાત કરવાનોય મોકો આપતા નથી. સદાય પ્રસન્ન રહે છે. મારાં પિયરનાં માણસોની પણ વાહ, વાહ કરે છે. આ બધું એટલા માટે કે હું શ્રીમાનને એમના ભાઇની બાબતે કશું પૂછી ના બેસું. એમની સામાજિક, આર્થિક, રાજનૈતિક અને નીતિવિષયક બાબતોની ચર્ચા આગળ તો ભલભલા વિશેષજ્ઞોને પણ હાર સ્વીકારવી પડે. આ બધું મને ભૂલાવામાં નાખવા જ હતું. પણ હું એમ શી રીતે ભૂલી જાઉં? વિમાના પ્રિમિયમની તારીખ આવી એટલે મેં મહાશયને પૂછ્યું — 'ભાઇએ કંઇ જવાબ આપ્યો કે આપનો પત્ર હજુ સુધી નથી મળ્યો? આ ઘરમાં આપણોય લાગભાગ છે કે નહીં? કે પછી આપણે કોઇ નોકરાણીના પેટનાં છીએ? વર્ષનો પાંચસો રૂપિયાનો નફો તો દશ વર્ષ પહેલાં હતો. અત્યારે તો રૂપિયા હજારમાં ઓછો નહીં થતો હોય. પણ આજ સુધી આપણને એક કાવડિયુંય મળ્યું છે? મારા હિસાબે તો રૂપિયા બે હજાર મળવા જોઇએ. એટલા ના આપે તો હજાર, પાંચસો, અઢીસો તો આપે ને? અરે કદી નહીં તો વિમાના પ્રિમિયમની રકમ તો આપે કે ના આપે? એમની તો આવકેય ભારે. લાંચ મળે એ વધારાની. એ મોજ મજા કરે છે ને તમે એમની આગળ હાહા હીહી કરો છો!'

એમનામાં બુદ્ધિનો છાંટો જ ક્યાં છે! મિલકત એટલા માટે હોય છે કે એની કમાણી એમાં જ પૂરી થઇ જાય. એમને બહાનાંય નથી જડતાં. મને પૂછે તો એક નહીં હજાર બહાનાં બતાવી દઉં. કહું કે, ''ઘરમાં આગ લાગી ગઇ છે, બધું બળીને ખાખ થઇ ગયું છે, ચોરી થઇ છે. તણખલુંય બચ્યું

નથી. ઘરમાં દસહજારનું અનાજ ભર્યું હતું એમાં ખોટ ગઇ તમને તો સૂઝીસૂઝીને નાખી દેવા જેવી વાત સૂઝી. પાડોશમાંથી રૂપિયા ઊછીના લીધા ત્યારે કામ થયું. અને તમે તો ભાઇ ભત્રીજાનાં વખાણ કરતાં થાકતાં નથી. ભગવાન બચાવે એવા કૌરવોથી!''

ઈશ્વરની કૃપાથી અમારે ચાર બાળકો હતાં. બે દિકરા અને બે દિકરીઓ. બધાંય મહેનતું થઇ ગયાં છે આજે તો. રાતના આઠ વાગવા છતાં યુવરાજ હજુઘેર પાછો ફર્યો નથી. મને તો ચિંતા થતી હતી. પણ એ તો નિશ્ચિંત મને બેઠા હતા. પેપર વાંચતા હતા. મેં પેપર ઝુંટવી લેતાં કહ્યું કે – ''તમારું કાળજું કેટલું કઠણ છે. ભાગવાને તમને શું કામ બાળકો આપ્યાં હશે? પિતાની પુત્ર પ્રત્યે કંઇક તો જવાબદારી હોય છે ને! પણ તમે તો ગુસ્સે થઇ જાઓ છો. અત્યાર સુધી આવ્યો નથી. ઘણો નફ્ફટ છે. આજે તો આવે એટલે ચામડી જ ઉખાડી નાખું.ને. આમ ગુસ્સે થયા પછી શ્રીમાન એને શોધવા માટે નીકળે છે. તમે એને શોધવા જાઓ છો અને એ ઘેર આવે છે. હું એને પૂછું છું – ''ક્યાં ગયો હતો તું? એ તો તને શોધવા ગયા! જોજે! આજે તારી શી વલે થાય છે. તું આ રીતે રખડવાની ટેવ જ ભૂલી જશે. એ તો ક્યારનાય તારી ઉપર દાંત કચકચાવતા હતા. આવતા જ હશે એ. તું એવો બહેકી ગયો છે કે કોઇનું કશું સાંભળતો જ નથી.'' છોકરો ગભરાટનો માર્યો બત્તી સળગાવીને વાંચવા બેસી જાય છે. બે ત્રણ કલાક પછી પતિ મહાશય ઘેર પાછા ફરે છે. ઘરમાં પગ મૂકતાં જ પૂછે છે – ''આવ્યો કે નહીં?''

''એ બેઠો આવીને. જઇને પૂછોને એને! હું તો પૂછીને થાકી ગઇ. મગનું નામ મરી નથી પાડતો.''

છોકરો ગભરાટનો માર્યો ઊભો રહે છે. બંન્ને દિકરીઓ ભયથી ધ્રુજે છે. નાનો છોકરો બારીમાંથી ઉંદરની જેમ તાકી રહે છે. તેમનો ગુસ્સો સાતમા આકાશે પહોંચી ગયો છે. તે એની પાસે જઇને લાકડી ફટકારવાને બદલે ધીમેથી ખભે હાથ મૂકી બનાવટી ગુસ્સાથી પૂછે છે – ''તું ક્યાં ગયો હતો? ના કહેવા છતાં તું માનતો નથી. ખબરદાર, જો હવે મોડે સુધી ક્યાંય રખડવા ગયો છે તો?''





આ તો પ્રસ્તાવના હતી. વિષયની શરૂઆતતો હવે થવાની હતી. પણ અહીં તો ભૂમિકા પછી વિષયની શરૂઆત જ નથી. તેમનો ગુસ્સો ઠરી ગયો. વાદળાંના ગડગડાટ પછી ચાર છાંટા વરસી જાય એમ. છોકરો અંદરના ઓરડામાં જઇ આનંદથી નાચવા માંડે છે.

હાર સ્વીકારતાં મેં કહ્યું – ''અરે, તમે તો ડરી ગયા એનાથી. બે ચાર તમારા ચોડી દીધા હોત તો? આમ તો છોકરાં વાઘ થઇ જાય છે.''

તેમણે કહ્યું – ''મેં ધમકાવ્યો તો ખરો એને. સાંભળ્યું નહીં ને? જો જે હવે કોઇ દિવસ મોડો આવે તો!''

''તમે તો ધમકાવવાને બદલે એને મનાવવા મંડી પડ્યા હતા.!''

''અરે, તેં મારો ગુસ્સો જોયો નહીં?''

''તમારા ગુસ્સાની તો વાત જ કરવા જેવી નથી. લોકોના કાન તો બહેરા થઇ ગયા છે.''

એ માનતા હતા કે શિક્ષા કરવાથી છોકરાં નઠોર થઇ જાય છે. છોકરાંને તો સ્વતંત્ર રહેવા દેવાં જોઇએ. એમના પર બંધન લાધવાથી શો લાભ? બંધન તો એમના માનસિક વિકાસને અટકાવે છે. આ તમારી ફિલોસોફીનું જ પરિણામ છે. કોઇ એક મિનિટ ચોપડી ઊઘાડી બેસતું જ નથી. આખો દિવસ બસ રમત, રમત ને રમત! તમેય એમની સાથે રમવા માંડો છો. મારા બાપ તો સવારથી જ છોકરાંને ભણાવવા બેસી જતા.

મારા બાપ તો છોકરાંને જરાય છૂટ ના આપે. છોકરાં એમના નામથી જ ધ્રુજી જતાં, કોઇની સામે બોલવાની તો હિંમત જ ના ચાલે. એ ઘરમાં પગ મૂકતા તો ઘરમાં શાંતિ છવાઇ જતી. એટલે જ આજે બધા છોકરાં સારા હોદ્દા પર છે હું છોકરાઓનું ઉપરાણું લેતી તો મને પણ એ ધમકાવી નાખતા. કહેતા – ''તારે છોકરાઓ સાથે શી લેવા દેવા? એમને તું સુધારી શકે નહીં તો ભલે, પણ એમને બગાડવાનું અધમકૃત્ય તું ના કરતી.''

પિતાજી છોકરાંને નાટક ચેટક ક્યારેય બતાવતા નહીં. અને તમે તો સામે ચાલીને એમને મેળામાં લઇ જાઓ. કહો છો કે – ''ચાલો, છોકરાં મેળામાં મઝા આવશે. દારૂખાનું ફૂટશે. ચગડોળ ચાલશે અને ગેસના ફુગ્ગા આકાશમાં ઉડશે.'' તમે તો એમને હોળી રમતાંય એટકાવતા નથી.

ગઈ સાલ દિકરીનું લગ્ન હતું. દહેજ નહીં આપવાનો તમારો મક્કમ નિર્ધાર હતો. સમાજના નેતાઓનાં છળ પ્રપંચ જોવા છતાં તમારી આંખો ઉઘડતી નથી. યુવક યુવતી માટે કુંવારાં રહેવું એ જ્યાં સુધી નિંદાપાત્ર ગણાય છે ત્યાં સુધી દહેજની આ પ્રથા દૂર થવાની નથી. બે ચાર દહેજ વિરોધી  માણસોથી કશું વળવાનું નથી. દહેજપ્રથાની વિરુદ્ધમાં ભાષણ આપનારા પણ દહેજને જતું કરી શકતા નથી. છોકરીઓ જ્યારે સારું ભણીગણીને નોકરીએ લાગશે ત્યારે જ કદાચ આ પ્રથાનો અંત આવશે! આમને આમ છોકરીના ઉંમર સત્તરવર્ષની થઇ ત્યારે મેં એની વાત પાકી કરી દીધી સારું ઠેકાણું જોઈને ઘર પક્ષે લેવડ દેવડની વાત છેડી નહીત તેવી તમે પણ મારી વાત સ્વીકારી હતી. વિવાહ હેમખેમ પતી જવાના હતા, પણ મહાશયની આગળ હું ફરી હારી ગઈ. આ પ્રથા અધમ છે. નિંદ્ય છે. તેં તો મારી આબરૂ પર પાણી ફેરવી દીધું.''

જાન આવી ગઇ હતી અને અહીં તો દહેજની પ્રથા પર શાસ્ત્રાર્થ ચાલતો હતો. લગ્નનું મૂહુર્ત રાત્રે બાર વાગે હતું. રિવાજ પ્રમાણે મેં વ્રત ધારણ કર્યું હતું.તેમને તો વ્રતની જરૂરિયાત જ ના જણાઈ. અમારી બધાંની ના છતાં પણ એમણે તો પેટ ભરીને ખાધું. ખેર; કન્યાદાનનો વખત થયો. તો તે એ પ્રથાના પહેલેથી જ વિરોધી. તેઓ તો કહેતા કે કન્યા તે શું દાન દેવાની વસ્તુ છે? દાન તો જમીનનું થાય, અન્નનું થાય, રૂપિયાનું થાય. કપડાંનું થાય, પણ કન્યાનું તે દાન થતું હશે? હું ઘણુંય સમજાવતી કે આ તો વેદકાળથી ચાલતી આવતી પ્રથા છે. પણ એમને ગળે એ વાત ઉતરતી જ નહીં. મેં ઘણાય કાલાવાલા કર્યા, ખોળો પાથર્યો પણ એ તો ચોરી પાસે ફરક્યા જ નહીં. વિવાહ વીત્યા. પછી કેટલાય મહિના સુધી અમારી વચ્ચે અબોલા રહ્યા. છેવટે જખ મારીને મારે એમને મનાવવા પડ્યા.

ખૂબીની વાત કહો કે વિધિની વક્રતા કહો; એમનામાં આટઆટલા દુર્ગુણો હોવા છતાંય હું એમનાથી એક દિવસ પણ અલગ રહી શકતી ન હતી. મને એમનો વિયોગ સાલતો. એમનામાં આટલા દોષો હોવા છતાં હું એમને અગાધ ચાહતી હતી. આમ થવાનું કારણ તો હું ખુદ પણ જાણી શકી નથી. એ થોડાક પણ મોડા ઘેર આવતા તો મારો જીવ અધ્ધર થઈ જતો. એમને બદલે આજે વિધાત્રી જો મને કોઇ સૌંદર્યનો સ્વામી, બળ અને બુદ્ધિનો પ્રખર પ્રણેતા અને સંપત્તિનો કુબેર જેવો દેવતા આપવા ઇચ્છે તો હું એની



સામે આંખ ઊંચી કરીને જોઉં પણ નહીં. એનું કારણ ધર્મનું બંધન નથી કે રૂઢિગત પતિવ્રત નથી. પણ અમારી બંન્નેની પ્રકૃતિમાં કેટલીક એવી વિશેષતાઓ છે કે મશીનના ભાગોની જેમ એકબીજા સાથે એ વ્યવસ્થિત રીતે જોડાઇ ગઇ છે. જાણીતા રસ્તે અમે બંન્ને કોઇ પણ જાતની શંકા વગર, આંખો મીંચીને આગળ વધીએ છીએ. અમારી જીવનયાત્રાના માર્ગમાં આવનારા અવરોધો અમારી નજરોમાં તરવરે છે. અજાણ્યા રસ્તે કદમ માંડવાં એ કેટલાં કષ્ટમય હોય છે! કદાચ આજે હું એમના દોષોને સદ્ગુણોમાં બદલી નાખવા માટે પણ તૈયાર નથી.

# રસિક સંપાદક

'નવરસ' ના સંપાદક પં. ચોખેલાલનાં ધર્મ પત્નીના અવસાન બાદ એમને સ્ત્રીઓ પ્રત્યે સવિશેષ લાગણી થવા માંડી છે. એમનામાં રસિકતાની માત્રા પણ વધી ગઈ છે. પુરુષ લેખકોના સારા લેખો પસ્તીમાં જતા પણ સ્ત્રી લેખિકાઓના ગમે તેવા લેખ એ તરત જ સ્વીકારી લેતા. એટલું જ નહીં. લેખના સ્વીકૃતિપત્ર સાથે એ પ્રસંશાનાં થોડાં વાક્યોય લખી નાખતા કે – ''આપનો લેખ વાંચીને હૈયું ગદ્‌ગદિત થઈ જાય છે. ભૂતકાળ આંખો સમક્ષ સજીવ બને છે. આપની લાગણીઓ તો સાહિત્યસાગરનાં અણમોલ રત્નો છે. અને આપની કવિતાઓ તો જાણે હૃદયવીણાના સૂરો!'' પ્રસંશાની સાથે મુલાકાતની અભિલાષા અભિવ્યક્ત કરવામાં આવતી હતી. – ''આપ આ તરફ આવવાનાં હો તો મને મળવાનું રાખશો જ. આવી કવિતાસૃષ્ટિની નિર્માત્રીનાં દર્શન માટે ઝંખી રહ્યો છું હું.''

લેખિકાઓ આવા ભાવમય પત્રો પામીને આનંદથી ઝૂમી ઉઠતી હતી. જે લખો કમનસીબ ભિખારીઓની જેમ, પત્ર પત્રિકાઓનાં દ્વાર ખટખટાવી નિરાશ થઈ પાછા આવતા હતા એમનો એવો આદર! લેખના સદ્‌ગુણોનો પારખું સંપાદક કદાચ પ્રથમવાર જ જન્મ્યો હતો. બાકી બધા તો અભિમાની હતા. જાણે એમની આગળ અન્યની કોઈ વિસાત ન હતી! આ પણ સંપાદક હતા અને તે પણ જગવિખ્યાત પત્ર 'નવરસ'ના. 'નવરસ' તમામ પત્રોમાં શિરમોર ગણાતું.

'નવરસ'ના ગ્રાહકો ઝડપભેર વધવા લાગ્યા. અભિનંદન પત્રોનો તો ધોધ વરસતો હતો જાણે! લેખિકાઓમાં ચોખેલાલજીની પૂજા થવા લાગી. હવે જાત જાતના સમાચારો અને આમંત્રણના પત્રોનો ખડકલો થવા લાગ્યો. કોઈક લેખિકા આશીર્વાદ માગતી, કોઈક ઘરના પ્રશ્નોમાં સલાહ માગતી તો





કોઈ વળી આશ્વાસનના બે શબ્દોની અપેક્ષા રાખતી. મહિનામાં પાંચ દસ સ્ત્રી લેખિકાઓ એમને અચૂક મળવા આવતી. સંપાદકજી તો એમના આગમનના સમાચાર મળતાં જ સ્ટેશન પર સામે તેડવા જતા. આગ્રહ કરીને આવેલ અતિથિને રાત રોકાઈ જવા જણાવતા. એમની સારી પરોણાગત કરતા. મહિલાઓ એમના સદ્‌ભાવ ઉપર વારી જતી.

શર્માજીને કેટલીયે સ્ત્રી લેખિકાઓ સાથે ઘરોબો બંધાઈ ગયો હતો. પણ કશું ચોક્કસ કહેવું મુશ્કેલ છે. એટલું જ કહી શકીએ કે સ્ત્રીઓ એકવાર અહીં આવતી તે શર્માજીની અનન્ય ભક્ત બની જતી. બિચારો સાહિત્યની ઝૂંપડીનો સંન્યાસી છે. વિધુર જીવનની નિરાશાઓને અંતઃસ્તલમાં સંઘરી રાખીને મૂંગી વેદનામાં પ્રેમ અને માધુર્યનું રસપાન કરી રહ્યો છે.

બીજી તરફ સંપાદકજીના જીવનની દ્રષ્ટિઓની પરિપૂર્તિ કરવી સ્ત્રીઓએ તેમનો ધર્મ માન્યો હતો. કોઈ લેખિકા પારસલથી અથાણું મોકલતી તો કોઈ લાડુ. એકે મહિલાએ હાથે વણેલું પૂજા માટેનું ઊનનું આસન મોકલાવ્યું હતું. એક સ્ત્રી લેખિકા તો મહિનામાં એકવાર આવીને તેમનાં કપડાં સાફ સૂફ કરી આપતી હતી. બીજી મહિનામાં ત્રણ ચાર વાર આવી એમને સારી સારી વાનગી બનાવી જમાડતી. હવે તેઓ કોઈ એકના ના રહેતાં સૌના થઈ ગયા હતા. સ્ત્રીઓ પાસેથી એમણે શ્રદ્ધા પૂર્ણ સહાનુભૂતિનો આનંદ પ્રાપ્ત કર્યો હતો.

એકવાર એક સ્ત્રી કવયિત્રી તરફથી સંપાદકજીને એવી કવિતા પ્રાપ્ત થઈ કે જેમાં ઉગ્ર પ્રેમનું એની કવયિત્રીએ દર્શન કરાવ્યું હતું. અન્ય સંપાદકોની નજરે અશ્લીલ ગણાતું લખાણ ચોખેલાલના મને આદરણીય જણાયું. કવિતા એટલા સુંદર અને સુડોળ અક્ષરોમાં લખેલી હતી તથા લેખિકાનું નામ એટલું મોહક હતું કે સંપાદકના માનસપટ પર એક સુમધુર કલ્પનાચિત્ર ખડું થઈ ગયું.

લાગણીશીલ સ્વભાવ, ઊર્મિશીલ હૃદય, કોમળ દેહલાલિત્ય, આતુર નયનો, તરસતું ચાંચલ્ય! આ અતિ સુંદર કલ્પનાચિત્રનો અનુભવ

કરતાં કરતાં એમણે બે ત્રણવાર વાંચી પ્રત્યેક વાંચન વખતે મનમાં ઉથલપાથલ મચાવી ગઈ.

કરી મુજ ત્યાગ તમે ચાલ્યા જશો?
ચાલ્યું જવાશે?
હું વળગી જઈશ તવ ગ્રીવાએ;
હું કરપાશ કરીશ કમરે તારી;
હું પગ પકડી રોકીશ તુજને;
એ પર ધારીશ શિર મારું.
કરી મુજ ત્યાગ તમે ચાલ્યા જશો?
ચાલ્યું જવાશે?
તુજ હોઠો પર ચીપકાવી દઈશ;
મુજ કોમલ પ્રેમોન્મત્ત બની;
કરી પાન સુધારસ માદકનું
થઈ જશે મસ્ત ઉન્મત્ત જ તું.
ને ભાન ભૂલી મારા ચરણો પર;
મસ્તક ધરશે તું દાસ થઈ.
કરી મુજ ત્યાગ તમે ચાલ્યા જશો?
ચાલ્યું જવાશે?

**—'કામાક્ષી'**

શર્માજી વાંચતા અને રસમગ્ન થઈ જતા. એજ ક્ષણે એમણે કામાક્ષી દેવીને નામે પત્ર લખ્યો.



''આપની કવિતા વાંચી ચિત્ત ચગડોળે ચકરાવે ચઢી ગયું. હૃદયમાં જાગેલી તૃષ્ણા મને બાળીને ભસ્મ કરી નાખે છે. શી રીતે એને શાંત કરું? જ્યાંથી આ તૃષ્ણા પ્રાપ્ત થઈ છે ત્યાંથી જ એને તૃપ્ત કરનારી શીતળતા પ્રાપ્ત થશે એવી આશા રાખું છું. જે હૃદયમાંથી આ ભાવ આર્વિભાવ પામ્યા છે એમાં પ્રેમનો કેટલો અક્ષય ભંડાર છે. એ પ્રેમને માટે સર્વસ્વ સમર્પણ કરી દેવા મન પ્રમત્ત બની ગયું છે. સાચું કહું છું મારા વિધુર મનમાં આંધી જગાડનારી, મારી ચિત્તતંત્રીને રણઝણાવનારી આવી મધુર કવિતા મેં આજ સુધી વાંચી સાંભળી નથી. આપે એક ગરીબની ઘાસની ઝૂંપડીને આગ ચાંપી છે. પણ મારું મન એ સ્વીકારવા તૈયાર નથી કે એ માત્ર વિનોદ ક્રીડા હશે! જેણે સાચી વેદના સહી હોય એવા હૃદયનું પ્રતિબિંબ આ શબ્દોમાં મને મૂર્તિમંત થતું જણાય છે. જો આપનાં દર્શનનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થશે તો હું મારી જાતને ધન્ય સમજીશ. મારી આ કુટિયા અનુરાગની ભેટ લઈ આપનું સ્વાગત કરવા તડપી રહ્યું છે.''

ત્રીજે દિવસે પ્રત્યુત્તર મળ્યો. જેમાં કામાક્ષીદેવીએ ભાવનાપૂર્ણ શબ્દોમાં કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. વળી આગમનની તિથિ પણ જણાવી હતી.

આજે કામાક્ષીદેવીના શુભાગમનનો દિવસ છે.

શર્માજીએ ઊઠતાંવેંત હજામત બનાવડાવી. સાબુ અને બેસનથી સ્નાન કર્યું. ખાદીનું ઝીણું ધોતિયું, ચમકતો કુર્તો મલાઈ રંગની ચાદર ઓઢી ઠાઠમાઠ કરી ઓફિસમાં બેઠા. આખી ઓફિસ ઝળાહળાં થઈ ગઈ. કાર્યાલયને વાળીઝૂડીને સાફ કરાવ્યું. ઓરડામાં ફૂલનાં કૂંડાં ગોઠવી દેવામાં આવ્યાં. ટેબલ પર ફૂલદાનીઓ સજાવી દેવામાં આવી. ગાડી નવ વાગે આવવાની હતી. હજુ સાડા આઠ વાગ્યા હતા. નૌ વાગ્યા સુધીમાં એ અહીં આવી જશે. કોઈ કામમાં જીવ લાગતો નથી. વારંવાર એ ઘડિયાળ સામે તાકે છે. પછી દર્પણમાં ચહેરો જોઈ ઓરડામાં આમ તેમ આંટા મારે છે. મૂછોમાં એક બે ધોળા વાળ દેખાયેલા એ વાળને ચૂંટી લેવાનું આ સમયે કોઈ સાધન ન હતું.

બરાબર સાડા નવ વાગે નોકરે આવીને ચોખેલાલના હાથમાં એક કાર્ડ મૂક્યું ઉપર લખ્યું હતું – ''કામાક્ષી''

શર્માજીએ કામાક્ષીદેવીને અંદર લાવવાની અનુમતી આપી. ફરી એકવાર આયનામાં ચહેરો જોઇ લીધો. પછી એક દળદાર, પુસ્તક લઇ વાંચવા લાગ્યાં. થોડીવારમાં આગંતુકા ઓરડામાં આવી પહોંચી. શર્માજીને એના આવવાની ખબર પણ ના પડી.

કામાક્ષી છેક પાસે આવી ત્યારે જ શર્માજીની વિચાર સમાધિ તૂટી જાણે! એમણે એકદમ ઊઠીને સ્વાગત કર્યું. પણ એમણે કામાક્ષીની જે કલ્પના કરી હતી તે આ સ્ત્રી નહોતી.

આવનાર એક કાળી, ચંચળ અને આધેડ ઉંમરની સ્ત્રી હતી. શર્માજીનો તમામ ઉત્સાહ, તમામ અનુરાગ બરફ જેવો ઠંડો થઇ ગયો. મહિનાઓથી ખાધેલી કલ્પનાની મિઠાઇઓ પેટમાં પીડા કરવા લાગી. એ મૂઢ જેવા થઇ ગયા. માત્ર એટલું જ બોલી શકયા – ''સંપાદકોનું જીવન પશુઓના જીવન જેવું હોય છે. જરાય સમય ના મળે. કામના બોજાને લીધે મારું સ્વાસ્થ્ય પણ સારું રહેતું નથી. રાતથી મારું માંથું દુઃખે છે. આપની શી ખિદમત કરું?

કામાક્ષીદેવીના હાથમાં એક મોટું કાગળનું બંડલ હતું. ટેબલ ઉપર લગભગ નાખતાં જ કોમળ અવાજે કહ્યું – ''અરે, બહુ માઠા સમાચાર! હું તો મારી સખીને મળવા જતી હતી. આપનાં દર્શન કરવાની ઇચ્છા થઇ અને હું ચાલી આવી. પણ હવે આપની ખાતિરદારી માટે અહીં થોડા સમય માટે રોકાઇ જવું પડશે. આપ અસ્વસ્થ હો અને હું ચાલી જાઉં એ ઠીક ન લાગે! સંપાદન કાર્યમાં પણ હું મદદ કરીશ. આપની તંદુરસ્તી સ્ત્રી જાતિ માટે ખૂબ ઉપયોગી છે. આપને આવી દશામાં છોડીને હું નથી જઇ શકતી.''

શર્માજીનું લોહી જ જાણે થીજી ગયું. નાડી ધબકારા ચૂકી ગઇ. આ ચુડેલની સાથે રહીને જીવન નરક બની જાય. મોટી કવિતા કરનારી ના જોઇ હોય તો! કવિતાય નરી અશ્લીલતાથી ભરેલી! તદ્દન ગંદી! નાળાના ગંદા કીચડ જેવી! એને આવી કવિતા કરવાનો અધિકાર પણ શો છે? એના કરતાં તો ખૂણામાં બેસીને રામભજન કરતી હોય તો સારું. પાછી પૂછે છે – ''મારો ત્યાગ કરીને તમે ચાલ્યા જશો?'' હું તો કહું છું કે તારી પાસે આવવા જ કોણ નવરું છે?



કવિતામાં ય કશો ભલીવાર ના મળે! જો તારા ગળામાં કવિતા વસતી હોય તો કાલે ઊઠીને ગધાડાંય ગાવા માંડશે. એ રાંડને એટલી પણ ખબર નથી કે કવિતા કરવા માટે રૂપ જોઇએ, યૌવન જોઇએ, નજાકત જોઇએ. ભૂતડી જેવો તો ચહેરો છે તારો. રાત્રે જોતાં જ પરસેવો છૂટી જાય! ભૂખ્યા હોઇએ તેથી શું કંઇ છાણ માટી ખવાય? પાછી ચૂડેલ થોથું લઇને આવી છે. એમાંય ભરી હશે નરી ગંદકી!

એ બંડલ સામે જોઇ બોલ્યા – ''ના, ના એવી ખાસ કોઇ વાત નથી. નકામી આપે શા માટે તકલિફ ઉઠાવવી. બે ચાર દિવસના આરામ પછી મને સારું થઇ જશે જ. આપની સખી આપની રાહ જોતી હશે!''

''અરે, આપ મહાશયને સંકોચ લાગતો હશે. પાંચ દસ દિવસ બાદ હું જઇશ તોય વાંધો નહીં આવે.''

''ના, એવી કોઇ ખાસ જરૂર નથી.''

''આપની સજ્જનતાની શું વાત કરું, મહાશય? આપના જેવી સૌજન્યશીલતા તો શોધી ના જડે! હું તો નિરાશ થઇ ગઇ હતી. આપે મારી રચનાનો સ્વીકાર કરીને મને પ્રોત્સાહન આપ્યું છે. એ પ્રોત્સાહનના ફલ સ્વરૂપે જ મેં આટલી બધી કવિતાઓ રચી નાખી. આપને પસંદ પડે એ રાખી લો આમાંથી. મેં નાટક લખવાનું પણ શરૂ કર્યું છે. જલ્દીથી આપને મોકલાવી આપીશ. આપની ઇચ્છા હોય તો મારી બે ચાર રચનાઓ સંભળાવું. આવો મોકો મને ફરી ક્યારે મળશે?''

કામાક્ષીએ સંમતિની રાહ પણ ના જોઇ. તરત જ બંડલ ખોલીને કવિતાઓ સંભળાવવા લાગી. શર્માજીને લાગ્યું કે એના માંથે કોઇ ખાસડાં ફટકારતું હતું. જાણે હજાર ગધેડાં એના કાન પાસે ભૂંકતાં હતાં! કામાક્ષીના અવાજમાં કોયલની મધુરતા હતી, પણ શર્માજીને એને અવાજ અપ્રિય લાગતો હતો. માથું ભમવા લાગ્યું. આ ગધેડી અહીંથી જશે કે આમ જ માથું ખાતી બેસી રહેશે? એને મારા મનોભાવોનું પણ ભાન નથી. એના આ મોંઢે તો મહાદેવી વર્મા કે સુભદ્રાકુમારી ચૌહાણની કવિતાઓ પણ ધૃણા ઉત્પન્ન કરે.

છેવટે રહેવાયું નહીં. કહ્યું – ''આપ આપની રચનાઓ અહીં

મૂકીને જ જજો. અનુકુળતા મળતાં જ હું વાંચી જઇશ. અત્યારે તો મારે ઘણું કામ છે.''

કામાક્ષીએ દયાર્દ્ર ચહેરે કહ્યું – ''આપની તબિયત નાદુરસ્ત હોવા છતાં આપ કામમાં આટલા બધા વ્યસ્ત રહો છો? મને તો આપની દયા આવે છે.''

''આપની ઘણી મહેરબાની.''

''આપને કાલે અનુકુળતા હશે? હું જરા નાટક વાંચી સંભળાવું?''

''અફસોસની વાત છે. કાલે હું પ્રયાગ જવાનો છું.''

''તો હું પણ આવીશ આપની સાથે ગાડીમાં. સંભળાવીશ નાટક.''

''કઇ ગાડીમાં જવું એ હજુ નક્કી નથી.''

''આપ ક્યારે પાછા ફરશો?''

''નક્કી નથી.''

અને ટેલિફોન પર જઇ કહ્યું – ''હલ્લો, હલ્લો... નંબર ૭૭.''

કામાક્ષીએ અડધો કલાક રાહ જોઇ. પણ શર્માજી એક સજ્જન સાથે એવી મહત્ત્વની વાતો કરતા હતા કે જેનો અંત આવતો ન હતો.

નિરાશ થઇને કામાક્ષીદેવીએ વિદાય લીધી, ફરી આવવાનો વાયદો કરીને. શર્માજીએ ઊંડો શ્વાસ લઇને પેલા કવિતાના કાગળો પસ્તીની ટોપલીમાં નાખી દીધા. પછી મનોમન કહ્યું – ''ઇશ્વર ના કરે કે ફરી એ ચૂડેલનાં દર્શન થાય. કેટલી બે શરમ છે! આજે એણે મઝા બગાડી નાખી.''

પછી મેનેજરને બોલાવીને કહ્યું – ''કામાક્ષીની કવિતા લેવાની નથી.''

''પણ સાહેબ, એનું ફરમું તો મશીન પર ચઢી ગયું છે.''

''ફરમું ઉતારી નાખો.''

''ઘણી વાર થશે, સાહેબ.''

''ભલે થાય. પણ એ કવિતા છાપવાની નથી.''





# નરકનો રસ્તો

રાત્રે ''ભક્તમાળા'' વાંચતાં વાંચતાં કોણ જાણે ક્યારેય ઊંઘ આવી ગઇ. કેવા કેવા મહાત્મા હાતા એ! એમને માટે ભગવત પ્રેમ સર્વસ્વ હતો. આવી ભક્તિ તો ભારે તપ કરવાથી જ પ્રાપ્ત થાય. શું હું એવું તપ કરી ના શકું? અને આ જીવનમાં હવે એવું કયું સુખ બચ્યું છે? મને હવે ઘરેણાં પ્રત્યે વિરક્તિ જાગી છે. ધનદોલતનું નામ સાંભળતાં જ મારે શરીરે બળતરા થાય છે. સુશીલાએ હજુ તો કાલે જ કેટલા ઉલ્લાસથી મને શણગારી હતી, મારા ચોટલે ફૂલ ગૂંથતાં કેટલી હરખાતી હતી એ? મેં ઘણીય ના પાડી પણ એ તો માની જ નહીં. આખરે મને બીક હતી એમ જ થયું. જેટલી વાર એની સાથે હસી હતી. એકી શ્વાસે રડી. પત્નીનો શણગાર જોઇ પગથી માથા સુધા બળી ઊઠે એવી પત્નીની કમનસીબીની શી વાત કરવી?''તું મારો પરલોક ધૂળમાં મેળવી દઇશ. તારા રંગઢંગ જ એની ચાડી ખાય છે.'' એવા પતિના મોંઢે બોલાયેલા શબ્દો કઇ સ્ત્રીનું કાળજું કોરી ના નાખે? દુનિયામાં એવાય પુરુષો હોય છે. છેવટે હું નીચે જઇને ''ભક્ત માળા'' વાંચવા લાગી. હવે વૃંદાવન બિહારીની જ સેવા કરીશ, અને એમને જ મારો શૃંગાર બતાવીશ. એ તો જોઇને નહીં બળે ને! એ તો મારા મનની સ્થિતિ જાણે છે.

ભગવાન, શી રીતે સમજાવું મારા મનને હું! તમે તો અંતર્યામી છો, સર્વજ્ઞ છો, મારા મનની વાત તમારાથી અજાણી નથી. હું તો ઇચ્છું છું કે એમને મારા ઇષ્ટ દેવ માનું, એમનાં ચરણોની સેવા કરું, એમની આશા પ્રમાણે ડગ માંડું, એમને મારી કોઇ વાતથી લેશમાત્ર પણ દુઃખ થાય નહીં. એ નિર્દોષ છે. મારા નસીબમાં હતું તે થયું. એમનો શો દોષ? માતા પિતાનો પણ મને દોષ જણાતો નથી. બધો દોષ એકલા મારા નસીબનો છે. આટલું

જાણ્યા છતાં એમને આવતા જોઈને મારું હૈયું હતાશા અનુભવે છે, માથું ભારે થઈ જાય છે થાય છે કે એમનું મોઢું જ ના જોઉં! એમની સાથે વાત કરવાનું જ મન થતું નથી. એમના આગમન ટાણે હૈયું હચમચી જાય છે. એક બે દિવસ, માટે એ બહાર જાય છે ત્યારે કાળજે ટાઢક વળે છે. જીવનમાં આનંદનો અનુભવ થાય છે. પણ એમના આવવાના સમાચાર સાંભળતાં જ પાછો સર્વત્ર અંધકાર વ્યાપી જાય છે.!

મારા મનની આવી દશાનું કારણ મને સમજાતું નથી. મને લાગે છે કે પૂર્વજન્મનું અમારા વચ્ચેનું વેર હશે! એ વેરનો બદલો લેવા જ આ જન્મે એમણે મારી સાથે લગ્ન કર્યું છે! પૂર્વજન્મના સંસ્કારોનું જ ફળ છે. નહીં તો મને જોઈને શા માટે એ બળવા લાગે? અને મને પણ એમના પ્રત્યે શા માટે તિરસ્કાર થાય? લગ્નનો આવો હેતુ તો ના હોઈ શકે ને?

આના કરતાં તો પિયરમાં હું વધારે સુખી હતી. કદાચ આખો જન્મારો ત્યાં વધારે સુખથી રહી શકી હોત! પણ સમાજની આવી ખરાબ રૂઢિનું સત્યાનાશ જજો, કે જે સ્ત્રીઓ ને કોઈક પુરુષને ગળે વળગાળી દેવાનું જરૂરી સમજે છે. એને શી ખબર કે રિવાજના કૂવામાં ડૂબેલી કેટલીય કોડભરી યુવતીઓનાં જીવન એણે ચગદી નાખ્યાં છે! વાસ્તવમાં યુવતીને માટે પતિ એ કેવી સુમધુર કલ્પનાઓનું ઝરણું હોય છે. પતિ શબ્દની કલ્પના કરતાં જ એક ઉત્તમ, સજીવ, અને દર્શનીય પુરુષનું કલ્પનાચિત્ર સતીની માનસપાટી પર અંકિત થઈ જાય છે. પણ મારે માટે તો ''પતિ'' શબ્દ અભિશાપ બની ગયો છે. 'પતિ' શબ્દનું સ્મરણ થઈ આવતાં જ હૈયું ચીરાઈ જાય છે.

સુશીલાને હું હંમેશા હસતી જ જોઉં છું. તેને તેની ગરીબાઈ માટે કશી જ ફરિયાદ નથી. નથી તો બિચારી પાસે ઘરેણાં, નથી તો કપડાં, ભાડાના એક નાના મકાનમાં રહે છે એ. એ એના હાથે જ ઘરનું બધું કામ કાજ કરે છે. આમ છતાં મેં એને ક્યારેય રડતી જોઈ નથી. જો એનું ચાલતું હોત તો પોતાની સઘળી સંપત્તિનો એ સુશીલાની દરિદ્રતા સાથે બદલો કરી લેત. એનો પતિ ઘરમાં આવે છે ત્યારે એ એનું સઘળું દુઃખ ભૂલી જાય છે એની છાતી ગજ-ગજ ફૂલે છે. ત્રણેય લોકનું સુખ કુરબાન કરી નાખવાનું



મન થઈ આવે એવું સુખ એના પ્રેમાલિંગનમાંથી પ્રાપ્ત થાય છે. આજે હું સહન કરી શકી નહીં. મેં પૂછ્યું – ''તમે મારી સાથે લગ્ન જ શા માટે કર્યાં હતાં?'' મારા મનમાં દિવસોથી આ પ્રશ્ન પડઘાયા છે. પણ મન મારીને બેસી રહી છું. આજે મારાથી રહેવાયું નહીં અને મારાથી પૂછાઈ ગયું. મારો પ્રશ્ન સાંભળી એ અકળાઈ ગયા. કહ્યું – ''ઘર સાચવવા, કુટુંબનો ભાર વેંઢારવા. શું કઈ ભોગવિલાસ કે એશઆરામ કરવા?''

ગૃહિણી વિના ઘર ભૂતિયા મહેલ જેવું લાગતું હતું. નોકર ચાકર ઘરની મિલકત રફેદફે કરી નાખતા હતા. કોઈ વસ્તુ વ્યવસ્થિત રહી શકતી ન હતી. એની કાળજી રાખનાર ઘરમાં કોઈ ન હતું.

તો હવે સમજાયું કે મને ઘરની નોકરડી તરીકે લાવવામાં આવી છે! આ ઘરની દેખભાળ કરીને મારે મારા જીવનને ધન્ય કરી દેવાનું છે. મારે હવે માનવાનું છે કે આ ઘર મારું છે. ઘરની દોલત મારી છે. અને એ દોલતને મારે ચોકીદાર બની સાચવવાની છે. આગ લાગે એવા ઘરમાં! આજ સુધી તો જાણે અજાણે મેં ઘર સાચવ્યું. પણ આજથી આ ઘરની કોઈ પણ વસ્તુને ભૂલથીયે અડવાના સોગંદખાઉં છું. હું બરાબર જાણું છું કે પુરુષ ઘરની ચોકી માટે કોઈ સ્ત્રી સાથે લગ્ન કરતો નથી. સુશીલા સાચું જ કહે છે – ''જેમ પોપટ વગર પાંજરું ખાલી ખાલી લાગે છે તેમ એમને તો સ્ત્રી વિના ઘર ખાલી ખાલી લાગે છે.''

શી ખબર એમને મારા પર આટલી શંકા શા માટે છે! આ ઘરમાં આવી છું ત્યારથી એમને મારી તરફ સંદેહયુક્ત કટાક્ષબાણ મારતા જ મેં જોયા છે. શું કારણ હશે એનું? માથું ઓળીને બેસું જરાક કે એ આગલા જ દાંત કચકચાવવા માંડે. ના ક્યાંય જવું આવવું કે ના કોઈની સાથે વાતચીત તોય આટલી શંકા! આ અપમાન હવે સહેવાતું નથી. શું મને મારી આબરૂ વહાલી નહીં હોય? મને એ આટલી વેવલી કેમ સમજતા હશે? કાણો માણસ બીજાને હસતાં જોઈ એમ જ વિચારે છે કે તેઓ પોતાને જ હસે છે. કદાચ એમને એવી ખાતરી થઈ  છે કે શું એમને ચિઢાવા જ આમ કરું છું. પોતાના અધિકાર બહારનું ક્ષેત્ર કામ કરવાથી આપણા મનની વૃત્તિ કદાચ એવી થઈ જતી હશે. ભિખારી રાજગાદી ઉપર બેસી નિરાંતે ઊંઘી શકે ખરો? એને તો

એની ચારેબાજુ શત્રુઓ દેખાય છે મને લાગે છે કે લગ્ન કરનાર દરેક વૃદ્ધોની આજ દશા હોય છે.

સુશીલાના કહેવાથી આજે ભગવાનની ઝાંખી જોવા જતી હતી હું. કુવડની જેમ બહાર જાઉં તો તો લોકો મારી મશ્કરી કરે, મને જોઇને હસવા લાગે. હું બરાબર તૈયાર થઇ જવા વિચારતી હતી ત્યાં જ કોણ જાણ એ ક્યાંયથી ટપકી પડ્યા અને પૂછ્યું – ‘‘ક્યાં જવાની તૈયારી ચાલે છે?’’

‘‘ઠાકોરજીની ઝાંખીનાં દર્શને જવું છે!’’ મેં કહ્યું. અને એમણે ભવાં ઊંચે ચઢાવતાં છણકો કર્યો. ‘‘તારે ત્યાં જવાની જરૂર નથી. જે પત્ની પોતાના પતિની સેવા નથી કરતી તેને તો દેવદર્શનથી પુણ્યને બદલે પાપ જ મળે છે. મારી આગળ બહાનું બતાવે છે. મને તો બૈરાંની નસેનસની જાણકારી છે, સમજી?’’

મને પારાવાર ગુસ્સો ચઢ્યો. મેં કપડાં બદલી નાખ્યાં ને પ્રતિજ્ઞા કરી કે ક્યારેય દેવદર્શને જવું નહીં. આવો તે અવિશ્વાસ હોય? પણ હુંય કોણ જાણે શું વિચારીને રોકાઇ ગઇ! એનો ખરો જવાબ તો, એમની ના હોવા છતાં દેવદર્શને જવામાં જ હતો. પછી જોઇ લેત કે એ મને શું કરી લે છે!

મારી ઉદાસી બદલ એમને આશ્ચર્ય લાગે છે. એ મને એમના મનથી કૃતઘ્ન સમજે છે. આટલી અઢળક સંપત્તિની સ્વામિની હોઇને તો મને આનંદ થવો જોઇએ. એમ એમનું માનવું હતું. એ માનતા કે મારે આઠે પહોર એમનાં ગુણગાન ગાવાં જોઇએ. પણ હું તો એમ ના કરતાં મોં ચઢાવીને જ બેસી રહું છું. કોઇકોઇક વાર મને દયા આવે છે બિચારા ઉપર પણ એમને એ નથી સમજાતું કે સ્ત્રીના જીવનમાં કોઇક એવી પણ વસ્તુ છે કે જેને ગુમાવી બેસતાં એની દ્રષ્ટિમાં સ્વર્ગ પણ નર્કથીયે બદતર થઇ જાય છે.

ત્રણ દિવસથી એ ગંભીર માંદગીમાં સપડાઇ ગયા છે. ન્યૂમોનિયા થઇ ગયો છે. ડૉક્ટરનું કહેવું છે કે હવે બચવાની કોઇ આશા નથી. પણ કોણ જાણે કેમ મને એનું દુઃખ નથી, હું એવી કઠોર કાળજાની પણ નથી. મારી કોમળતા ક્યાં ચાલી ગઇ? કોઇ માંદા માણસને જોઇ મારુ હૈયું કરુણાથી ચંચળ થઇ ઊઠતું હતું. મારાથી કોઇનું રૂદન સહી શકાતું ન હતું. એ જ હું છું




આજેય ત્રણ દિવસથી મારી બાજુના ઓરડામાં એમને કણસતા સાંભળું છું. પણ એકવારેય એમની ખબર કાઢવા જતી નથી. હું એમની પાસે. અરે! મારી આંખમાં એક આંસુય નથી આવતું. મને એવી લાગણી થાય છે કે મારે એમની સાથે જાણે કશો જ સંબંધ નથી. ભલે મને કોઇ ચૂડેલ કહે, કહઇ કહે, મને તો એમની માંદગીથી એક જાતનો ઝેરીલો આનંદ થાય છે.

એમણે મને એમના ઘરમાં કેદ કરી હતી. હું એને લગ્ન કહી જ ના શકું. હું એવી ઉદાર નથી કે મને નરકમાં નાખનારની હું પૂજા કરું, મને લાતો મારનારનાં હું ચરણ ચૂમું. મને તો ખાતરી છે કે ઈશ્વર એને એના એ પાપની જ સજા કરી રહ્યો છે. હું સંકોચ વગર કહું છું કે એની સાથે મારાં લગ્ન થયાં જ નથી. પ્રેમથી સ્ત્રી પુરુષનાં હૃદય પુલકિત થઇ જાય એવું જોડાણ જ લગ્ન કહી શકાય. મહાશય દુઃખથી કણસતા કણસતા મને ભાંડી રહ્યા છે એ હું સ્પષ્ટ સાંભળી રહી છું. પણ મને એની કશી પરવા નથી. જેની ઈચ્છા હોય તે ધન દોલત, માલમિલકત કે જમીન જાગીર સ્વીકારે, મારે તો એની જરા જેટલી પણ જરૂર નથી.

મારે વિધવા થયે ત્રણ મહિના થઇ ગયા. લોકો મને વિધવા કહે છે. મારે શું એમાં? લોકોને જે કહેવું એ કહે. પણ હું મારી જાતને જે સમજું છું એ જ સમજું છું. મેં બંગડીઓ ભાંગી નથી. શું કરવા ભાંગું? અને સેંથામાં સિંદૂર તો હું પહેલેથી જ પૂરતી નહીં. ઘરડા બાપની ક્રિયા એના સુપુત્રએ કરી. હું તો પાસેય ગઇ નથી. ઘરમાં મારા વિશે મનફાવે એમ બોલે છે બધાં. મારા વાળ ગૂંથેલા જોઇ મોંઢું ચઢાવે છે. કેટલાંક તો મારાં ઘરેણાંને તાકી તાકીને જોયા કરે છે. મને એની કોઇ ચિંતા નથી. અને હોય પણ શું કામ? એમને બધાંને અકળાવવા હું રંગીન સાડીઓ પહેરું છું. અને બનીઠનીને હરુફરું છું. મને લેશમાત્ર દુઃખ નથી. હું તો જાણે છૂટી જેલમાંથી!

કેટલાક દિવસો બાદ હું સુશીલાને ઘેર ગઇ. એક નાનું સરખું ઘર, ખાસ કશી સજાવટ નહીં, અરે, સૂવા માટે ખાટલો શુદ્ધાં ના મળે. પણ એ તો ચેનથી રહેતી હતી એ ઘરમાં. એનો આનંદ જોઇને મારા મનમાં જાતજાતની કલ્પનાઓ ઊઠે છે. – ‘‘શા માટે એમને નિંદાપાત્ર કહું? હું પોતે જ ક્યાં એ બધું નિંદાપાત્ર માનું છું?’’ સુશીલાના જીવનમાં કેટલો આનંદ છે! કેટલો પ્રેમ

છલકાય છે! આવા પ્રેમથી તો જીવન ધન્ય બની જાય. ભલે એવો પ્રેમ ક્ષણિક હોય તોય એની સ્મૃતિ ચિરંજીવ બની જાય છે. નખલીનો એક માત્ર ટકોરો હૃદયવીણાના તારોને અંતકાળ સુધી મધુર સ્વરોથી સ્પંદિત રાખી શકે છે.

એક દિવસ મેં સુશીલાને કહ્યું – ''સુશીલા, જો તારા પતિદેવ કદાચ પરદેશ ચાલ્યા જાય તો શું તું રડી રડીને મરી જાય?''

ગંભીર સ્વરે સુશીલાએ જવાબ આપ્યો – ''ના, બહેન, મરી તો ના જાઉં, પણ એમની સ્મૃતિ સદાય મને આનંદ આપતી રહે. પછી ભલેને એ વરસો સુધી પરદેશમાં રહે.''

''હું આવો પ્રેમ ઇચ્છું છું. આ પ્રેમબાણના ઘા માટે તડપતી રહી છું હું. પણ એવું મીઠું સ્મરણ ઝંખું છું કે જેનાથી મારા દિલની જંત્રી ઝણઝણતી રહે.''

રડી રડીને રાત વીતાવતી હતી. હૈયું ભરાઇ આવતું હતું. નજર સામે જીવન સહારાના રણની જેમ ફેલાઇને પડ્યું હોય એમ લાગતું હતું. હરિયાળીનું નામ નિશાન ના મળે. ઘર હવે બચકાં ભરતું હતું. મનની સ્થિતિ એવી થઇ ગઇ હતી કે જાણે ક્યાંક ઊડી જવાની ઇચ્છા થઇ આવતી હું જ મારી જાતને સમજી શકતી નથી. પણ મને જેની ખબર નથઈ એ મારું રોમ રોમ જાણતું હતું. હું મારી ભાવનાઓની જીવતી જાગતી પ્રતિમા છું. મારું પ્રત્યેક અંગ મારી આંતરિક વેદનાનો આર્તનાદ બની ગયું છે.

મનુષ્યને નિંદાનાં ભય કે લજ્જા ના રહે એવી અંતિમ દ્રષ્ટિએ મારા મનની ચંચળતા પહોંચી ગઇ છે. જે લોભી અને સ્વાર્થી મા બાપે મને કૂવામાં ધકેલી મૂકી હતી એ માતાપિતા માટે મારા મનમાં વારંવાર, દુરેચ્છાઓ જન્મતી હતી. હું એમની ફજેતી કરવા ઇચ્છું છું. હું પ્રાણત્યાગ કરીને એમને પ્રાણદંડ દેવા ઇચ્છું છું. હું મારું નારીત્ત્વ મરી પરવાર્યું છે. મારા હૃદયમાં પ્રચંડ વડવાનલ સળગી ઊઠ્યો છે.

ઘરમાં બધાં સૂઇ રહ્યાં હતાં. હું ધીમેથી નીચે ઉતરી. બારણું ઉઘાડ્યું, ને ઘરની બહાર નીકળી ગઇ. એ ઘરમાં મારા શ્વાસ રૂંધાતા હતા.



સડક સાવ શાંત અને નિર્જન હતી. દુકાનો બંધ થઇ ગઇ હતી. ઓચિંતી એક વૃદ્ધા આવતી દેખાઇ. મને બીક લાગી કે ચૂડેલ ના હોય! વૃદ્ધાએ પાસે આવીને મને જોતાં જ પૂછ્યું – ''કોની રાહ જુએ છે?''

ગુસ્સે થઇને મે કહ્યું – 'મોતની.'

''તારા ભાગ્યમાં જિંદગીમાં મોટાં મોટાં સુખ ભોગવવાનું લખ્યું છે. અંધારી રાત વીતી ચૂકી છે. હવે પ્રભાતની, ઉષાનો અજવાસ પથરાવાની તૈયારી છે.''

હસીને મે કહ્યું – ''તમારી આંખો એવી પાણીદાર છે કે અંધારામાં પણ મારા નસીબનું લખાણ વાંચી શકે છે?''

''હું આંખોથી વાંચતી નથી, અક્કલથી વાંચું છું, બેટા, આ માથની બાબરી તડકામાં ધોળી નથી થઇ કંઇ. તારા ખરાબ દિવસો પૂરા થયા છે. હવે સારા દિવસોની શરૂઆત થવા આવી છે. હસીશ નહીં બેટી, આ કામ કરતાં જ આખું આયખું વીતી ગયું છે. આ ડોસીને કારણે જ નદીમાં ડૂબી મરવા તૈયાર થયેલી કેટલીયે આજે ફૂલોની સોડમાં પોઢી રહી છે. ઝેર પીવા તૈયાર થયેલી આજે દૂધના પ્યાલા ગટગટાવે છે. એટલે જ તારા જેવી અભાગણીઓના ઉદ્ધાર માટે મોડી રાતે નીકળું છું. કોઇની પાસે હું કશુંય માગતી નથી. ભગવાનનું આપ્યું બધું જ ઘરમાં છે. બસ થાય ત્યાં સુધી સેવા કરવી એ જ એકમાત્ર ઇચ્છા છે મનની. ધનની ઇચ્છાવાળી ને ધન, સંતાનની ઇચ્છા હોય તેને સંતાન, પતિની ઇચ્છા હોય એને પતિ બીજું શું કહું? જેને જે મેળવવું હોય એ માટેનો મંત્ર બતાવી દઉં છું. અને જેની જે ઇચ્છા એ પૂરી થઇ જાય છે.''

મે કહ્યું – ''મારે ધન નથી જોઇતું કે નથી જોઇતું સંતાન મારી આશા હવે તમારા હાથની વાત નથી.''

વૃદ્ધા હસી – ''તારી ઇચ્છાની મને ખબર છે. તું એવી વસ્તુ ઇચ્છે છે કે જે આ જગતમાં હોવા છતાં સ્વર્ગની છે. દેવોના વરદાન કરતાં પણ વધુ આનંદદાયક છે. એ આકાશનું પુષ્પ છે. અને અમાસનો ચાંદો છે. પણ

મારા મંત્રમાં એ તાકાત છે. જે ભાગ્યને પણ પલટાવી શકે છે. તું તો પ્રેમની તરસી છે ને? હું તને પ્રેમનૈયા પર સેર કરાવી શકું એમ છું.''

મેં જિજ્ઞાસાથી પૂછ્યું – ''મા, તમારું ઘર ક્યાં છે?''

''આ રહ્યું. પાસે જ. તારે આવવું હોય તો તને હું મારી પાંખો ઉપર બેસાડીને લઇ જાઉં.''

મને એ આકાશની દેવી લાગી. એની પાછળ પાછળ હું ચાલી નીકળી.

અરે! હું જેને સ્વર્ગની દેવી સમજતી હતી એ વૃદ્ધા તો નર્કની ચૂડેલ નીકળી. મારું સર્વસ્વ નાશ પામ્યું જાણે! હું અમૃત શોધતી હતી અને મને ઝેર મળી ગયું. સ્વચ્છ પ્રેમની પ્યાસી એવી હું ગંદી ગોબરી ગટરમાં આવી પડી. જે વસ્તુ મને મળી ન હતી, તે ના જ મળી. હું તો સુશીલા જેવું સુખ ચાહતી હતી. કુલટાઓ જેવી વિષય વાસના નહીં. પણ જીવનમાં એકવાર ખરાબ રસ્તે ચઢી ગયા પછી સાચા રસ્તે પાછા ફરવું મુશ્કેલ હોય છે.

મારા અધઃપતન માટે જવાબદાર હું નથી, મારાં મા બાપ છે. પેલો ઘરડો માણસ છે કે જેને મારો પતિ થવાની લાલસા હતી. મારે આ લીટીઓ ન હતી લખવી જોઇતી પણ મારી આત્મકથા વાંચીને લોકોની આંખો ઊઘડે એટલા માટે જ મારે એ લખવી પડી છે. હજુ આજેય હું કહું છું કે તમે તમારી દિકરીઓ માટે ધન, સંપત્તિ, જમીન જાગીર કે ખાનદાન જોશો નહીં. જો જોવું જ હોય તો એકમાત્ર માટે છોકરો જોજો. જો તમે તમારી દિકરીને યોગ્ય વરના મેળવી શકો તો તેને કુંવારી રાખજો, ઝેર આપજો, એનું ગળું દબાવી દેજો, પણ કોઇ ઘરડા આખલા સાથે એને પરણાવશો નહીં. સ્ત્રી બધું જ સહન કરી શકે છે પણ એના યૌવનના ઉમંગો ચગદાઇ જાય એ દુઃખ કોઇ કાળે સહન કરી શકતી નથી.

મારે માટે હવે જીવનમાં કોઇ આશા બચી નથી. જે સ્થિતિમાંથી છૂટકારો મેળવીને હું આવી છું એ સ્થિતિ કરતાં કદાચ મને આ સ્થિતિ હવે સારી લાગે છે. મારે મારી આ દશા બદલવી નથી.



# સાચું દર્શન

વિપિનબાબુ સ્ત્રીને સંસારનું સૌથી સુંદર સર્જન માનતા હતા. એ કવિ હતા. એમની કવિતાનો મુખ્ય વિષય હતો સ્ત્રી અને સ્ત્રીનું સૌંદર્ય, સ્ત્રીને એ માધુર્ય સૌંદર્ય અને યૌવનની જીવતી જાગતી પ્રતિમા માનતા. સ્ત્રી શબ્દ સાંભળતાં જ એમની હૃદયવીણા પુલકિત થઇ ઊઠતી. એમનું મન મલ્હાર આલાપવા બેસી જતું. પાકી સમજણ આવી ત્યારથી તેમણે કામિનીની કલ્પના કરવાની શરૂઆત કરી દીધી હતી. એવી કામિની કે જે એમના હૃદયની રાણી બનશે, એનામાં ઉષાની પ્રફુલ્લતા હશે. ફૂલની સુકુમારતા હશે. સુવર્ણની ચમક હશે, વસંતની માદકતા હશે અને કોયલનો મીઠો ટહુંકાર હશે. ટૂંકમાં એ કવિ વર્ણિત તમામ ઉપમાઓથી વિભૂષિત હશે. તેઓ એ કલ્પના મૂર્તિના ઉપાસક હતા. કવિતાઓમાં એના રૂપને કંડારતા,મિત્રોમાં એના કલ્પિત લાવણ્યની રસિક ચર્ચા કરતા. નિત્ય એનાં સ્વપ્નોમાં નિમગ્ન રહેતા. એમની કલ્પનાઓ સાકાર થવાનો દિવસ આવી પહોંચ્યો હતો. કોલેજની વાર્ષિક પરીક્ષા પૂરી થઇ ગઇ હતી અને લગ્નના સંદેશા આવવા લાગ્યા હતા.

વિવાહ નક્કી થઇ ગયા. વિપિનબાબુનો ઘણો આગ્રહ હતો કે એ કન્યાને જોઇ લે; પણ જ્યારે તેમના મામાએ વિશ્વાસ પૂર્વક જણાવ્યું કે છોકરી અત્યંત સ્વરૂપવાન છે ત્યારે તે લગ્ન માટે રાજી થઇ ગયા. ધામધૂમથી જાન જોડાઇ. લગ્નનું મુહૂર્ત નજીક આવ્યું. નવવધુના શણગાર સજીને કન્યા માંહયરામાં આવી કે વિપિન બાબુની નજર એના હાથ પગ ઉપર પડી. દીપશિખાઓ જેવી એની સુંદર આંગળીઓ હતી. અંગોનું લચીલાપણું કેવું મનોહર હતું! વિપિનબાબુ રાજી રાજી થઇ ગયા. બીજે દિવસે કન્યાને

વિદાય આપવામાં આવી. એ સમયે તેઓ પત્નીના મુખલાવણ્યને નીરખવા એવા અધીરા થઇ ગયા કે રસ્તામાં ભાઈઓએ પાલખી નીચે ઉતારી ત્યારે તેઓ પત્નીની પાસે પહોંચી ગયા. તે ઘૂમટો આઘો કરીને, પાલખીનો --- હટાવી બહાર જોઇ રહી હતી. વિપિનબાબુની નજર પત્ની ઉપર પડી. અને એમનામાં તિરસ્કાર, ગુસ્સો અને નિરાશાનું ભારે લખલખુ ફરી વળ્યું. એમણે જે સ્ત્રીની કલ્પના કરી હતી તેવી તે ન હતી. એ તો એક અત્યંત કદરૂપી સ્ત્રી હતી. રંગ તો ગોરો હતો પણ એ ગોરા રંગમાં સફેદી હતી. વિપિનબાબુનો ઉત્સાહ ઠંડો પડી ગયો. – ''આહ! એને મારે ગળે જ પડવું હતું? શું મારા વિના એને આ દુનિયામાં બીજો કોઇ ના મળ્યો?'' એમને મામા ઉપર ગુસ્સો ચડ્યો. જો આ વખતે એ મળી જાય તો વિપિનબાબુ એવી ખબર લઇ નાખવા ઇચ્છતા હતા કે જિંદગી આખી એ મામો યાદ કરે.

વિપિનબાબુને જીવન દોઝખ જેવું લાગવા માંડ્યું. તેઓ મામા સાથે લડ્યા, સસરાને એક લાંબો કાગળ લખી ધમકાવ્યા. મા બાપ સામે પણ વિરોધ નોંધાવ્યો. આ બધાથી પણ મનને સંતોષ ના થતાં ઘર છોડી નાસી જવાનો વિચાર કર્યો. આશા ઉપર એમને દયા અવશ્ય આવતી હતી. એમને થતું – ''એમાં એ બિચારીનો શો દોષ? એણે જબરજસ્તીથી તો મારી સાથે લગ્ન નથી કર્યાં ને? પણ આશાને જોતાં એના પ્રત્યે એમના મનમાં જે નફરત થઇ આવતી હતી તે દયાને દબાવી દેતી હતી. આશા સારામાં સારાં કપડાં પહેરતી, રોજ નવી નવી રીતે વાળ ઓળતી, કલાકો સુધી દર્પણ સામે ઊભી રહી શૃંગાર કરતી પણ એ બધું કરવા છતાં વિપિનબાબુને તો એ કઢંગી જ લાગતી હતી. તે દિલથી ચાહતી હતી કે પતિને પ્રસન્ન કરે, એમની સેવા કરે પણ વિપિનબાબુતો એનાથી દૂર ને દૂર જ નાસતો ફરતો હતો. એમ કરતાં કદાચ જો પત્ની ભેટી જાય તો તેઓ એવી આડી અવળી વાતો કરતા કે આશા ત્યાંથી રડતી રડતી ચાલી જતી.

પણ પરિણામ એ આવ્યું કે એ ચારિત્ર્ય ભ્રષ્ટ થવા લાગ્યા. એ એમના લગ્નને ભૂલી જવા મથતા હતા. દિવસો સુધી હવે આશાને એનાં દર્શન પણ થતાં નહીં. એ માત્ર પતિદેવનો અવાજ જ સાંભળી શકતી. મિત્રો સાથે મઝા કરવા જતા દૂરથી જોઇ રહેતી.''



એક દિવસ ખાતાં ખાતાં તેણે કહ્યું – ''હવે તો તમે મને મળતાય નથી ને! શું મારે લીધે ઘર છોડી દેશો?''

''ઘરની બહાર જ તો રહું છું ને? નોકરીની શોધમાં છું. એટલે દોડાદોડી વધારે રહે છે.''

આશાએ કહ્યું – ''કોઇ ડૉક્ટર પાસે મારે ચહેરો સારો કેમ નથી કરાવડાવી દેતા? મેં સાંભળ્યું છે કે આજકાલ ચહેરો સુંદર બનાવી આપનારા ડૉક્ટરોય નીકળ્યા છે.''

''નકામી શું કરવા મને ગુસ્સે કરે છે? તને અહીં કોણે બોલાવી હતી?''

''પણ આ રોગની દવા કોણ કરશે?''

વિપિનબાબુએ કહ્યું – ''આ રોગની કોઇ જ દવા નથઈ. જે કામ ઈશ્વરથી ના થઇ શક્યું એ માણસથી તે શું થવાનું હતુ?''

''તે ઈશ્વરની ભૂલથી શિક્ષા મને કરો છો? દુનિયામાં એવો કયો માણસ છે કે જેને સારો ચહેરો પણ ખરાબ લાગતો હોય, પણ તમે કોઇ પુરુષને માત્ર કદરૂપા હોવાને લીધે કુંવારો રહેલો જોયો છે? કદરૂપી છોકરીઓ પણ માબાપને ઘેર બેસી રહેતી નથી. કોઇને કોઇ રીતે એમનો ગુજારો થઇ રહે છે. એમના પતિ ભલે એમના પર પ્રાણ ન પાથરતા હોય પણ દૂધમાં પડેલી માખ તો નથી જ સમજતા.''

વિપિનબાબુએ આવેશમાં આવી કહ્યું –''શા માટે નકામું માથું ખાય છે.? હું તારી સાથે ચર્ચા કરવા નથી માગતો. મારા હૃદય પર તારી દલીલોથી કોઇ જ અસર થશે નહીં. હું તને કશુંય કહેતો નથી પછી શા માટે તું મારી સાથે લમણાઝીંક કરે છે?''

આશા તો કડવાં વેણ સાંભળી ચાલી ગઇ. એને ખબર પડી ગઇ હતી કે વિપિનબાબુએ હવે સદાને માટે એનાથી મોં ફેરવી લીધું છે.

વિપિનબાબુતો લહેર કરતા. કોઈક કોઈક વાર રાત્રે રાત્રે ઘર બહાર રહેતા. આશા આશા નિરાશા વચ્ચે ઝોલાં ખાતી બિમાર પડી ગઈ. વિપિનબાબુ તો એની સારવાર પણ કરતો નહીં કે દેખભાળ પણ રાખતો નહીં. એ તો એમ ઇચ્છતો કે એ મરી જાય તો બલા ટળે. અને પોતે પોતાની પસંદગી પ્રમાણે ફરીવાર લગ્ન કરે.

હવે તેમણે વધારે પ્રપંચ આદર્યો. પહેલાં તો એ આશાથી ગભરાતા હતા. એમને એટલી બીક હતી કે પોતાની ચાલચલત ઉપર કોઈક નજર રાખનારું છે પણ હવે તો કોઈ બીક રહી નથી. કુવાસનાઓથી એ ઘેરાઈ ગયા. વિષયભોગમાં ભાન ભૂલ્યા. વિષયભોગની લાલસાથી માત્ર ધનનો જ ક્ષય થતો નથી પણ બળ અને બુદ્ધિનોય વિનાશ થાય છે. વિપિનબાબુનો ચહેરો ફિક્કો પડવા લાગ્યો. છાતીનાં પાંસળાં દેખાયાં, આંખોની આસપાસ કાળાં કુંડાળાં દેખાતાં થયાં. પહેલાં કરતાં અનેક ઘણી સારી રીતે ફેશન પરસ્ત રહેવા છતાં, મોં પર તેજ નહીં હોવાથી તેમની સુંદરતા ઉપસી આવતી નહીં.

આશા પલંગ પર સૂઈ રહી હતી. કેટલાય દિવસોથી એને વિપિનબાબુને જોયા ન હતા. એની ઇચ્છા પતિમાં દર્શન કરવાની થઈ આવી. એને બીક તો હતી કે એ આવશે નહીં, તેમ છતાં એ મનની લાલસાને રોકી શકી નહીં. વિપિનબાબુને એણે કહેણ મોકલાવ્યું. વિપિનબાબુને પણ આશા પર દયા આવી હતી. એ આવીને ત્યાં ઊભા રહી ગયા. આશાએ એમનો ચહેરો જોયો અને એ કંપી ઊઠી, એ એટલા તો દુર્બળ થઈ ગયા હતા કે ઓળખી શકવા પણ મુશ્કેલ હતું. તેણે કહ્યું – ‘‘શું માંદા છો તમે? તમે તો મારા કરતા પણ વધારે દુબળા થઈ ગયા છો ને?’’

વિપિનબાબુએ જવાબ આપ્યો – ‘‘જિંદગીમાં એવું છેય શું? જીવવાની તે વળી ચિંતા કરવાની હશે?’’

‘‘જીવવાની ચિંતા નહીં કરનારા આટલા બધા અશક્ત નથી હોતા. તમે તમારી કોઈ દવા શા માટે નથી કરતા?’’ – આટલું કહેતાંમાં તો તેણે પતિનો હાથ ઝાલી લીધો. વિપિનબાબુએ હાથ છોડવવાની કોઈ ચેષ્ટા



કરી નહીં. એનામાં નમ્રતાનો સંચાર થયો. એની વાતો માંથી નિરાશા ટપકવા લાગી. ગુસ્સા ઉપર કોઈક પ્રચ્છન્ન લાગણીએ વિજય મેળવ્યો હતો. અની આંખમાં આંસુ છલકાઈ ગયાં.

‘‘વિપિનબાબુએ પલંગ પર બસતાં કહ્યું – ‘‘મારી દવા તો હવે મોત કરશે. હું ખોટું કહેતો નથી. તને દુઃખી કરવા હું આમ કહેતો નથી. હવે હું વધારે દિવસો જીવી શકીશ નહીં. મને પણ ભયંકર રોગનાં ચિહ્નો દેખાઈ રહ્યાં છે. દાક્તરોનું પણ આમ જ કહેવું છે. તને મેં ઘણી જ દુઃખી કરી છે એનું મને દુઃખ છે. મને માફ કરી દે, આશા.’’

કહેતાં કહેતાં વિપિનબાબુ કંપી ગયા. આઘતનો અસહ્ય માર જીરવી ન શકવાથી એ બેભાન થઈ પલંગ પર ઢળી પડ્યા. શરીર ખેંચાવા લાગ્યું. જોરજોરથી હાથ પગ પછડાવા લાગ્યા. શરીર આખું પરસેવે લથબથ થઈ ગયું હતું.

મહિનાઓની અશક્ત શરીરવાળી આશામાં આ સમયે સ્ફુર્તિ આવી ગઈ હતી જાણે! એણે પતિના મોં પર ઠંડુ પાણી છાંટ્યું. દોડતી પંખો લઈ આવી અને પવન નાખવા લાગી. જોતજોતામાં વાત વહેતી થઈ. લોકભેગું થઈ ગયું. ડૉક્ટર બોલાવવામાં આવ્યા. ઘણો બધો પ્રયત્ન કરવા છતાં પણ વિપિનબાબુએ આંખો ના ખોલી તે ના જ ખોલી. સંધ્યાકાળ થવામાં તો આખું મોં ખેંચાઈ ગયું. ડાબું અંગ જૂઠું પડી ગયું. હવે એમનાથી કશું જ બોલી શકાતું ન હતું. એ મૂર્છા ન હતી, લકવો હતો.

લકવાના રોગીની સેવા કરવી એ જેવું તેવું કામ નથી. આશા મહિનાઓથી મંદવાડમાં ભોગવતી હતી પણ આ દારુણ સ્થિતિમાં તે પોતાનો રોગ ભૂલી ગઈ. પંદર દિવસ સુધી વિપિનબાબુની હાલત ગંભીર રહી. રાત દિવસ આશા એમની પાસે રહેતી હતી. એ એમને માટે જરૂરી ખાવાનું બનાવતી. ખોળામાં લઈ દવા પીવડાવતી, ઉજાગરો, થાક અને માંદગીને લીધે એનું માથું સતત દુઃખતું હતું અને શરીરમાં તાવ ભરાયેલો રહેવા છતાં એને એની જરાપણ પરવા ન હતી.

અથાગ સેવા ચાકરી અને સતત દવાદારૂના પરિણામે પંદર દિવસ બાદ વિપનબાબુની હાલતમાં થોડો સુધારો થયો હતો. હવે એ થોડુંક અસ્પષ્ટ, પણ બોલતા થયા. શરીર રબરના રમકડાની જેમ ખેંચાઈને વાંકુવળી ગયું હતું. જાણે આખી આકૃતિ જ બદલાઈ ગઈ હતી. ઘોડીની મદદથી જરાવાર માટે ઊભા રહેવાતું, પણ ચાલી શકવાની શક્તિ ન હતી.

એકવાર સૂતાંસૂતાં જ એમને કઈક વિચાર આવી ગયો. પત્ની પાસે દર્પણ માગ્યું. એ એમાં પોતાનો ચહેરો જોવા લાગ્યા. એ પોતાના પ્રતિબિંબથી જ ડરી ગયા. આટલો બધો કુરૂપ ચહેરો એમણે આ અગાઉ ક્યારેય જોયો નહતો. ધીમેથી આશા સામે જોયું અને તેમણે કહ્યું – ''આશા! ઈશ્વરે મને મારાં કર્મોની કઠોરમાં કઠોર સજા આપી છે. મેં તારી સાથે જે આચર્યું છે. તેનું જ આ પરિણામ છે. મારું તદ્દન બેડોળ અને કઢંગુ મોં જોઈને તું તારી નજર મારા ભણીથી ફેરવી લઈશ તો પણ હું તને ફરિયાદ નહીં કરું કે નહીં હોય મને એનો જરા સરખોય વસવસો. મારી ઈચ્છા છે કે મેં તારી સાથે કરેલા દુર્વ્યવહારનો બદલો લેવાની હાથમાં આવેલી તક તું ગુમાવીશ નહીં.''

કોમળ અને આર્દ્રસ્વરે આશાએ કહ્યું – ''હું તો તમને પહેલાં જોતી હતી એ જ દ્રષ્ટિ અને લાગણીથી આજે પણ જોઉં છું. મને તો આપના પહેલાંના અને આજના રૂપમાં કોઈ તફાવત જણાતો નથી.''

વિપિનબાબુએ કહ્યું – ''વાહ રે! વાંદરા જેવુ મારું મોંઢું દેખાય અને તું કહે છે કે કોઈ તફાવત જણાતો નથી? હવે મારાથી તો ઘરની બહાર પણ નહીં નીકળાય. ઈશ્વરે મને ખરેખર શિક્ષા કરી છે.''

ઘણાં પ્રયત્નો કરવા છતાં વિપિનબાબુનો ચહેરો સીધો થયો નહીં. હા, શરીરમાં એટલી શક્તિ આવી ગઈ હતી કે હવે તેમનાથી હરીફરી શકાતું હતું.

આશાએ પતિની બિમારીમાં માતાની માનતા માની હતી. આજે એની પૂજાનો ઉત્સવ હતો. ફળિયાની સ્ત્રીઓ સોળે શણગાર સજીને એકઠી થઈ હતી. નાચ ગાન પણ થઈ રહ્યાં હતા.



એક સ્ત્રીએ કહ્યું – ''આશા, હવે તને તો એમનું મોંઢું જોવુંય નહીં ગમતું હોય?''

''મને તો પહેલાં કરતાંય એ વધારે સુંદર લાગે છે.''

''જા જા, હવે ગાંડી.''

''સાચું કહું છું. મને તો એમનો આત્મા મળી ગયો. મારે મન રૂપ કરતાં આત્મા વધારે કીમતી છે.''

વિપિનબાબુ ઓરડામાં બેઠા હતા. એમની પાસે કેટલાક મિત્રો પણ હતા. બધા પત્તાં રમી રહ્યાં હતાં.

ઓરડામાં એક બારી હતી જે ઘરના ચોકમાં ઊઘડતી હતી. અત્યારે તે બંધ હતી. એક મિત્રે તેને ઊઘાડી નાખી અને દર્પણમાં જોઈ વિપિનને કહ્યું – ''આજે તો ભલા, અહીં પરીઓનો મેળો જામી ગયો છે ને?''

વિપિનકુમારે કહ્યું – ''પણ મને તો એ બધી સ્ત્રીઓમાં પેલી થાળીમાં ફૂલો લઈને ફરે છે એ જ સ્ત્રી વધારે સુંદર દેખાય છે.''

''વાહ રે, તને તો સુંદરતાનીય સાચી પરખ કરતાં નથી આવડતું. મને તો એ જ સૌથી વધારે કદરૂપી દેખાય છે.''

''એટલા માટે કે તું માત્ર એનો ચહેરો જુએ છે, જ્યારે હું એનો આત્મા જોઉં છું.''

''ઓહ, તો એ શ્રીમતી વિપિન છે?''

''હા, એ એ જ દેવી છે.''

# મનુષ્ય નહીં, દેવતા

હિન્દુ સમાજની લગ્નપ્રથા એટલી હદે દૂષિત અને ચિંતાજનક બની ગઈ છે કે એને શી રીતે સુધારવી એ જ સમજાતું નથી.સાત સાત પુત્રોના જન્મ પછી અવતરનારી દિકરીને હર્ષથી વધાવે એવાં માતા પિતા કોઈક વિરલ જ હશે! કન્યાના જન્મથી જ એના લગ્નની ચિંતા માબાપને સતાવવા લાગી છે. એટલે જ દિકરીના અવસાનનું દુઃખ કદાચ માતાપિતાને નહીં થતું હોય! દહેજપ્રથાનો વધતો જતો ઊંચો આંકડો જ આ સ્થિતિ માટે જવાબદાર છે. લગ્નના ખર્ચા એટલા બધા વધી ગયા છે કે શિક્ષિત સમાડ દિવસે દિવસે નિરધન થતો જાય છે. એનું પરિણામ શું આવશે એ તો ભગવાન જાણે!

દિકરા ગમે તેટલા હોય તો પણ માબને તેની ચિંતા થતી નથી. તે તેમને માટે ફરજિયાત નહીં, પણ ગોણ વિષય બની જાય છે. કારણકે એમના લગ્નની ખાસ ચિંતા હોતી નથી. દિકરાઓની નફટાઈ ચિંતાનો વિષય નથી બનતી. પણ દિકરીનાં લગ્ન તો કરવાં જ પડે. એ જવાબદારીમાંથી તો શી રીતે છટકી શકાય? દિકરીના લગ્નમાં વિલંબ થાય અને એનો પણ કુંડાળામાં પડી જાય તો તો ઘરની આબરૂ જાય. બહાર મોંઢુ બતાવવા જેવું પણ ના રહે. એ કલંકને છુપાવી શકાય તો તો વાંધો નહીં, પણ જો કુચરિત્રનો ભંડો ફૂટી જાય તો આખા કુટુંબને માથે કલંક લાગી જાય છે. એના જેવી બીજી કોઈ ભયંકર આપત્તિ નથી.

નવાઈની વાત તો એ છે કે દિકરીના લગ્નની મુશ્કેલીઓ અનુભવી મૂકેલ મા બાપ દિકરાના લગ્ન વખતે સઘળું ભૂલી જાય છે. એમને કન્યાપક્ષ



માટે ઝરા પણ સહાનુભૂતિ થતી નથી. એથી ઊલટું એ દિકરાના લગ્નમાં થયેલ ખર્ચ વસૂલ કરવાની પેરવીમાં લાગી જાય છે. કેટલાંય મા બાપ દિકરીના લગ્નની ચિંતામાં રીબાઈ રીબાઈને મૃત્યુ પામે છે. કોઈક ગૃહત્યાગ કરે છે. ક્યારેક કુમળીકળી જેવી દિકરીને ઘરડા ખાંડા સાથે વળાવી દેવામાં આવે છે.

મુંશી ગુલજારીલાલ આવા જ એક અભાગી પિતા હતા. આમ તો એમની સ્થિતિ એટલી બધી ખરાબ ન હતી. વકીલાત ધંધામાંથી મહિને સો બસો કૂટી કાઢતા. ઘણીય કરકસર કરવા છતાંય ઝાઝી બચત થતી નહીં. મિત્રો અને સંબંધીઓની આગતા સ્વાગતા અને સરભરા પાછળ ઘણો પૈસો ખર્ચાઈ જતો. બે ત્રણ દિકરાઓના ભરણપોષણ અને શિક્ષણ પાછળ પણ ઠીક ઠીક પ્રમાણમાં ખર્ચ થતું હતું. પ્રથમ દિકરીનું લગ્ન તો એમણે એમના મોભા પ્રમાણે ધામધૂમથી કરેલું. પણ બીજી દિકરીના લગ્નની ચિંતા સતાવતી હતી. સારા ખાનદાનમાં લગ્ન થાય એ જરૂરી હતું. એમ ના થાય તો સમાજમાં નીચા જોયું થાય. સારા ઘરમાં દિકરીને વળાવવી હોય તો ઓછામાં ઓછા પાંચહજારના ખરચનો અંદાજ હતો. પુત્રી પણ હવે ઉંમરલાયક થઈ ગઈ હતી.

ઘણા ધમપછાડા કર્યા બાદ એક છોકરાની ભાળ લાગી. બાપ આબકારી ખાતામાં ચારસો રૂપિયાની નોકરી કરતો હતો. છોકરો પણ ભણેલો ગણેલો હતો. તેમણે પત્નીને જણાવ્યું – "છોકરો તો મળ્યો. ઘર પણ સારું છે. પણ છોકરો કહે છે કે મારે પરણવું જ નથી. એના માબાપે અને બીજાંઓએ ઘણોય સમજાવ્યો, પણ એકનો બે થતો નથી. શી ખબર, એને લગ્નથી આટલો તિરસ્કાર કેમ છે? કશું કારણ જણાવતો નથી. મા બાપનો એકનો એક છોકરો છે. મા બાપની ઈચ્છા છે કે એને પરણીવી દેવો. પણ એ કેમે કરી માનતો જ નથી. આમ તો એનાં મા બાપે સાકરના રૂપિયા તો લઈ લીધા છે. પણ મને કહ્યું છે કે છોકરો નહીં માને તો એ રૂપિયા પાછા આપી દેશે."

પત્નીએ કહ્યું – ‘‘તમે છોકરાને એક બાજુ બોલાવીને ના પૂછ્યું?’’

‘‘પૂછ્યું હતું. પણ એ તો રડવા લાગ્યો અને પછી. ઊઠીને ચાલતો થયો.’’

‘‘જોયું ને? આ છોકરી કેટલી ઉપાધિઓ કરાવે છે?’’

ગુલજારીલાલો જવાબ વાળ્યો – ‘‘આજના છોકરા જ એવા હોય છે. વાંચ્યું કે પરદેશમાં આજે તો છોકરાઓ કુંવારા રહે છે. ને બસ ઝાલી લીધું. એમને લાગે છે કે દુનિયાની બધી મુશ્કેલીઓ લગ્નમાં છે જાણે! હું પણ જ્યારે કોલેજમાં ભણતો હતો ત્યારે આવું જ વિચારતો હતો.’’

‘‘જોકે વાત ખોટી નથી. લગ્ન પછી એનેક ઘણી મુશ્કેલીઓ વધી જાય છે. જુઓને, તમે ના પરણ્યા હોત તો અત્યારે આ ચિંતા સહન કરવી પડત? હુંય કુંવારી રહી હોત તો મઝા કરતી હોત અત્યારે.’’

એ વાતને એક મહિનો વીત્યે ગુલજારીલાલને પેલા છોકરાએ પત્ર લખ્યો.

‘પૂજ્યવર,’

સાદર વંદન.

અનેક મૂંઝવણોથી ઘેરાયેલો હું આપને આ પત્ર લખવાની હિંમત કરી રહ્યો છું. મારી આ ધૃષ્ટતા બદલ મને દરગુજર કરશો.

આપના ગયા પછી મારાં માતાપિતા લગ્ન માટે મારી ઉપર દબાણ કરી રહ્યાં છે. મારી મા રડે છે. મારા પિતાજી મારી સાથે બોલતા પણ નથી. એમને મારા ચારિત્ર્ય વિશે શંકા થવા લાગી છે. પણ વાસ્તવિક્તા છતી કરતાં મને ડર લાગે છે. એ જાણીને કદાચ એમને ઊંડું દુઃખ થશે. મેં આજ સુધી જે હકીકત છુપાવી છે તે ના છુટકે મારે આપને જણાવવી પડે છે. આશા રાખું છું કે આપ એની જરા સરખી પણ ગંધ એમને આવવા દેશો નહીં. જે થવાનું છે એ થવાનું જ છે. પણ પહેલેથી શા માટે એમને શોકમાં ડૂબાડી દેવાં? મને ક્ષયરોગ થયો છે. ડૉક્ટરોનો પણ એ જ મત છે. મારાં મા





બાપને આ વાતની ખબર નથી. જો એમને આ વાતની ખબર પડી જશે તો તેઓ રડી રડીને મરી જશે. હું હવે આ દુનિયામાં થોડા દિવસનો જ મહેમાન છું. ત્યારે મારે માટે લગ્નની વાત કરવી એ પાપ છે. લગ્ન કરીને હું કોઇ પરાયી દિકરીની જિંદગી બરબાદ કરવા માગતો નથી. મારી આપને વિનંતી છે કે મને લગ્નના બંધનમાં બાંધવાનો આગ્રહ આપ ના કરશો નહીં તો આપને પસ્તાવાનો વારો આપવશે.

સેવક

‘‘હજારીલાલ’’

પત્ર વાંચીને ગુલજારીલાલે પત્નીને પૂછ્યું – ‘‘આ બાબતમાં તારો શો અભિપ્રાય છે?’’

‘‘મને તો લાગે છે કે આ એક બહાનું બતાવી એ આપણી વાત ટાળવા માગે છે. મને તો એના ચહેરા ઉપર રોગનું કોઇ લક્ષણ જણાતું નથી.’’

‘‘ભગવાનનું નામ લઈ નક્કી કરી નાખો. કોઇ કોઇનું નસીબ ઓછું જાણી બેઠું છે?’’

‘‘હું પણ એમ જ વિચારું છું.’’

‘‘ના હોય તો કોઈ ડૉક્ટરને છોકરો બતાવી જોઇએ, જેથી દિકરીનું જીવન બરબાદ ના થાય. અને આપણે પાછળથી પસ્તાવું ના પડે.’’

‘‘તું ય ગાંડી થઈ છે કે શું? બધું જ સારું છે. એ છોકરાને હું બરાબર ઓળખું છું. લગ્ન પછી સ્વતંત્ર રીતે હરવા ફરવાનું બંધ થઈ જાય ને?’’

‘‘તો પછી સારું મૂહુર્ત જોવરાવી લગ્નની તૈયારી કરવા માંડો.’’

હજારીલાલ મોટા ધર્મસંકટમાં હતો. એની ઈચ્છા વિરુદ્ધ એનાં લગ્ન થતાં હતાં. એ લાચાર હતો. એણે ભાવિ સસરાને બધી બાબતથી વાકેફ કર્યાં. પણ કોઇને એની વાતમાં વિશ્વસ બેઠો નહીં. મા બાપ ને સાચી હકીકત

જણાવવાની એની હિંમત ન હતી. એને વારંવાર ખરાબ વિચારો આવતા હતા. કોઇ ડૉક્ટરની સલાહ લઇ એમને ભાવિ સસરા પાસે મોકલવાની ઇચ્છા થતી હતી. પણ એમ કરવા છતાં પણ એમને સાચું નહીં લાગે તો? કદાચ કોઇ ડૉક્ટરને સમજાવીને મોકલવામાં તો નહીં આવ્યો હોય ને? એવું એ વિચારશે. ડૉક્ટરોનું કહેવું હતું કે લગ્નથી એની સ્થિતિ વધારે ગંભીર બને તેમ હતી.

લગ્નનો દિવસ આવી ગયો. ધામધૂમથી તૈયારીઓ થવા લાગી. મહેમાનો આવતા જતા હતા. પણ હજારીલાલને ઘરમાં જીવ ઊંચો રહેતો હતો. અરે! બિચારી એ છોકરીની શી દશા થશે? એને જ્યારે આ વાતની ખબર પડશે ત્યારે એ મારા વિશે શું શું નહીં વિચારે? હું એ નિર્દોષ છોકરી ઉપર આવો બેરહમ અત્યાચાર આચરી નહીં શકું. એને વૈધવ્યની આગમાં જીવતી સળગાવી દેવાનો મને શો અધિકર છે? મારી જિંદગીનો શો ભરોસો? આજે નહીં તો કાલે, અરે!કાલે નહીં તો બે વરસ પછીયે મારે મરવાનું તો છે જ તો પછી શા માટે આજે જ ના મરવું? બધી જ ચિંતાઓને અંત લાવવાનો એક જ એકમાત્ર ઉપાય છે. મા બાપ રડશે, માથાં ફૂટશે, પણ એક નિર્દોષ કન્યાનું તો જીવન વેડફાઇ જતું તો બચી જશે ને?

શા માટે મારે પિતાને આ વાત ના કહેવી? એમને થોડા દિવસ દુઃખ લાગશે તેથી શું? મા બાપના ક્ષણિક આપત્તિથી એક નિરપરાધ છોકરીનું જીવન કાયમ મારે નષ્ટ થતું અટકી જાય એ નાની સૂની વાત છે કઇ?

આમ વિચાર કરીને એ ઊભો થયો અને પિતાજીની સામે આવીને ઊભો રહ્યો.

રાતના દસ વાગ્યા હતા. બાબુ ગુલજારીલાલ ખાટલામાં પડ્યા પડ્યા હુક્કો ગગડાવી રહ્યા હતા. આજે આખો દિવસ એમણે નાસભાગમાં વીતાવ્યો હતો. માડપ, બેન્ડવાજાં, દારૂખાનું અને અન્ય રાચરચીલું નક્કી કરવા માટે એ એક જગાએથી બીજી જગાએ દોડતા રહ્યા હતા. અત્યારે એ આડા પડીને થાક ઉતારતા હતા. ત્યાં જ હજારીલાલને સામે ઊભેલો જોઇ એમને અચંબો થયો. નિસ્તેજ ચહેરો, આંસુથી ઉભરાયેલી આંખો અને વ્યાકુળ



મુખમંડલ જોઇ ચિંતા સાથે એમણે કહ્યું – ‘‘કેમ લાલું, તબિયત તો સારી છે ને? કેમ આમ ઉદાસ દેખાય છે?’’

‘‘મારે આપને એક વાત કહેવી છે, પિતાજી! પણ મને ડર છે કે આપ...’’

‘‘સમજી ગયો. પેલી જૂની વાત જ છે ને? એ સિવાય બીજી વાત હોય તો કહે.’’

‘‘હું એ અંગે જ કઇંક કહેવા માંગું છું.’’

‘‘તારે એ જ કહેવું છે ને કે, મને આ લગ્નના બંધનમાં ના નાખો, હું એને મારે લાયક નથી, હું એ ભાર વેંઢારવા અસમર્થ છું? એ સિવાય છે કોઇ બીજી નવી વાત?’’

‘‘હા, મારે આપને નવી વાત કહેવી છે. આપની આજ્ઞાનું પાલન કરવું હું સર્વથા તૈયાર છું, પણ મારે આજે આપને એવી વાત કહેવી છે કે જે આજ સુધી આપનાથી મેં છાની રાખી છે. પણ આજે એ વાત ઉપરથી પડદો ઊંચકી લેવાનો સમય પાકી ગયો છે. આપ મારી વાત જાણ્યા પછી જે નિર્ણય કરશો તે મને બેશક શિરોમાન્ય રહેશે.’’ – હજારીલાલે કહ્યું.

‘‘કહે, શું કહેવું છે?’’

હજારીલાલે વિનમ્રતાથી પોતાને થયેલા ક્ષય રોગની વાત કરી. ડૉક્ટરોએ આપેલ અભિપ્રાયનો પણ ખ્યાલ આપ્યો. પછી કહ્યું – ‘‘આ સ્થિતિમાં આપ મને લગ્ન કરવા ફરજ નહીં પાડો એનો મને પૂરતો વિશ્વાસ છે.’’

હજારીલાલે ધ્યાનથી પુત્ર સામે જોયું. ફિક્કાસનું તો નામ નિશાન ન હતું. દિકરાની વાત ઉપર એમને વિશ્વાસ બેઠો નહીં. પણ એ અવિશ્વાસને છુપાવવા ક્યાંય સુધી શૂન્યમનસ્ક થઇ બેસી રહ્યા. પછી દુઃખી સ્વરે કહ્યું – ‘‘જો એમ જ હોય તો તારાં લગ્ન કરવાં મને વધારે જરૂરી લાગે છે. ઇશ્વર એવો ખરાબ દિવસ જોવા અમને જીવતાં ન રાખે. પણ કદાચ ના બનવાનું બની જાય તો તારી નિશાની તો રહે ને? તારી પત્નીને થનાર સંતાનથી અમારું ઘડપણ સુધરી જશે, આ ઘરનું બારણું ઉઘાડું રહેશે. ડૉક્ટર કંઇ

કોઈની ભાગ્યરેખા ઓછી વાંચી શકે છે? ઈશ્વરની લીલા તો અપરંપાર છે. ડાકટર શું જાણી શકે એ? ભગવાનની મરજી હશે તો સૌ સારાં વાનાં થશે.''

હજારીલાલ નિરુત્તર રહ્યો. આંખમાં આંસુ ઉભરાઇ આવ્યાં. કંઠ રૂંધાયો અને એ કશું બોલી શક્યો નહીં. ચૂપચાપ જઇને એના ઓરડામાં સૂઇ ગયો.

વધુ ત્રણ દિવસ પસાર થઇ ગયા. હજારીલાલ કોઇ નિર્ણય કરી શક્યા નહીં. લગ્નની બધી તૈયારીઓ પૂરી થઇ ગઇ હતી. જાનૈયાઓ પણ જવાની પૂરતી તૈયારીઓ કરવા લાગી ગયા હતા.

અંતિમ નિર્ણયની ક્ષણ માથે આવીને ઊભી હતી. હવે પળનોય વિલંબ પાલવે તેમ ન હતો. એમનું દુઃખ સાંભળનાર કોઇ જ ન હતું.

હજારીલાલે વિચાર્યું કે માતાપિતા કેટલાં વેવલાં હતાં! એમને ઉત્સાહમાં એ પણ સમજાતું નથી કે આવના વહુ પર શું શું વીતશે! કન્યાનાં મા બાપ પણ આંધળાં થઇ ગયાં હતાં.

શું આ લગ્ન છે? આ તો છોકરીને કૂવામાં ધકેલી દેવા જેવું છે. વૈધવ્ય જેટલી બીજી કોઇ યાતના દુઃખ દાયક નથી; અને એ લોકો તો જાણી જોઇને વૈધવ્યના અગ્નિકુંડમાં દિકરીનો હવિ આપવા તૈયાર થયાં હતાં. આને કંઇ મા બાપ કહેવાય? ના, ના, ના, એ તો કસાઇ કહેવાય. કસાઇ. જાણી જોઇને પોતાના પ્રિય દિકરીના લોહીથી હાથ ખરડનાર મા બાપને શું કોઇ શિક્ષા કરી શકાય નહીં? સમાજ પણ લાચાર બની બેસી રહ્યો છે. કોઇ કશું બોલતું નથી.

હજારીલાલ ઊઠ્યો અને ચૂપચાપ ચાલ્યો ગયો. એના મોંઢા પર તેજ ચમકતું હતું. એણે આત્મવિલોપન દ્વારા આ સંકટનું નિવારણ કરવાનો દ્રઢ નિર્ધાર કરી લીધો. મોતનો એને લેશ માત્ર ભય ન હતો.

એ દિવસ પછી કોઇએ હજારીલાલને જોયો ન હતો. કોઇને ખબર પણ ના પડી કે એ ક્યાં ચાલ્યો ગયો હતો. નદી, નાળાં, તળાવ વગેરે જગાએ તપાસ કરવા છતાં ક્યાંયથી એનો પત્તો લાગ્યો નહીં. અરે! સમાચાર પત્રમાં જાહેરાત પણ છપાવી પણ કોઇ પરિણામ આવ્યું નહીં.

કેટલાંક અઠવાડિયાં બાદ છાવણી રેલ્વે સ્ટેશનથી એક માઇલદૂરથી





કેટલાંક હાડકાં હાથ આવ્યાં હતાં. લોકો એ ધારી લીધું કે હજારીલાલે ગાડી નીચે પડતું મૂકીને એના જીવનનો અંત આણ્યો હશે! પણ સાચી વાતની કોઇને ખબર ના પડી!

ભાદરવાની ત્રીજનો દિવસ હતો. ઘરોમાં સફાઇ થઇ રહી હતી. સૌભાગ્યવતી સ્ત્રીઓ સોળે શણગાર સજીને ગંગાસ્નાન માટે જઇ રહી હતી. ગુલજારીલાલની દિકરીઅંબા સ્નાન કરીને પાછી ફરી હતી, અને તુલસીક્યારાની સામે ઊભી રહી પ્રાર્થના કરતી હતી. સાસરીમાં એને માટે આ પહેલી ત્રીજ હતી. એણે ખૂબ આનંદથી વ્રત લીધું હતું. ઓચિંતા એને પતિએ આવીને એને જોઇ અને કહ્યું – ''મુન્શી દરબારીલાલ તારે શા સગા થાય છે? ઘેરથી તારે માટે આ પારસલ મોકલ્યું છે. હમણાં જ ટપાલી આપી ગયો છે.''

આમ કહેતાં એણે પારસલ ખાટલા પર મૂક્યું. દરબારીલાલનું નામ સાંભળતાં જ એની આંખો ઊભરાઇ ગઇ. પારસલ હાથમાં લઇ એ જોવા લાગી પણ એની પારસલ ઉઘાડલાની હિંમત ચાલી નહીં. એની નજર સામે અતીત સળવળી ઊઠ્યો. હજારીલાલ પ્રત્યે હૃદયમાં શ્રદ્ધાનો સંચાર થયો. અરે! આ એ જ દેવાત્માના આત્મબલિદાનનું પુનિત ફળ છે કે મારે આ દિવસ જોવાનો વારો આવ્યો! ઈશ્વર એમને આત્માને સદ્‌ગતિ આપે એ ખરેખર મનુષ્ય નહીં, દેવ હતા. જેમણે એકમાત્ર મારા કલ્યાણ માટે એમણે આત્માનું બલિદાન આપી દીધું.

પતિએ પૂછ્યું – ''દરબારીલાલ તારા કાકા છે?''

અમ્બાએ કહ્યું – ''હા.''

''આ પત્રમાં હજારીલાલનું નામ લખ્યું છે. તે કોઇ છે?''

''મુન્શી દરબારીલાલના પુત્ર.''

''એટલે કે તારા કાકાનો દિકરો ખરું ને?''

''ના, મારા ઉદ્ધારક, મારા જીવનદાતા, મારા ભાગ્યવિધાતા, મારા સૌભાગ્યના રક્ષક.''

કોઇ ભૂલાઇ ગયેલી વાત યાદ આવી હોય તે રીતે પતિએ કહ્યું – ''હાં, હાં, વાસ્તવમાં એ મનુષ્ય નહીં, દેવતા હતા.''

# શંકા

‘‘ત્યાં ઓસરીમાં જ ઊભી રહેજે’’ – પરશુરામે કહ્યું.

મર્યાદાએ પ્રતિભાવ આપ્યો – ‘‘કેમ, મારાથી અભડાઇ જવાશે?’’

‘‘આટલા દહાડા તું ક્યાં હતી? કોની સાથે રહી હતી? કેવી રીતે રહી હતી? અને અહીં કોની સાથે આવી?’’

‘‘આ વેળા એ બધું પૂછવાની છે? શું ફરીવાર વખત નહીં મળે?’’

‘‘હા, આ જ વેળા છે. નદીએ નાહીને તો મારી સાથે આવી હતી તું. મારી પાછળ પાછળ જ ચાલતી હતી.ને. પછી તું એકાએક ક્યાં અદ્રશ્ય થઇ ગઇ હતી?’’

‘‘જોયું નહીં તમે? નાગડા બાવાઓનું એક ઝુંડ આવતું હતું સામેથી. એમને જોઇને બધાએ નાસભાગ શરૂ કરી. હુંય એમના ધક્કા ખાતી કોઇ જાણે ક્યાં ચાલી ગઇ! ભીડ ઓછી થઇ એટલે તમને બોલાવવા મેં ઘણીયે બૂમો પાડી પણ તમે તો દેખાયા જ નહીં ને!’’

‘‘પછી?’’

‘‘પછી શું? એક બાજુ બેસીને રડવા માંડ્યું. ક્યાં જાઉં અને કોને કહું એ કશું જ મને સમજાતું ન હતું. મને તો બહું બીક લાગતી હતી. સાંજ સુધી રડતી જ રહી હું.’’

‘‘એમ ગોળગોળ શું બોલે છે? મુદ્દાની વાત કરું તો સમજણ પડે. ત્યાંથી પછી ક્યાં ગઇ હતી?’’





‘‘મને કોઇકે પૂછ્યું કે તારા ઘરના લોકો ખોવાઇ ગયા તો નથી ને? મેં કહ્યું – ‘‘હા, પછી એણે તમારું નામ ઠામ પૂછ્યું. એ બધું એમણે એક ડાયરીમાં નોંધી લીધું. અને મને કહ્યું – ‘‘મારી સાથે આવો. હું તમને તમારે ઘેર પહોંચાડી દઇશ.’’

‘‘કોણ હતો એ?’’

‘‘એક સેવા સમિતિનો સ્વયંસેવક હતો.’’

‘‘તે તું એની સાથે ગઇ હતી?’’

‘‘બીજું શું કરું? મને એ સમિતિના કાર્યાલયમાં લઇ ગયો. વિશાળ મંડપ બાંધેલો હતો. એક દાઢીવાળો માણસ ત્યાં બેઠો બેઠો લખતો હતો કશુંક. એ સમિતિનો વડો હતો. બીજા સેવકો પણ ત્યાં હતા. મારાં નામ ઠામ ત્યાં નોંધવામાં આવ્યાં. અને પછી મને અલાયદી જગાએ ખસેડવામાં આવી. ત્યાં મારા જેવી બીજી ઘણી ખોવાયેલી સ્ત્રીઓ બેઠી હતી.’’

‘‘તેં અધ્યક્ષને, ઘેર પહોંચાડી દેવાની વાત કેમ ના કરી?’’

‘‘એકવાર નહીં, સેંકડો વાર કહેલું. પણ એમણે તો એક જ વાત પકડી રાખી હતી. કે મેળો પૂરો થઇ જાય નહીં અને ખોવાયેલી સ્ત્રીઓ એક સ્થળે એકઠી ના થઇ જાય ત્યાં સુધી કોઇને એમને ઘેર પહોંચાડવાની વાત કરી શકાય નહીં. મારી પાસે એટલા માણસો નથી, કે નથી એટલા રૂપિયા.’’

‘‘તે પૈસા તારી પાસે ક્યાં ન હતા? એકાદ સોનાનો દાગીનો વેચી દેવો હતો ને! ઘણાય પૈસા મળી જાત.’’

‘‘પણ માણસનું શું?’’

‘‘તેં કહ્યું હતું કે પૈસાની ચિંતા કરશો નહીં. ઘરેણું વેચીને પૈસા તો હું આપીશ?’’

‘‘ના રે! એવું તો ન’તું કહ્યું મેં.’’

‘‘તને એવા સમયે પણ ઘરેણાં વહાલાં હતાં?’’

"મને બીજી સ્ત્રીઓએ કહ્યું કે અહીં કશો ભય નથી. અમારેય જવું છે. અમારે ઘેર, પણ શું કરીએ! ને પછી તો હુંય છાનીમાની બેસી રહી."

"તે બીજી સ્ત્રીઓ કૂવામાં પડી હોત તો તુંય એમની પાછળ કુવામાં ભૂસકો મારવાની હતી? કોઈક તો ગમે તે કહે."

"મને ખબર હતી કે ત્યાં સેવાભાવનાથી જ લોકો અમારું રક્ષણ કરતા હતા. પછી નકામી હઠ કરવાની શી જરૂર? અને મારા જેવી અનેકને જોઈ મનેય થોડો વિશ્વાસ બેઠો."

"એનાથી બીજી આશ્વાસન લેવા જેવી વાત પણ શું હોય? કેટલા દહાડા ત્યાં રહી હતી તું? મેળો તો બીજે દિવસે જ પૂરો થઈ ગયો હતો!"

"આખી રાત હું સ્ત્રીઓ સાથે તંબૂમાં જ રહી હતી."

"તેં મને તાર કેમ ના કર્યો?"

"અમને ત્યાંથી અમારે ઘેર પહોંચાડવાની વ્યવસ્થા થવાની જ હતી પછી તાર કરવાની શી જરૂર?"

"ભલે, રાત્રે તું ત્યાં જ રહી. બીજા જુવાનિયાઓ રાત્રે તંબુમાં આવતા જતા હશે ને?"

"એકવાર એક સેવક ખાવાનું પૂછવા આવ્યો હતો. પણ અમે બધાંએ ખાવાનો ઈન્કાર કર્યો એટલે એ તો ચાલ્યો ગયેલો. પછી કોઈ આવ્યું નહતું. આખી રાત હું જાગતી જ રહી હતી."

"મને તારી વાત સાચી લાગતી નથી. કોઈક તો અંદર આવ્યું જ હશે. સમિતિના સેવકો કંઈ સ્વર્ગના દેવો નથી. પેલો દાઢીવાળો વડો તો આવ્યો જ હશે અંદર?"

મર્યાદાએ ધીમે અવાજે કહ્યું – "હા, આવતા હતા એઓ, પણ બારણેથી જ પાછા વળી જતા હતા. પૂછપરછ કરીને. એક સ્ત્રીને પેટમાં પીડા થતી હતી તેથી તેને દવા પીવડાવવા આવેલા બે ચાર વાર."



પરશુરામે તક ઝડપી લેતાં કહ્યું – "નીકળીને આખરે સાચી વાત તારા મોંઢેથી? હું એ લફંગાઓને રગેરગ પારખું છું. ખાસ કરીને તિલક માળા ધારણ કરનારા દાઢી વાળાને તો હું ગુરુઘંટાલ જ માનું છું. ઠીક, એ મહાશય ઘણીવાર દવા પીવડાવવા ગયા હતા ખરૂં ને? તારા પેટમાં તો નહોતું ઊપડતુંને દુઃખ?"

"તમે એક સાધુ પુરુષ ઉપર નકામો આક્ષેપ કરો એ ઠીક ના ગણાય. એ તો આંખો ઊંચી કરીને કોઈની સામે જોતા પણ ન હતા. અને એમની ઉંમરેય મારા બાપાની ઉંમર જેટલી છે."

"હા,હા, બધા દેવો જ ભેગા થયા હશે ને ત્યાં? ભલે, ભલે, પણ બીજે દિવસે શું થયું?"

"હું બીજે દિવસે પણ ત્યાં જ રહી હતી. એક સ્વયંસેવક અમને બધાંને દર્શને લઈ ગયો હતો. બપોરે આવીને બધાંએ ખાધું."

"ઠઠ્ઠા મશ્કરી કરવામાંય કચાશ નહીં રાખી હોય! ખાધા પછી નાચ ગાન પણ થયાં હશે?"

"એવું તો કશું થયું ન હતું. પણ સૌ સૌના દુઃખનાં રોદણાં રડતી હતી. મેળો પૂરો થયા પછી અમે બધી એક સ્વયંસેવક સાથે સ્ટેશન ઉપર આવી."

"પણ તું તો આજે સાતમે દિવસે એકલી જ આવી છું ને?"

"સ્ટેશન પર દુર્ઘટના થઈ હતી."

"મને એમ જ લાગતું હતું. શી દુર્ઘટના થઈ હતી?"

મર્યાદાએ જવાબ આપતાં કહ્યું – "સ્ટેશન પર અમને બેસાડીને સ્વયંસેવક ટિકિટો લેવા જતા હતા ત્યારે એક જણે આવીને એમને કહ્યું કે "ગોપીનાથની પત્ની ખોવાઈ ગઈ છે. ઊજળા વાનવાળા ઊંચા માણસ છે. લખનૌમાં ઝવાઈ ફળિયામાં મકાન છે. તમને ભળતું જ આવું તો સરસ વર્ણન કર્યું હતું ઓહો કે મને વાત સાચી લાગી. મેં એની સામે જોઈ પૂછ્યું કે

તમે ઓળખો છો બાબુજીને? ત્યારે તેણે હસતાં હસતાં કહ્યું કે ના ઓળખતો ના હોઉં તો તમારી શોધખોળ શા માટે કરું? તમારું બાળક રડીરડીને મરવા જેવું થઇ ગયું છે. એની વાત સાંભળી મારી સાથેની બીજી સ્ત્રીઓને પણ વાત સાચી લાગી. એમણે પણ મને એની સાથે જવા આગ્રહ કર્યો. સ્વયંસેવકે થોડીક પૂછપરછ કરી મને એની સાથે જવાની છૂટ આપી. પણ શી ખબર કે મને છેતરીને લઇ જનાર એ માણસ નરપિશાચ હતો. તમારું નામ સાંભળ્યા પછી તમને મળવાની તીવ્ર જિજ્ઞાસાએ મને વિવશ બનાવી મૂકી હતી. એટલે હું ભાન ભૂલી ગઇ.''

''એટલે પેલા માણસ સાથે તું ગઇ? કોણ હતો એ માણસ?''

''કોણ હતો એ તો શી ખબર? પણ હશે કોઇક દલાલ.''

''પણ તને એટલુંય કહેવાનું ના સૂઝયું કે, જાઓ જઇને બાબુજીને બોલાવી લાવો?''

''મુશ્કેલી આવવાની હોય ત્યારે બુદ્ધિ પણ નાશ પામે છે.''

''કોઇક આવતું હોય એમ લાગે છે.'' – પરશુરામે કહ્યું.

''હું સ્નાનગૃહમાં સંતાઇ જાઉં છું.''

આગંતુકને આવકારતાં પરશુરામે કહ્યું – ''આવો ભાભી, દસ વાગ્યા તોય હજી ઉંઘ્યાં નથી?''

''વાસુદેવને જોવાની ઇચ્છા થઇ છે, ભાઇ. શું એ ઊંઘી ગયો છે?''

''હા, એ રડતાં રડતાં જ ઊંઘી ગયો હમણાં.''

''મર્યાદાની ભાળ મળી? અને હવે ભાળ મળે તોય તમારે શા ખપની? ઘેરથી નીકળેલીનો વળી શો ભરોસો? એ તો રખડેલ ઘોડી જેવી. મન ફાવે ત્યાં રઝળે.''

''હું વળી ક્યાંથી ક્યાં એને નહાવા લઇ ગયો?''



''ભાઇ, કિસ્મતમાં લખ્યું હોય એમ જ થાય. થનારને કોઇ ટાળી શક્યું છે? બસ ત્યારે, હું જાઉં છું.''

મર્યાદાએ નહાવાની ઓરડીમાંથી બહાર આવીને કહ્યું – ''કિસ્મતના એ લેખ નથી. તમારી ચાલ છે ચાલ. વાસુદેવ ઉપર વહાલ દેખાડવાના બહાને તમારે આ ઘર પર અધિકાર જમાવવો છે.''

પરશુરામે ગુસ્સામાં આવી કહ્યું – ''બકવાસ બંધ કર. પેલો દલાલ ક્યાં લઇ ગયો હતો તને?''

''એ ના પૂછશો તમે મને સ્વામી. કહેતાં મારી જીભ નથી ઉપડતી.''

''તે અહીં આવતાં તારો જીવ ભલો ચાલ્યો? તને શરમ ના આવી?''

''પણ, ઇશ્વરના સોગંદ ખાઇને કહું છું કે મારે શરીરે મેં એની આંગળીના ટેરવાનો સ્પર્શ શુદ્ધાં કરવા દીધો નહતો.''

''ચહેરે મહોરે કેવો હતો એ કહીશ તું મને?''

''હા. કાળો અને ઠીંગણો હતો એ. તેણે નીચે સુધીનો કુર્તો પહેર્યો હતો.''

''ગળામાં તાવીજો હતી?''

''હા, હતી તો ખરી.''

''એ ધર્મશાળાનો ભંગી હતો. મેં એને તારા વિશે પૂછ્યું હતું. એ બદમાશે જ તારી સાથે દાવ ખેલ્યો લાગે છે.''

''મને તો બ્રાહ્મણ જેવો લાગતો હતો એ.''

''એ ભંગી હતો. શું એ તને એને ઘેર લઇ ગયો હતો?''

''હા, ઘોડાગાડીમાં મને બેસાડીને એક સાંકડી ગલીના નાનકડા ઘરમાં લઇ જઇ એણે કહ્યું હતું. કે તમે અહીં બેસો. પછી મને સમજાયું કે મારી સાથે કપટ થયું હતું. હું રડવા લાગી. પેલો તો ચાલ્યો ગયેલો. પણ ત્યાર

પછી એક ડોસીએ આવીને મને જાતજાતની લાલચો આપવા માંડી. રાત આખી હું રડતી જ રહી. બીજે દિવસે ખૂબ ખૂબ સમજાવવામાં આવી. મને કહેવામાં આવ્યું હતું. કે, તું રડીશ તોય તને કોઇ મદદ કરવાનું નથી. તું તારા ઘરને ભૂલી જા. તને એથી પણ વધું સારું ઘર મળશે. સોનાનાં ઘરેણાંથી તું ઢંકાઇ જઇશ. અને સોનાના કોળિયા ભરીશ.'' છટકવાની કોઇ બારી ના દેખાતાં મેં યુક્તિ અજમાવવાનું નક્કી કર્યું.

''બસ, બસ, બહુ થયું. કદાચ હું તને સ્વીકારીશ પણ મારું હૃદય તને સ્વીકારવા જરાય તૈયાર નથી. મારે માટે તું પહેલાં જે હતી અને જેવી હતી. અત્યારે તે અને તેવી નથી. હવે આ ઘરમાં તારે માટે કોઇ જ સ્થાન નથી.''

આંખમાં આંસુ સાથે મર્યાદાઓ કહ્યું – ''સ્વામીજી, મારા પર દયા કરો. હું પહેલાંના જેવી જ પવિત્ર છું. હું આપની પત્ની છું. મારી શી દશા થશે?''

''મેં બધો વિચાર કરીને જ આ નિર્ણય કર્યો છે. છૂત અછૂતમાં હું માનતો નથી. દેવ દેવીઓમાંય મને શ્રદ્ધા નથી. સમાજની ટીકાના ભયને તો હું ગણકારતો નથી. પણ જે સ્ત્રી ઉપર બીજા પુરુષની દ્રષ્ટિ પડી હોય અને સાત સાત દિવસ કોણ જાણે કયાં અને કેવી દશામાં રહી હોય એ સ્ત્રીનો સ્વીકાર મારાથી થઇ શકે જ નહીં. જો એને તું અન્યાય કહેતી હોય તો એ અન્યાય ઈશ્વરનો જ છે. એમાં મારો કોઇ દોષ નથી.''

''મારા પર આપને જરા પણ દયા આવતી નથી?''

''જ્યાં નફરત જ હોય ત્યાં વળી દયા શાની? હું તારું ભરણપોષણ કરવા તૈયાર છું. તને મારા જીવતા સુધી ખાવાપીવાની કે પહેરવા ઓઢવાની કોઇ તકલિફ પડશે નહીં. પણ હવે તું મારી પત્ની નહીં થઇ શકે.''

''જો મેં કોઇનો સ્પર્શ પણ કર્યો હોય તો આ જ વેળાએ હું મારા દિકરાનું મોં જોવા ના પામું!''

''એક ક્ષણ પણ પરાયા પુરુષ સાથે એકાન્તમાં રહેવું એ પતિવ્રતનો ભંગ થયો જ ગણાય. લગ્ન તો વિચિત્ર બંધન છે. રહે તો આખી જિંદગી,





અરે! જન્મ જન્માંતર રહે અને જો તૂટી જાય તો ક્ષણવારમાં તૂટી જાય. તું જ રહે કોઇ મુસલમાને પરાણે મને એઠું ખાવાનું ખવડાવી દીધું હોય તો તું જ મારો સ્વીકાર કરે ખરી?''

''આ તો...એ તો...જુદી વાત છે.''

''ના, સરખી જ વાત છે. લાગણી સાથે તર્ક અને ન્યાયને કશો સંબંધ નથી. અરે કોઇ કહે કે ભંગીએ તમારું પાણી અભડાવ્યું છે તો પણ એ પાણી તું પી નહીં શકે. તું જ વિચારી જો કે હું તારી સાથે ન્યાયથી વર્તી રહ્યો છું કે અન્યાયથી?''

''હું તમારી અડેલી વસ્તુઓ ન ખાઉં, તમારાથી જુદી રહું પણ તમને ઘરમાંથી તો ના જ કીઢી મૂકું. તમે ઘરના માલિક છો એ અધિકારથી જ મને ઘરમાંથી કાઢી મૂકો છો ને?''

''ના, એમ નથી. હું એટલો હલકટ નથી.''

''તો તમારો આ આખરી ફેંસલો છે?''

''હા. આખરી જ.''

''પરિણામ શું આવશે એની ખબર છે?''

''જાણું છું અને નથી પણ જાણતો.''

''મને વાસુદેવને લઇ જવા દેશો?''

''વાસુદેવ મારો પુત્ર છે.''

''એને એકવાર વહાલ કરવા દેશો?''

''હું એમ નથી ઇચ્છતો. પણ તારી ઇચ્છા હોય તો આઘેથી જોઇ શકે છે તું.''

''જવા દો એ વાત. નહીં જોઉં. હું એમ માનીશ કે વિધવા છું અને વાંઝણી પણ છું. ચાલ મન! હવે આ ઘરમાં તારો નિર્વાહ નહીં થઇ શકે. ચાલ, ભાગ્ય જ્યાં લઇ જાય ત્યાં.''

# નૈરાશ્ય – લીલા

પંક્તિ હૃદયનાથની અયોધ્યામાં ભારે બોલબાલા હતી. ખાસ શ્રીમંત નહીં. પણ ખાધેપીધે સુધી ખરા મકાનના ભાડામાંથી નિર્વાહ કરતા હતા એ. એ આમ તો ભણેલા ગણેલા વિચારશીલ માણસ હતા. દુનિયાનો સારો એવો અનુભવ હતો એમને, પણ એમનામાં ક્રિયાશીલતાનો અભાવ હતો. સમાજ એમની નજરોમાં એક ભયંકર ભૂત હતું. એ એનાથી ડરતા હતા હંમેશાં. એમની પત્ની જોગેશ્વરી એમનું જ પ્રતિબિંબ હતી. પતિનો વિચાર એ જ એનો વિચાર, પતિની ઇચ્છા એ જ એની ઇચ્છા. બંન્નેમાં કોઇ મતભેદ ન હતો. જોગેશ્વરી શિવની ઉપાસક હતી. જ્યારે હૃદયનાથ વૈષ્ણવ હતા. દાન અને વ્રતમાં બંન્નેને એક સરખી શ્રદ્ધા હતી. બન્ને પાકાં ધર્મનિષ્ઠ હતાં. એનું કારણ કદાચ એ હશે કે એક દિકરી સિવાય સંતાનમાં બીજું કોઇ ન હતું. એમને તેર વર્ષની ઉંમરે એના પીળા હાથ કરી દેવામાં આવેલા. માતા પિતાની હવે એકમાત્ર ઇચ્છા હતી તેને પુત્રવતી થયેલી જોવાની, કે જેથી પોતાની જે કઇ મિલકત હતી તે દૌહિત્રના નામે કરી નિશ્ચિંત થઇ જવાય.

પણ વિધાતાને આ મંજૂર ન હતું. કૈલાસકુમારી લગ્નનો અર્થ જાણે એટલી સમજું થઇ ન હતી કે હજુ એનું આણું પણ કર્યું ન હતું. એટલામાં તો એનું સૌભાગ્યતિલક ભૂંસાઇ ગયું. વૈધવ્યએ એની બધી આશાઓનું ગળું ઘૂટી દીધું.

ઘરમાં રોકકળ મચી ગઇ. માતા પિતા માથું કૂટતાં હતાં. પણ કૈલાસ કુમારી સ્તબ્ધ બની સૌનાં વિવશ મુખ ભણી તાકી તાકીને જોયા





કરતી હતી. લોકો શા માટે રડતાં કૂટતાં હતાં એ એને સમજાયું નહીં. એ માબાપની એકની એક દિકરી હતી. માબાપ સિવાય આમેય કોઇ વ્યક્તિને એ પોતાને માટે મહત્ત્વની સમજતી ન હતી. એની કલ્પનાઓમાં પતિ નામની વ્યક્તિનો સમાવેશ હજુ થયો ન હતો. એ સમજતી હતી કે – 'પતિ સ્ત્રીનું અને બાળકોનું ભરણ પોષણ કરે છે, એટલે જ એના મૃત્યુ બાદ પત્ની એની પાછળ વિલાપ કરે છે. પણ, મારા ઘરમાં તો કોઇ વાતની કમી નથી. મારે એવી શી ચિંતા છે? મારી બધી જ જરૂરિયાતો પિતાજી પલવારમાં પૂરી કરે છે. મા પણ વસ્તુ માગતા પહેલાં હાજર કરી દે છે. પછી હું શું કામ રડું? એ માને રડતી જોઇને એના પ્રત્યેની લાગણીથી રડતી. એ વિચારતી હતી કે મા બાપ કદાચ પોતાની દુર્લભ વસ્તુની માગણી ન સંતોષી શકવાની ચિંતામાં રડતાં હશે. તેણે એવી વસ્તુ નહીં માગવા નક્કી કર્યું.'

માની પરિસ્થિતિ જુદી હતી. એની આંખોમાંથી આંસુ સૂકાતાં ન હતાં. પિતાના દશા એથીયે વધુ ભયંકર હતી. લમણે હાથ દઇ એ એકલા ઓરડામાં શૂન્યમનસ્ક બેસી રહેતા. હવે તો બાળપણની બહેનપણીઓ પણ કૈલાસકુમારી સાથે રમવા આવતી નથી. એણે બહેનપણીઓને ઘેર જવા મા પાસે રજા માગી ત્યારે મા ધ્રુસકેધ્રુસકે રડવા લાગી. હવે એ મા બાપની સામે જતી નહીં. બેઠી બેઠી વાર્તાઓ વાંચ્યા કરતી. એની એકાંતપ્રિયતાનો મા બાપે બીજો જ અર્થ લીધો. દિકરીના શોકગ્રસ્ત જીવને એમના ઉપર વજ્રઘાત કર્યો હતો જાણે!

એક દિવસ હૃદયનાથે જોગેશ્વરીને કહ્યું – 'મારાથી આ છોકરીની વેદના જોઇ જતી નથી. થાય છે કે ઘર છોડીને ચાલ્યો જાઉં ક્યાંક.'

''હું ય ભગવાનને અરજ ગુજારું છું કે હવે એ મને એની પાસે લઇ લે. કાળજાને ક્યાં સુધી હવે કઠણ રાખવું?''

''ગમે તેમ કરીને એને રાજી રાખવાનો રસ્તો શોધી કાઢવો જોઇએ. આપણને રડતાં જોઇને એનું હૈયું દુઃખ પણ વધી જાય છે.''

''મને તો કશું જ સમજાતું નથી.''

"આપણે આમ રડતાં જ રહીશું તો દિકરી જીવી નહીં શકે. હવે તું એને કોઇ કોઇ વાર બહાર ફરવા માટે લઇ જતી રહે. કોઇવાર સિનેમા બતાવવા પણ લઇ જા. એમ કરવાથી એના મનને થોડીક શાન્તિ થશે." હૃદયનાથે પત્નીને સૂચના આપતાં કહ્યું.

"પણ, હું એને જોતાં જ રડી પડું છું. છતાં કરી જોઇશ પ્રયત્ન. તમારો વિચાર ખરેખર સારો છે. એમ કર્યા વગર એના મનનો ભાર હળવો નહીં થાય."

"હું પણ હવે એને આનંદ મળે એમ કરીશ. એક થાળી વાજું મંગાવી લઉં છું. હવે એને કાયમ કોઇક ને કોઇક કામમાં પરોવાયેલી રાખવી પડશે." હૃદયનાથે જોગેશ્વરી આગળ અભિપ્રાય વ્યક્ત કર્યો.

એ દિવસથી કૈલાસકુમારીના આનંદપ્રમોદ માટે ઘરમાં નવી નવી વસ્તુઓ આવવા લાગી. કૈલાસ માની પાસે આવતી ત્યારે હવે એની આંખોમાં આંસુને બદલે આનંદની આભા ચમકતી દેખાતી. તે કૈલાસને હસતીહસતી કહેતી – "બેટા, આજે થિયેટરમાં સરસ મજાનું નાટક છે. ચાલ, જોઇ આવીએ." કોઇવાર ગંગા સ્નાનનો કાર્યક્રમ ગોઠવવામાં આવતો. નૌકાવિહાર પણ થતો. સંધ્યાકાળે બાગબગીચામાં જઇ દિલ બહેલાવાતું. વખત જતાં હવે કૈલાસની પાસે એની સખીઓ પણ આવવા લાગી. બધી ભેગી મળી પત્તાં રમતી. કોઇકવાર સંગીતની રમઝટ જામતી. કૈલાસને આવો આનંદ ક્યારેય મળ્યો ન હતો.

આ રીતે બે વર્ષ પસાર થઇ ગયાં. કૈલાસથી હવે થિયેટરમાં ગયા વિના ચાલતું નહીં. એ મોજમજાકથી ટેવાઇ ગઇ હતી. નાટક પછી સિનેમાનોય એને ચસકો લાગ્યો. હવે જાદુ અને હિપ્નોટિઝમના કાર્યક્રમોમાં પણ એ રસ લેતી થઇ ગઇ. નવી રેકર્ડ ઘરમાં આવતી રહી. સંગીતનો નશો એના મન પર સવાર થયેલો રહેતો. કુટુંબનાં કોઇ ઉત્સવ ટાણે મા દિકરી સાથે જવા લાગ્યાં. ભૌતિક દુનિયા સાથે જાણે હવે કૈલાસને કોઇ સંબંધ ન હતો. એ તો સદા એની આગવી દુનિયામાં જ ખોવાયેલી રહેતી. હવે એ નવા કલ્પનાલોકની રહેવાસી બની ગઇ હતી. પરિણામે બીજા લોકો માટે



એને કોઇ સહાનુભૂતિ ન હતી. કે કોઇના દુઃખ ઉપર એનામાં દયા ભાવનાનો જરા પણ સંચાર થતો ન હતો. એ દિવસે દિવસે ઉચ્છૃંખલ થવા લાગી. એ એની સુરુચિ ઉપર અભિમાન કરવા લાગી. સખીઓ આગળ મોટી મોટી ડંફાસો હાંકવા લાગી. 'અહીંના સોકો તો મૂર્ખ છે. સિનેમામાં શી ખબર પડે એમને! સિનેમાની કદર તો પશ્ચિમના લોકો જ કરી જાણે. ત્યાં હવા જેટલી જ અનિવાર્ય ગણાય છે મનોરંજનની સામગ્રી. એટલે જ એ લોકો નિશ્ચિંત અને ખુશમિજાજ રહી શકે છે. અહીં તો લોકોને કશો રસ જ નથી. જેમની પાસે પૈસા છે એ લોકો પણ સાંજે ગોદડીમાં મોં ઘાલી પડ્યા રહે છે. સખીઓ કૈલાસનાં વખાણ કરતી હતી તેથી એની છાતી ગજગજ ફૂલતી હતી.'

અડોસપડોસમાં કૈલાસના આવા વર્તનની ચર્ચા થવા લાગી. લોકોને કોઇની કશી પડી નથી હોતી. કોઇ માથા પર જરાક ટોપી વાંકી રાખે તો પણ લોકો ને મન એ ચર્ચાનો વિષય બની જતો. વિધવા એ તો પૂજા પાઠમાં અને જપતપમાં મન પરોવવું જોઇએ. એને વળી ભોગ વિલાસ અને રંગરાગની શી જરૂર? વિધાતાએ એની પાસેથી સુખ છીનવી લીધું છે. પછી ખોટા સુખની શી આશા? દિકરી વહાલી હોય તેથી શું? બેશરમીની પણ હદ હોવી જોઇએ. પણ મા બાપ જ એને માથે ચઢાવે, પછી એનો શો દોષ? પણ એક દાડો આંખો ઊઘડશે. પછી પસ્તાવાનોય વારો નહીં રહે. બાપ તો પુરુષ છે તે એને ખબર ના પડે. પણ માને નહીં સમજાતું હોય એ બધું? દુનિયા શું કહેશે એનો જરા જેટલોય વિચાર નહીં આવતો હોય એને?

થોડા દિવસો આમ ને આમ અંદરોઅંદર ચર્ચા ચાલતી રહી. છેવટે એક દિવસ કેટલીક સ્ત્રીઓ જોગેશ્વરીને ઘેર આવી પહોંચી. જોગેશ્વરીએ એમનો સૌનો સારો સત્કાર કર્યો. થોડી આડીઅવળી વાતો પછી એક સ્ત્રીએ મુખ્ય વાત ઉપાડતાં કહ્યું – 'તું તો બેન નસીબદાર છું તે આનંદમાં દિવસો વિતાવે છે. અમારે તો દિવસ મોટા પહાડ જેવો થઇ જાય છે. કોઇ કામ નહીં. કોઇ ધંધો નહીં. વાતોય ક્યાં સુધી કરવી અને કેટલીક કરવી?'

બીજી સ્ત્રીએ મમરો મૂક્યો – 'ભાગ્યની વાત છે એ બધી. બધાંય હસતાં રહેશે તો પછી રડશે કોણ? આપણે તો દિવસ આખો દળવા

ખાંડવામાંથી અને ચૂલામાંથી જ ઊંચા નથી આવતાં ને? તો વળી એક છોકરાને ઝાડા થાય, બીજાને તાવ ચઢે. કોઇ મિઠાઇ માટે રડે તો કોઇ પાઇ પૈસા માટે રીસાય! આખો દહાડો હાયવલૂરામાં જ વીતી જાય. આખો દિવસ પગવાળીને બેસવાનોય વારો ના આવે.'

ત્રીજાએ એ વાતનો વિરોધ કરતાં કહ્યું. 'નસીબની વાત નથી. હૈયું જોઇએ. એવું એતો. તને તો કોઇ રાજ સિંહાસન ઉપર બેસાડે તોય ચેન ના પડે. ઊલટું વધારે હાય હાય કરવા મંડે તું તો!'

એક વૃદ્ધાએ કહ્યું – 'બળ્યું એવું કાળજું! ઘરમાં આગ લાગે અને લોકોમાં ઠઠ્ઠામશ્કરી થાય તોય માણસ બસ રંગરાગમાં જ મસ્ત રહે. એ તો કાળજું શાનું, પથરો કહેવાય. પથરો આપણે તો ગૃહિણીઓ કહેવાઇએ. આપણો જીવ તો ઘરકામમાં પરોવાય. મોજ મજા કરવી આપણું કામ નહીં. એ આપણને ના શોભે, સમજી?'

વૃદ્ધાનાં વ્યંગ વચનોથી શરમાઇને બીજી સ્ત્રીઓ ભોંય ખોતરવા લાગી. એમનો આશય જોગેશ્વરીને બાળવાનો હતો. દુ:ખીને વધારે રિબાવવાનો હતો. જોગેશ્વરીને એ મર્મ વચનો સમજતાં વાર લાગી નહીં. સ્ત્રીઓના ગયા પછી પતિની પાસે જઇને એણે બધી હકીકત સંભળાવી. હૃદયનાથ દરેક સમયે આત્મિક સ્વાધીનતા ના સ્વાંગમાં રાચનારા ન હતા. તેમણે કહ્યું – 'તો હવે શું કરીશું?'

જોગેશ્વરીએ કહ્યું – ''તમે જ શોધી કાઢો ઉપાય?''

હૃદયનાથ બોલ્યા – 'પડોશીઓની વાત તદ્દન વ્યાજબી છે. કૈલાસના સ્વભાવમાં મને પણ વિચિત્ર ફેરફાર થયેલો જણાય છે. એના માનસિક આનંદ માટે આપણે હાથ ધરેલા ઉપાયો યોગ્ય નથી. વિધવાઓ માટે આનંદપ્રમાદ સર્વથા ત્યાગપાત્ર હોય છે. એ એમની વાત સાચી છે. હવે આપણે એ માપદંડ બદલવો જ પડશે.'

'પણ કૈસાલને તો હવે એની ટેવ પડી ગઇ છે!'

'એની મનોવૃત્તિઓ બદલવાની કોશિશ કરવી પડશે.'



ધીમે ધીમે વિલાસોન્માદ શમવા લાગ્યો. વાસનાનો તિરસ્કાર કરવામાં આવ્યો. સંધ્યાકાળે પંડિતજી ગ્રામોફોન વગાડવાને બદલે ધર્મપુસ્તક વાંચવા લાગ્યા. સ્વાધ્યાય, સંયમ, પૂજાપાઠમાં મા દિકરી વ્યસ્ત રહેવા લાગ્યાં. કૈલાસને ગુરુજીએ દિક્ષા આપી. મહોલ્લાની સ્ત્રીઓ ભેગી થઇ. મોટો ઉત્સવ થયો.

મા દિકરી દરરોજ મંદિરમાં જતાં. એકાદશીનું વ્રત કરતાં. કૈલાસને ધર્મગુરુ સાયંકાળે દરરોજ ઉપદેશ આપતાં. થોડા દિવસ તો કૈલાસને આ પરિવર્તન સાલ્યું! પણ થોડા દિવસોમાં એ ઘરેડમાં ગોઠવાઇ ગઇ. કારણ કે ધર્મનિષ્ઠા સ્ત્રીઓનો સ્વાભાવિક ગુણ હોય છે. હવે એને એની સ્થિતિનું સાચું ભાન થવા લાગ્યું. વિષય વાસનામાંથી એનું મન ઊઠી ગયું. 'પતિ'નો ખ્યાલ એને સમજાવા લાગ્યો. પતિ જ સ્ત્રીનો સાચો મિત્ર, સાચો પથદર્શક અને સાચો મદદગાર છે. પતિ વગરનું હોવું સ્ત્રીને માટે ઘોર પાપના પ્રાયશ્ચિત સમાન છે. એ વિચારવા લાગી – 'મારા પૂર્વજન્મનું જ આ ફળ હશે. પતિ જીવતા હોત તો હું ફરી માયામાં પડી જાત અને પ્રાયશ્ચિત કરવાનો અવસર મળત નહીં. ગુરુજીની વાત સાચી છે કે ભગવાને જ મને પૂર્વજન્મના પ્રાયશ્ચિત માટે આ તક આપી છે. વૈધવ્ય યાતના નથી. જીવનના ઉદ્ધારનું સાધન છે. ત્યાગ, ભક્તિ, ઉપાસના અને વૈરાગ્યથી જ મારો ઉદ્ધાર થશે.'

હવે એ લોકોથી અલગ રહેવા લાગી. દિવસમાં ત્રણવાર એ સ્નાન કરતી. હંમેશાં ધર્મગ્રંથ વાંચતી રહેતી. સાધુ સંતોના આદર સત્કારમાં મન પરોવતી. મન સંસારથી વિમુક્ત થવા લાગ્યું. ધ્યાનમાં એ સદા મગ્ન રહેતી. સામાજિક બંધનોથી એ પર થઇ ગઇ.ત્રણ વરસમાં જ એણે સંન્યસ્ત ધારણ કરવાનો નિશ્ચય કરી લીધો.

આ વાતની મા બાપને ખબર પડતાં જ એમના હોશકોશ ઊડી ગયા. મા એ કહ્યું – ''બેટા, હજુ તો તારી એવડી ઉંમર પણ ક્યાં થઇ છે કે તું આવું વિચારે છે?''

''મોહ માયાથી જેટલું વહેલું નિવૃત્ત થવાય એટલું સારું.''

"મોહ માયાનું સ્થાન મન છે, ઘર નહીં. ઘરમાં રહીને શું માયાથી દૂર ના થઇ શકાય?" – પિતાએ કહ્યું.

જોગેશ્વરીએ ભય બતાવ્યો. – "એમ કરવાથી તો આપણી કેટલી બદનામી થશે?"

"હવે મેં મારી જાતને ભગવાનને સોંપી દીધી છે પછી મને બદનામીની શી ચિંતા?" કૈલાસે કહ્યું.

"બેટા, બદનામીની ચિંતા તને નહીં હોય પણ મને તો છે. તું સંન્યાસી થઇ જઇશ પછી અમારો કોણ આધાર?"

"સૌનો આધાર ઉપરવાળો છે મા. બીજાનો આધાર રાખવો એ નરી મૂર્ખતા છે."

મહોલ્લામાં વાત વહેતી થઇ. લોકો કહેવા લાગ્યા – "એમાં નવું શું છે? એ તો થવાનું જ હતું. છોકરીઓને આમ આઝાદી આપવી જોઇએ નહીં. એમને તો એમ કે છોકરી જપ તપ અને પૂજા પાઠ કરે છે, વેદવેદાન્ત વાંચે છે. ધાર્મિક ચર્ચા કરે છે. પછી હવે શું કામ પસ્તાવો કરવાનો? ઉચ્ચવર્ગમાં આવી ચર્ચા કેટલાય દિવસો સુધી થતી રહી. પછી એ સમસ્યા દૂર કરવાનો ઉપાય લોકો વિચારવા લાગ્યા. કેટલાક માણસો હૃદયનાથની પાસે આવ્યા."

એક જણે કહ્યું – "સાંભળ્યું છે કે ડોકટર ગૌડની રજૂઆત બહુમતીથી મંજૂર રાખવામાં આવી છે?"

બીજો બોલ્યો – "ધર્મનું કાસળ તો કાઢી નાખવામાં જ આવ્યું છે. હવે શું બાકી રહ્યું છે? આપણા સાધુસંતોજ નિર્દોષ અને ભોળી યુવતીઓને લલચાવીને ફસાવવામાં પાછી પાના કરતા નથી. પછી સર્વનાશ ના થાય તો બીજું શું થાય?"

હૃદયનાથે કહ્યું – "મારે માથે પણ એ જ આફત આવી છે."



"તમારા એકલાને માથે નહીં, આપણ સૌને માથે આફત આવીને ઊભી છે."

"અરે, આખા સમાજ ઉપર હોં."

હૃદયનાથે કહ્યું – "એમાંથી બચવાનો કોઇ રસ્તો વિચારવો પડશે."

'તમે એને સમજાવી નહીં?'

"તમે પહેલેથી જ ભૂલ કરી છે એને આ રસ્તે વાળવી જોઇતી જ ન હતી."

'હવે પસ્તાવો કરવાથી શું વળશે? રસ્તો શોધી કાઢો કોઇક. એમ કરો. એને શિક્ષિકા બનાવી દો. એમ કરવાથી એ તમારી આંખો સામે રહેશે. કોઇક પ્રવૃત્તિ વગર માણસનું મન બગડી જાય છે. જે ઘરમાં કોઇ રહેતું નથી એ ઘર ચામાચિડીયાંનું નિવાસસ્થાન બની જાય છે.'

કોઇકે કહ્યું – "વાત તો સાચી છે. મહોલ્લાની પાંચ દસ છોકરાઓ ભણવા બોલાવી લ્યો. એમ કરવાથી આ છોકરીનું મન કામમાં પરોવાઇ જશે."

હૃદયનાથે પ્રતિભાવ આપ્યો – "ઠીક છે. એને સમજાવી જોઇશ."

લોકોના ગયા પછી હૃદયનાથે કૈલાસકુમારીની આગળ વાત મૂકી. કૈલાસ તો વાત સાંભળતાં જ છંછેડાઇ ગઇ. ક્યાં સાધુ સંતોના દર્શન, અને ક્યાં પ્રકૃત્તિની ગોદમાં વસવાટ, ક્યાં આત્મ કલ્યાણની ભાવના અને ક્યાં છોકરીઓ ભણાવવાની આ ક્ષુદ્ર વાત! આમ છતાં હૃદયનાથ એને સમજાવતા રહ્યા કે સેવા એ જ સાચો સંન્યાસ છે. પરમાર્થની વેદી ઉપર પ્રાણ પાથરવા એ જ સાચો સંન્યાસ છે. વેદ વેદાન્તની ઋચાઓ ટાંકી પિતાએ પુત્રીને આ વાત સમજાવી. ધીમે ધીમે કૈલાસના વિચારોમાં પરિવર્તન થવા લાગ્યું. મહોલ્લાની છોકરીઓ દરરોજ એકઠી થવા લાગી. પાઠશાળાનો આમ જન્મ થઇ ચૂક્યો. જાતજાતમાં મિત્રો અને રમકડાં મંગાવવામાં આવ્યાં. સ્વયં પંડિતજી કૈલાસની સાથે છોકરીઓને ભણાવવા લાગ્યા. ધીમે ધીમે અનેક મહોલ્લાની છોકરીઓ પણ આવતી થઇ.

કૈલાસની સેવા પ્રવૃત્તિ દિવસે દિવસે વેગ પકડવા લાગી. પાઠશાળાએ પરિવારનું રૂપ ધારણ કર્યું. કોઇ છોકરી બિમાર પડતી તો કૈલાસ એને ઘેર જઇ સેવા ચાકરી કરવા લાગી જતી.

એક વર્ષ થયું હતું એની પાઠશાળાને. એક છોકરીને બળિયા નીકળ્યા હતા. મા બાપની ઘણી ના હોવા છતાં કૈલાસકુમારી એને જોવા ગઇ. છોકરીની હાલત ગંભીર હતી. કૈલાસને જોતાં જ જાણે એનું સઘળું દુઃખ દૂર થઇ ગયું. એક કલાક સુધી એ ત્યાં રોકાઇ. પછી જ્યારે એ ઊઠીને ઘેર આવવા નીકળી ત્યારે છોકરીએ રડવાનું શરૂ કર્યું. કૈલાસ મજબૂર થઇને પાછી બેસી ગઇ. ફરીવાર એ ઊભી થઇ ત્યારે છોકરી પાછી રડવા લાગી. આખો દિવસ આમને આમ પસાર થઇ ગયો. રાત્રે પણ એને ત્યાં જ રોકાઇ જવું પડ્યું. હૃદયનાથે ઘણીવાર એને બોલાવવા માણસ મોકલ્યો. પણ એણે માન્યું જ નહીં. કદાચ પોતે ત્યાંથી ઘેર આવવા નીકળે અને છોકરીને કંઇક થઇ જાય તો! બિચારીની મા અપરમા હતી. કૈલાસને એની મમતા ઉપર વિશ્વાસ ન હતો. એ લાગલગાટ ત્રણ દિવસ સુધી ત્યાં જ રહી. એને ઓશિકે બેસી એને પંખો નાખતી રહી અને વાતો કરતી રહી. ચોથે દિવસે છોકરીની હાલત સુધરતાં તે ઘેર પાછી ફરી. એ આવીને હજુ તો નાહી પણ ન હતી ત્યાં માણસ આવ્યો. તેણે કહ્યું – ‘‘જલ્દી ચલો, છોકરી રડી રડીને જીવ કાઢી નાખે છે.’’

હૃદયનાથે આગંતુકને કહ્યું – ‘‘કહી દો કે દવાખાનેથી નર્સ બોલાવી લ્યે.’’

કૈલાસકુમારીએ નમ્રતાથઈ કહ્યું – ‘‘પિતાજી ! તમે નકામા અકળાવ છે. એનો જીવ ઉગરી જતો હોય તો હું ત્રણ મહિના સેવા કરવા તૈયાર છું. છેવટે આ શરીર શા ખપમાં આવવાનું છે?’’

‘‘તો પછી છોકરીઓ ભણશે શી રીતે?’’

‘‘બે ત્રણ દિવસમાં તો એને સારું થઇ જશે. દાણા નમવા માંડ્યા છે. તમે એક બે દિવસ આ છોકરીઓને સંભાળજો.’’



‘‘પણ બેટા, આ તો ચેપી રોગ છે. તને...’’

હસીને કૈલાસે કહ્યું – ‘‘પિતાજી, મરી જઇશ તો આપને માથેથી ભાર હળવો થશે.’’ એમ કહીને એ ચાલી નીકળી.

હૃદયનાથે જોગેશ્વરીને કહ્યું – ‘‘લાગે છે કે હવે આ પાઠશાળા પણ જલ્દીથી બંધ કરવી પડશે.’’

‘‘નાવિક વગર નાવ હંકારવી કઠિન છે. જે દિશા તરફ પવન ફૂંકાય છે એ દિશામાં એ વળી જાય છે.’’

‘‘આપણો એકેય ઉપાય કારગત નીવડતો નથી. બદનામીનો ભય સામે જ આવે છે. લોકો કહેશે છોકરી લોકોને ઘેર રાતવાસો રહે છે!’’

‘‘તે એમ જ કહેને?’’ જોગેશ્વરીએ કહ્યું.

બે દિવસ બાદ કૈલાસકુમારી પાછી આવી ત્યારે હૃદયનાથે પાઠશાળા બંધ કરવાની વાત જણાવી. કૈલાસે ઉશ્કેરાટમાં આવી કહ્યું – ‘‘તમને જો બદનામીની બીક લાગતી હોય તો મને ઝેર આપી દો એટલે નિરાંત થાય. એ સિવાય બદનામીથી બચવાનો બીજો કોઇ રસ્તો નથી.’’

‘‘બેટા, સમાજમાં રહીએ એટલે સમાજથી ગભરાવું પડે.’’

કૈલાસકુમારીએ આવેશમાં આવી કહ્યું – ‘‘સમાજ શું ઇચ્છે છે મારી પાસેથી? મારામાં પણ જીવ છે. હું શા માટે જડ બની જાઉં? હું મારી જાતને અભાગી માની રોટલાના બે ટુકડા ખાઇ પડી રહું એ મારાથઈ નહીં બને. મારા પર ડગલેને પગલે શંકા કરવામાં આવે, મને ચાર દિવાલોમાં કેદ કરવામાં આવે એ બાબતને હું ઘોર અપમાન સમજું છું. હું ખુદ મારા આત્મસન્માનનું રક્ષણ કરી શકું એમ છું.’’

વધારે બોલાઇ જવાની બીકે એ ત્યાંથી ઊઠીને ચાલી ગઇ. એને પોતાની મજબૂર સ્થિતિનું વાસ્તવિક ભાન થવા લાગ્યું. સમાજના એની ઉપર થતા અત્યાચાર બદલ એ દાંત કચકચાવવા લાગી.

પાઠશાળા બીજા જ દિવસથી બંધ થઇ ગઇ. પણ હવે કૈલાસકુમારીને પુરુષો પ્રત્યે નફરત થવા લાગી. એ વારંવાર વિચારવા લાગી કે સ્ત્રીનું પુરુષ પર આટલું અવલંબન શા માટે? પુરુષ જ સ્ત્રીનો ભાગ્ય વિધાતા કેમ? સ્ત્રીને પુરુષોને આશરે જ શા માટે જીવવું પડે? એટલા માટેકે સ્ત્રીમાં અભિમાન નથી. આત્મસમ્માન નથી. નારી હૃદયની કોમળતા એને હવે કઠવા લાગી. પ્રેમ? કેવો પ્રેમ? એ તો માત્ર વાંચના છે, દંભ છે.

એક દિવસ એણે સરસ વાળ ગૂંથી અંબોડામાં ગુલાબનું ફૂલ નાખ્યું. મા તો જોઇને હોઠ વચ્ચે જીભ કરડવા લાગી.

હવે એણે રંગીન વસ્ત્રો પહેરવાં શરૂ કર્યાં. લોકોમાં ખૂબ ખૂબ ચર્ચા થવા લાગી.

એણે હવે એકાદશીના વ્રતનો પણ ત્યાગ ર્યો. એ કલાકો સુધી દર્પણ સામે ઊભી રહેતી અને વાળમાં વારંવાર કાંસકો ફેરવતી.

લગ્નના દિવસો આવ્યા. એના ઘરના બારણે થઇ જાન નીકળતી. મહોલ્લાની સ્ત્રીઓ ઘરનાં છતમાં ઊભી રહી જોતી. વરનાં ગુણગાન ગવાતાં. જોગેશ્વરી પણ વરઘોડો જોયા વિના રહી શકતી ન હતી. પણ કૈલાસ ભૂલથીયે કોઇ વરઘોડો જોવા નાકળતી ન હતી. લગ્નની વાત સાંભળતાં જ એ મોં ફેરવી લેતી. લગ્ન એ એને મન નિર્દોષ કન્યાઓનો શિકાર હતો. જાનૈયાઓને એ શિકારીઓના કૂતરા માનતી હતી. અને લગ્નને માનતી હતી સ્ત્રીઓનું બલિદાન.

ત્રીજનું વ્રત આવ્યું. ઘરમાં સાફસૂફી થવા લાગી. સ્ત્રીઓ વ્રતની તૈયારીઓમાં પડી. જોગેશ્વરી એ પણ વ્રતનો સામાન મંગાવ્યો. નવી સાડીઓ ઘરમાં આવી. કૈલાસને સાસરેથી આ દિવસે કપડાં અને મિઠાઇ આવતાં રહેતાં હતાં. આ વખતે પણ એ બધું આવતું હતું. આ વ્રત સૌભાગ્યવતી સ્ત્રીઓનું વ્રત છે. પતિના કલ્યાણનો એની પાછળનો હેતુ છે. છતાં વિધવાઓ પણ એમની રીતે એ વ્રત કરતી. કૈલાસ આજ સુધી આ વ્રત કરતી આવી હતી. પણ હવે એણે વ્રત નહીં કરવાનો મિશ્ચય કર્યો હતો. માએ આ વાત જાણી ત્યારે માથું કૂટ્યું. એણે કહ્યું – ‘‘બેટા, વ્રત કરવું એ તો સ્ત્રીનો ધર્મ છે.’’



કૈલાસે પૂછ્યું – ‘‘પુરુષો સ્ત્રીઓના કલ્યાણ માટે કોઇ વ્રત કરે છે?’’

‘‘ના, એવો રિવાજ નથી.’’

‘‘એટલા માટે કે સ્ત્રીઓને પતિનો જીવ જેટલો વ્હાલો હોય છે તેટલો પુરુષોને પત્નીનો જીવ વ્હાલો નથી હોતો?’’

‘‘સ્ત્રીઓ પુરુષોની બરાબરી શી રીતે કરી શકે? સ્ત્રીનો ધર્મ તો પતિની સેવા કરવાનો છે.’’

‘હું એને ધર્મ નથી સમજતી. મારી દ્રષ્ટિએ મારા આત્માના રક્ષણ સિવાય બીજો કોઇ ધર્મ નથી.’

‘બેટા, ગજબ થઇ જશે. લોકો શું કહેશે?’

‘‘પાછી એ જ દુનિયાની વાત? મારા આત્મા સિવાય હું કોઇથી જરા પણ ડરતી નથી.’’

આ વાતની જાણ થતાં હૃદયનાથને ભારે ચિંતા થઇ. એ વાતોનો શો અર્થ? કૈલાસમાં શું આત્મસમ્માનની ભાવના પ્રગટી હશે કે પછી ઘોર નિરાશા પ્રગટી હશે? દુઃખી માણસને દુઃખના નિવારણનો કોઇ રસ્તો નથી જડતો ત્યારે એ લાજ શરમને નેવે મૂકી દે છે. નિરાશાએ જ આ ભીષણ રૂપ ધારણ કર્યું છે એમાં શંકા નથી. લાગે છે કે આ નૈરાશ્યની અંતિમ અવસ્થા છે.

હૃદયનાથ આ વિચારોમાં લીન હતા ત્યાં જ જોગેશ્વરીએ પૂછ્યું – ‘હવે શું કરીશું?’

‘‘શું કહું?’’

‘‘છે કોઇ ઉપાય હવે?’’ જોગેશ્વરીએ પૂછ્યું.

‘‘છે એક ઉપાય. પણ કહેતાં મારી જીભ નથી ઊપડતી.’’

## યુક્તિ

પંડિત બાલકરામ શાસ્ત્રીની ધર્મપત્ની માયાને ઘણા દિવસોથી હારની લત લાગી હતી. અનેકવાર એ માટે પંડિતજીને આગ્રહ કરવા છતાં એમણે પત્ની વાત ગણકારી ન હતી. એમ તો શી રીતે કહેવાય કે પાસે પૈસા નથી. એમ કહેતાં તો એમના નામને બટ્ટો લાગે. એટલે તેઓ તર્ક અને બહાનાંનો આશરો લેતાં. ઘરેણાંથી શો ફાયદો? સોનું ચોખ્ખું મળે નહીં. તેમાંય સોની રૂપિયાના આઠ આના કરી આલે. વળી ઘરેણાં ઘરમાં રાખવાથી માથે ચોરીનોય મોટો ભય! ક્ષણવારના મોજશોખ માટે આટલી મોટી આફત વહોરી લેવી એ તો મૂર્ખતાની નિશાની ગણાય. બિચારી માયા તર્કશાસ્ત્ર ભણેલી ન હતી. પતિનાં એ બહાનાં આગળ કશું બોલી શકતી નહીં. પડોશણોને ઘરેણાં પહેરેલી જોઇ એનો જીવ લલચાઈ ઊઠતો હતો. પણ કહેવું કોને? પંડિતજી આળસુ જીવ હતા. વધારે મહેનત કરી શક્યા નહીં. ઘણો ખરો સમય ખાવાપીવામાં અને આરામ કરવામાં ગાળતા. પત્ની ઝઘડતી તોય એમના પેટનું પાણી હાલતું નહીં. આ સ્થિતિમાં માયા માટે હાર મેળવવો કઠિન હતો.

એક દિવસ પંડિતજી પાઠશાળામાંથી ઘેર આવ્યા અને જોયું તો માયાના ગળામાં સોનાનો હાર શોભી રહ્યો હતો. હારની સાથે સાથે પત્નીનું મુખ પણ વિશેષ ચમકી રહ્યું હતું. આ પહેલાં એમણે પત્નીને આટલી સુંદર ક્યારેય જોઇ ન હતી. એમણે પૂછ્યું આ હાર કોનો છે?

માયાએ જવાબ આપ્યો – ''આ આપણી પડોશમાં રહે છે ને એમનાં ઘરવાળાંનો. આજે એમને મળવા ગઇ હતી હું. મેં એમના ગળામાં





જોયો. મને એ ખૂબ જ ગમી ગયો તે તમને બતાવવા પહેરી લાવી છું. બલ, આવો જ એક હાર મને બનાવડાવી આપો.''

પંડિતજીએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું – ''અરેરેરે! બીજાની આટલી કિંમતી વસ્તુ નકામી માગી લાવી તું. કઈક ચોરાઈ જાય તો હાર નવો કરાવી આપવો પડે ને સમાજમાં કપાળે કાળી ટીલી લાગે એ વધારામાં.''

''હું તો આવો જ હાર લેવાની છું. પૂરા વીસ તોલાનો છે.''

'જો, પાછી એની એ જ હઠ?'

''બધાંય પહેરે છે ને હું કેમ ના પહેરું? જુઓને; કેવી અડવી અડવી લાગે છે ડોક''

''બધાં તો કૂવામાં પડશે, એટલે તુંય પડીશ. એમની પાછળ? જરા વિચાર તો ખરી. હાર કઈ એમને એમ નથી બનતો. રૂપિયા ૬૦૦/નો ખર્ચ થાય. પાંચ વર્ષ પછી એના રૂપિયા ત્રણસોય ના ઉપજે. આવો ખોટનો ધંધો કરવાનો શો અર્થ? જા, આ હાર હમણાંને હમણાં જ આપી આવ પાછો. જા, ખાઈ પીને લહેર કર. ને હારની વાત પડતી મેલ્ય.'' આટલું કહીને પંડિતજી બહાર ચાલ્યા ગયા.

રાત પડી. બધાં ઊંઘી ગયાં હતાં. લગભગ મધરાતે માયાએ ઓચિંતી રાડ પાડી – ''ચોર...ચોર...ચોર...! ઘરમાં ચોર છે. મને એ ખેંચીને લઈ જાય છે.''

પંડિતજી હાંફળા ફાંફળા ઊઠ્યા. પૂછ્યું – ''ક્યાં છે ચોર? દોડો...દોડો...દોડો...!''

પત્નીએ કહ્યું – ''મારા ઓરડામાં ગયો છે.''

''ફાનસ લાવ. મારી લાકડી પણ લાવજે જરા.''

''મને તો બીક લાગે છે. હું ગભરાઈ ગઈ છું. મારાથી ઊભા નહીં થવાય.'' માયાએ કહ્યું.

એટલામાં બહારથી કેટલાક માણસોનો અવાજ સંભળાયો – ‘‘પંડિતજી, ક્યાં છે ચોર? ભીંત કોચીને પેઠો છે કે શું?’’

‘‘ના, ના. છાપરા પરથી ઊતર્યો હોય એમ લાગે છે. મારી આંખ ઊઘડી ગઈ ત્યારે મેં જોયું કે એ મારી છાતી ઉપર ઉભો હતો. હાય...હાય...!’’ માયાએ રડતી હોય એવા સ્વરે કહ્યું.

‘‘પણ રાત્રે સૂતા પહેલાં તેં હાર કાઢી કેમ ના મૂક્યો?’’

‘‘મને શી ખબર કે આજે જ આ આફત માથે ઉતરવાની હતી. હાય, ભગવાન!’’ અને એ રડવા લાગી.

‘‘હવે હાય...હાય... કરવાથી શું વળવાનું છે. હવે તો તારાં કર્મોને રડ. મારું માન્યું જ નહીં. બધા દહાડા કઈ સરખા નથી હોતા. ક્યારે શું થઈ જાય એની શી ખબર? હવે ઠેકાણે આવીને શાન? જા, જઈને જો કે બીજું કશું તો લઈ ગયો નથી ને?’’ પંડિતજીએ આશ્વાસન આપતાં કહ્યું.

પડોશમાંથી એક જણ ફાનસ લઈ આવ્યું. ઘરનો એકે એક ખૂણો જોઈ વળ્યા. પણ ચોરનો ક્યાંયથી પત્તો લાગ્યો નથી.

એક અનુભવી પડોશીએ કહ્યું – ‘‘પંડિતજી ! કોઈ જાણકાર માણસનો હાથ હોય તેમ લાગે છે.’’

બીજો બોલ્યો – ‘‘ભીંત કોચ્યા સિવાય તે કઈ ચોરી થતી હશે? અને ઘરમાંથી બીજું કશું તો લઈ ગયો નથી ને?’’

માયા બોલી – ‘‘બીજું બધું સલામત છે. વાસણ ફાસણ અને કપડાં લત્તા બધુંય ઠીકઠીક છે. પેટીયે બંધ પડી છે. અક્કરમીને લઈ જવું હતું તો મારું લઈ જવું હતું ને કશુંક? પણ એ તો પારકી વસ્તુ લઈ ગયો અભાગિયો. હવે હું શું જવાબ આપીશ?’’

પંડિતજીએ ટોણો મારતા કહ્યું – ‘‘ઘરેણાંમાં શો સ્વાદ છે એ સમજાયું ને હવે?’’

‘‘નસીબમાં કાળો ડાઘ લાગવાનો હશે તે!’’





‘‘હું તો તને કહી કહીને થાકી ગયો પણ, તેં મારી વાત જ ના માની. વાત વાતમાં રૂપિયા ૬૦૦/ પડી ગયા. હવે ભગવાન શી રીતે લાજ રાખે છે એ જોવાનું રહ્યું.’’

‘‘બિચારીએ હાર નવો જ બનાવડાવ્યો હતો.’’ – માયાએ કહ્યું.

‘‘વીસ તોલાનો હતો એવી તને બરાબર ખબર છે?’’

‘‘હા, એ કહેતી હતી કે વીસ તોલાનો છે.’’

‘‘પનોતી બેઠી હવે, બીજું શું?’’

માયાએ જણાવ્યું – ‘‘કહી દઈશ કે ઘરમાં ચોરી થઈ. શું કરી લેવાની હતી એ? એના માટે કંઈ આપણાથી થોડું ચોરી કરવા જવાશે?’’

‘‘એમને કંઈ કહેવાતું હશે? તારી પારેથી વસ્તુ ગઈ છે એટલે આપવી પડે તારે. એને શી ખબર કે ખરેખર ચોર લઈ ગયો છે કે તેં સંતાડીને મૂકી દીધો છે. કંઈક! શી રીતે એને વિશ્વાસ બેસે?’’

‘‘તો હવે એટલા બધા રૂપિયા લાવવા ક્યાંથી?’’ – માયાએ ચિંતા વ્યક્ત કરતાં પૂછ્યું.

‘‘ગમે ત્યાંથી લાવવા તો પડશે જ! નહીં તો બહાર મોંઢું બતાવવા જેવુંય નહીં રહે. રસ્તો તો કાઢવો પડશે ગમે તે. પણ તેં ભૂલ તો ભારે કરી.’’

માયાએ બળાપો ઠાલવ્યો – ‘‘ભગવાને માગી આણેલી ચીજ પણ ના જોઈ. મારું નસીબ જ ફૂટેલું નહીં તો ઘડીક હાર ગળામાં નાખવાથી શું સુખ મળવાનું હતું? હું જ અભાગણી છું.’’

‘‘હવે પસ્તાવો કરવાથી શું વળવાનું છે? પડોશણને કહી દે જે કે તમારો હાર પાછો નહીં આપીએ ત્યાં સુધી એમને જંપ નહીં વળે.’’

પંડિતજી બાલકરામને હવે હારની ચિંતા સદા સતાવવા લાગી. આમ તો પાઘડી ફેરવી દીધી હોત તો તો ચાલ્યું જાત. પોતે બ્રાહ્મણ હતા. પણ બ્રાહ્મણના ગૌરવને એ સત્તામાં વેચવા માગતા ન હતા. એ દિવસથી તેઓ આળસ છોડી ધન કમાવવાના કામમાં લાગી ગયા.

છ મહિના સુધી એમણે રાત દિવસ એક કર્યાં. પહેલાં એ પાઠશાળામાં જવા સિવાય બીજો કોઇ કર્મકાંડ કરતા નહીં. હવે એમણે ભાગવતની કથા કરવી શરૂ કરી. રાતે પણ બાર બાર વાગ્યા સુધી એ લોકોની જન્મ કુંડળીઓ બનાવવા લાગ્યા. વહેતી સવારે દુર્ગાપાઠ કરતા. આવી કઠોર મહેનત જોઇ માયાને પણ હવે પસ્તાવો થવા લાગ્યો. એને થયું કે કદાચ બિમાર પડી જશે તો નકામી ઉપાધિ થશે. દિવસે દિવસે શરીર ક્ષીણ થતું જોઇ એને ચિંતા થવા લાગી. આમને આમ પાંચ મહિના વીતી ગયા.

એકવાર સંધ્યાકાળે પંડિતજીએ ઘરમાં પગ મૂકતાં જ માયા સામે એક પડીકું નાખતાં કહ્યું – ''લે આજે હું તારા દેવામાંથી મુક્ત થઇ ગયો છું.''

માયાએ પડીકું છોડી જોયું તો એમાં હાર હતો. હાર જોઇને એ તો રાજીના રેડ થઇ ગઇ. એણએ પૂછ્યું – ''ખુશ થઇને આપો છો કે નાખુશ થઇને?''

બાલકરામે કહ્યું – ''એની સાથે તારે શી લેવા દેવા? ખુશ થઇને આપું કે નાખુશ થઇને, પણ દેવામાંથી તો મુક્ત થવાશે ને?''

''આ દેવું નથી.''

''બીજું શું? બદલો માની લે.''

''બદલો પણ ના કહેવાય.''

''તો પછી?''

''તમારી નિશાની.'' માયાએ કહ્યું.

''તો શું ઋણમુક્ત થવા બીજો હાર બનાવડાવવો પડશે?''

''ના, ના. પેલો હાર ચોરાઇ ગયો નથી મેં તો ખોટી ખોટી બૂમો પાડી હતી.''

''સાચું?''



''હા. સાચું કહું છું.''

''મારા સમ?''

''તમારા ચરણોના સોગંદ.''

''તો તેં મારી સાથે બનાવટ કરી હતી? યુક્તિ અજમાવી હતી?''

''હા.''

''તને ખબર છે કે તારી યુક્તિની કેટલી કિંમત ચૂકવવી પડી મારે?''

''છસો રૂપિયાથી વધારે?'' – માયાએ પૂછ્યું.

''એથી પણ વધારે .હાર માટે તો મારે મારા આત્મસ્વાતંત્ર્યનું બલિદાન આપવું પડ્યું.''

# સ્વર્ગની દેવી

લગ્નની બાબત એ તો ભાગ્યના ખેલ છે. એમાં માણસનું શું ચાલે! ભગવાને કે બ્રાહ્મણોએ નક્કી કર્યું હોય ત્યાં જ એ થાય. ભારતનાથે લીલા માટે વર ગોતવામાં કશી કમી રીખી ન હતી તોય એમની ઈચ્છા પ્રમાણેનાં વર કે ઘર ના મળ્યાં. દરેક પિતાની ઈચ્છા પ્રમાણે એ પણ દિકરીને સુખી જોવા ઈચ્છા હતા. એમને ધન દોલત જ સૌથી વધુ મૂલ્યવાન હતાં. શિક્ષણ અને ચારિત્ર્યને એ ગૌણ સમજતા. ચારિત્ર્યની તો વાત જ કરવા જેવી નથી. અને આજકાલના જમાનામાં શિક્ષણનું શું મૂલ્ય છે? સંપત્તિની સાથે શિક્ષણ હોય તો તો પૂછવું જ શું? એવું ઘર શોધવા છતાં એમને મળ્યું નહીં.

આવાં ઘર હોય પણ કેટલાં? બે ચાર ઘરની ભાળ મળી હતી પણ એમનાં ખોરડાં ઉતરતાં હતાં. ખમતું ખાનદાન મળે તો એમાં યોગ્યતાનો અભાવ હતો. આખરે મજબૂર થઈને લીલાનું લગ્ન લાલા સંતચરણના દિકરા સીતાશરણ સાથે કરવું પડ્યું. સીતાશરણ એના બાપનો એકનો એક દિકરો હતો. થોડો ભણેલો ગણેલોય ખરો. વાતચીત કરવામાં પાવરધો. કોર્ટ કચેરીના કામનો એને અનુભવ હતો. સ્વભાવનોય રંગીલો. નવાઈની વાત તો એ હતી કે સીતાશરણ રૂપવાન, બળવાન, હસમુખો અને સાહસિક હતો પણ એના વિચારો બાવા આદમના જમાનાના હતા. જૂનું એટલું સારું અને નવું એટલું ખરાબ, એ એનું જીવન સૂત્ર હતું. એનામાં વિચારશક્તિનો અભાવ હતો. બુદ્ધિની મંદતા સામાજિક અનુદારતાના રૂપમાં પ્રગટ થતી હતી.

ઘરમાં પગ મૂકતાં જ લીલાની પરીક્ષા શરૂ થઈ. એના ઘરમાં કામ કરતાં એના ભારોભાર વખાણ થતાં હતાં તે કામ અહીં વર્જ્ય ગણાતાં હતાં.



એને માટે તાજી હવા અને સૂર્યનો પ્રકાશ આ ઘરમા દુર્લભ બની ગયાં હતાં. પિયરમાં ઈશ્વરીગુણ તરી કે ગળથૂથીમાં આપેલાં ક્ષમા, અહિંસા, અને દયા જેવા ગુણોનો વિચાર સરખો કરવાની અહીં સ્વતંત્રતા ન હતી.

સંતશરણ ભારે ગરમ સ્વભાવનો હતો. નાક પર માખ બેસે એય ના ગમે. છળકપટ, દાવપેચ અને લુચ્ચાઈથી એણે સંપત્તિ એકઠી કરી હતી.એ જ એનો જીવનમંત્ર હતો.એની પત્ની તો એનાથી પણ ચાર ચંદરવા ચઢે એવી. વહુની શી મજાલ કે ક્યારેય એ ઘરના બારણે પગ મૂકે કે ઝરૂખામાં ઊભી રહે! બબડાટ કરવાનો તો એને રોગ હતો. વાતવાતમાં એ વાંધાવચકા કાઢીને લહેંકા લસરકાં કરતી. આખો દિવસ એ મોંઢામાં પાન ઘાલીને ઘરના બેઠકખંડમાં ખાટલા પર બેસી રહેતી હતી.

ઘરમાં એની મરજી વિરુદ્ધ પાંદડુંય ફરકી શકતું નહીં. વહુની નવી નવી ટેવો જોઈએ બળ્યા કરતી. હવે શી રીતે આબરૂ રહેશે? ઓટલે ઊભી રહીને બહાર ફેરવ્યા કરે છે આંખો આખો દિવસ. મારી છોકરી હોય તો એનો ટોટી જ પીસી નાખું. કોણ જાણે એના પિયરમાં લોક કેવાં હશે! ઘરેણાં તો પહેરતી જ નથી. જ્યારે જુઓ ત્યારે નાગી બૂચી જ દેખાય. આ તે કંઈ સારાં લક્ષણ કહેવાયે? લીલાની સાથે સાથે સીતાશરણ ઉપર પણ પસ્તાળ પડતો. તનેય ચંદ્રના અજવાળે સોનું સારું લાગે છે શું? તું તારી જાતને મરદ માને છે? શાનો મરદ! તારું બૈરું તો તારા કહેવામાં રહેતું નથી. આખો દિવસ બિલાડીની જેમ ઘરમાં ભરાઈ રહે છે. મોંઢામાં જીભ જ ક્યાં બળી છે? કશું કહેતો કેમ નથી?

સીતાશરણ કહેતો – ''મારી વાત કોઈ માને તો ને?''

''ના કેમ માને? તું મરદ છે કે બાયલો? મરદને જોતાં જ બૈરું ધ્રુજવા માંડે નહીં તો એ મરદાઈ શા ખપની?''

''પણ મા, તું તો સમજાવે છે એને.''

''મારી એને શી પડી હોય? એને તો એમ કે ડોસી બે ચાર દાડામાં મરી જશે, પછી ઘરની માલકણ હું જ થઈ જઈશ ને!''

''મારાથી પણ એને કશું કહેવાતું નથી. તું જોતી નથી મા, કેટલી દુર્બળ થઇ ગઇ છે બિચારી? શરીર આખું પીળું પડી ગયું છે. આ અંધારી ઓરડીમાં પડ્યાં પડ્યાં એના દશા બગડતી જાય છે.''

દિકરાની આવી વાતો સાંભળીને માની આંખોમાંથી અંગારા વરસતા. એ એના નસીબને દોષ દેતી. ક્યારેક સમયને વગોવતી.

લીલાની સામે જતાં સીતાશરણની બુદ્ધિ બદલાઇ જતી હતી. પત્નીને સારુ લાગે એવી વાતોએ એની સાથે કરતો. બંન્ને જણાં ભેગાં થઇ માની ઠઠ્ઠામશ્કરી કરતાં લીલાને આ ઘરમાં બીજું કોઇ સુખ ન હતું. આખો દિવસ કામ, કામ ને કામ., પિયરમાં તો કશું કામ એણે કર્યું ન હતું. પણ અહીં તો દળણું દળવું પડતું હતું. મજૂરો માટે રોટલા ટીપવા પડતા હતા. આમ તો સંતશરણના ઘરની સ્થિતિ રસોઇઓ રાખે એવી સદ્ધર હતી પણ આ ઘરની પ્રથા જ એવી હતી કે ખાવાનું કામ વહુ સિવાય કોઇથી થઇ જ ના શકે! સીતાશરણને જોઇને લીલાને થોડવાર શાંતિ મળતી હતી.

ઉનાળાના દિવસો હતા. સંધ્યાનો સમય હતો. બહાર પવન ફૂંકાતો હતો. ઘરમાં લીલાનું શરીર બળતું હતું. લીલા ઓરડામાં બેઠી બેઠી એક ચોપડીના ફેરવતી હતી ત્યાં જ પતિએ આવીને કહ્યું – ''અહીં તો ખૂબ ગરમી લાગે છે, બહાર જઇને બેસ.''

''તમારી માના મહેણા કરતા આ ગરમી વધુ સારી છે.'' પત્નીએ કહ્યું.

''જો વધારે બોલીશ નહી. નહીં તો...''

''તો તો મારે માટે ઘરમાં રહેવુંય કપરું થઇ પડશે.''

''આ બલાથી જુદાં રહીશું.''

''મરી જાઉં તોય હું જુદી તોના જ રહું. એ જે કશું કહે છે એ મારા ભલા માટે જ છે. મારી સાથે એમને દુશ્મનાવટ ઓછી છે કંઇ? એમની વાતો આપણને ગમે નહીં એ જુદી વાત. એમણે જે દુઃખો સહ્યાં છે એ દુઃખો સહેવાનું મને શીખવાડે છે. એમના શરીર પર એ દુઃખોની કશી અસર થઇ નથી.''





સીતાશરણે પત્નીના પીળા પડી ગયેલા મોં સામે જોઇ કહ્યું – ''આ ઘરમાં આવીને તું ખૂબ દુઃખી થઇ ગઇ. તારે માટે આ ઘર યોગ્ય ન હતું. તેં આગલા જન્મે જરૂર કોઇ પાપ કર્યું હશે!''

પતિનો હાથ પોતાના હાથમાં લેતાં લીલાએ કહ્યું – ''અહીં ના આવી હોત તો તમારો પ્રેમ શી રીતે પામી શકાત મારાથી?''

પાંચ વર્ષ પસાર થઇ ગયાં એ વાતને. લીલા બે બળકોની મા થઇ ગઇ. એક દિકરો હતો. બીજી દિકરી. દિકરાનું નામ જાનકીશરણ રાખવામાં આવ્યું હતું અને દિકરીનું કામિની. બંન્ને બાળકો ઘરમાં કિલ્લોલ કરતાં હતાં. દિકરી દાદાની મોંકળા લઇને આવી હતી. જ્યારે દિકરો દાદીમા ઉપર પડ્યો હતો. બંન્ને હુષ્ટપુષ્ટ હતા. વાતવાતમાં ગાળ ભાંડવી કે મોં ચઢાવી દેવું એમને માટે સામાન્ય બાબત હતી. આખો દિવસ એ ખાધા કરતાં અને બીજે દિવસે માંદાં પડી પડ્યાં રહેતાં. લીલાએ એની જીંદગીમાં ઘણાં દુઃખો સહન કર્યાં હતાં. પણ બાળકોમાં ખરાબ ટેવો પડે તે એને ઘણું કઠતું હતું. પણ એનું કોણ સાંભળે? બાળકોની મા હોવા છતાં એની કશી વિસાત ન હતી. ઘરમાં જે કઇ હતાં તે બાળકો હતાં. એની તો કોઇ હેસિયત ન હતી. પોતાના બાળકને ઠપકો આપવાનો પણ એને અધિકાર ન હતો.એમ કરવા જતાં એની સાસુ એને ફાડી ખાતી હતી જાણે!

હવે એનું શરીર વધારે વથડાતું જતું. ગંદી, અસ્વસ્છ, ગંધાતી અને અંધારી કાળકોટડીમાં રહેવાથી એનું શરીર સૂકાઇ ગયું હતું. ચહેરો પીળો પડી ગયો હતો. આંખો ઊંડી ઉતરી ગઇ હતી. શરીરમાં જાણે લોહી જ ન હતું.

ગરમીના દિવસો હતાં. એક બાજુ કેરીઓ પાકી હતી. બીજી બાજુ પાકાં તરબૂચે રૂપ કાઢ્યૂં હતું. કેરી અને તરબૂચની આવી ફસલ આ પહેલાં ક્યારેય થઇ ન હતી. સંતશરણ કેરીઓ અને તરબૂચનો ટોપલો ભરી લાવતો અને બાળકો મઝાથી ખાતા. બાબુ સંતશરણ જૂના જમાના ખાધેલ માણસ, સવારે લગભગ સો એક કેરીઓનો નાસ્તો કરતા. ઉપરથી પાંચ શેર તડબૂચ ઝાપટી જતા. એમની પત્ની એમનાથી કમ ન હતી. અનાજ ખાવાનું એક ટંક બંધ કરી કેરાઓ તડબૂચ ઉપર તૂટી પડતી.

દરેક વર્ષે આ બે વસ્તુઓની રેલમછેલ ઉડતી. તેમ છતાં કોઇકશી ફરિયાદ કરતું ન હતું. પેટમા ગરબડ જણાય તો હરડે ફાકી જતાં. બાબુ સંતશરણના પેટમાં એકવાર ધીમો દુઃખોવો ઉપડ્યો. તેમણે તેની પરવા કરી નહીં અને એ તો બેસી ગયા કેરીઓ ઝાપટવા. સો કેરીઓ ઝાપટીને એ ઊભો થયા ન થયા કે તરત જ ઉલટી થઇ. પછી તો ઝાડા ઉલ્ટીએ માઝા મૂકી. કોલેરાએ એમને જકડી લીધા. શહેરમાંથી ડૉક્ટર આવે તે પહેલાં તો તેઓ લાંબી વાટે ચાલી નીકળ્યા. ઘરમાં રોકકળ મચી ગઇ. સંધ્યા કાળે લારાને સ્મશાને લઇ જવાઇ. લોકો તેમના અગ્નિસંસ્કાર કરી મોડી રાતે ઘેર પાછા ફર્યા. ત્યારે સંતશરણની પત્નીને પણ ઝાડા ઉલ્ટી થઇ ગયેલાં. સવાર થતાં સુધીમાં તો એ પણ પતિને પગલે પગલે ચાલી નીકળી.

પણ આથી મુશ્કેલી ટળી નહીં. લીલા તો સંસ્કારની તૈયારીમાં પડી ગઇ હતી. ઘરની સફાઇ તરફ કોઇએ ધ્યાન આપ્યું નહીં. ત્રીજે દિવસે બંન્ને બાળકો રડતાં રડતાં દાદા દાદીના બેઠક ખંડમાં ગયાં. ત્યાં એક તાકામાં કાપેલા તડબૂચની ચીરીઓ પડી હતી. બે ત્રણ હાફુસ કેરીઓ પણ હતી. એમની ઉપર માખીઓ બણબણતી હતી. જાનકીએ ટેબલ પર ચઢીને બંન્ને વસ્તુઓ ઉતારી પછી બંન્ને ભાઇ બહેન કેરી તડબૂચ ખાઇ ગયાં. સાંજ થતાં થતાંમાં બંન્ને બાળકોને કોલેરા થઇ ગયો અને તેઓ પણ મા બાપને રોતાં કકળતાં મૂકીને અક્ષરધામની યાત્રાએ ચાલ્યાં ગયાં. ઘર ઉપર જાણે વીજળી તૂટી પડી. ત્રણ દિવસ ઉપરનું ભર્યું ભાદર્યું ઘર આજે સ્મશાન જેવું સૂમસામ થઇ ગયું.

લીલા કારમા આઘાતને સહી શકી નહીં. તે વધારેને વધારે લેવાતી ગઇ. ઊઠવા બેસવાનીય એનામાં શક્તિ રહી નહીં. કપડાં લત્તાં કે ખાવાપીવાનું હવે એને ભાન રહ્યું નહીં. એ ગૂમસૂમ બેસી રહેતી, જાણે પાગલ ના હોય! દિવસો સુધી નહાતી ધોતી નહીં. મહિનાઓ સુધી કપડાં પણ બદલતી ન હતી. હવે આથી વિપત્તિની વેળાએ એને કોઇ આધાર ન હતો. એક માત્ર આધાર બાળકોનો હતો. પણ તેઓય રૂઠી ગયા હતાં. હવે જીવવું અકારું લાગવા માંડ્યું. પણ કઇ માગ્યું મોત ઓછું આવે છે.





સીતાશરણની સ્થિતિ પણ દુસહ્ય હતી. દિવસો સુધી એ રડતો રહેતો. મોટે ભાગે એ ઘરની બહાર જ રહેતો. પણ દુઃખનું ઓસડ દહાડા એ ન્યાયે દિવસે જતાં એના પર છવાયેલાં શોકનાં વાદળો ઓસરવા માંડ્યાં. હવે મિત્રોની સાથે હસી મજાક કરવા લાગ્યો. હવે તો એ એકલો જ ઘરનો માલિક હતો. એની મરજીમાં આવે એ કરી શકવા સ્વતંત્ર હતો. કોઇનીય જરા સરખી પણ રોકટોક નહીં. પહેલાં તો લીલાને રડતી જોઇ એની આંખોમાં આંસુ ઉભરાઇ આવતાં, પણ હવે એને રડતી જોઇ એ ગુસ્સે થઇ જતો કહેતો ‘‘જીવન રડવા માટે નથી. બાળકો ઈશ્વરે આપ્યાં હતાં, ને ઈશ્વરે લઇ લીધાં. શું બાળકોની પાછળ જીવ આપી દેવાતો હશે?’’ લીલા તો પતિની વાતો સાંભળી અવાક્ બની જતી હતી.

હોળીના દિવસો હતો. પુરુષો ગાઇ વગાડી આનંદ મેળવતા હતા. લીલા ઘરમાં ભોંયપર પડી પડી રડતી હતી. તહેવારના દિવસો મોટે ભાગે એ રડીરડીને વીતાવતી હતી. તહેવારોના દિવસોમાં એને બાળકોની ઉછળકૂદ સાંભળી આવતી, અને એ ઊંડા શોકમાં ડૂબી જતી.

એ રડતી હતી ત્યાં જ સીતાશરણે આવીને કહ્યું – ‘‘આમ રડતી જ રહીશ કે હવે લૂગડાં બૂગડાં બદલીશ? જરા કાળજું કઠણ કરતાં શીખ. જોતી નથી. તારું શરીર કેવું કાગડાના માળા જેવું થઇ ગયું છે!’’

‘‘જાઓ, તમે તહેવારનો આનંદ લૂંટો અને કરો મોજમજા. મારી તે શી ચિંતા?’’

‘‘દુનિયામાં શું તારાં એકલીનાં જ છોકરાં મરી ગયાં છે? બીજા કોઇનાં મર્યાં જ નહીં હોય? શું તારી એકલીને માથે જ આ આફત આવી છે?’’

લીલાએ કહ્યું – ‘‘તે તો બધાંય જાણે છે. દરેક ને પોત પોતાનું હૈયું છે. એના પર કોઇનું શું ચાલે?’’

‘‘પણ મારી સાથે તારું પણ કોઇક કર્તવ્ય તો છે ને?’’

લીલાએ આશ્ચર્યથી પતિની સામે જોયું. એ એમના કહેવાનો મર્મ સમજી શકી નહીં. બિચારી મોંઢું ફેરવીને રડવા લાગી.

સીતાશરણે કહ્યું – ''મારે હલે આ શોકનો અંત આણવો છે. તું તારા દિલ પર કાબૂ રાખી ના શકતી હોય તો હું પણ મારા દિલ પર કાબૂ રાખી શકતો નથી. આખી જીંદગી મારાથી શોકમાં નહીં જીવાય.''

''તે હું તમને રંગ રાગ કરતાં ક્યારે મના કરું છું? પણ મને તો રડવા દો ને!''

'''મારું ઘર રડવા માટે નથી.'

પત્નીએ કહ્યું – ''ભલે, તમને ના ગમતું હોય તો હવે હું તમારા ઘરમાં નહીં રહું.''

''મારો ધણી મારા હાથમાંથી છટકી જતો હોય એમ લાગે છે. એમના પર વાસનાનું ભૂત સવાર થઇ ગયું છે. એમને કોણ સમજાવે? અત્યારે એ ભાનમાં નથી. શું કરુ હું? જો ચાલી જાઉં તો ઘરનો સર્વનાશ થઇ જાય છે. કોઇક કુલટા આ ઘરમાં ભરાઇ જાય અને આખુ ઘર ઊજાડી મેલે. એમને કોઇ રોગ થાય તો શું એમને હું નિરાધાર મૂકીને જતી રહું? ના, ના, હું તો તન મનથી એમની સેવા ચાકરી કરું. ભગવાનને પ્રાર્થના કરું. દેવી દેવતાઓની બાધા આખડીઓ રાખું. એમને શારીરિક રોગ નથી, પણ માનસિક રોગ અવશ્ય છે. જો રડવાની વેળાએ હસે ને હસવાની વેળાએ રડે એ પાગલ નહીં. તો બીજું શું હોઇ શકે? મારા ચાલ્યા જવાથી તો સર્વનાશ થઇ જશે. એમને બચાવવાનો મારો ધર્મ છે.''

''પણ એમ કરતાં મારે મારો શોક ભૂલી જવો પડશે. રડવાનું તો મારા ભાગ્યમાં જ લખાયું છે.હું રડીશ પણ હસીને હસીને રડીશ. મારા ભાગ્ય સાથે હું લડીશ. જે ચાલ્યાં ગયા છે એમની પાછળ રડવા સિવાય બીજું કરી પણ શું શકાય? પણ જે મારી પાસે છે તેને સાચલી રાખવામાં જ મારું સુખ છે. ઓ, ખંડિત હૃદય આવ, તારા ભગ્ન અવશેષોને એકઠા કરીને એક સમાધિ બનાવું અને મારો સમસ્ત શોક એને હવાલે કરી દઉં. હે આંખો, હવે મારાં આંસુઓને તમારી પાંપણોમાં પૂરી રાખો. હે આભૂષણો! મેં ઘણા



દિવસો તમને મારાથી દૂર રાખ્યાં છે. મારો અપરાધ ક્ષમા કરશો. આવો, અને મારા શરીરને શણગારો. પણ જોજે હોં, દગો ના કરતાં. મારા મર્મને યથાતથ સાચવી રાખજો.''

લીલા આખી રાત મન સાથે વાતો કરતી બેસી રહી. પુરૂષો આનંદમાં મગ્ન હતા. નશામાં ચકચૂર બનેલો સીતાશરણ ક્યારેક ગાતો હતો, ક્યારેક તાલીઓ પાડતો હતો. એના મિત્રો પણ એની જેમ નશામાં ચૂર હતા. એમના માટે ભોગ વિલાસ સિવાય બીજી કોઇ પ્રવૃત્તિ જ નહતી.

પાછલા પહોરે, મહેફિલમાં દેકારો મચી ગયો. હો હા બંધ થઇ ગઇ. લીલાએ વિચાર્યું કે બધા ક્યાંક ચાલ્યા ગયા હશે! એણે જઇને જોયું તો છળી ઊઠીએ. મિત્રો ચાલ્યા ગયા હતા. પડોશીઓનું કોઇ ઠેકાણું ન હતું. માત્ર એક યુવતી ગાદલા ઉપર સૂઇ રહી હતી. અને સીતાશરણ એની છાતી ઉપર ઝૂકીને ધીમે ધીમે એની સાથે વાતો કરી રહ્યો હતો. બંન્નેની આંખો એમના મનોભાવની ચાડી ખાતી હતી. એકની આંખોમાં અનુરાગ હતો. બીજાની આંખોમાં હતો કટાક્ષ. એક નિર્દોષ અને ભોળું હૈયું એક માયાવી સ્ત્રી લૂંટી લેવા બેઠી હતી. લીલાના જીવનની સંપત્તિને એક દુરાચારીણિ એની નજર સામે લૂંટી રહી હતી.

લીલાને મને તો થઇ આવ્યું કે પેલી કુલટાને એ પાઠ ભાણાવી દે. ઘણા દિવસોથી સુષુપ્ત રહેલો એનો પત્નીભાવ જાગી ઊઠ્યો. પણ એ ગમ ખાઇ ગઇ. ઝડપથી દોડતી તૃષ્ણાઓ અકસ્માત્ રોકી શકાતી ન હતી. એ પાછે પગલે ઘરમાં ચાલી ગઇ અને મનને મનાવવા લાગી. – ''હું તો રૂપરંગમાં હાવભાવમાં નખરાંમાં એ દુષ્ટાની બરાબરી કરી શકું એમ નથી. એ તો પૂનમના ચાંદા જેવી છે. એના અંગેઅંગમાં સ્ફૂર્તિ ભરેલી છે. એની આંખોમાં આગના ભડકા ઊઠે છે. એને હું?'' લીલા એ જ વખતે ઊભી થઇ અને અરીસા સામે જઇ ઊભી. ઘણા મહિના બાદ આજે એણે અરીસામાં પોતાનો ચહેરો જોયો. એના હોઠો વચ્ચેથી એક આછો સિસકારો નીકળી ગયો.

સીતાશરણનો નશો સાંજે ઉતર્યો. આંખો ઊઘાડી તો સામે ઊભેલી હસતી લીલાને જોઇ એનું અનોખું સૌંદર્ય આંખોમાં સમાઇ ગયું. એ ખુશ થઇ ગયો. પણ એમને શી ખબર કે આ રૂપ માટે તો પોતે કેટલાં આંસુ વહાવ્યાં છે! વાળમાં ફૂલો પરોવતા પહેલાં આંખોમાં કેટલાં મોતી પરોવ્યાં છે! પ્રેમના આવેશમાં આવી સીતાશરણે લીલાને જકડી લીધી અને કહ્યું. – ''આજે તો તેં ઘણાં બધાં શસ્ત્રો સજાવી દીધાં છે ને? હવે હું નાસી ને ક્યાં જાઉં?''

લીલાએ પોતાના હૃદય તરફ આંગળી રાખી કહ્યું – ''અહીં આવીને બેસો. બહુ નાસભાગ કરો છો તે હવે તમને બાંધીને રાખવા પડશે. બાગની મઝા તો માણી ચૂક્યા છો, હવે આ અંધારી કોટડીનો આનંદ તો માણો જરા!''

સીતાશરણે શરમાઇને કહ્યું – ''લીલા, એને અંધારી કોટડી ના કહીશ. એ તો પ્રેમનું માનસરોવર છે.''

એટલામાં મિત્ર આવ્યાની ખબર મળી. સીતાશરણ જવા તૈયાર થયો. લીલાએ એનો હાથ ઝાલીને કહ્યું ''નહીં જવા દઉં તમને હું.''

''પણ, હમણાં જ આવું છું પાછો.''

''મને ભય લાગે છે કે ક્યાંક તમે ચાલ્યાના જાઓ.''

સીતાશરણ ઘરની બહાર આવ્યો એટલે મિત્રએ કહ્યું – ''આજે આખો દિવસ ઊંઘ્યા જ કર્યું છે કે શું? આજે કઇ ખુશખુશાલ જણાય છે ને! અત્યારે તો ત્યાં જવાનું નક્કી કર્યું હતું ને? બિચારી તારી રાહ જોતી હશે.''

''જવું તો છે જ પણ, લીલા જવા દેતી નથી.''

મિત્રએ કહ્યું – ''આવી ગયો ને બૈરીના પંજામાં પાછો? પછી શાનું અભિમાન રાખતો હતો?''

સીતાશરણે કહ્યું – ''લીલાએ ઘેરથી કાઢી મૂક્યો હતો ત્યારે પારકા ઘેર આશરો શોધતો ફરતો હતો પણ હવે એણે એના ઘરનાં બારણાં મારે માટે ઊઘાડ્યાં છે.''



મિત્રએ પૂછ્યું – ''પણ પેલી મઝા અહીં નહીં પડે. ઘરને લાખ પ્રયત્નોથી સજાવીએ એટલે કઇ બાગ બનતો નથી.''

સીતાશરણે કહ્યું – ''ઘર બાગ નથી બની શકતો ,પણ સ્વર્ગ તો બની શકે છે. મને મારી હીનતી પર જે લાગણી થઇ રહી છે એ તો મારું મન જ જાણે છે. સંતાન શોકમાં ગુમાવી દીધેલું લાવણ્ય માત્ર મારે એક ઈશારે પાછું મેળવી લીધું છે. અને શોક ભૂલી ગઇ તો એવો ભૂલી ગઇ કે પહેલાં એને કદી શોક થયો જ ન હતો જાણે! હું જાણું છું કે મહાનમાં મહાન સંકટો સહન કરી શકે છે. એને માટે મારું રક્ષણ કરવું જરૂરી છે. આજે એને જોઇને મારું હૈયું પુલકિત થઇ ઊઠ્યું છે. મને લાગે છે કે મારા જેવા દુર્બલ મનુષ્યના રક્ષણ માટે ઈશ્વરે મોકલેલી એ તો સ્વર્ગની દેવી છે દેવી. એને કહેલાં કઠોર વચનો બદલ મને આજે અપરંપાર પસ્તાવો થાય છે લીલા ખરેખર સ્લર્ગની દેવી છે.''

# માતૃભાવનો વિજય

ગામ આખામાં મથુરા જેવો મજબૂત જુવાન શોધ્યોય ના જડે. વીસ વર્ષની ઉંમર હશે એની. એ આખો દહાડો ગાયો ચારતો. દૂધ પીતો, કસરત કરતો. કુસ્તી લડતો. ને પાવો વગાડતો. આમ તેમ ફર્યા કરતો. આમ તો એ પરણેલો હતો પણ કોઇ સંતાન ન હતું. ઘેર ખેતીવાડીય ખરી. ભાઇઓ સાથે હળીમળીને એ ખેતી કરતો. મથુરા આખા ઘરનું નાક હતો. એ સૌથી ઓછું કામ કરતો. સૌને એવી આશા હતી કે મથુરા પહેલવાન બને અને અખાડામાં એના હરીફને મહાત કરે. લાડપ્યારથી મથુરા જરા વધારે પડતો છકી ગયો હતો. ગાયો કોઇકના ખેતરમાં ભેલાણ કરતી હોય અને એ અખાડામાં દંડ પીલતો હોય. કોઇ ઠપકો આપવા આવે તો આવી જ બન્યું. જાણવું! એ બરાડતો – 'જાઓ, થાય એ કરી લ્યો. હું ગાયો હાંકવા નથી આવવાનો.' એનું કદાવર શરીર જોઇ કોઇ એની સામે જોવાની હિંમત કરી શકતું નથી.

ઉનાળાના દિવસો હતા. તળાવ તલાવડાં સૂકાઇ ગયાં હતાં. લૂ તો કહે મારું કામ! કયાંકથી ગામમાં એક સાંઢ આલી ચઢ્યો ને મથુરાની ગાયોના ટોળામાં ભળી ગયો. આખો દિવસ તો એ ગાયો સાથે ખેતરોમાં ફરતો પણ રાત્રે ગામમા આવી ખીલે બાંધેલા બળદોને શીંગડે ચઢાવતો. કોઇકની દિવાલ પાડી નાખતો હતો તો કઇકના ખાટલા ભાંગતો. કોઇ બહાર વાસણ ભૂલી ગયું હોય તો સવારે ભાંગીને ભૂક્કો જ થયું સમજવું. રાત્રે એ ઢોરને મારતો. ઢોરનાં પાડાંના તો રામ રમી જતા. વળી ખેતરમાં શાકભાજીનેએ ઊજાડતો. લોકો એની પાછળ પડી દૂરદૂર મૂકી આવતા પણ પાછો એ બીજે દિવલે આવીને ખડો થઇ જતો. ગામ લોક તોબા તોબા





પોકારી ગયું હતું. કોઇની બુદ્ધિ કામ કરતી ન હતી. આ આફતમાંથી છૂટવાનો સૌ કોઇ માર્ગ વિચારતી હતા. મથુરાનું ઘર ગામની બરાબર મધ્યમાં હતું. એથી સાંઢનો ખાસ રંજાડ થતો નહીં, ગામમાં હાહાકાર મચી ગયો હતો. પણ મથુરાને કોઇ ચિંતા ન હતી.

કોઇ રસ્તો ના જડ્યો ત્યારે ગામ લોકોએ આખરે મથુરાની પાસે જઇ કહ્યું – ''ભાઇ, તું કહેતો હોય તો રહીએ આ ગામમાં, નહીંતો હેંડતા થઇએ. ખેતીવાડી જ ઊજ્જડ થઇ જાય છે પછી રહીને શું કરીએ? તારી ગાયો પાછળ અમારું સત્યાનાશ વળી જાય છે. અને તારા પેટનું પાણીય હાલતું નથી. ઈશ્વરે તને શક્તિ આપી હોય તો તારે બીજાનું રક્ષણ કરવું જોઇએ. બીજાને રંઝાડવા જોઇએ નહીં. સાંઢ તારી ગાયોને લીધે આવે છે ગામમાં. એટલે એને નસાડી મૂકવાનું કામ તારુ છે. પણ તું તો કાનમાં પૂમડાં ઘાલીને બેઠો છે, પણે કશું સાંભળતો જ ના હોય!''

મથુરાને ગામલોકો ઉપર દયા આવી. બળવાન માણસો મોટેભાગે દયાળુ હોય છે. એણે કહ્યું – ''જાઓ, આજે હું સાંઢને નસાડી મૂકીશ.''

એક જણે કહ્યું – ''ખૂબ આઘે મૂકી આવજો કે જેથી ફરીવાર પાછો ના આવે.''

મથુરાએ લાકડી ખભે મૂકતાં કહ્યું – ''ના, ના, હવે એ પાછો નહીં આવે.''

બળબળતા બપોરે મથુરો સાંઢને નસાડી મૂકવા ખભે ડાંગ મૂકી ચાલી નીકળ્યો. શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું હતું. મથુરાએ છેવટે સાંઢને શોધી કાઢ્યો. એ એની પાછળ પળ્યો. સાંઢ વારંવાર ગામ ભણી જવાનાં ફાંફાં મારવા લાગ્યો. મથુરો આગમચેતી વાપરી આગળ ફરી વળતો. સાંઢ છંછેડાઈને ઓચિંતો પાછો ફરી મથુરા પર ધસી જતો હતો. પણ મથુરો ચેતી જઇ એવી તો જોરદાર લાકડી ફટકારતો હતો કે એ પાછો વળી જતો. તુવેરનાં ખેતરોમાં ધમાચકડી મચી ગઇ. મથુરાના પગ લોહીલુહાણ થઇ ગયા હતા. એના ધોતિયાના લીરેલીરા ઊડી ગયા હતા. પણ સાંઢનો પીછો કરવા સિવાય એને કશું ભાન ન હતું.

એમને એમ કેટલાંય ગામના સીમાડા એણે વટાવ્યા. સાંઢ આગળ અને એ પાછળ. મથુરાએ તો નક્કી કર્યું હતું કે એને નદીને સામે કાંઠે તગેડી મૂકવો. દોડીદોડીને એ જરાક થાકી ગયો હતો. ગળે શોષ પડતો હતો. આંખો લાલ થઇ ગઇ હતી. શ્વાસ થંભી જતો હતો. જાણે! પણ એ ક્ષણ વાર માટેય અટકતો ન હતો. બે અઢી કલાકની સરપટ દોટ પછી નદી દેખાઇ. અહીં નદી કાંઠે હારજીતનો ફેંસલો થવાનો હતો. બંન્ને ખેલાડીઓને અહીં એમના દાવપેચ અજમાવવાના હતા. સાંઢ વિચારતો હતો કે નદીમાં એ ઉતરશે તો મથુરા એને નક્કી મારી નાખશે, જ્યારે મથુરા વિચારતો હતો કે સાંઢ પાછો ફરી હરેરી કરશે તો બધી મહેનત ધૂળમાં મળી જશે. ગામલોકો મશ્કરી કરશે એ વધારામાં, બંન્ને પોતપોતાના દાવપેચમાં હતા. સાંઢે પાછા ફરવા બહુ પ્રયત્ન કર્યો પણ મથુરાએ એને ફાવવા દીધો નહીં. આખરે સાંઢને માટે નદીમાં ઉતર્યા સિવાય કોઇ રસ્તો રહ્યો નહીં. મથુરા પણ સાંઢની પાછળ પાછળ નદીમાં ઊતર્યો અને એણે લાકડી ભાંગી જતા સુધી એને માર્યો.

મથુરાને ખૂબ તરસ લાગી હતી. એણે નદીમાં મોં વળગાળી પાણી પીધું. જાણે આખી નદી પી જવી હતી એને! આટલું બધું એક સામટું પાણી એણે ક્યારેય પીધું ન હતું. પાણી ઊનું હતું એની તરસ છીપી નહીં. ફરી એણે મોં વળગાળી પાણી પીધું. અને આખરે એ ભીનું ધોતિયું ગળે નાખી ઘર તરફ પાછો ફર્યો.

થોડુંક ચાલ્યો હશે કે એને પેટમાં દુઃખવા માંડ્યું. એને એમ કે એક સામટું પાણી પીવાથી આમ થયું હશે. પણ ધીમે ધીમે પીડા વધતી ગઇ. છેવટે ચાલવાનું મુશ્કેલ થઇ પડ્યું. તે એક ઝાડ નીચે બેસી ગયો. દર્દથી બેચેન થઇ એ છેવટે જમીન પર આળોટવા લાગ્યો. દર્દ વધતું જતું હતું. વારંવાર એ ઊઠતો પાછો બેસી જતો. ઘડીમાં આળોટતો. હવે પીડા અસહ્ય બની. એણે રડવા માંડ્યું. પણ અહીં એની ખબર લેનાર કોઇ ન હતું. છેવટે જે થવાનું હતું તે થઇને જ રહ્યું. મથુરા બપોરની નિર્જન એકલતામાં તડપી તડપીને મૃત્યુ પામ્યો.

દેવ જેવો આ નવ જુવાન કેટલાય ગાઉ સુધી સાંઢને નસાડતો અહીં આવી પહોંચ્યો હતો તે કુદરતનો એક સપાટો પણ સહન કરી શક્યો



નહીં. આ દોડ એને માટે મોતની દોડ બની જશે અ કોણ જાણતું હતું. સાક્ષાત્ યમરાજ સાંઢનું રૂપ લઇ એને નહીં નચાવી રહ્યા હોય એની શી ખાતરી!

સંધ્યા સમયે એના ઘરવાળા એને શોધતા અહીં આવી ચઢ્યા ત્યારે એ તો ચિરનિદ્રામાં પોઢી રહ્યો હતો.

એ વાતને એક મહિનો વીતી ગયો. ગામના લોકો કામ ધંધામાં લાગી ગયા હતા. ઘરવાળાંએ રોઇ રોઇને એ દુઃખ હલકું કર્યું પણ બિચારી વિધવાનાં આંસુ લૂછનાર કોઇ ન હતું. તે આખો દિવસ રડ્યા કરતી. હવે આ ઘરમાં એનો ગુજારો શી રીતે થશે? કોના સહારે એ જિંદગી વીતાવશે? ઘરનાં લોકો અનુયા બીજું ઘર માંડે એમાં રાજી ન હતાં.એમ કરવાથી તો ઘરની બે ઇજ્જતી થાય એમ હતું. અને અનુયા જેવી સુશીલ, સંસ્કારી, કામઢી, ઘરકામમાં કુશળ તથી લેણદેણમાં પ્રવીણ સ્ત્રી બીજાના ઘરમાં જાય એ બાબત પોષાય તેમ ન હતી. તો બીજી બાજુ અનુયાના પિયરનાં લોકો એને બીજે વળાવવા વાત પાકી કરી રહ્યાં હતાં. બધું નક્કી થયા પછી એક દિવસ અનુયાનો ભાઇ એને બીજે વળાવવા તેડવા આવ્યો.

ઘરમાં હો હા મચી ગઇ. અનુયાની સાસરીવાળાં એને બીજે વળાવવા તૈયાર ન હતાં. એનો ભાઇ એના નિર્ણયમાં અડગ હતો. ગામના લોકો ત્યાં એકઠા થઇ ગયા. છેવટે મામલો અનુયા પર છોડી દેવામાં આવ્યો. ઘરવાળાં ને અનુયા પર વિશ્વાસ હતો કે એ બીજે જવા તૈયાર નહીં થાય પણ જ્યારે એને પૂછવામાં આવ્યું ત્યારે એણે હા ભણી દીધી છેવટે એને વળાવવાની તૈયારીઓ થવા લાગી. પાલખી મંગાવવામાં આવી. આખા ગામની સ્ત્રીઓ અને જોવા એકઠી થઇ ગઇ. અનુયા એની સાસુના પગે પડી બોલી – ''મા, બોલ્યું ચાલ્યું માફ કરજો. મને તો થતું હતું કે અહીં જ રહું પણ ભગવાનને એ મંજુર ન હતું.''

આટલું કહેતાં તો એ બોલતી બંધ થઇ ગઇ.

એની સાસુ કરુણાથી વિહવળ થઇ ઊઠી. કહ્યું – ''બેટા, જ્યાં જાય ત્યાં સુખી રહે. અમારું નસીબ જ ફૂટેલું, નહીં તો તારે આ ઘરમાંથી શા માટે બીજે જવું પડે? આ તારો દિયેર હજુ બહુ નાનો છે. નહીં તો બગડેલી

બાજી સુધારી શકાત. તારું મન ગોઠતું હોય તો તું એને પાળી પોષીને મોટો કર્ય, ઉંમર લાયક થશે એટલે હું તમારાં લગ્ન કરાવી આપીશ.''

આમ કહી નાના દિકરા વાસુદેવને પૂછ્યું – ''બેટા, ભાભી સાથે તું લગ્ન કરીશ?''

વાસુદેવ પાંચ વર્ષનો હતો. એના વિવાહની વાત ચાલતી હતી. તેણે કહ્યું – ''પછી ભાભી બીજે ઘેર નહીં જાયને, મા?''

''તું લગ્ન કરું તો પછી બીજે ક્યાં જાય?''

''તો તો મા, હું લગ્ન કરીશ ભાભી સાથે.''

''તો પૂછ એને, એ તારી સાથે પરણશે?''

વાસુદેવ અનુયાના ખોળામાં જઇને બેસી ગયો. પૂછ્યું – ''ભાભી, મારી સાથે લગ્ન કરશો?''

અનુયાની આંખોમાં આંસુ ઊભરાયાં. એણે વાસુદેવને છાતીએ વળગાડતાં કહ્યું – ''મા, ખરેખર દિલથી કહો છો તમે?''

સાસુએ કહ્યું – ''એ તો ભગવાન જાણે છે.''

અનુયા બોલી – ''તો આજથી આ મારા થઇ ગયા જ સમજો.''

''આખા ગામની સાક્ષીએ કહે છે ને તું વહુ?''

''હા મા, ભાઇને કહો કે એ ઘેર પાછા જાય. હવે હું એમની સાથે નહીં જાઉં.''

અનુયાને જીવવા માટે કોઇક આધારની જરૂર હતી. એ આધાર આજે એને મળી ગયો હતો.

અનુયાએ વાસુદેવને ઊછેરવામાં મન પરોવ્યું. એ એને નવડાવતી ધોવડાવતી. હાથે કોળિયા ભરાવી ખવડાવતી. ખેતરમાં જતી તો પણ એને સાથે જ લઇ જતી. થોડા દિવસમાં જ વાસુદેવ અનુયા સાથે એવો હળી ગયો કે હવે એના વિના ક્ષણવાર પણ રહેતો નહીં. એ માને ભૂલી ગયો. ભૂખ





લાગતી તો એ અનુયા પાસે ખાવાનું માગતો. કોઇ મારતું ત્યારે એ ઘેર આવી અનુયાને ફરિયાદ કરતો. અનુયાની સાથે જ એ સૂઇ રહેતો. વાસુદેવ માટે અનુયા સર્વસ્વ હતી.

ગામલોકો અનુયાની પ્રેમતપસ્યા જોઇ મોંમાં આંગળાં નાખવા લાગ્યાં. પહેલાં તો કોઇને એના પર વિશ્વાસ આવતો ન હતો. કોઇક કહેતું કે વરસ બે વરસમાં જ કંટાળીને કોઇકની સાથે ચાલી જશે. પણ હવે એવી શંકા કરવાનો કોઇ અર્થ ન હતો. અનુયા એના વ્રતમાંથી જરા સરખી પણ વિચલિત થાય એમ ન હતું. જેના જીવનમાં સ્વાધીન સેવાનું ઝરણું વહેતું હોય એના જીવનમાં વાસનાઓ ક્યાંથી ટકી શકે! વાસનાઓનો ઘા તો નિર્મમ, આશાહીન અને આધારહીન લોકો પર થાય છે.

વાસુદેવને પણ કસરતનો શોખ હતો. એનો ચહેરો મથુરાને મળતો આવતો હતો. શરીર પણ એવું જ મજબૂત હતું. એણે અખાડો ગજવી મૂક્યો અને એનો પાવો ચારે દિશામાં સૂર છેડવા લાગ્યો.

આમને આમ તેર વર્ષ વીતી ગયાં. વાસુદેવ અને અનુયાના લગ્નની તૈયારીઓ થવા લાગી.

પણ હવે અનુયા પહેલાંની અનુયા ન હતી. ચૌદ વર્ષ પહેલાં અનુયાએ વાસુદેવને પતિભાવથી જોયો હતો. આજે હવે એ સ્થાન માતૃભાવે લીધું હતું. કેટલાક દિવસોથી એ ઘેરી ચિંતામાં ડૂબી ગઇ હતી. જેમ જેમ સગાઇનો દિવસ નજીક આવતો હતો તેમ તેમ એનું હૈયું કોચવાતું હતું. જેને પુત્રની જેમ પાળી પોષીને ઊછેર્યો હોય એને પતિ બનાવતાં એને શરમનો અનુભવ થયો હતો.

ઘરના આંગણે ઢોલ ઢબકી રહ્યો. સમાજના લોકો એકઠા થયા હતા. આજે અનુયા વાસુદેવની સગાઇ થવાની હતી.

અનુયાએ જઇને સાસુને કહ્યું – ''મા હું તો શરમની મારી મરી જાઉં છું.''

સાસુએ ભોંય ખોતરતાં કહ્યું – ''શું કહ્યું બેટા?''

"હું વાસુદેવ સાથે લગ્ન નહીં કરું."

"કેવી ગાંડી વાત કરે છે, દિકરી? સગાઈની બધી તૈયારીઓ પણ થઇ ગઇ છે. લોકો જાણશે તો શું કહેશે?"

અનુયાએ દ્રઢતાથી કહ્યું – "લોકોને જે કહેવું હોય એ કહે. પણ જેના નામ પર ચૌદ વરસ બેસી રહી હતી, એના નામ પર હવે વધારે સમય બેસી રહીશ. મને લાગતું હતું કે પુરુષના સહારા વિના સ્ત્રીનું જીવવું શક્ય નથી. પણ ઈશ્વરે મારી આબરૂ સાચવી છે. યુવાનીનાં વર્ષો વીતી ગયાં પછી હવે શી ચિંતા? વાસુદેવની સગાઇ કોઇ યોગ્ય છોકરી શોધી કાઢીને કરી દ્યો. મેં તો આજ સુધી જેમ એને પાળ્યો પોષ્યો છે તેમ હવે હું એનાં બાળકોને પાળી પોષી ઊછેરીશ."



# એક આંચની કસર !

આખા નગરમાં શ્રીમાન યશોદાનંદની વાહ વાહ થઇ રહી હતી. એમની કીર્તિ ચોમેર ફેલાયેલી હતી. છાપાંઓમાં એમની આલોચના થતી મિત્રોના પ્રશસ્તિપત્રોનો તો કોઇ પાર ન હતો. ઠેરઠેર ચર્ચા થતી હતી આને સમાજસેવા કહેવાય! ઊંચા વિચારો ધરાવનાર વ્યક્તિનાં કાર્યો આવાં જ હોય છે! શ્રીમાને શિક્ષિત સમાજનું મસ્તક ઉન્નત કરી દીધું હતું. હવે કોઇ કેહશે કે આપણા નેતાઓ માત્ર વાતોનાં વડાં કરવામાં જ પાવરધા છે, કામ કરવામાં નહીં? એમણે ધાર્યું હોત તો એમના દીકરા માટે લગ્નના દહેજમાં ઓછામાં ઓછા વીસ હજાર રૂપિયા મેળવી શક્યા હતો. પણ લાલા સાહેબે સિદ્ધાંત આગળ ધનની લેશમાત્ર પરવા કરી નહીં.એને દહેજમાં એક પાઈ પણ લીધા વિના દિકરાનાં લગ્ન કરી દીધેલાં. વાહ રે વાહ! નસીબ હો તો આવું હજો! સિદ્ધાંતપ્રેમ હો તો આવો હોજો! આદર્શ પાલન હો તો આવું હો! આજ સુધી જે કોઇએ કરી બતાવ્યું ન હતું તે તેં કરી બતાવ્યું! એમે ગૌરવથી તારી સામે અમારાં મસ્તક ઝુકાવીએ છીએ.

યશોદાનંદના બે પુત્રો હતા. મોટો દિકરો ભણીગણીને તૈયાર થઇ ગયો હતો. એનાં લગ્ન થઇ ગયાં હતાં. આજે ચાંલ્લાની વિધિ થવાની હતી, શાહજહાંપુરના શ્રીમાન સ્વામીદયાળ ચાંલ્લો લઇ આવવાના હતા. શહેરના પ્રતિષ્ઠિત સજ્જનોને નિમંત્રણ આપવામાં આવ્યાં હતાં. લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. સારી એવી મહેફિલ જામી હતી. જમણવારની તૈયારીઓ થઇ ગઇ હતી. મિત્રો યશોદાનંદને વધાઈ આપતા હતા.

એક શ્રીમાને કહ્યું – "તમે તો કમાલ કરી દીધી!"

બીજા સજ્જન બોલ્યા – ''અરે, પતાકા ફરકાવી દીધી એમણે તો એમ કહો. આજ સુધી તો સૌએ એમને મંચ પર વ્યાખાન આપતાં જ જોયેલા. કામ કરવાની વેળા આવે ત્યારે લોકો મોં સંતાડતા હતા.''

ત્રીજાએ વાતમાં ઝૂકાવ્યું – ''કેવાં કેવાં બહાનાં બતાવે છે લોકો? કહેશે કે મને તો દહેજપ્રથા સામે નફરત છે, પણ એની મા માનતી નથી. તો વળી કોઈ બાપને નિમિત્ત બનાવે છે. કોઈક બીજું બહાનું શોધી કાઢે છે.''

ચોથા સજ્જન બોલ્યા – ''અરે, કેટલાક તો એવા બેશરમ હોય છે કે ફટ કરતાકને કહી દે છે કે, ભાઈ! અમે છોકરાને ભણાવતાં ગણાવતાં ઘણાય પૈસા ખર્ચ્યા છે. એનું વળતર તો મળવું જોઈએ ને? જાણે રૂપિયા બેંન્કમાં જમા ના કરાવ્યા હોય!''

પાંચમાં સજ્જને વાતમાં ઝૂકાવતાં કહ્યું – ''હું તો ખૂબ સમજાવી રહ્યો છું. આપ લોકો મને છાંટા ઊડાડો છો. એમાં છોકરાના બાપનો જ દોષ છે કે, છોકરીના બાપનોય થોડો ઘણો દોષ ખરો કે નહીં?''

''છોકરીના બાપનો જો કોઈ દોષ હોય તો એ માત્ર એ જ કે એ છોકરીનો બાપ છે.''

''છોકરીઓનું સર્જન કરનાર ઈશ્વરનો જ બધો દોષ છે.''

''એ તો કેમ કહેવાય. દોષ નથી વરપક્ષનો કે નથી કન્યાપક્ષનો. બંન્નેનો સરખો દોષ. છોકરીનો બાપ કશું આપે જ નહીં તો પછી ફરિયાદ કરવાનો એને શો અધિકાર કે છાબ કેમ ના લાવ્યા, સુંદર વસ્ત્રો કેમ ના લાવ્યા, વાજાં અને દારૂખાનાની વ્યવસ્થા કેમ ના કરી? બોલો.''

''આપનો પ્રશ્ન વિચારવા જેવો ખરો. મારા માનવા પ્રમાણે આ સ્થિતિમાં છોકરાના બાપને આવી ફરિયાદ નકરવી જોઈએ.''

''એટલે એમ કે દહેજપ્રથાની સાથે સાથે છાબ, વસ્ત્રો, વાજાં, દારૂખાનું વગેરે ની પ્રથા પણ ત્યાજ્ય સમજવી? માત્ર દહેજ અટકાવવાના પ્રયત્નો કરવા વ્યર્થ છે.''



યશોદાનંદે કહ્યું – ''આ દલીલ પણ પોકળ છે.મેં દહેજ લીધું નથી એનો અર્થ એમ કે મારે પણ કન્યા માટે વસ્ત્રાભૂષણો ન લઈ જવાં?''

એક જણે કહ્યું – ''આપની વાત જુદી છે, શ્રીમાન! આપ આપને અમારી હરોળમાં શું કામ મૂકો છો? આપનું સ્થાન તો દેવોની સાથે છે.''

બીજા સજ્જન બોલ્યા – ''વીસ હજારની રકમ છોડી દીધી? શું વાત છે?''

યશોદાનંદે કહ્યું – ''આપણે કદી સિદ્ધાંતોનો છોડી દેવા જોઈએ નહીં. સિદ્ધાંતની પાસે પૈસાની કોઈ કિંમત નથી. દહેજના કુરિવાજ પર મેં ક્યારેય વ્યાખ્યાન આપ્યું નથી. કોઈ નોંધ પણ કરી નથી. હા, સભામાં એ અંગેની દરખાસ્તને અનુમોદન આપી ચૂક્યો છું. એટલે જ હું એ પ્રસ્તાવને વળગી રહ્યો છું. એ પ્રસ્તાવનો ભંગ કરવા ઈચ્છું તો પણ કરી ના શકું. સાચું કહું છું, આ રૂપિયા લઈ લઉં તો મને એટલી માનસિક વેદના થાય કે એના આઘાતમાંથી હું બચી પણ ના શકું.''

એક સજ્જને કહ્યું – ''જો સભામાં આપને સભાપતિ ના બનાવાય તો ઘોર અન્યાય થયો ગણાય.''

''મેં તો મારી ફરજ નીભાવી. એની કદર થાય કે ના થાય, મને કોઈ ફિકર નથી.''

એટલામાં સ્વામીદયાલ આવ્યાની ખબર મળી. એમના સત્કારની તૈયારીઓ થવા લાગી. એમને યોગ્ય આસન પર બેસાડ્યા પછી ચાંલ્લાની વિધિ શરૂ થઈ. એક પતરાળામાં શ્રીફળ, સોપારી, પાન, ચોખા, વગેરે વસ્તુઓ મૂકી વરની સામે ધરવામાં આવ્યાં. બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર કર્યો. હવનની વિધિ સંપન્ન થઈ. વરના ભાલપ્રદેશ પર કુંકુમ તિલક થયું. સ્ત્રીઓએ મંગલાચરણ ગાવાનું શરૂ કર્યું. આ તરફ યશોદાનંદે એક પાટ પર ઊભા થઈ દહેજપ્રથા વિરુદ્ધ ભાષણ આપવાનું શરૂ કર્યું. વ્યાખ્યાન લખીને અગાઉથી તૈયાર કરવામાં આવ્યું હતું. એમણે દહેજની ઐતિહાસિક સમજ આપી હતી.

"જૂના સમયમાં દહેજનું નામ નિશાન ન હતું. સજ્જનો! દહેજને કોઇ ઓળખતું પણ ન હતું. બાદશાહતના સમયમાં આ કુપ્રથાની પાયાની ઇંટ ચંપાઇ. આપણા યુવાનો સૈન્યમાં સામેલ થવા લાગ્યા. તેઓ વીર હતા. સૈન્યમાં ભરતી થવાનું એમને અભિમાન હતું. માતાઓ એમના પ્યારા બેટાઓને પોતાના હાથે શસ્ત્રો આપી રણભૂમિમાં મોકલતી હતી. આથી યુવાનોની સંખ્યા ઉત્તરોત્તર ઘટવા લાગી. છોકરાઓની અછત વરતાવાથી મોલ તોલની શરૂઆત થઇ. આજે એવો સમય આવ્યો છે કે મારી આ તુચ્છ સેવા અંગે છાપામાં નોંધ થવા લાગી છે. જાણે મેં કોઇ ઉલ્લેખનીય કામના કર્યું હોય! આપણે જો આ જગતમાં જીવતા રહેવું હોય તો આ કુરિવાજોને દફનાવી દેવો પડશે."

એક સજ્જને શંકા કરી – "એનો અંત આણ્યા વગર જ આપણે બધા મરી જઇશું?"

યશોદાનંદે કહ્યું – "તો તો પૂછવું જ શું હતું. લોકોને શિક્ષા જ થાય, અને એમ થવું જ જોઇએ. ઇશ્વરનો એ અત્યાચાર છે કે આવા લોભી, ધનપટુ, સ્ત્રીઓનો વેપાર કરનારા અને સંતાન વિક્રય કરનારા નરાધમ લોકો જ આજે જીવતા છે અને સુખી છે. સમાજ એમનો તિરસ્કાર નથી કરતો." વગેરે વગેરે...

પ્રવચન લાંબુ અને હાસ્ય સભર હતું. લોકોએ એમની ખૂબ વાહ વાહ કરી. પ્રવચન પૂરું કર્યા બાદ તેમણે તેમના છ સાત વર્ષની ઉંમરના નાના દિકરા પરમાનંદને મંચ ઉપર ઊભો કર્યો. એમણે એને પણ એક નાનકડું ભાષણ લખીને આપ્યું હતું. એમને તો એ બતાવી આપવું હતું કે એમના કૂળનો એક નાનો છોકરો પણ કેટલો કુશાગ્ર બુદ્ધિનો છે! સભામાં બાળકો પાસે વ્યાખ્યાન અપાવવાની પ્રથા હતી જ તેથી કોઇને ખાસ નવાઇ લાગી નહીં. બાળક ઘણો સુંદર, હોનહાર, હસમુખો અને ચપળ હતો. હસતો હસતો એ મંચ પર આવ્યો અને ગજવામાંથી કાગળ કાઢી વાંચવા લાગ્યો

"પ્રિય બંધુવર,

નમસ્કાર!





આપના પત્રથી જણાય છે કે આપને મારા પર વિશ્વાસ નથી. ઇશ્વરની સાક્ષીએ હું જણાવું છું કે નિર્દિષ્ટ ધન આપની સેવામાં કોઇને ગંધ સરખી પણ ના જાય એ રીતે પહોંચી જશે. હા, એક જિજ્ઞાસા કરવાની ધૃષ્ટતા કરું છું. આ વ્યાપારને ખાનગી રાખવાથી આપને જે સમ્માન અને પ્રતિષ્ઠાલાભ થશે, તથા મારા નજીકના બંધુજનોમાં મારી જે નિંદા કરવામાં આવશે એ સંબધી મારી સાથે કેવો વ્યવહાર થશે? મારો નમ્ર પણે અનુરોધ છો કે પચીસમાંથી પાંચ કાઢીને મારી સાથે ન્યાય કરવામાં આવે.

શ્રીમાન યશોદાનંદ મહેમાનોને ભોજન પીરસવાનો આદેશ આપવાની તૈયારીમાં હતા ત્યાં જ એમને કાને શબ્દો પડ્યા – "પચીસમાંથી પાંચ કાઢીને મારી સાથે ન્યાય કરવામાં આવે." એમનો ચહેરો પીળો પડી ગયો. ઊતાવળા ઊતાવળા દિકરા પાસે દોડી ગયા એ. એના હાથમાંથી કાગળ આંચકી લેતાં કહ્યું – "નાલાયક! આ શું વાંચી રહ્યો છે? આ તો કોઇક વકીલનો કાગળ છે. એમણે એ એક કેસ બાબતમાં લખ્યો હતો એ. તું ક્યાંથી ઊઠાવી લાવ્યો આ કાગળ? શેતાન, જો જઇને પેલો મેં લખી આપ્યો હતો એ કાગળ લઇ આવ."

એક સજ્જને રહ્યું – "વાંચવા દો એને શ્રીમાન. એ લખાણમાંથી જે આનંદ મળે છે એ બીજેથી નહીં મળે."

બીજાએ કહ્યું – "છાપરે ચઢીને બોલે એનું નામ જ જાદું."

ત્રીજાએ કહ્યું – "હવે બંધ કરો આ જલસો. હું તો આ ચાલ્યો."

ચોથાએ જણાવ્યું – "આપણેય આ ચાલ્યા."

યશોદાનંદે એમને અટકાવતાં કહ્યું – "બેસો, બેસો, પતરાળાં મૂકવામાં આવી રહ્યાં છે."

એક સજ્જને પરમાનંદને પાસે બોલાવતાં કહ્યું – "અહીં આવ પરમાનંદ બેટા. આ કાગળ તારા હાથમાં ક્યાંથી આવ્યો?"

પરમાનંદે જણાવ્યું – "પિતાજીએ લખીને એમના મેજના ખાનામાં મૂક્યો હતો. મને એમણે જ કહ્યું હતું કે એ પત્ર મારે વાંચવો. હવે અમથા ખિજાય છે મારા પર એ."

યશોદાનંદે આવેશમાં આવી કહ્યું – "તે આ કાગળ હતો, સુવ્વર? એ કાગળ તો મેં મેજ ઉપર જ મૂક્યો હતો. પણ તેં આ કાગળ મેજના ખાનામાંથી શા માટે કાઢ્યો?"

"કાગળ મને મેજ ઉપરથી ના જડ્યો એટલે." પરમાનંદે કહ્યું.

"તો તારે મને કહેવું હતું ને? ખાનું શું કામ ઊઘાડ્યું? આજે તારી એવી ખબર લઇ નાખું છું કે આખો જ જન્મારો યાદ કરીશ." પરમાનંદે કહ્યું.

એક સજ્જન બેલ્યા – "આ આકાશવાણી છે."

બીજાએ કહ્યું – "ભાઇ, આનું નામ જ નેતા."

ત્રીજા સજ્જને કહ્યું – "શરમ આવવી જોઇએ. નેતાગીરી ત્યાગથી મળે છે, ધોખાબાજીથી નહીં."

ચોથો બોલ્યો – "મળી તો હતી, પણ એક આંચની કસર રહી ગઇ."

પાંચમાએ પ્રતિભાવ આપ્યો – "ઇશ્વર પાખંડીઓને આવી જ સજા કરે છે."

આમ કહેતા કહેતા લોકો ઊભા થયા. યશોદાનંદને સમજાઇ ગયું કે ભંડો ફૂટી ગયો હતો. હવે રંગ નહીં જામે. વારંવાર પરમાનંદ ભણી એ લાલચોળ આંખો એ તાકના હતા. અને ડંડો ઊગામતા. મનમાંને મનમાં સમસમીને વિચારતા – "શેતાને આખી હાથમાં આવેલી બાજી બગાડી નાખી. મોંઢા પર મેંશ ચોપડી દીધી. મને ભરી સભામા જ નીચા જોયું કરાવ્યું."

જતાં જતાં રસ્તામાં એમના મિત્રવર્ગમાં ચર્ચા થતી હતી –

એક – "ઇશ્વરે જબરી લપડાક મારી મોંઢા ઉપર. હવે બહાર મોં બતાવવા જેવું જ નહીં રહે."



બીજા – "મને નવાઇ લાગે છે કે આવા આવા શ્રીમંત અને આબરૂદાર માણસો આટલા હલકટ હોય છે! લેવું હોય તો જગજાહેર લ્યો ને! કોણ હાથ ઝાલે છે? આ તો માલેય ખાવો છે ને માનેય મેળવવું છે."

ત્રીજો – "દગાબાજનું મોં કાળું."

ચોથો – "યશોદાનંદ ઉપર તો મને દયા આવે છે. બિચારાએ એટલી બધી લુચ્ચાઇ કરી તોય એનું પોલ ઊઘડી ગયું. બસ, એક આંચની કસર રહી ગઇ."

# મમતાનો પોકાર

માધવી બે સહારા થઇ ગઇ હતી. એને મદદ કરનાર કોઇ ન હતું. નિરાધાર સ્થિતિમાં નિર્ધન ઘરમાં રડી રડીને એ જીવી રહી હતી એના અંધકારમય જીવનમાં આશાનું કોઇ કિરણ ઉગે એમ લાગતું ન હતું. પતિના અવસાનને બાવીસ વર્ષ વીતી ગયાં હતાં. ઘરમાં ખાવાને કોળિયો ધાન ન હતું. ન હતો એની પાસે કાણો પૈસોય આવી વિષમ પરિસ્થિતિમાંય એણે એના દિકરાને પાળી પોષીને ઊછેર્યો હતો. એ ભવિષ્યના જીવનની પ્રબળ આશા સમા જુવાનજોધ દિકરાને આજે એના હાથમાંથી છીનવી લેવામાં આવ્યો હતો. મોત કુદરતી આવ્યું હોય તો તો ગમે તેમ કરીને મન મનાવી શકાય. કારણ કે મૃત્યુ આગળ કોઇનું કઇ ચાલતું નથી. પણ સ્વાર્થી માણસોએ અંગત હિત માટે માધવીના દિકરા પર અસહ્ય અત્યાચાર ગુજાર્યો હતો. એ અત્યાચારીઓ પાસે જઇ બદલો લેવાની તીવ્ર ભાવના એના મનમાં જન્મતી હતી.

માધવીના એ પુત્રનું નામ હતું. આત્માનંદ. એનામાં નામ પ્રમાણે ગુણ હતા. માધવીના વિધવા જીવનનો એક માત્ર આધાર, મૃત પતિનું એક માત્ર સ્મૃતિચિહ્ન, જિંદગી આખીની કમાણી. આવો દિકરો જેલમાં બંદી બની યાતનાઓ સહી રહ્યો હતો. એનો શો ગુનો હતો એવો? ગુનો જોવા જઇએ તો કોઇ જ નહીં. આખા મહોલ્લાનો એ લાડકો હતો. શાળામાં શિક્ષકોનો અતિપ્યારો. મિત્રોમાં પણ મનગમતો. આજ સુધી એના તરફની કોઇ ફરિયાદ સાંભળવામાં આવી હોય એવું યાદ નથી. એટલો જ સજ્જન, સહૃદયી અને પરમાર્થી! કોઇક ભાગ્યવાન માતાની કુખે જ આવું રત્ન જન્મે! આવો યુવાન શી રીતે જેલમાં જવા યોગ્ય હોઇ શકે! એનો કોઇ ગુનો હોય





તો તે એ જ કે એને ગરીબો પ્રત્યે દયા હતી, સહાનુભુતિ હતી. એ દુઃખીઓની સેવા કરવા સદા તત્પર રહેતો હતો. તો શું સેવા અને પરોપકાર એ ગુનો છે?

કમનસીબે માણસને જેલમાં ધકેલી દેનાર તમામ સદ્‌ગુણો એનામાં હતા. એ નીડર, સ્પષ્ટવક્તા, સાહસિક, રાષ્ટ્રપ્રેમી અને નિઃસ્વાર્થ હતો. એ એની સેવા પરાયણતા, કર્મઠતા, એનાં વ્યાખ્યાનો અને સમાચારપત્રોમાં પ્રગટ થતા રાજનૈતિક લેખોને લીધે સરકારી કર્મચારીઓમાં આંખનો કણો થઇ ખૂંચતો હતો. પોલીસખાતું પણ એના પર નજર રાખતું હતું. ક્યારે લાગ આવે એની ઉપરથી નીચે સુધી સૌ રાહ જોતા હતા. આખરે એક ધાડના ગુના સબબ પોલીસ ખાતાને જોઇતો અવસર મળી ગયો.

આત્માનંદના ઘરની જડતી લેવામાં આવી. પોલીસની દ્રષ્ટિએ વાંધાજનક ગણાય એવા થોડાક પત્રો અને લેખો હાથ લાગ્યા. એ પત્રોના લખાણમાં પોલીસને ધાડનું મૂળ જણાયું. લગભગ વીસેક જણની ધરપકડ થઇ. આત્માનંદને પોલીની નજરોએ ટોળકીનો નાયક ઠેરવ્યો. સાક્ષી જામીન લેવાયા, નામમાત્રની લાલચે સારમાં સારા જામીન મળી શકે છે અને પોલીના પંજામાં ગયા પછી તો અધમમાં અધમ જુબાનીઓ દૈવવાણીનું મહત્ત્વ પામી જાય છે. લગભગ એકાદ મહિનો કેસ ચાલ્યો. તમામ આરોપીઓને ગુનેગાર ઠેરવવામાં આવ્યા. દરેકને નાની મોટી સજા થઇ. આત્માનંદને સૌથી વધારે સખત એવી આઠ વર્ષની કેદની સજા થઇ.

માધવી દરરોજ કોર્ટમાં જતી હતી. એક ખૂણામાં ગુમસુમ બેઠી બેઠી એ કેસની કાર્યવાહી જોયા કરતી. આત્માનંદને સજા સંભળાવવામાં આવી અને પોલીસો એને કેદ પકડીને લઇ ચાલ્યા ત્યારે માધવી બેહોશ બની ઢળી પડી. એક બે સદ્‌ગૃહસ્થોએ લાગણીથી પ્રેરાઇને એને એક ઘોડાગાડીમાં બેસાડી દઇ ઘર તરફ રવાના કરી દીધી. પણ ભાનમાં આવ્યા પછી એની પીડા વધી ગઇ. એને છાતીમાં જાણે શૂળ ફુટતું હતું. એ ધીરજ ગુમાવી બઠી હતી. ઘોર આત્મવેદનાની એ અસહ્ય મનોશારીરિક દશામાં હવે એની આંખો સામે એક જ લક્ષ્ય હતું અને તે આ પાશવી અત્યાચારનો બદલો.

આજ સુધી તો માધવીના જીવનનો એક માત્ર આધાર એનો દિકરો હતો. પણ હવે એના જીવનનો આધાર બની ગયો હતો, શત્રુઓ સાથેના વેરનો બદલો લેવો તે. દિકરા પરના અત્યાચારનો બદલો લેવાની એક માત્ર એના જીવનની આશા હતી. પોતાને પોસ પોસ આંસુએ રડાવનાર નર પિશાચ બાગચીને એ રડાવવા ઇચ્છતી હતી. કોમળ હૃદયની સ્ત્રી પ્રતિકૂળ પરિસ્થિતિમાં રણચંડી બની ગઇ હતી.

રાત વીતતી જતી હોવા છતાં માધવી ઊઠવાનું નામ લેતી ન હતી. બદલાની ભાવનાના આવેશમાં એ શુધ બુધ ગુમાવી બેઠી હતી. એ કઇ રીતે બદલો લેવો એ વિચારતી રહી હતી માધવી. આજ સુધી એ ઘરેથી ક્યારેય બહાર નીકળી ન હતી. વૈધવ્યનાં બાવીસ વર્ષ ઘરમાં ને ઘરમાં વ્યતીત થઇ ગયાં હતાં. હવે એણે ઘરની ચાર દિવાલો ભેદી બહાર નીકળવાનો સંકલ્પ કરી લીધો હતો. એ માટે એ ભિખારણ બનવા તૈયાર હતી. જૂઠું બોલવા તૈયાર હતી તથા ગમે તેવું દુષ્કૃત્ય કરવા પણ તૈયાર હતી. એને સમજાતું હતું કે હવે સત્કર્મને આ સંસારમાં સ્થાન નથી . ઇશ્વર ભલે અત્યાચારીઓને કોઇ સજા ના કરી શકતો હોય પણ એતો પાપીઓને સજા કરવા તૈયાર થઇ હતી.

સંધ્યા સમયે લખનૌના એક વૈભવી બંગલામાં મિત્રોની મહેફિલ જામી હતી. નાચ ગાન થઇ રહ્યાં હતાં. દારૂખાનું ધણધણી રહ્યું હતું. બીજા એક મોટા ઓરડામાં ટેબલ ઉપર ભોજનની વ્યવસ્થા ગોઠવાઇ હતી. ચારેબાજુ પોલીસના માણસો નજરે પડતા હતા. આ પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ મિ.બાગચીનો બંગલો હતો. એમણે ઘણા દિવસે એક મહત્ત્વના મુકદ્દમામાં જીત મેળવી હતી. એ વિજયની ખુશાલીમાં આજે મહેફિલ મંડાઇ હતી. આવા ઉત્સવોની તો અહીં ખોટ ન હતી. મફતમાં નાચગાન કરનારા મળી જતા. મફતનું દારૂખાનું મળતું. મિઠાઇઓ અને ફળફળાદિય બજારમાંથી મફત આવતાં. જે કેસમાં બનાવટી સાક્ષીઓના જોરે નિર્દોષ યુવાનોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા તે કેસમાં વિજય મળ્યાની ખુશાલીમાં અહીં મિજબાની ચાલતી હતી.

ગાવાનું બંધ થઇ ગયું. નોકર ચાકરો મેવા મિઠાઇ અને ફળફળાદિ મૂકી નિરાશ થઇ મનમાં ને મનમાં ગાળો દેતા ચાલ્યા ગયા હતા. બધા ભોજન લેવા ગોઠવાયા હતા. પણ બંગલાના દરવાજે ડોસી હજુ પણ બેસી



રહી હતી. તે મજૂરોની જેમ કામ કરતી ન હતી. એ આજ્ઞા પ્રમાણે દોડી દોડીને હુકમ બજાવતી હતી. એ સ્ત્રી બીજી કોઇ નહીં, માધવી હતી. મજૂરણ બાઇનો લેબાશ સજીને એ અત્યારે અહીં એનો સંકલ્પ પૂરો કરવા આવી હતી.

મહેફિલ પૂરી થઇ. મહેમાનો ચાલ્યા ગયા. ભોજનનો સામાન સમેટાઇ ગયો. ચારે બાજુ શાંતિ છવાઇ ગઇ. પણ માધવી હજુ પણ ત્યાંથી ઊઠી ન હતી.

ઓચિંતા મિ.બાગચીએ પૂછ્યું – ''એ ડોસી! તું શું કામ બેસી રહી છે? તને ખાવાનું મળ્યું કે નહીં?''

''હા, હજુર. મળી ગયું.''

''તો જાને અહીંથી. બેસી શું કામ રહી છે?''

''સરકાર! ક્યાં જાઉં? મારે ઘરબાર તો છે નહીં! આપની આજ્ઞા હોય તો અહીં જ પડી રહું. બસ, એકાદ રોટલો મળશે તોય ઘણું. બનશે એટલું હજુરનું કામ કરીશ.''

''નોકરી કરીશ?''

''એવું તો ઇચ્છું છું સરકાર! નોકરી આલશો તો એય કરીશ.''

''છોકરાને સાચવતાં, રમાડતાં આવડશે?''

''સરકાર, એ તો મને ભાવતું કામ કહેવાય.''

''ઠીક! તો આજથી જ તું અહીં રહી જા. જા, ઘરમાં જા. અને જે કામ બતાવે એ કામ કરવા માંડ.''

એક મહિનો પસાર થઇ ગયો. માધવીના કામથી ઘરનાં બધાં એના પર પ્રસન્ન છે. માલકણનો સ્વભાવ આકરો ખરો. વાતવાતમાં નોકરો ઉપર ચીઢાઇ જાય. પણ માધવી એના ગુસ્સાનેય સહી લેતી હતી હસતાં હસતાં. માધવી મહેણાં ટોણાનાં મારની અસર એના મોં પર વરતાવા દેતી ન હતી.

મિ.બાગચીની પત્નીએ આમ તો ઘણા દિકરાઓને જન્મ આપ્યો હતો. પણ એ બધામાંથી આ સૌથી છેલ્લો જન્મેલો દિકરો જ જીવતો રહ્યો હતો. આ બાળક માધવી સાથે એટલું હળીમળી ગયેલું કે માધવીના ખોળામાંથી ઘડીવાર માટેય ખસવાનું નામ ના લે. એક ક્ષણ પણ માધવી દેખાય નહીં તો રડી રડીને જાણે એ જીવ કાઢી નાખે! એ માધવી સાથે જ રમતો. સૂતો પણ એની સાથે. એ ખવડાવે તો ખાય અને પીવડાવે તો પીવે. જાણે માધવી જ એની દુનિયા, માધવી જ એનું સર્વસ્વ! છોકરો બાપને તો પરદેશી અજાણ્યા માણસ જેવા સમજતો કારણ કે ઘરમાં એ ભાગ્યે બે કલાક જોવા મળતા. મા આગળ એ બીજા નોકર ચાકરોની પાસે જતાંય ડરતો માધવી બાગચીના દિકરાને ચાહતી હતી. દિકરો માધવીને ચાહતો હતો.

માધવી તો મિ.બાગચીના ઘરનો વૈભવ જોઇ અંજાઇ ગઇ હતી. એને એમ કે અહીં ધનના ઢગલા થતા હશે. પણ અહીં રહ્યા પછી એણે જોયું કે માંડ માંડ મહિનાનું ખર્ચ પૂરું પડતું હતું. નોકરો પાસેથી પાઇ પાઇનો હિસાબ લેવાતો હતો. ઘણીયે વસ્તુઓ વગર ચલાવી લેવામાં આવતું હતું. એક દિવસ માધવીએ કહ્યું – ‘‘છોકરાને માટે ગાડી કેમ લાવવામાં આવતી નથી? ખોળામાં ને ખોળામાં તો એનો વિકાસ રૂંધાઇ જાય છે.’’

શ્રીમતી બાગચીએ કઠોરતાથી કહ્યું – ‘‘ક્યાંથી મંગાવું? ઓછામાં ઓછા ૫૦-૬૦ રૂપિયાનો ખર્ચ થાય. એટલા બધા રૂપિયા લાવવા ક્યાંથી?’’

માધવીએ કહ્યું – ‘‘માલિકણ! તમેય આવું જ બોલશો, મા થઇને?’’

‘‘સાચું કહું છું, બાઇ! તારા શેઠની પહેલીવારની પત્નીથી જન્મેલી બીજી પાંચ દિકરીઓ પણ છે. એ બધી અલ્હાબાદની શાળામાં ભણે છે અત્યારે. મોટી ૧૫-૧૬ વર્ષની છે. અડધી આવક તો ત્યાં જતી રહે છે અને વરસ બે વરસ બાદ એની સગાઇ પણ કરવી પડશે ને? એ પાંચેયના લગ્નમાં ઓછામાં ઓછા પચીસેક હજાર તો ખર્ચાઇ જશે. એટલા રૂપિયા ક્યાંથી લાવીશું? હું તો ચિંતામાં ને ચિંતામાં મરી જાઉં છું. એ ચિંતાનો જ રોગ છે. બીજી કોઇ બિમારી નથી.’’





‘‘પણ લાંચ રુશ્વત તો મળતી હશે ને?’’

‘‘ડોસી! એવી કમાણીથી શી બરકત આવે? સાચું કહું તો એવી ખોટી કમાણીએ જ અમારી આવી દશા કરી છે. કોણ જાણે અનીતિની કમાણી લોકોને શી રીતે પચતી હશે? મારા ઘરમાં એવી હરામની લક્ષ્મી આવી નથી કે ઘરમાં કોઇને કોઇ નુકસાન થયું નથી.! એક રૂપિયો આવે છે ને બે રૂપિયા લઇ જાય છે. હું તો એમને કહું છું કે હરામનો પૈસો મારા ઘરમાં નહીં ખપે, પણ મારું સાંભળે છે કોણ?’’

દિનપ્રતિદિન માધવીનો બાળક ઉપરનો પ્રેમ વધતો જતો હતો. એનું અહિત કરવાનો અમંગળ વિચાર પણ એ હવે કરી શકતી ન હતી. એ એના સુખે સુખી થતી અને એના દુઃખે દુઃખી હતી. પોતાના સર્વ નાશનો અતીત યાદ આવતાં મિ.બાગચી ઉપર એને પારાવાર ગુસ્સો આવતો હતો. રૂઝાઇ ગયેલો જખમ જાણે ફરી દૂઝી ઊઠતો હતો. આમ છતાં મનમાં કુત્સિત ભાવ જાગતો ન હતો. હવે એને મિ.બાગચીના કુટુંબ ઉપર દયા આવતી હતી. એને વિચાર આવતો હતો કે – ‘‘બિચારો એ એવી કમાણી ના કરે તો બીજું શું કરે! પાંચ પાંચ દિકરીઓનાં લગ્ન શી રીતે કરે! અને એની પત્ની તો બસ જિંદગી આખી માંદીને માંદી. ઓછું હોય એમ બાબુજીને રોજ એક બાટલી દારૂ જોઇએ પાછો! આ ઘર તો છે જ આભાગિયું. જે ઘરમાં પાંચપાંચ કુંવારી છોકરીઓ હોય, દિકરા જન્મી જન્મીને મરી જતા હોય, ઘરની ઘરવાળી સદાય માંદી રહેતી હોય અને ઘરનો ધણી દારૂની લતે ચઢેલો હોય એને ઈશ્વરનો કોપ ના કહેવાય તો બીજું શું કહેવાય! એના કરતાં તો હું અભાગણી સો દરજ્જે સારી છું.’’

ચોમાસામાં કમજોર બાળકોની માંદગી વધી જાય છે. ભેજ અને ગરમીને લીધે તથા વરસાદનાં ઝાપટાં અને પવનના સુસવાટાને લીધે ઉધરસ, તાવ તથા ઝાડા જેવા રોગો થતાં વાર નથી લાગતી. માધવી એક દિવસ એને ઘેર ગઇ હતી. માધવીની ગેરહાજરીમાં શ્રીમતી બાગચીનો દિકરો રડવા લાગ્યો ત્યારે એક નોકરને સોંપતાં એણે કહ્યું – ‘‘આને જરા બહાર ફેરવી આવ. નાકરોએ એને બહાર જઇ લીલા ઘાસ ઉપર બેસાડ્યો. છોકરો તો મેદાન ઉપર ભરાયેલા પાણીમાં છબછબિયાં કરવા લાગ્યો. છોકરો

પાણીમાં રમત કરતો હતો. અને નોકર બેઠો બેઠો લોકો જોડે ગપાટાં હાંકતો હતો. પાણીથી છોકરાનાં કપડાં લદબદ થઇ ગયાં હતાં. પવનના સુસવાટાને લઇ એને ઠંડી ચઢી ગઇ. આ સ્થિતિમાં શરદી થતા વાર શાની લાગે! બે ત્રણ કલાક પછી નોકર છોકરાને લઇ ઘેર પાછો આવ્યો ત્યારે એના નાકમાંથી પાણી ટપકતું હતું. સાંજે માધવી ઘેરથી જ પાછી આવી ગઇ. એણે જોયું તો છોકરો ખૂબ ખાંસતો હતો. મધ્યરાતે એના ગળામાંથી ખરર...ખરર...અવાજ સંભળાવવા લાગ્યો. છોકરાને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી. માધવી તો ગભરાઇ ગઇ. એને થયું – ‘‘છોકરાને શરદી બરદી તો નથી થઇ ગઇને?’’ એણે માલકણને જગાડીને કહ્યું – ‘‘જુઓ, આ છોકરાને શું થઇ ગયું છે? મને લાગે છે કે શરદી થઇ છે!’’

શ્રીમતી બાગચી ગભરાઇ ગઇ. એ સૂતેલી બેઠી થઇ ગઇ. બાળકના ગળામાંથી આવતો ખર્‌ર્‌ર્‌...અવાજ સાંભળીને એના હોશકોશ ઊડી ગયા. એ અવાજથી પરિચિત હતી અને એની ભયંકરતા સમજતી હતી. દુઃખી હૈયે બોલી – ‘‘દેવતા સળગાવ. અજમો લાવ અને એક પોટલી બનાવીને શેક કર. આ નોકરોથી હું વાજ આવી ગઇ છું. આજે છોકરાને નોકર બહાર ફરવા લઇ ગયો હતો. એણે એનું ધ્યાન રાખ્યું લાગતું નથી.’’

આખી રાત બંન્ને જણે છોકરાને અજમાનો શેક કરતી રહી. સવાર થયું. આખરે મિ.બાગચીને જાણ થતાં જ એ ડૉક્ટરને બોલાવવા દોડ્યા. સારું થયું કે તાત્કાલિક સારવાર કરવામાં આવી. ત્રણ દિવસમાં જ છોકરો સારો થઇ ગયો. પણ એનામાં કમજોરી ખૂબ આવી ગઇ હતી. સાચી વાત તો એ હતી કે માધવીની તપશ્ચર્યાએ બાળકનો જીવ બચાવી લીધો હતો. છોકરાનાં મા બાપ સૂઇ જતાં પણ માધવી આખી રાત અપલક નેત્રે બેસી જ રહેતી. ખાવા પીવાનું પણ એને ભાન રહેતું નથી. દિકરાને સાજો કરવા માટે એણે કંઇક દોરા ધાગા કરાવ્યા હતા. કેટલીયે બાધા આખડીઓ રાખી હતી. પોતાના પુત્ર પર આચરવામાં આવેલ અત્યાચારનો બદલો લેવા નીકળેલી માધવી અહીં ઉપકારથી બદલો વાળતી હતી! ઝેર પાવા નીકળેલી એ નાગણ દૂધ પાઇ રહી હતી જાણે! માણસમાં પણ દૈવત્વની પ્રબળતા હોય છે. એનો અનુભવ કરાવી રહી હતી.



સવારનો સમય હતો. મિ.બાગચી દિકરાના પારણા પાસે બેઠા હતા. પત્નીનું માથું દુઃખતું હતું. તેથી તે પલંગ ઉપર સૂઇ રહી હતી. અને માધવી દૂધ ગરમ કરતી હતી. મિ.બાગચીએ કહ્યું – ‘‘ડોસી, અમે જીવીશું ત્યાં સુધી તારો આ ઉપકાર નહીં ભૂલીએ. તેં જ મારા બાળકને જીવતદાન આપ્યું છે.’’

શ્રીમતી બાગચીએ કહ્યું – ‘‘આ બાઇ તો દેવી છે દેવી. એ ના હોત તો શું નું શુંય થઇ જાત! બાઇ મારી એક વિનંતી છે. મરવું જીવવું તો ભાગ્યની વાત છે. હું અભાગણી છું. તારા પુણ્ય પ્રતાપે મારો દિકરો જીવી ગયો છે. મને તો બીક લાગે છે કે ભગવાન એને અમારી પાસેથી ઝૂંટવી ના લે! એટલે આજથી તું એને તારો જ દિકરો જાણજે. અમે તો અભાગી છીએ. કદાચ એ તારો દિકરો થઇને જીવી જાય! આજથી તું જ એની મા છું. તું એને તારે ઘેર લઇ જા. અહીં તો એના માથે રોજ નવીને નવી આફત આવતી રહેશે. તારી મરજી પડે ત્યાં તું એને લઇ જા. તારા ખોળામાં સોંપી દીધા પછી મને એની કોઇ જ ચિંતા રહેશે નહીં. વાસ્તવમાં તું જ એની ખરી મા છું.’’

માધવીએ કહ્યું – ‘‘બાઇ સાહેબ! શું કામ જીવ બાળો છો? ઉપરવાળો સૌ સારાં વાનાં કરશે.’’

મિ.બાગચીએ આગ્રહ કરતાં કહ્યું – ‘‘ના, ના. એમાં કોઇ વાંધો નથી. મનથી તો હું એને પાખંડ સમજું છું. પણ હૃદયથી હું એને દૂર કરી શકતો નથી. મારી માએ મને પણ એક ધોબણને વેચી દીધો હતો. મારા ત્રણ ભાઇ મરી ચૂક્યા હતા. હું બચી ગયો હતો. એનું કારણ મારાં માબાપે મને ધોબણને વેચી દીધો હતો એ હતું. તું મારા બાળકને તારી પાસે રાખીને મોટો કરજે. હું તમામ ખર્ચ તને આપતો રહીશ. ખર્ચની ચિંતા કરીશ નહીં. અમારું મન અકળાશે ત્યારે અમે આવીને જોઇ જઇશું એને. અમને વિશ્વાસ છે કે તું એને સારી રીતે સાચવી શકીશ! અમારો તો ધંધો જ ખરાબ કામો કરવાનો રહ્યો. અમારે હાથે તો નિર્દોષ માણસોય માર્યા જાય છે. જીવ એવો લાલચું છે કે નાની અમથી લાલચમાં સપડાઇ જાય છે. મને ખબર છે કે ખરાબ કામોનું ફળ પણ ખરાબ જ મળે છે. પણ હું લાચાર છું. એવું ના કરું

તો નોકરીમાંથી મને તરત જ પાણીચું મળી જાય. અંગ્રેજો હજારો ભૂલો કરે પણ તોય એમને કોઇ કહેનાર નથી. હિન્દુસ્તાની એક ભૂલ કરે તો અંગ્રેજ અધિકારીઓ એને માથે ચઢી વાગે છે. આપણા હિન્દુસ્તાનીઓને તો ઊંચો હોદ્દો ના મળે એ જ સારું! એમ થવાથી તો એમના આત્માનું પતન થઇ જાય છે. બોલ, આ છોકરાનો સ્વીકાર કરે છે કે નહીં?''

માધવીએ ગદ્‌ગદ્ કંઠે કહ્યું – ''આપનો આગ્રહ જ છે તો હું મારાથી બનતી આપની સેવા કરીશ. હું તો ભગવાનને પ્રાર્થાના કરીશ કે એ આપના દિકરાને અમર કરે.''

માધવીની સામે જાણે સ્વર્ગના દરવાજા ઊઘડી ગયા હતા અને દેવીઓ જાણે એમના પાલવ પાથરી પાથરીને આશીર્વાદ આપી રહી હતી.

છોકરોતો ચાદર ઓઢીને સૂઈ રહ્યો હતો. દૂધ ઊનું કરી રહ્યા પછી એને પારણામાંથી ઊંચકી લેતાં જ એણે ચીસ પાડી. બાળકનું આખું શરીર ઠંડું પડી ગયું હતું. મોંઢા ઉપર ફિક્કાસ દેખાતી હતી. એ બાળકને જોતાં જ રડવા લાગી. માધવી એ બાળકને છાતી સરસો ચોંપી દીધો. પણ –

આખા ઘરમાં રોકકળ મચી ગઇ. મા બાળકને ગળે વળગાડી રડતી હતી. શું વાતો ચાલતી હતી અને શું થઇ ગયું! મોત કેટલું છેતરામણું હોય છે! એને માણસને થાપ આપવામાં મઝા આવે છે! રાહ જોનારનો પાસે તો એ ફરક્તુંય નથી. રોગા દવા લેવાથી સાજો સારો થઇ જાય છે. બધાને એમ થાય છે કે હવે માથેથી માફત ટળી ગઇ, પણ ત્યાં જ મૃત્યુ એના માથે ઓચિંતું ત્રાટકે છે. આવી છે મોતની ક્રૂર લીલા.

આશાઓનો ચમન ખીલવવામાં આપણે ખૂબ જ હોંશિયાર છીએ. લોહીનાં બી વાવી આપણે અમૃતનાં ફળ મેળવવા ઇચ્છીએ છીએ. આગથી વૃક્ષોને સીંચીને એનાં છાંયડામાં બેસીએ છીએ. એવી છે આપણી સૌની બુદ્ધિ!

આખો દિવસ શોકમાં વીતી ગયો. મા અને બાપ રડતાં કકળતાં હતા. માધવી બંન્નેને સમજાવતી હતી. એ પોતાના પ્રાણનું બલિદાન આપીને



પણ જો આ સમયે બાળકને બચાવી શકી હોત તો એ એના જીવનની ધન્યતા સમજત. એ બદલો લેવા અહીં આવી હતી અને જે એની મનોકામના હતી એ સ્વયં સિદ્ધ થવાથી એને ખરેખર અદ્‌ભૂત આનંદ થવો જોઇતો હતો. પણ...પણ... એ ને તો આનંદની જગાએ અસહ્ય વેદના થતી હતી. પુત્ર જેલમાં ગયો ત્યારે જે દુઃખદ લાગણીનો અનુભવ થયો હતો એથીય વધારે દુઃખદ અને દુસહ્ય અનુભવ મિ.બાગચીના દિકરાના મૃત્યુથી એને થતો હતો. એ આવી હતી રડાવવા અને ખુદ રડીને જઇ રહી હતી. માનું હૈયું તો દયાનો વિરાટ સાગર છે. એને બાળવામાં આવે તો દયાની સુવાસ આવે છે. અને દળવામાં આવે તો દયાનો રસ ટપકે છે. વિધિની ક્રૂર લીલા પણ. એને મલિન કરી શકતી નથી.

# કાળમુખી

ઘરવાળાંને અને ખાસ કરીને પ્રસૂતા સ્ત્રીને જે વાતની શંકા હતી તે જ થયું. ત્રણ દિકરીઓ બાદ દિકરીનો જન્મ થયો હતો. અનર્થ! ભયંકર અનર્થ! મા, પિતા અને વૃદ્ધ દાદીમા ઉપર તો આખું આભ તૂટી પડ્યું જાણે. હવે તો ભગવાન બચાવે તો બચાય એમ હતું. સૌ નવજાત બાળકીને રાક્ષસી માનતાં હતાં. થતું – ''આ અભાગણી આ ઘરમાં શું કામ આવી? ને આવવું જ હતું તો વહેલી કેમ ના આવી? ભગવાન દુશ્મનને ઘેર પણ તેંતર ને જન્મ ના આપે.''

પિતાનું નામ પંડિત દામોદરદત્ત હતું. એ ભણેલા ગણેલા માણસ હતા. શિક્ષણ ખાતામાં નોકરી છતાં એમના મનમાં અંધશ્રદ્ધાનો ભંડાર ભર્યો હતો જાણે! એ પણ સામાજિક પરંપરા પ્રમાણે વિચારતા હતા કે ત્રણ પુત્રો પછી જન્મતી દિકરી કાં માતાનો અથવા પિતાનો ભોગ લે છે. ઘરનાં સૌ એને કાળમુખી કહેવા લાગ્યાં. વૃદ્ધ દાદીમા કહેતી ''નમારમૂડી શું માગતું લેવા આવી હશે અહીં? કોઈક વાંઝિયણની કૂખે જન્મી હોત તો એનો બિચારીનો દહાડો ફરી જાત.''

દામોદરદત્ત અંદરથી મૂંઝાતા હોવા છતાં માને સમજાવવા લાગ્યા – ''મા, તેંતર બેંતર જેવું કશું છે જ નહીં. ભગવાનની ઈચ્છા પ્રમાણે બધું થાય છે. ઈશ્વરની મરજી હશે તો બધું સમું સૂતર પાર ઉતરશે. જાઓ, ગાનારીઓને બોલાવીને ગીતો ગવડાવો. નહીં તો લોકો મ્હેંણાં મારશે કે ત્રણ દિકરા જન્મ્યા ત્યારે કેવાં હરખપદુડાં થઈ ગયાં હતાં! ને એક દિકરી જન્મી તો





જાણે ઘરને માથે આભ તૂટી પડ્યું જાણે!''

''મા, આ આફતમાંથી ઉગરવાનોય કોઈક તો ઉપાય હશે ને?''

''બતાવવા પૂરતા ઉપાય તો ઘણાય હોય. શાસ્ત્રીને પૂછો તો કોઈકને કોઈક ઉપાય એ જરૂર બતાવે. પણ એથી શો ફાયદો? મેં જપ, તપ, દાન, પુણ્ય, અનુષ્ઠાન વગેરે કરાવવામાં કશું જ બાકી રાખ્યું ન હતું. પણ જે થવાનું હતું તે થઈને જ રહ્યું. આજના બ્રાહ્મણોય બોદા થઈ ગયા છે. એમનામાં ક્યાં કશી આવડત જ રહી છે હવે! બસ એક જ આવડત બચી છે એમનામાં અને તે દક્ષિણા લેવાની. પછી જમાનનું જે થવાનું હોય તે થાય. પછી ખૂબ ધીમેથી ઊમેર્યું –''છોકરી છેય પોટલા જેવી ભારે. પાછો મૂઈનો રંગેય ધોળો દૂધ જેવો. રૂપની તો વાત ના પૂછો. અણીયાળું નાક, પરવાળા જેવા હોઠ, મોટીમોટી આંખો, કાળા ભમ્મરવાળ! કાળમુખી નવડાવતી વેળાએ રડીયે નહીં. ટગર ટગર તાકી રહી હતી. આ બધાં લક્ષણ સારાં થોડાં કહેવાય કંઈ?''

દામોદરદત્તના ત્રણ દિકરા ભીનેવાન હતા. રૂપાળા પણ ખાસ નહીં. દિકરીના રૂપનાં વખાણ સાંભળીને એમને ખુશી થઈ. કહ્યું – ''અમ્મા, ભગવાનનું નામ લઈ આનંદમંગળ વરતાવો. ભલે નાચગાન થાય. આ બધી તો ભગવાનની માયા છે. અને ભાગ્યનાં લખેલું હશે તે કોઈ કાળે મિથ્યા થવાનું નથી.''

''મારો જીવ નથી ચાલતો. શું કરું?''

''તે જીવ બાળવાથી ઓછું દુઃખ ટળી જવાનું છે, મા?''

''બેટા, નર્તકીને બોલાવડાવું છું. ગવૈયાને પણ કહેણ મોકલું છું. જે થવાનું હતું તે તો થઈ ગયું.''

એટલામાં સુવાવડીના ઓરડામાંથી બહાર આવી દાયણે કહ્યું – ''વહુજી કહે છે કે આનંદ ઉત્સવ કરવાની કોઈ જરૂર નથી.''

પન્નાએ કહ્યું – ''એને કહે કે બેસી રહે છાનીમાની હવે. નાહ્યા ધોયા પછી એને જે કરવું હોય તે કરે. હવે બાર દહાડાની જ વાર છે ને? બહુ અભિમાન કરતી હતી ને કે આમ નહીં કરું, તેમ નહીં કરું, દેવ દેવી એ વળી કઇ બલા છે? તે હવે કેમ મોં સીવીને બેસી જતી નથી? ભણેલી ગણેલી તો તેંતરને અશુભ નથી માનતી. એની વાતોય મોટી મેમ સાહેબો જેવી છે. તે આજે શું કામ આમ મનાવવા ના કહે છે?''

માએ આડોશપાડોશ માંથી સ્ત્રીઓને ગાણાં ગાવા તેડાવી. આનંદ ઉત્સવ થયો.

સવારે ઊઠીને મોટા દિકરાએ દાદીમાને પૂછ્યું – ''દાદીમા, કાલે માને શું થયું?''

''દિકરી તો જન્મી.''

બાળક તો ઊછળતો કૂદતો રાજીના રેડ થઇ ગયો. એણે કહ્યું – ''દાદીમા, પગમાં ઝાંઝર પહેરીને છુમક...છુમક...છુમક...ચાલશે. મને એનું મોં તો બતાવો!''

''ગાંડો થયો છે કે શું? હમણાં જવાતું હશે તારી માની ઓરડામાં?''

પણ છોકરાએ માન્યું જ નહીં. એ તો સુવાવડીના ઓરડાને બારણે જઇ બોલ્યો – ''મા, મા, બહેનનું મોંઢુ તો દેખાડને મને!''

ત્યાં દાયણે જવાબ આપ્યો – ''જા ભાઈ, જા. તારાથી અહીં ના અવાય. દિકરી ઊંઘી ગઇ છે.''

''સહેજ ઊંચી કરીને દેખાડો ને!''

છેવટે દાયણે ઊંઘતી છોકરીને ઊંચી કરી બતાવી એટલે મોટો છોકરો હરખપદુડો થઇ દોડતો દોડતો નાના ભાઇઓ પાસે પહોંચી ગયો. એમને સૌને જગાડ્યા અને ખુશખબર સંભળાવી.



એકે કહ્યું – ''નાની હશે?''

મોટાએ જવાબ આપ્યો – ''તદ્દન નાની. જાણે મોટી ઢીંગલી જ જોઇ લ્યો! અને રંગ તો એવો ગોરો ગોરો કે કોક મોટા સાહેબની દિકરી જ જોઇ લ્યો.''

સૌથી નાનાએ કહ્યું – ''અમને બતાવો ને!''

ત્રણેય ફરી સાથે નવજાતા બાળકીને જોવા પહોંચ્યા અને ઊછળતા કૂદતા પાછા બહાર નીકળ્યા.

મોટાએ પૂછ્યું – ''કેવી છે?''

વચલાએ કહ્યું – ''કેવી આંખો બંધ કરીને પડી રહી હતી?''

મોટાએ ફરીવાર કહ્યું – ''આપણે ઘેર જાન આવશે,વાજાં વાગશે, દારૂખાનું ફૂટશે.''

છઠ્ઠી ગઇ. બાર દહાડા પૂરા થયા. આનંદ ઉત્સવ થયો. પણ એમાં ખાસ આનંદ જણાયો. માત્ર એક પરંપરા પૂરી કરવા જ બધું થતું હોય એમ લાગ્યું.

દિકરી દિવસે દિવસે અસ્વસ્થ થવા લાગી. મા એને સવાર સાંજ અફીણ પિવડાવતી તેથી તે બેહોશ પડી રહેતી હતી. નશો ઉતરી જતાં ભૂખે વ્યાકુળ થઈને રડવા લાગતી. મા દિકરીને ઉપરથી દૂધ પીવડાવતી. નવાઈની વાત તો એ હતી કે હવે એનાં થાનેલાંમાં ધાવણ ઉતરતું ન હતું. ફૂલ જેવી બાળકી ધાવણના અભાવે નિર્બળ થવા લાગી. મા તો એના ભણી નજર સરખીયે કરતી નહીં. વાળંદણ છોકરીનું ધ્યાન રાખતી હતી. પણ તેથી શું? મોટો દિકરો સિદ્દુ વારંવાર કહેતો – ''મા, લાવ મને આપ બહેન, હું જરા એને બહાર રમાડું.'' પણ મા એને લડતી.

ત્રણ ચાર માસ વીતી ગયા. રાત્રે દામોદરદત્ત પાણી પીવા ઊઠ્યા ત્યારે તેમણે જોયું કે દિકરી અંગૂઠો ચૂસતી ચૂસતી ટમટમતા દીવાને તાકી તાકીને જોઇ રહી હતી. તેનું મોં નિસ્તેજ દેખાતું હતું. પણ તે રડતી ન હતી કે

ન હતી હાથ પગ પછાડતી. બસ, એક અંગૂઠો ચૂસવામાં મગ્ન હતી. ધાવવાનું તો એ નામેય લેતી ન હતી. દામોદરદત્તને એના પર દયા આવી. થયું “મારે ઘેર જન્મ લેવામાં એનો શો દોષ? માત્ર કાલ્પનિક અનિષ્ટના ભયે અમે કેટલો તિરસ્કાર કરી રહ્યાં છીએ એનો? કોઇ અમંગળની આશંકાથી આ નાની ફૂલ જેવી બાળકીનો જીવ લઇ લેવો? ખરેખર જો કોઇ ગુનેગાર હોય તો તે મારું પ્રારબ્ધ છે. આ નાનકડા અને નિર્દોષ બાળક પર આચારવામાં આવતી કઠોરતા શું ભગવાનને સારી લાગતી હશે?” ભાવવાહી હૈયે એમણે બાળકીને ઊંચકી લીધી અને એ એના ગાલ પર ચુંબન કરવા લાગ્યા. બાળકીને આજે પ્રથમવાર સાચા પ્રેમનો અનુભવ થયો. એ હાથ પગ ઊછાળતી ગું ગું કરવા લાગી.

પરોઢિયે દામોદરદત્ત બાળકીને ખોળામાં ઊંચકી લીધી અને એ બહાર આવ્યા. પત્નીએ વારંવાર કહ્યું – “રે’વાદ્યો હવે. અભાગણી રાત દા’ડો મારો જીવ ખાઇ ગઇ. મરતી હોય તો હવે છુટાય એનાથી.” પણ દામોદરદત્તે માન્યું જ નહીં. બહાર લાવીને એ દિકરાઓ સાથે એને પણ રમાડવા લાગ્યા. એટલામાં ઘરની સામેની છુટ્ટી જગામાં ફરી રહેલી એક બકરી ઉપર દામોદરદત્તની નજર પડી. ઓચિંતો એમના મનમાં વિચાર સ્ફૂર્યો. મોટા દિકરાને કહ્યું – “સિદ્દુ, જા જઇને પેલી બકરીને પકડી લાવ. બિચારી આ તારી બહેન ઘણા દિવસોથી ભૂખી છે, તે એને દૂધ પીવડાવીએ.”

સિદ્દુને તો વાતમાં મઝા પડી. કામનું કામ અને રમતની રમત. એ તો બકરીનો કાન ઝાલીને લઇ આવ્યો. દામોદરદત્તે બકરીના પાછળના પગ પકડી લીધા અને ધીમે રહીને એનો એક આંચળ પેલી બાળકીના મોંમાં મૂક્યો. બાળકી તો આંચળ ચૂસવા લાગી. દૂધ એના મોંમાં જવા લાગ્યું. બાળકી તો રાજી રાજી થઇ ગઇ હતી જાણે! કદાચ આજે પહેલી વાર એણે ધરાઇને ધાવણ ધાવ્યું હતું! એ બાપના ખોળામાં ઊછળી ઊછળીને રમવા



લાગી. ભાઇઓએ પણ એને ખૂબ ખૂબ રમાડી.

એ દિવસથી સિદ્દુને મનોરંજનનો નવો વિષય મળી ગયો હતો જાણે! બાળકોને બચ્ચાં ખૂબ ગમે છે. ચકલીનાં બચ્ચાંને જોઇને એઓ રાજી થઇ જાય છે. ચકલી બચ્ચાંને ઘણા ખવડાવતી હોય અને બચ્ચાં ચીં ચીં કરીને પાંખો ફફડાવતાં હોય એ એમને માટે આનંદની વાત બની જાય છે. સિદ્દુ હવે નાની બહેનને પણ એ જ રીતે રમાડવા લાગ્યો. માની નજર ચૂકવી લાગ મળતાં એ એને ઊઠાવી લાવતો અને બકરીના આંચળે વળગાડતો. હવે તો બકરી પણ ટેવાઇ ગઇ હતી. આમને આમ મહિનો વીતી ગયો. બાળકી બકરીનું દૂધ ધાવી ધાવીને ખાસ્સી તાજી માજી થઇ ગઇ હતી. એના ફિક્કા મોં પર ગજબની લાલાશ ઉપસી આવી હતી.

માને તો દિકરીના આવા ફેરફારથી નવાઇ લાગતી હતી. કોઇને એ કશું કહી શકતી તો ન હતી. પણ હવે એને શંકા થવા લાગી કે દિકરી કદાચ મરવામાંથી બચી જશે ઇશ્વર જ એનું રક્ષણ કરી રહ્યો હતો. દહાડે દહાડે એ તાજી થતી જાય છે. નહીં તો તો એ ક્યારનીય ભગવાનને ઘેર પહોંચી ગઇ હોત!

પણ દાદીમાને વધારે ચિંતા થતી હતી. એને એવો ભ્રમ થતો હતો કે દૂધ પાઇને ઘરમાં સાપ ઉછેરવમાં આવી રહ્યો છે. બાળકી સામે આંખ ઊંચી કરીને એ જોતી પણ ન હતી. એણે તો એમ પણ કહ્યું કે “દિકરીને બહુ લાડ પ્યાર કરે છે ને! હા, ભઇ હા, ગમે તેમ તોય તું મા છે ને? મા વહાલ ના કરે તો બીજું કોણ કરે?”

“માજી! હું એને ટીપુંય ધવડાવતી હોઉં તો એમના જ સમ. ઇશ્વર તો જાણે છે ને!”

“તો પીવડાવ્યને દૂધ. હું ના ઓછી કહું છું? મારે શી ગરજ છે તે નકામું માથે પાપ વહોરું? મને એ શું નડવાની છે?”

"તમને વિશ્વાસ ના હોય તો હું શું કરું?"

"રે'વાદ્યે તારું ડાહપણ. મને ભોટ સમજતી હઈશ, ખરૂં ને? કંઇ હવા ખાઈને એ આવી તાજી માજી થઇ હશે?"

"મા, મનેય નવાઈ લાગે છે એ વાતની."

વહુની સાચી વાત પર સાસુને વિશ્વાસ બેઠો નહીં. એના મનમાં થઈ આવ્યું કે , હવે તો કઈંક બની જાય તો જ એમના મનમાં થાય કે હું જે કહેતી હતી એ સાચું હતું. એ પોતાનાં જ પુત્ર અને પુત્રવધુ માટે અમંગળ કલ્પનાઓ કરવા લાગી. કોઈ મરી જાય એવી એની ઈચ્છા ન હતી. પણ પોતાનો આશંકાની પ્રતીતિ મળી જાય અને પોતે સાચી ઠરે એવું તો એ ઝંખતી જ હતી.

એક બાજુ સાસુ તરફથી જેમ જેમ દ્વેષભાવ પ્રગટવા લાગ્યો. તેમ તેમ વહુનો દિકરી પ્રત્યેનો પ્રેમભાવ બળવત્તર બનતો ગયો.ઈશ્વરને એ પ્રાર્થના કરતી હતી કે એક વર્ષ હેમખેમ પાર પડી જાય. હવે દિકરીનો નિર્દોષ ચહેરો જોઈ એ રાજી થવા લાગી. એ બિચારી દ્વિધા અનુભવવા લાગી. ના તો એ દિકરીને પૂરતો પ્રેમ આપી શકતી કે ના તો એ એના પ્રત્યે સાવ નિર્દય બની શકતી. એ હસી પણ શકતી નહીં, કે રડી પણ શકતી નહીં.

બીજા બે માસ પૂરા થયા. કશું અનિષ્ટ કે અમંગળ બન્યું નહીં. વૃદ્ધ સાસુના પેટમાં જાણે ઉંદર દોડવા લાગ્યા. એને ધ્રાસકો પડ્યો. એને થયું કે – "હે ઈશ્વર! વહુને ચાર દા'ડા તાવ આવી જાય એવું કરજે. મારી લાજ જળવાય. દિકરોય મારો સાયકલ ઉપરથી નથી પડી જતો! વહુના પિયરમાંથી યે કોઈકના દેવ થયાના સમાચારેય આવતા નથી. એક દિવસ છેવટે દામોદરદત્તે કહી પણ નાખ્યું કે "જોયું ને મા? તારી વાત છે ને વ્હેમ? તેંતર દિકરીના જન્મી તે કઇ આભ તૂટી પડતું હશે?"

મનોમન સાસુ દુઃખી થવા લાગી. પોતાની હાર એ સહી શકે એમ ન હતી. શંકાને સાચી પાડવાનો એણે મનસૂબો કરી એક યોજના બનાવી. એક દિવસ જ્યારે દામોદરદત્ત શાળાએથી ઘેર આવ્યો ત્યારે મા ખાટલા પર





સૂઈ રહી હતી. પત્ની સગડીમાં દેવતા સળગાવી માની છાતીએ શેક કરતી હતી. ઘરનાં બારી બારણાં બંધ હતાં. તેણે ફાળભર્યા હૈયે પૂછ્યું – "શું થયું, મા?"

પત્નીએ કહ્યું – "આજ બપોરથી માને છાતીમાં શૂળ ભરાય છે. બિચારાં ક્યારનાંય દુઃખીમાં દુઃખી થઈ રહ્યાં છે."

દામોદરે કહ્યું "ડૉક્ટરને બોલાવી લાવું? વાર કરવાથી કદાચ પીડા વધી જાય." પછી માની નજીક દઇ પૂછ્યું – "મા, તબિયત કેમ છે?"

આંખો ખોલી કણસતાં કણસતાં માએ કહ્યું – "આવી ગયો દિકરા? હવે મારાથી નહીં જીવાય. જાણે કાળજામાં ભાલાં ભોંકાતાં હોય એવી પીડા થાય છે. આટલાં વર્ષોમાં આવું દુઃખ ભાળ્યું નથી કોઈ દા'ડો."

પત્નીએ કહ્યું – "આ કાળમુખી કોણ જાણે કેવા અશુભ ચોઘડિયાંમાં જન્મી છે!"

સાસુએ કહ્યું – "એનો બિચારીનો શો વાંક? આ તો નસીબની લેણાદેણી છે. જો હું મરી જાઉં તો એને દુઃખ ના દેશો. સારું થયું તે મારો ભોગ લેવા બેઠી! હે ભગવાન, હવે મારાથી નહીં બચાય."

દામોદરે કહ્યું – "મા, ડૉક્ટરને બોલાવું?"

માને તો પોતાની વાતની ટેક રાખવી હતી. એ નકામો ખર્ચ કરાવવા તૈયાર ન હતી. તેથી કહ્યું – "ના, ના, બેટા! ડૉક્ટરને બોલાવવાથી હવે શો ફાયદો? ડૉક્ટર કઇ ભગવાન થોડો છે? નકામો પાંચ પંદર લેતો જશે! બેટા, તું લૂંગડા ઊતારી નાખ ને મારી પાસે બેસી ભાગવત વાંચ. હવે મારો અંતકાળ નજીક છે."

આખરે દામોદરે કહ્યું – "મા, તેંતર એ તો અપશુકનિયાળ છે. મને તો એમ કે એ પાખંડ હશે! અપશુકનિયાળ છે. મને તો એમ કે એ પાખંડ હશે!"

પત્નીએ વચમાં કહ્યું – ‘‘એટલે તો એની સામે હું નજરેય ન હોતી કરતી.’’

‘‘બેટા, છોકરાંને સાચવજો. ભગવાન તમને સુખી રાખે. સારું થયું તે હું તમારી નજર સામે પરલોક જઇશ. કદાચ એ ઘરના બીજાને માથે બેઠી હોત તો તો શું નું શું થઇ જાત! ભગવાને મારી અરજ સાંભળી ખરી.’’

દામોદરને પણ ખાતરી થઇ ગઇ કે હવે મા નહીં બચી શકે. એનું ધાર્યું થઇ શકતું હોત તો તો એ દિકરીને જ મરવા દેત! જે માએ જન્મ આપી, પાળી પોષી ઉછેરીને,વૈધવ્યનો ભાર સહન કરીને પણ ભણાવી ગણાવી પોતાનું સર્વવાતે સુખ વાંચ્છ્યું હોય એ માની આગળ આવી કાળમુખી દિકરીની શી કિંમત? એ શોકાતુર થઇ, કપડાં ઉતારીને એ માના ખાટલાના ઓશિકે બેસી ભાગવત્ વાંચવા લાગ્યા.

સાંજે વહુ રસોઇ કરવા ગઇ ત્યારે સાસુને પૂછતી ગઇ – ‘‘મા, તમારે માટે થોડા સાબુદાણા બનાવું?’’

સાસુએ કટાક્ષ કરતાં કહ્યું – ‘‘વહુ બેટા, મારાથી સાબુદાણા શી રીતે ખવાશે! મને ભૂખે ના મારશો. થોડીક પૂરીઓ બનાવો. ઇચ્છા હશે એટલી ખાઇશ. થોડી કચોરી પણ બનાવજે. મરવાનું જ હોય તો ભૂખે શું કામ મરવું? મલાઇ પણ મંગાવી રાખજો થોડીક. પછી ઓછી હું ખાવા આવવાની છું! કે’છે કે છાતીમાં પીડા થાય ત્યારે કેળાં ખાવાથી આરામ થાય છે, તેથી થોડાં કેળાંય ના હોય તો મંગાવી લેજો.’’

ખાવાની વેળાએ માનું દુઃખ શમી ગયું. પણ પાછું અડધા કલાક પછી દર્દ ઊપડ્યું. એક અઠવાડિયું આમ ચાલ્યું. આખો દિવસ કણસ્યા કરવું ને ખાવાના સમયે થોડી વાર સાજા થઇ જવું! દામોદરદત્ત માથે બેસીને પંખો હલોવતો હલાવતો રડતો હતો. જોત જોતામાં આખા મહોલ્લામાં વાત ફેલાઇ ગઇ. સૌ લોક ભેગું થઇ ગયું. વૃદ્ધાની માંદગીનો સઘળો દોષ પેલી બાળકીના માથે ઢોળાયો.



કોઇકે કહ્યું – ‘‘એ તો એમ કહો કે તેંતર એની દાદીને માથે જઇ બેઠી. નહીં તો મા કે બાપ માંથી એકનો ભોગ લીધા વગર છોડે જ નહીં. ભગવાન કોઇને ઘેર તેંતરને જનમ ના આલે.’’

‘‘એના કરતાં તો વાંઝિયાં રહેવું સારું’’ – બીજી બોલી ઉઠી.

એક અઠવાડિયા બાદ વૃદ્ધમાના દુઃખનું નિવારણ થયું. કહો કે પૂર્વજોનો પૂણ્યપ્રતાપ હતો. બ્રાહ્મણોને ગાયો દાનમાં આપવામાં આવી. દુર્ગાપાઠ કરવામાં આવ્યો. ત્યારે દુઃખ ટળ્યું.

# આશા એ જ નિરાશા...

જેને ઘેર માત્ર દિકરીઓ જ અવતરતી હોય એ માણસ સદા નિરાશ રહે છે. એ એટલું તો સમજે છે કે એમાં પત્નીનો કોઇ દોષ નથી. છતાં તે પત્નીને અભાગણી માનીને એના પર મોંઢું ચઢાવે છે. નિરુપમા આવી જ એક અભાગણી સ્ત્રી હતી. ઘમંડીલાલ ત્રિપાઠી એનો પતિ હતો. નિરુપમા એક પછી એક એમ ત્રણ પુત્રીઓને જન્મ આપ્યો હતો. આખા ઘરમાં એ અપ્રિય થઇ ગઇ હતી. સાસુ સસરાની તો ખાસ ચિંતા ન હતી. કારણ કે એ તો જૂના જમાનામાં માણસો હતાં. એને દુઃખ હતું ભણેલા ગણેલા પતિના અસંતોષનું, એનાં મ્હેણાંનો માર બિચારીથી સહન થતો ન હતો એ દિવસો સુધી ઘેર પણ આવતો ન હતો. અને આવતો તો પત્ની સાથે વાત પણ કરતો ન હતો.

ઘરમાં પૈસાની કોઇ ખોટ ન હતી. છતાં નિરૂપમાની કોઇ ઇચ્છા સંતોષાતી ન હતી. એ પોતાના જાતને અભાગણી માનતી હતી. પતિના મીઠા સ્મિત માટે સદા એ તડપતી રહેતી. પુત્રીઓને એ પૂરતો પ્રેમ પણ આપી શકતી ન હતી. એને લોકચર્ચાનો ડર હમેશાં સતાવ્યા કરતો હતો. પતિના ઘેર આવવાના સમયે એ દિકરીઓને કોઇને કોઇ બહાને પોતાનાથી દૂર રાખતી. પતિએ એને ધમકી આપી હતી કે હવે જો દિકરી જન્મશે તો એ ઘરનો સદાને માટે ત્યાગ કરી દેશે. નિરૂપમાને આ ચિંતા વિશેષ ડરામણી લાગતી હતી.

એ એકાદશીનું વ્રત કરવા લાગી. રવિવાર અને મંગળવાર જેવા અનેક વાર પણ કરતી. પૂજા પાઠ તો એને માટે નિત્ય નિયમ થઇ ગયો હતો.





અનુષ્ઠાનથી એની આશા ફળતી ન હતી. હમેશાં અવગણના, તિરસ્કાર અને અપમાન સહન કરતાં કરતાં એનું મન હવે આ સંસારમાંથી ઊઠી ગયું હતું. જે ઘરમાં સ્ત્રીને જીવન પ્રત્યે અરુચિ ના થાય તો બીજું થાય પણ શું?

ઘોર નિરાશામાં સપડાયેલી તેણે એક દિવસ મોટી ભાભીને કાગળ લખ્યો. એના એક એક અક્ષરમાંથી અસહ્ય વેદના ટપકતી હતી. ભાભીએ જવાબ લખ્યો હતો – ''તમારા ભાઇ તમને જલ્દીથી તેડાવવા વિચારે છે. અહીં હમણાં એક સિદ્ધ મહાત્મા આવ્યા છે. એમના આશીર્વાદ ક્યારેય નિષ્ફળ જતા નથી. એમના આશીર્વાદથી કેટલીય પુત્ર વિહોણી સ્ત્રીઓની કુખો ફળી છે.મને આશા છે કે તેમને પણ એમના આશીર્વાદ અચૂક ફળશે.''

નિરુપમાએ કાગળ પતિને વંચાવ્યો. ત્રિપાઠીજીએ ઉદાસભાવે કહ્યું – ''જગતની રચના કરવાનું કામ સાધુ સંતોષનું નથી, એ કામ તો ઇશ્વરનું છે.''

''તેમ છતાં મહાત્માઓમાંય કઇંક સિદ્ધિ તો હોય છે જ.''

''હોય છે. પણ એવા મહાત્માઓનાં દર્શન દુર્લભ હોય છે.''

''હું તો એ મહાત્માના દર્શન કરીશ જ.''

''તો જા. ચાલી જા.''

''સાવ વાંઝણી સ્ત્રીઓએ દિકરા જણ્યા તો શું હું એમનાથી ગઇ?''

''કહ્યું તો ખરું તને, જા. એમ કરીનેય જોઇ લ્યે. મને તો લાગે છે કે દિકરાનું મોં જોવાનું સુખ આપણા નસીબમાં નથી.''

કેટલાક દિવસ બાદ નિરુપમા ભાઇના સાથે પિયરમાં ચાલી ગઇ. ત્રણેય દિકરીઓને પણ એ સાથે લઇ ગઇ હતી. ભાભીએ એને ગળે વળગાડી કહ્યું – ''તમારા ઘરનાં માણસો નિર્દય છે. ગુલાબના કળીઓ જેવી દિકરીઓ મેળવીનેય નસીબને દોષ દે છે! તમને જો એમનો ભાર લાગતો હોય તો સોંપી દો મને. નણંદ ભોજાઇ ખાઇ પીને જરા આડાં પડ્યાં ત્યારે નિરુપમાએ પૂછ્યું – ''ક્યાં રહે છે મહાત્માજી, ભાભી?''

"શી ઊતાવળ છે? કહું છું."

"છે તો નજીક ને?"

"હા, નજીક જ છે. કહેશો ત્યારે બોલાવી લાવીશ."

"તમારી ઉપર ઘણા પ્રસન્ન હશે?"

"હા, અહીં જ જમે છે. રહે છે પણ અહીં જ."

"તો તો બહુ સારું. મને આજે જ એમનાં દર્શન કરાવો."

"ભેટ શું આપશો?"

"હું તો શું આપું, ભાભી?"

"તમારી સૌથી નાની દિકરી આપજો."

"જાવ, જાવ. એવું શું બોલો છો?"

"ઠીક, ઠીક! પણ એક વાર એને આલિંગન આપવા દેવું પડશે."

"જાઓને ભાભી! એવી મશ્કરી શું કરો છો? એવું કહેશો તો ચાલી જઈશ હું."

"મહાત્માજી ઘણા રસિક માણસ છે."

"તે જાય ચૂલામાં. હશે કોઈ દુષ્ટ, પાપી."

"પણ તે સિવાય એમના આશીર્વાદ નહીં મળે. એ સિવાય બીજી કોઈ શરત એમને માન્ય નથી."

"તમે તો એમનાં દલાલ હો એ રીતે વાત કરો છો ને ભાભી?"

"હા. એ મારા થકી જ આ બધું નક્કી કરે છે. હું જ ભેટ લઉં છું અને હું જ આશીર્વાદ આપું છું. હું જ એમના વતી ભોજન કરું છું."

"ઓ હો! તો એમ કહોને કે મને બોલાવવા જ તમે આ ખેલ કર્યા છે?"



"ના, એમની સાથે તમને હું એવા ગુરુ દેખાડી દઈશ કે પછી તમે નિરાંતે તમારે ઘેર રહી શકશો."

બંન્ને નણંદ ભોજાઈ ગુસપુસ કરવા લાગ્યાં. ભાભી બોલતી બંધ થઈ ત્યારે નિરુપમા બોલી – "અને ફરીયે જો દિકરી જન્મી તો?"

"તો શું? થોડા દિવસ સુખશાંતિથી જીવન પસાર તો થશે! પુત્ર થશે તો તો ઠીક પણ પુત્રી જન્મશે તો નવી તરકીબ વિચારવી પડશે. તમારા ઘરવાળા જેવા અક્કલના ઓથમીર સાથે તો સાવા જ ખેલ ખેલવા પડે."

"મને તો શરમ આવે છે. ભાભી."

"ત્રિપાઠીજીને કાગળ લખી દેજો કે મહાત્માજીનાં દર્શન થયાં છે અને એમના આશીર્વાદ પણ મળ્યા છે. ઈશ્વરની ઈચ્છા હશે તો તે દિવસથી જ તારાં માન પાન વધી જશે. ઘમંડીલાલ દોડતા આવશે અહીં અને અછો અછો વાનાં કરશે. પછી જોયું જશે."

"પતિ સાથે કપટ કરવાથી પાપ નહીં લાગે?"

"ના,ના, એવા સ્વાર્થી લોકો આગળ તો કપટ કરવું પણ પુણ્ય ગણાય."

ત્રણ ચાર મહિના પિયરમાં રહ્યા પછી નિરુપમા સાસરે પાછી આવી. ઘમંડીલાલ પોતે જ એને તેડવા ગયેલો. વિદાયવેળાએ સાળાવેલીએ કહ્યું હતું – "મહાત્માજીનું વરદાન સાચું પડ્યું ના હોય એવું આજ સુધી તો બન્યું નથી. પણ જેનું ભાગ્ય જ, ફૂટેલું હોય તેને માટે તું શું થઈ શકે!

ઘમંડીલાલ વરદાન કે આશીર્વાદનો આમ તો વિરોધી હતો, પણ એના દિલ ઉપર આ વાતની અસર થયા વિના રહી નહીં.

નિરુપમાની હવે વિશેષ કાળજી લેવાવા લાગી. એ ગર્ભવતી થઈ ત્યારે બધાનાં હૈયાંમાં જાત જાતની આશાઓ ઉમટી આવી. સાસુ પણ હવે તેની સાથે પ્રેમ અને સહાનુભૂતિથી વર્તતી. કહેતી – "બેટી, રહેવા દે. હું રસોઈ બનાવી નાખું છું. હમણાં પાછું તારું માથું દુઃખશે." સાસુ હવે એને

કોઈ વસ્તુને હાથ પણ અડકવા દેતી ન હતી. કહેતી – ''વહુ, હવે તારાથી ભારે વસ્તુ ના ઊંચકાય.'' નિરુપમા માટે સાસુ વિશેષ કાળજી લેતી થઈ. એને સાત્ત્વિક ખોરાક મળવા લાગ્યો. ઘમંડીલાલ પત્નીને રાજી રાખવા દર મહિને કોઈને કોઈ નવી વસ્તુ ઘરમાં લઈ આવતો. નિરુપમાએ આટલાં સુખ સંતોષ તો ક્યારેય અનુભવ્યાં ન હતાં.

દિવસો ઉપર દિવસો પસાર થઈ ગયા. આ વખતે પણ કન્યાનો જ જન્મ થવાનો હોય એવાં લક્ષણ નિરુપમાને જણાવા લાગ્યાં. એણે એ વાતનો ભેદ ગુપ્ત જ રાખ્યો. એ વિચારતી હતી – ''આ તો શ્રાવણ મહિના નો તડકો છે. એનો શો વિશ્વાસ! છાંયડો ક્યારે આવી જાય એનું નક્કી નહીં!'' નિરુપમાને આટલું માન ઘરમાં કદી મળ્યું ન હતું. એને ઠેસ પહોંચવાની બીકે ઘરમાં કોઈ એને ખસ કહેતું નહીં. કોઈ કોઈક વાર ઘરવાળાને બાળવા નિરુપમા અનુષ્ઠાન કરતી. એને સૌને સૌને બાળવામાં ખૂબ મઝા પડતી હતી. એ વિચારતી – ''તમારા જેવા સ્વાર્થી લોકોને બાળવાની મઝા આલવે છે મને તો. તમે એટલા માટે મારો આદર કરો છો કે તમને આશા છે કે હું દીકરાને જન્મ આપીશ! અને એ દિકરો તમારો કુળનું નામ દિપાવશે! મારી તો કોઈ વિસાત નથી. તમારે મને વિશેષ મહત્ત્વ દિકરાનું છે, મારું નહીં. મારો પતિ પણ મને પહેલાં કેટલો બધો પ્રેમ કરતો હતો? હવે એનો પ્રેમ પણ સ્વાર્થી બની ગયો છે. હું પણ પશુ જેવી છું. જેને માત્ર દૂધની લાલચે ઘાસ પાણી નીરવામાં આવે છે! ભલે, પણ હમણાં તો તમે મારી આણ નીચે આવ્યાં છો. જેટલાં થઈ શકે એટલાં ઘરેણાં એકઠાં કરી લઉં. પછી કોઈ એ મારી પાસેથી લઈ શકે એમ છે?''

દસ માસ પૂરા થયા. નિરુપમાની બંન્ને નણંદો તેડાવવામાં આવી. દિકરા માટે પહેલેથી જ સોનાનાં ઘરેણાં બનાવડાવ્યાં હતાં. દૂધ માટે ગાય પણ ખરીદી લેવામાં આવી હતી. ઘમંડીલાલે બાળક માટે એક નાની સેજગાડી પણ ખરીદી લીધી હતી. નિરુપમાને વેણ ઉપડ્યું ત્યારે ઘેર મૂહુર્ત જોવા પંડિતજીને બોલાવી લેવામાં આવ્યા હતા. નાચ ગાનનો પ્રબંધ પણ અગાઉથી જ કરી દેવામાં આવ્યો હતો. ઘરમાંથી પ્રતિક્ષણ ખબર મેળવવામાં આવતા હતા કે શું થયું? લેડી ડૉક્ટરને પણ હાજર રાખવામાં આવી હતી.



વાજાંવાળા તો હુકમની રાહ જોઈ તૈયાર બેઠા હતા.

બધી તૈયારીઓ, બધી આશાઓ, બધો જ ઉત્સાહ અને બધો ઉત્સવ માત્ર એક જ શબ્દ પર ટકી રહ્યાં હતાં. જેમ જેમ સમય વીતતો જતો હતો તેમ તેમ જિજ્ઞાસા અને આતુરતા વધતાં જતાં હતાં. ઘમંડીલાલ તેના મનની લાગણીઓ છુપાવવા માટે સમાચાર પત્ર જોતો હતો. એનો ઘરડો બાપ આશાઓમાં રાચતો હતો. હસી હસીને પૈસાની થેલી રમાડતો હતો.

દિકરાના જન્મની વધાઈ વખતે બંદૂક ફોડવા માટે તૈયાર થઈ બેઠેલા મીરશિકારે કહ્યું – ''માલિક પાસે પાઘડી અને દુપટ્ટો ભેટમાં લઈશ.''

વૃદ્ધે કહ્યું – ''કેટલી પાઘડિઓ લઈશ અલ્યા? આ વખતે એવી તો અણમોલ પાઘડી આપીશ કે તું જોતાં જ દંગ રહી જઈશ.''

પામર સારંગી વાળો બોલ્યો – ''સરકાર, મનેય તમારે રાજી કરવો પડશે, હોં?''

''અરે, રાજી કરી દઈશ. તું તારે ખાજે પેટ ફાટી જતા સુધી, બસ?''

ઘરમાંથી દાસી બહાર આવી. ગભરાયેલી હતી એ. એ કશું બોલે એ પહેલાં જ મીરશિકારે તો બંદૂક ફાયર કરી. ધડાકાથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. પામર સારંગીવાળાએ સૂર છેડ્યા. વાજાંવાળાએ પણ ધૂન છેડી. નાચવાવાળા નાચવા લાગ્યા.

નોકરાણીએ કહ્યું – ''અરે, તમે બધાંએ ભાંગ પીધી છે કે શું?''

''કેમ? શું થયું?''

''શું થવાનું હતું! દિકરી જન્મી.''

''દિકરી?! વૃદ્ધ બાપને ધ્રાસકો પડ્યો.''

એ ઢગલો થઈને ભોંય પર બસી પડ્યા. એમના માથે જાણે વજપાત થયો. ઘમંડીલાલે બહાર આવી નોકરાણે ધમકાવી – ''જા, દઈને

ડૉક્ટરને પૂછી જો અને બરાબર ખાતરી કરી લે જોઈને. સાંભળ્યું ન સાંભળ્યું કરીને ચાલી આવી છું તે.''

''બાબુજી! મેં મારી આંખોએ જોયું છે.''

''દિકરી જ જન્મી છે?'' ઘમંડીલાલે પૂછ્યું.

વૃદ્ધ બાપે કહ્યું – ''દિકરા! આપણું તકદીર જ ફૂટેલું છે. જાઓ, બધાં ચાલ્યાં જાઓ. તમારા બધાંનાં નસીબેય કાણાં છે. જાઓ, ઊઠો. સેંકડો રૂપિયા પર પાણી ફરી વળ્યું. બધી તૈયારીઓ ધૂળમાં મળી ગઈ.''

ઘમંડીલાલે કહ્યું – ''પેલા મહાત્માજીને તો પૂછીએ જરા. હું આજે જ એની ખબર લઉં છું.''

વૃદ્ધ બાપે કહ્યું – ''લુચ્ચો છે લુચ્ચો. બીજું શું?''

''હું એની બધી લુચ્ચાઈ કાઢી નાખીશ. મારી મારી ને ખોપરી ભાંગી ના નાખું તો કહેજો. સાલો ચંડાળ, લફંગો. સાલ્લાએ મારા રૂપિયાને ધૂળધાણી કરાવી દીધા. આ સેજગાડી, આ ગાય, સોનાનાં ઘરેણાં, બધું ક્યાં નાંખુ? એણે આમ ને આમ કેટલાય લોકોને ઠગ્યા હશે!''

''એનો શો વાંક ગુનો દિકરા? એ તો આપણાં કરમ જ ફૂટેલાં. આવાં આવાં પાખંડ કરીને તો બૈરાં પાસેથી કોણ જાણે કેટલાય રૂપિયા પડાવ્યા હશે? એ બધા હવે એને ઓકવા પડશે. નહીં તો સાલ્લાને પોલીસને હવાલે કરી દઈશ. મને તો પહેલેથી જ શંકા હતી. પણ શું થાય? મારી સાળાવેલીએ જ દગો કર્યો. નહીં તો હું એવા ધૂંતારાના પંજામાં પડું ખરો?'' ઘમંડીલાલે ગુસ્સો ઠાલવતા કહ્યું.

વૃદ્ધ બાપે કહ્યું – ''ધીરજ ધર બેટા! ઈશ્વરને જે ગમ્યું હશે તે જ થયું. દિકરો કે દિકરી એ ઈશ્વરની દેણ છે. ત્રણ છે તે એક ચોથી એમાં શું?''

પિતા પુત્ર વચ્ચે વાતો ચાલતી જ રહી. પામર, મીરશિકાર વગેરેએ પોત પોતાની વસ્તુઓ લઈ ચાલવા માંડ્યું. ઘર આખામાં જાણે શોક છવાઈ ગયો. લેડી ડૉક્ટર પણ ત્યાંથી ઊઠીને ચાલી ગઈ ઘરમાં પણ સુવાવડી



નિરુપમા અને દાયણ સિવાય કોઈ રહ્યું નહીં. નિરુપમાની સાસુ તો એટલી હતાશ થઈ ગઈ કે એ સોડતાણી સૂઈ જ રહી.

સૂવાવડના બાર દિવસ પછી જ્યારે નિરુપમા નાહી ઊઠી ત્યારે ઘમંડીલાલે એની પાસે જઈને સરોષ કહ્યું – ''પાછી છોકરી આવી?''

''શું થાય? મારું શું ચાલે એમાં? કઈ મારા હાથની વાત હતી?''

''પેલા લુચ્ચાએ દગો કર્યો.''

''નસીબમાં જ નહીં હોય તે શું થાય! નહીં તો ત્યાં રાત દહાડો કેટલી સ્ત્રીઓ એમને વિંટળાઈને બેસી રહે છે. એ કોઈની પાસેથી કશું લેતા હોય તો તો જાણે સમજ્યા. પણ તમારા સમ; રાતી પાઈ પણ મેં એ મહાત્માને આપી હોય તો!''

ઘમંડીલાલ ઘૂરક્યો ''એણે પૈસોય ભલે ના લીધો; પણ અહીં તો દેવાળું ફૂંકાઈ ગયું. લાગે છે કે નસીબમાં દિકરાનું સુખ જ લખ્યું નથી. કુળનું નામ જવાનું હોય તો આજે જાય કે કાલે જાય. શો ફેર પડવાનો હતો? હવે હું તો ચાલ્યો જઈશ ક્યાંક! સંસારમાં શું સુખ છે?''

ઘણીયે વાર સુધી એ નસીબને દોષ દેતો બબડતો જ રહ્યો પણ નિરુપમાએ ઊંચી નજર કરી નહીં.

નિરુપમાને માથે પાછી એ જ આફત આવીને ઊભી રહી! એ જ મ્હેણાં ટોણાં, એ જ અપમાન, એ જ તિરસ્કાર! હવે કોઈને એની કશી પડી ન હતી. એના ખાવા પીવાનીય કોઈને કશી દરકાર ન હતી. ઘમંડીલાલે ઘર છોડવાથી ધમકી આપવાનું ચાલું રાખ્યું હતું.

નિરુપમાએ મોટી ભાભીને પત્ર લખી હકીકત જણાવી. લખ્યું – ''ભાભી, તમે તો મને ભારે સંકટમાં ધકેલી દીધી છે. આના કરતાં તો હું પહેલાં સારી હતી. હવે તો મારા મરવા જીવવાનીય કોઈને પડી નથી. જો આમ જ ચાલ્યા કરશે તો તમારા નણદોઈ તો ઘર છોડીને જતા જશે, પણ હું

તો ચોક્કસ ઘર છોડીને ચાલી નિકળીશ.''

ભાભી પત્ર વાંચીને બધું સમજી ગઇ. આ વખતે એણે નિરુપમાને બોલાવી નહીં. કારણ કે એને ખબર હતી કે કોઇ એને મોકલશે નહીં. તેથી તે પોતે જ તેના પતિને લઇને નણંદને ઘેર આવી પહોંચી. નિરુપમાની ભાભી સુકેશી મિલનસાર, ચતુર અને હસમુખી સ્ત્રી હતી. આવતાં જ નિરુપમાની ગોદમાં દિકરીને જોઇ બોલી – ''અરે, આ શું છે?''

નિરુપમાની સાસુએ કહ્યું – ''નસીબ!

સુકેશીએ કહ્યું – '' નસીબ? નસીબ કેવું? એ મહાત્માની સલાહ ભૂલી ગઇ હશે! નહીં તો આમ થાય જ નહીં.'' પછી નણંદ તરફ ફરી પૂછ્યું – ''તમે મંગળનું વ્રત કર્યું હતું?''

''હા, એક પણ મંગળવાર ચૂકી ન હતી.''

''મંગળવારે પાંચ બ્રાહ્મણોને જમાડતાં હતાં?''

''એવું દો મહાત્માએ કહ્યું ન હતું. ભાભી.''

''માથું તમારું! મને બારાબર યાદ છે. હું ત્યારે હાજર તો હતી. વિધિ પ્રમાણે કોઇ અનુષ્ઠાન કરીએ અને સફળ ના થાય એ તો બને જ શી રીતે?''

આ સાંભળી સાસુએ કહ્યું – ''પણ એણે તો એવી વાત પણ કોઇને કરી ન હતી. કહ્યું હોત તો પાંચ શું દસ બ્રાહ્મણોને જમાડી દેત.''

સુકેશીએ કહ્યું – ''હવે શું થાય? ભૂલી ગયાં. દિકરાનું મોં જોવાનું એમ રસ્તામાં નથી પડ્યું, બહેન. બહુ ભારે જપ તપ કરવાં પડે છે. તમે એક મંગળના વ્રતથી ગભરાઇ ગયાં?''

વચમાં જ સાસુ બોલ્યા – ''અભાગણી છે. પછી શું?''

ઘમંડીલાલે કહ્યું – ''એવી શી અઘરી વાત હતી કે યાદ ના રહે! પણ એ અમને બાળવા જ માગે છે.''



સાસુને વાતમાં વિશ્વાસ બેઠો – એણે સુકેશીને કહ્યું – ''મનેય થતું તું કે મહાત્માજીનું વચન નિષ્ફળ શી રીતે થયું? મેં તો સાત સાત વરસ સુધી તુલસી માતાને દિવો કર્યો હતો ત્યારે મારી કૂખે દિકરો જન્મ્યો હતો.''

ઘમંડીલાલે કહ્યું – ''પણ એને તો એ વાત ચણા મમરા ફાકવા જેવી લાગતી હશે.''

સુકેશીએ કહ્યું – ''જવા દો હવે, જે થવાનું હતું તે થઇ ગયું. કાલે મંગળવાર છે. ફરી વ્રત રાખો. અને જોજો ભૂલતાં નહીં. આ ફેરા દર મંગળવારે સાત બ્રાહ્મણોને જમાડજો. જોઉં તો ખરી કે મહાત્માજીનાં વચન કેવાંક ફળતાં નથી?!''

''હવે એ બધું કરવાથી કશું જ વળવાનું નથી.'' ઘમંડીલાલે કહ્યું.

સુકેશીએ આશ્વાસન આપતાં કહ્યું – ''બાબુજી! આપ ભણેલા ગણેલા અને સમજદાર માણસ થઇને આવું બોલશો? હજુ તો તમારી ઉંમરેય ક્યાં થઇ છે? બોલો, કેટલા દિકરા જોઇએ છીએ?''

સાસુએ વચમાં જ કહ્યું – ''દિકરાઓથી તે કોઇનું મન ભરાતું સાંભળ્યું છે, બેટી?''

''ઇશ્વરની ઇચ્છા હશે તો તમારાં બધાનાં મન ભરાઇ જશે. મારું તો ભરાઇ જ ગયું છે.''

ઘમંડીલાલે કહ્યું – ''સંભળાય છે મહારાણી. હવે કોઇ ગોટાળો ના કરતી પાછી. જે પૂછવું હોય તે વિગતે પૂછી લેજે તારી ભાભીને.''

''તમે ચિંતા ના કરશો. હું બધું જ યાદ કરાવી દઇશ. શું ખાવું, ક્યારે ખાવું, કેમ રહેવું, કેમ સ્નાન કરવું એ બધું ડાયરીમાં જ નોંધાવી દઇશ આ ફેરા તો. અને માજી આજથી દોઢ વરસ બાદ તમારી પાસેથી મોટું ઇનામ લઇશ.''

સુકેશી નણંદને ઘેર એક અઠવાડિયું રોકાઇ, અને નિરુપમાને બરાબર ભણાવી ગણાવી પાછી ફરી.

નિરુપમાનો સિતારો ફરી એકવાર ચમકતો થયો. સુકેશીની વાતોથી ઘમંડીલાલ એવો તો પ્રભાવિત થઇ ગયો કે એ ભવિષ્યની કલ્પનામાં ભૂતકાળને સમૂળગો ભૂલી ગયો. નિરુપમા ફરી દાસી મટી મહારાણી બની. ફરી પાછાં ઘરમાં એનાં માન પાન વધી ગયાં.

દિવસો વીતતા ગયા. નિરુપમા કોઇકવાર સાસુને કહેતી – ''માજી, એક સ્ત્રી મને સ્વપ્નમાં આવી બોલાવીને નાળિયેર આપી કહેતી હતી કે લે દિકરી આ તને હું આપી જાઉં છું. ગમે તેમ પણ કોણ જાણે શાથી મારા હૈયામાં આનંદ ઉભરાય છે. મને થાય છે કે ખૂબ ગીતો સાંભળું, નદીમાં ખૂબ સ્નાન કરું.'' વહુની વાતો સાંભળી સાસુ કહેતી – ''વહુ! એ બધાં સારાં લક્ષણ કહેવાય છે.''

નિરુપમા ફૂલોના ગજરા પહેરવા લાગી. ઘમંડીલાલ રોજ રાત્રે સૂતી વખતે પત્નીને મહાભારતની વીર કથાઓ સંભળાવતો. ક્યારેક ગુરુ ગોવિંદસિંહની પ્રશંસા ગાઇ સંભળાવતો અભિમન્યુની કથા નિરુપમાને ખૂબ ગમતી. પિતા આવનાર પુત્રને વીર સંસ્કારોથી સંતૃપ્ત કરી દેવા ઇચ્છતો હતો.

એક દિવસ નિરુપમાએ પતિને કહ્યું – ''શું નામ પાડશો?''

''અરે! તેં ઠીક વિચાર્યું. હું તો એ વાત જ ભૂલી ગયો હતો. નામ તો એવું પાડવું કે જેમાંથી શૂરવીરતા અને તેજ ટપકતાં હોય. જો વિચારી કાઢ એવું કોઇક નામ.''

બંન્ને જણાં એક પછી એક નામ વિચારવા લાગ્યાં. જોરાવરલાલથી માંડી હરિશ્ચંદ્ર સુધીનાં બધા જ નામો વિચારવામાં આવ્યાં. પણ આવનારા અસામાન્ય બાળક માટે એક પણ નામ જ રહ્યું નહીં. છેવટે વિચાર કરીને પતિએ કહ્યું – ''તેગબહાદુર નામ કેવું છે?''

''સરસ! સરસ! મને એ નામ ઘણું જ ગમે છે.''

''નામ તો ઘણું જ સરસ છે. તેગબહાદુરની કીર્તિ સાંભળી છે તેં? નામની પણ માણસ ઉપર અસર થાય છે વત્તીઓછી!''



નિરુપમા બોલી – ''નામમાં છે, જે છે તે બધું. આપણા દિકરાનું નામ રહેશે તેગબહાદુર.''

પ્રસવ સમય આવી પહોંચ્યો. નિરુપમાને તો થનાર ભવિષ્યની ખબર જ હતી. પણ બહાર તો મંગલાચરણ માટે સામાન ખડકી દેવામાં આવ્યો હતો. વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો. સંગીતના જલસાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કંદોઇ મિઠાઇ બનાવતો હતો. મિત્રો મંડપ નીચે બેસી ગપ્પાં મારતાં હતા. ભિખારીઓને વહેંચવા અનાજની ગુણો પણ તૈયાર રાખવામાં આવી હતી. જરાપણ વાર થાય નહીં તો માટે થેલાઓનાં મોં પણ ઉઘાડીને તૈયાર રાખવામાં આવ્યાં હતાં.

પણ નિરુપમાનું કાળજું ક્ષણે ક્ષણે કોચવાતું જતું હતું હવે શું થશે? ત્રણ વર્ષો તો સુખચેનમાં પસાર થઇ ગયાં. પણ હવે વિપત્તિનાં વાદળો ઘૂમરાવા લાગ્યાં હતાં. અરેરે! કેટલી બધી લાચારી! નિર્દોષ હોવા છતાં પણ આવી કઠોર શિક્ષા! મારી કૂખે કોઇ પુત્ર જન્મે નહીં એમાં મારો શો વાંક? પણ મારું તો સાંભળે છે જ કોણ? હું જ અભાગણી છું. ત્યાજ્ય છું. કાળમુખી છું. એટલા માટે ને કે હું લાચાર છું! શું થશે? ક્ષણ માત્રમાં આનંદોત્સવની જગાએ શોક છવાઇ જશે. મ્હેણાંનો વરસાદ વરસશે. સાસુ સસરાની તો ચિંતા નથી. પણ પતિ દેવ મારું મોં ફરીવાર નહીં જુએ! કદાચ સદાને માટે ઘરનો ત્યાગ કરી દેશે! ચારે તરફ અશુભ છે. કરવાનું તો ઘણુંય કરી જોયું. હવે કોઇ આશા નથી. મારાં તો અરમાન હતાં કે દિકરીઓને પાળી પોષી ઉછેરીશ. એમને પરણાવીશ, એમનાં ભાણેજાં જોઇ સુખી થઇશ. પણ હાય,બળ્યાં સ્વપ્નો ધૂળમાં મળી ગયાં. હે ભગવાન! હવે તો તું જ મારી દિકરીઓનો બાપ છે, તું જ એમનો રાખણહારો છે. હું તો હવે જાઉં છું, સદાને માટે.

લેડી ડૉક્ટરે કહ્યું – ''ફરી દિકરી આવી છે.''

જાણે વિજળી ત્રાટકી! અંદર બહાર ભારે કોલાહલ મચી ગયો. ઘમંડીલાલે આવેશ અને હતાશાની મિશ્ર લાગણીથી કહ્યું – ''નરકમાં જાય આવી જિંદગી. હવે તો મોત આવે તો સારું. આ લહાયમાંથી તો છૂટીએ.''

વૃદ્ધ બાપે કહ્યું – ''અભાગણી છે. પૂરી અભાગણી!''

અનાજની રાહ જોઇ બેઠેલા ભિક્ષુકોએ કહ્યું – ''કરમ જ ફૂટેલાં છે ને સાલ્લાં, ચાલો બીજે ઘેર.''

આ શોકોદ્‌ગાર હજુ શમ્યાય ન હતા. ત્યાં જ લેડી ડૉક્ટરે હાંફળા ફાંફળા આવી કહ્યું – ''માની તબિયત સારી નથી. એનો જીવ જોખમમાં છે. હવે એ બચી શકે એમ નથી. એનું હૃદય બંધ પડી ગયું છે.''





# સજા

કોર્ટનું કામકાજ પૂરું થઇ ગયું હતું. સંધ્યાનો સમય હતો કોર્ટના કર્મચારીઓ અને પટાવાળા ગજવાં ખખડાવતા ઘેર જઇ રહ્યા હતા. કંઇક જડવાની આશાએ ભંગી કચરાના ઢગ ફંફોસી રહ્યો હતો. કોર્ટના ઓરડામાં ચામાચિડીયાં આમ તેમ ફરી રહ્યાં હતાં. બહાર ચોગાનમાં લીમડાનાં ઝાડ નીચે કૂતરાં બેઠેલાં હતાં. બરાબર એ સમયે ફાટેલાં તૂટેલાં લૂગડાંવાળો એક વૃદ્ધ માણસ લાકડીના ટેકે ટેકે ન્યાયાધીશના બંગલે આવી બહાર છજા નીચે ઊભો. ન્યાયાધીશનું નામ હતું મિસ્ટર જી.સિન્હા. તેને જોઇને દૂરથી જ નોકરે બૂમ મારી – ''એય, કોઇ ઊભું છે ત્યાં? ઓસરીમાં છત નીચે?''

''ગરીબ બ્રાહ્મણ છું ભાઇ, સાહેબ મળશે?''

પટાવાળાએ કહ્યું – ''તારા જેવા નવરા માણસોને સાહેબ મળતા નથી.''

વૃદ્ધે બગલ નીચે લાકડીનો ટેકો કરી ઊભા રહેતાં કહ્યું – ''કેમ ભાઇ, અમે કાંઇ ચોર ડાકુ છીએ?''

''ભીખ માગીને ન્યાય મેળવવા આવ્યા હશો?''

''ભીખ માગવી એ કંઇ પાપ છે? ત્યારે શું કઇ ઘર વેચીને કોર્ટ લડાતી હશે? આ આખો જનમારો કોર્ટ લડવામાં વીતી ગયો છે, પણ ઘરની એક પાઇએય ખરચી, નથી મેં તો, આપણે તો ભઇ જેનું ખાસડું એનું માથું. દસ જણાં જોડે માગીને એકને આલી દેવાનું. મારા નામથી આખું ગામ થરથર ધ્રૂજે છે. કોઇકે સહેજ અટકચાળું કર્યું નથી કે એને મેં કોર્ટના દરવાજા દેખાડ્યા નથી!''

પેલા વૃદ્ધની વાત સાંભળી પટાવાળાએ કહ્યું – ''તે ભઇ, કોઇ માથાનો મળ્યો નહીં હોય?''

''રેવાદ્યે હવે. ભલભલા ચસરબંધીનેય મેં તો મોટે ઘેર મોકલાવી દીધા.મારી સામે પડવાની કોઇની હિંમત જ ના ચાલે. હાઇકોર્ટ દેખાડી દઉં સીધી. આપણે ગાંઠની પાઇ ખરચવાની નહીં, પછી ચિંતા શી વાતની? કોઇની કોઇ વસ્તુ ઉપર મારી નજર ઠરે એટલે હું એને મેળવ્યા વગર ના છોડું. સીધેસીધો એ માને નહીં તો પછી કોર્ટમાં ખેંચી જઉં! મારું શું જવાનું છે એમાં? બોલ, સાહેબને ખબર્ય કરે છે કે હું જ પાડું બૂમ?''

પટાવાળાને સમજાઇ ગયું હતું કે માણસ હવે અહીંથી સીધે સીધો જાય તેમ ન હતો. તેથી તેણે જઇને સાહેબને એના આવ્યાની જાણ કરી. સાહેબે આવનારના દેખાવ અંગે પૂછ્યું – ''પટાવાળાએ આગંતુકનું વર્ણન કર્યું એટલે સાહેબે હુકમ કર્યો – ''બોલાવી લાવ, જા જલ્દી બોલાવી લાવ.''

પટાવાળાએ કહ્યું – '' પણ સાહેબ! સાવ ચિંથરેહાલ છે.''

''તને શી ખબર પડે. રતન તો ઉકરડામાંય હોય છે. જા જઇને બોલાવી લાવ.''

સિન્હા સાહેબ પાકટવયના માણસ હતા. ખૂબ જ શાંત સ્વભાવના. વિચારશીલપણ ખરા. ઓછું બોલતા ને કામ વધારે કરતા. સખતાઇ અને અસભ્યતાથી એ દૂર રહેતા હતા. દયા અને ન્યાયના સાક્ષાત્ દેવતા હતા એ. વળી એ માણસના જબરા હિરાપારખું. જોતાં વેંત જ માણસને નખશિખ ઓળખી જાય. આરામ ખુરશીમાં લાંબા થઇને એ હુક્કાની ટોટી ચૂસતા હતા. ત્યાં જ પેલા વૃદ્ધ આગંતુકે પાસે જઇને સલામ કરી.

મિ.સિન્હાએ ઓળખી જતાં જ કહ્યું – ''અરે, તેમે તો જગત પાંડે. આવો, બેસો. તમારો કેસ તો બહુ લૂલો જણાય છે. ભલા માણસ તમને ના આવડ્યું.''

જગતે કહ્યું – ''એવું ના બોલો સાહેબ, ગરીબ માણસ છું. માર્યો જઇશ.''



''અરે, પણ કોઇ સારા વકીલની સલાહ પણ ના લીધી તમે?''

''એટલે તો આપ સરકારને શરણે આવ્યો છું.''

''તે હું કઇ કાયદો ઓછો બદલી નાખવાનો હતો? તમારી ભૂલ થાય છે. હું કાયદાની વિરુદ્ધ કશું જ કરી શકું તેમ નથી. ખબર છે ને તમને, અપીલમાં જવાબથી મારો નિર્ણય નહીં બદલાય?''

જગત પાંડેએ ગન્નીઓની થેલી સિન્હા સાહેબની સામે મૂકતાં કહ્યું – ''સાહેબ, આપને બહુ પુણ્ય મળશે. ઘણો દુઃખી માણસ છું.''

સિન્હા સાહેબે કહ્યું – ''અહીં પણ ચાલબાજી? લાવો. છે હજુ બીજી? ઝાકળ ચાટવાથી કઇ તરસ સંતોષાતી હશે? ભલાદમી, બે આંકડાની રકમ તો પૂરી કરો.''

''સાહેબ! ભારે મુશ્કેલીમાં છું.''

''અરે! કેડ્ય પર હાથ ફેરવો. જરા મારી તો શરમ રાખો, ભાઇ!''

''લૂંટાઇ જઇશ, સરકાર!''

''લૂંટાય તમારો દુશ્મન. ભગવાન ભલું કરે તમારા યજમાનોનું તમારે શી ચિંતા છે?''

મિ.સિન્હા આ કેસમાં જરા પણ ઢીલ મૂકે તેમ ન હતા. જગતે જાણ્યું કે હવે અહીં ચાલાકી ચાલે એમ ન હતું. તેથી તેણે ધીમે રહી પાંચ ગિન્નીઓ કાઢી સામે મૂકી. પણ તેમ કરતાં એના આંખોમાંથી લોહી વરસવા લાગ્યું જાણે! કારણ કે, એ એની વરસોની કમાણી હતી. વરસોથી પેટે પાટા બાંધીને શરીર બાળીને, સાથી ખોટીઓ જુબાનીઓ આપીને એણે એ પૈસો એકઠો કર્યો હતો. ગિન્ની કાઢતાં જાણે એનો જીવ નીકળી જતો હતો.

જગત પાંડેના ગયા પછી બરાબર રાત્રે નવ વાગે જજ સાહેબના બંગલે એક ઘોડાગાડી આવીને ઊભી રહી. એમાંથી શિવપુરના રાજા સાહેબના એજન્ટ પંડિત સત્યદેવ ઊતર્યા.

મિ.સિન્હાએ હસીને આવકાર આપતાં કહ્યું – ‘‘કદાચ આપ આપના ઈલાકામાં ગરીબોને રહેવા દેશો નહીં! આટલો બધો જુલ્મ?’’

સત્યદેવે ઉત્તરવાળતાં કહ્યું – ‘‘અરે, એમ કહો કે ગરીબોના જુલ્મ સામે હવે આ પ્રદેશમાં અમારે વસવું મુશ્કેલ બની ગયું છે! તમે તો જાણો જ છો ને કે સીધી આંગળીએ ઘી ના નીકળે? જમીનદારોએ થોડીક કડકાઈ કરવી જ પડે. પણ હવે જમાનો બદલાયો છે. થોડીક કડકાઈ કરી નથી કે ગરીબોનો ભવાં ખેંચાયાં નથી! બધાંને જમીન મફતમાં ખેડવી છે. મહેસૂલ માગીએ એટલે ફોજદારી દાવો કરવાની ધમકી આપે. આઘે ક્યાં જવું, પેલા જગત પાંડેની જ વાત કરો ને! ગંગાના સોગંદ સાહેબ હડહડતો જુઠ્ઠો દાવો છે. આપનાથી શું અજાણ્યું છે? જો જગત એ દાવો જીતી જશે તો બિસ્તરા પોટલા બાંધીને ભાગવું પડશે અહીંથી. હવે તો આપની કૃપા મરજી હશે તો જ રહેવાશે. રાજા સાહેબે આપને સલામ પાઠવીને અરજ ગુજારી છે કે આ કેસમાં આપ જગતની એવી ખબર લઈ નાખો કે એ આખી જિંદગી યાદ કરે.’’

સિન્હા સાહેબે ભવાં ચઢાવીને કહ્યું – ‘‘કાયદા કઈ મારે ઘેર તો નથી બનતા ને?’’

સત્યદેવે કહ્યું – ‘‘સાહેબ, બધું જ આપના હાથમાં છે.’’ આટલું કહેતાં સોનાની ગિન્નીઓની એક પોટલી કાઢીને મેજ ઉપર મૂકી દીધી. સિન્હા સાહેબે એને ગણીને કહ્યું – ‘‘મારા તરફથી રાજા સાહેબને ભેટ આપી દેજો. આખરે આપ કોઈ વકીલ તો રોકશો જ ને? એને શું આપશો?’’

સત્યદેવે કહ્યું – ‘‘એ તો હજૂરના હાથમાં છે. જેટલી મુદતો પડશે એટલું ખર્ચ પણ વધશે.’’

‘‘હું ઈચ્છું તો મહિનો લટકાવી રાખું.’’

‘‘હા,હા, એની તો ના ન કહેવાય.’’

‘‘પાંચ મુદતો પડશે તોય હજારના ખાડામાં પેસી જવાશે. અહીં એની અડધી રકમ પૂરી કરી આપો. તો એક જ મુદતમાં ફેંસલો થઈ જાય. અડધું ખર્ચ બચી જાય.’’





સત્યદેવે બીજી દસ ગિન્ની કાઢી મેજ ઉપર મૂકી, અને સગર્વ કહ્યું – ‘‘આપનો હુકમ હોય તો જણાવી દઉં રાજા સાહેબને. વિશ્વાસ રાખજો. હવે રાજા સાહેબની કૃપાદ્રષ્ટિ થઈ ગઈ છે.’’

મિ.સિન્હાએ કડક અવાજે કહ્યું – ‘‘ના,ના, કશું કહેવાની જરૂર નથી. હું કોઈ શરત ઉપર આ રકમ લેતો નથી. જે કાયદામાં આવતું હશે એ જ હું કરીશ. કાયદાની વિરુદ્ધ જરાય જઈશ નહીં. આપ મારી કાળજી રાખો છો એ તો આપની મોટાઈ છે. મારી પ્રમાણિકતા ખરીદનારને હું મારા દુશ્મન સમજું છું. હું તો જે કઈ સ્વીકારું છું તે સચ્ચાઈની ભેટ તરીકે જ સ્વીકારું છું.’’

જગત પાંડેને એની જીત થાય એવો પૂરો વિશ્વાસ હતો. પણ ફેસલો સાંભળીને એના હોશકોશ ઊડી ગયા. આખો દાવો જ નીકળી ગયો હતો. જગતની આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા. તે દાંત કચકચાવી બબડ્યો. ‘‘મારી સાથે આવી રમત! લાલા સાહેબને ધોળે દહાડે આકાશમાં તારા ના દેખાડી દઉં તો મારું નામ જગત પાંડે નહીં. એનું પાણી જ ઉતારી નાખું. આ કઈ મફતનો કમાણીના રૂપિયા નથી. એને કોણ પચાવી શકવાનું હતું? ઘરને બારણે માથું કૂટી કૂટીને મરી જઈશ.’’

તે દિવસે સાંજથી જ જગતે મિ.સિન્હાને બંગલે આસન જમાવી દીધું. ત્યાં વડનું એક ઘટા ઘર વૃક્ષ હતું. અસીલો બપોર આ વડ નીચે જ વીતાવતા. જગત લોકોમાં મિ.સિન્હાની ભરપેટ નિંદા કરતો. ખાધાપીધા વગર લોકોને એ પોતાના રામકથા સંભળાવ્યા કરતો. સાંભળનારાય એની વાતને સમર્થન આપતાં કહેતા – ‘‘રાક્ષસ છે રાક્ષસ! એને તો એવી જગાએ મારવો જોઈએ કે જ્યાં પાણીનો છાંટોય મળે નહીં. રૂપિયા લઈને ઉપરથી ખર્ચ સાથે સામાવાળાના પક્ષે ફેંસલો આપ્યો, આમ જ કરવું તું તો પૈસા શું જખ મારવા લીધા હતા? એના કરતાં તો અંગ્રેજ જજ સારો! બસ, આખો દિવસ એની આસપાસ આવી જ ચર્ચા ચાલતી રહેતી.’’

વાત મિ.સિન્હાના કાને આવી પહોંચી. બીજા ખાઉં કર્મચારીઓની જેમ એમના પેટનું પાણીયે હાલ્યું નહીં. એમના મન પર જાણે કોઈ અસર

થઈ ન હતી! કાયદાને એ ચુસ્ત પણે વળગી જ રહેતા હોય તો પછી એમના પર કોણ શંકા કરે? અને કોઈ શંકા કરે તો એને માનેય કોણ? અવા હોંશિયાર અને ચાલાક માણસની વિરુદ્ધ કાનૂની કારવાઈ પણ શી રીતે થઈ શકે? મિ.સિન્હા એમના અન્ય કર્મચારીઓ સાથે પણ ખુશામત પૂર્ણ વ્યવહાર કરતા ન હતા. પણ જગત પાંડેએ કોણ જાણે કેવો જાદુ કર્યો હતો કે એનો કોઈ જવાબ એમની પાસે ન હતો. આવા જડ માણસ સાથે આજ સુધી એને પનારો પડ્યો હતો નહીં મિ.સિન્હા તેમના નોકરોને પૂછતા – ‘‘આ શું કરે છે પેલો બુઢ્ઢો? કહે છે કશું? નોકરોય વાતનું વતેસર કરી જવાબ વાળતા – ‘‘હુજુર કહે છે કે મરીશ તોય ભૂત થઈને વળગીશ. અને જે દહાડે મારો જીવ નીકળશે તે દહાડે બીજા સો જગત પેદા થશે.’’

મિ.સિન્હા નાસ્તિક સ્વભાવના હતા. પણ એકની એક વાત કાને પડતાં ક્યારેક એ ડગી જતા. શ્રીમતી સિન્હા તો વાતો સાંભળીને ધ્રુજી ઊઠતી. તે વારંવાર નોકરોને કહેતી – ‘‘જાઓ, જઈને એને પૂછો કે શું જોઈએ છીએ એને? જે જોઈતું હોય એ લઈ લે પણ અહીંથી ટળે એ.’’ પણ મિ.સિન્હા નોકરોને એમ કરતાં વારતા. એમને એમ કે ભૂખે મરશે એટલે ચાલ્યો જશે ઊઠીને.

છઠ્ઠે દિવસે ખબર મળી કે જગત પાંડેથી બોલાતું નથી. હાલવા ચાલવાનુંય એણે બંધ કર્યું હતું. શરીરમાં જરા જેટલીય સ્ફૂર્તિ ન હતી. આકાશ સામું ટગર ટગર તાકી રહ્યો હતો એ. કદાચ આજે રાત્રે જ મરી જાય એમ હતું. મિ.સિન્હાએ લાંબો શ્વાસ ખેંચ્યો. શ્રીમતી સિન્હા તો લાગતી રડવા જ લાગી. રડતાં રડતાં પતિને કહેવા લાગી – ‘‘તમને મારા પ્રાણના સોગંદ છે, ગમે તેમ કરો પણ આ બલાને કાઢો અહીંથી. એ બુઢ્ઢો મરી જશે તો આપણે તો એકેય બાજુનાં નહીં રહીએ! પૈસા સામું ના જોશો. બે ચાર હજાર આપવા પડે તોય આપીને મનાવી લ્યો. એની પાસે જતાં તમને શરમ આવતી હોય તો હું જાઉં!’’

સિન્હાએ પત્નીની વાતનો જવાબ આપતાં કહ્યું – ‘‘હું પણ એ જ વિચાર કરું છું બે દિવસથી. પણ એની આસપાસ લોકોનું ટોળું જામેલું રહે છે.



એટલે મારી હિંમત ચાલતી નથી. ગમે એવી આફત આવવાની હોય તો આવે. હું લોકોના દેખતાં તો એને મનાવવા નહીં જ જાઉં. તું તો બે ચાર હજારની વાત કરે છે, પણ હું પાંચ દસ હજાર આપવા તૈયાર છું. પણ મારાથી ત્યાં નહીં જઈ શકાય. કોણ જાણ કેવા કાળ ચોઘડિયાંમાં મેં એના પૈસા લીધા હતા! મને શી ખબર કે આવો તાયફો કરશે; નહીં તો દરવાજામાં જ એને પેશવા દેત નહીં. આજ પહેલીવાર માણસને ઓળખવામાં મેં ભૂલ કરી.’’

પત્નીએ કહ્યું – ‘‘તો હું જાઉં? બધા લોકોને આઘા કરીને પછી વાત કરીશ. કોઈને જરા સરખી પણ ગંધ નહીં આવે. હવે છે કોઈ વાંધો?’’

‘‘તું ગમે તેમ કરીશ તોય જાણવાવાળા તો તરત જ જાણી જવાના.’’

‘‘તે ભલે નહી જાય. હવે એમનાથી ક્યાં સુધી ડરવું? આ તે કઈ ઓછી બદનામી છે? અને હજુ તો વધારે થશે. આખી દુનિયા જાણે છે કે તમે રૂપિયા લીધા છે. હવે નકામી જીદ શું કરવા કરો છો?’’

મિ.સિન્હાએ મર્મવેદના છતી કરતાં કહ્યું – ‘‘પ્રિયે આ નકામી જીદ નથી. ચોરને પોલીસ થાણે માર ખાતાં જેટલી શરમ નથી આવતી,સ્ત્રીને કલંક લાગતાં જેટલી શરમ નથી આવતી, એટલી, બલ્કે એથી વધારે શરમ અધિકારીને લાંચ લીધાના વાતનો ભંડો ફૂટી જવાથી આવે છે. ઝેર ખાઈને મરી જવું સારું પણ લાંચની વાતનું પોલ ખુલી જવું ખોટું! એ બુઢ્ઢો બ્રાહ્મણ ભૂત થઈને મને કનડે એની જરાયે બીક નથી મને. હું એ પણ જાણું છું કે પાપની સજા ખાસ કરીને મળતી જ નથી હોતી પણ આપણા સંસ્કારોએ આપણા મનમાં આવી શંકા કુશંકાઓ ઠસાવી દીધી છે. બ્રહ્મહત્યાનું પાપ માથે લેતાં આત્મા કંપે છે. બસ, આટલી જ વાત છે. આજે રાત્રે લાગ જોઈને જઈશ, હું એની પાસે અને મારાથી બનતું, બધું જ કરી છૂટીશ!’’

મધરાત થઈ હતી. મિ.સિન્હા એકલા ઘેરથી નીકળી જગતને મનાવવા ચાલ્યા. વડના ઝાડનીચે નીરવ શાંતિ છવાયેલી હતી. ગાઢ

અંધકારમાં કશું જ દેખાતું હતું નહી. જગતનો જોરજોરથી ચાલતો શ્વાસ સંભળાતો હતો. મિ.સિન્હા નાં રુંવાં ખેંચાઇ ગયાં. સાલો, કઇ મરી તો નથી જતોને? ગજવામાંથી બેટરી કાઢી અજવાળું કર્યું અને પાસે જઇ પૂછ્યું – ''પાંડેજી! કેમ છો?''

પાંડેએ આંખો ખોલી. ઊઠવાનો મિથ્યા પ્રયત્ન કરતાં કહ્યું – ''જોતા નથી. મરવા પડ્યો છું તે?''

''તે આમ મરવાનું કોઇ કારણ?''

''તમારી આવી જ મરજી છે, પછી હું બીજું શું કરું?''

''જગત, મારી તો એવી લેશમાત્ર ઈચ્છા નથી. અલબત્ત, તમે મારું સત્યાનાશ વાળવા તૈયાર થયા છો. મેં તમારા માત્ર દોઢસો રૂપિયા જ લીધા છે. એટલા રૂપિયા માટે આટલી બધી મુસીબત સહન કરી રહ્યા છો તમે?''

''વાત દોઢસો રૂપિયાની નથી. તમે તો મને ધૂળમાં ધમરોળી નાખ્યો. મારી તરેફ હુકમનામું થયું હોત તો મને દસ વીઘાં જમીન મળી હોત ને લોકોમાં મારી વાહ વાહ થઈ જાત. તમે તો મારા પાંચ હજાર ઉપર પાણી ફેરવી દીધું. પણ યાદ રાખજો. આ અભિમાન નહીં રહે તમારું. કહી દઉં છું કે સત્યાનાશ થઈ જશે! આ અદાલતમાં ભલે તમારું રાજ્ય ચાલતું હોય, પણ ઉપરવાળાની અદાલતમાં તો અમારું બ્રાહ્મણોનું રાજ્ય ચાલે છે. બ્રાહ્મણનો એક પૈસો કોઇને પચ્યો જાણ્યો નથી આજ સુધી.''

શ્રીમાન સિન્હાએ ઘણી દિલગીરી અને દુઃખ વ્યક્ત કર્યાં. તેમણે ખૂબ જ નમ્રતા અને વિવેકથી કામ લીધું અને છેવટે કહ્યું – ''પાંડે, કેટલા રૂપિયા મળે તો આ હઠ છોડી દેશો, સાચું બોલજો?''

''પાંચ હજારથી એક પાઇ પણ ઓછી નહીં લઉં.''

''પાંચ હજાર તો વધારે કહેવાય.''

''ના, ના, એથી ઓછું મને નહીં ખપે.''



આટલું કહીને પાંડે ફરી સૂઇ ગયો. એના નિશ્ચય આગળ સિન્હા એક શબ્દ બોલી શક્યા નહીં. એ રૂપિયા લેવા ઘેર પાછા ફર્યા. પણ રસ્તામાં જ દાનત બદલાઇ ગઇ. રૂપિયા દોઢસોની જગાએ પાંચ હજાર! મનમાં ને મનમાં બોલ્યા – ''ભલે મરી જાય. કેવી બ્રહ્મહત્યા અને કેવું પાપ ઢોંગ છે ઢોંગ એ બધું તો! અને બદનામીમાં તો શું નવું છે? સરકારી નોકરો તો આમેય બદનામ થાય છે જ! છ દિવસ લાંધણ તાણવાથી જો પાંચ હજાર મળી જવાના હોય તો હું મહિનામાં પાંચવાર એવા લાંધણ ખેંચી કાઢું, મને જો કોઇ એક હજાર પણ આપવા તૈયાર હોય તો. બેઠો બેઠો ભલે રાહ જોતો. રૂપિયા જોઇએ છીએ! પાંચ હજાર અહીં તો મહિનો આખો વૈતરું કરીએ ત્યારે માંડ માંડ છસો જોવાના મળે છે.''

એ ખાટલામાં આડે પડખે થવા જતા હતા. ત્યાં જ પત્ની પાસે આવી ઊભી રહી ગઇ. એના વાળ વિખરાયેલા હતા. આંખો નિસ્તેજ હતી. શરીર આખું ધ્રુજતું હતું. મોંઢામાંથી એક શબ્દ પણ કાઢવાની હિંમત ન હતી. મહામુશ્કેલીએ બોલી – ''અડધી રાત તો થઇ ગઇ. તમે જાઓને પેલા બ્રાહ્મણ પાસે. મેં એવું ખરાબ સ્વપ્નું જોયું છે કે મારું કાળજું હજુય ધમણની જેમ ધબકી રહ્યું છે. જાઓ, અને ગમે તેમ કરીને એ બલા ટાળો.''

મિ.સિન્હાએ કહ્યું – ''ત્યાં જઇને જ આવું છું. મને તારા કરતાં વધારે ચિંતા છે. આવીને ઊભો જ રહ્યો છું અને તું આવી પહોંચી.''

''તો તમે ગયા હતા? શું વાત થઇ? માની ગયો?''

''પાંચ હજાર માંગે છે.''

''પાંચ હ...જા...ર?!''

'એક પાઇ પણ ઓછી નહીં. ને અત્યારે મારી પાસે એક હજારથી વધારે રૂપિયા છે પણ ક્યાં?'

પત્નીએ થોડીવાર વિચાર કરીને કહ્યું – ''જેટલા માગે તેટલા આપી દો. પણ બલા ટાળો ગમે તેમ કરીને. રૂપિયા હું આપીશ. મને તો

અત્યારથી જ ખોટાં સપનાં આવે છે. એ બોલતો ચાલતો તો છે ને?''

''તો લાવ, આપી આવું. પણ માણસ છે ભરોસા વગરનો. પૈસા લઈને પણ લોકોને કહેતો ફરશે તો?''

''પણ અત્યારે જ એને અહીંથી કાઢી મૂકીએ તો?''

''તો કાઢી મૂક. રૂપિયા તો આપી દઉં. જિંદગીમાં આ વાત પણ યાદ રહેશે.''

પત્નીએ કહ્યું છું – ''ચાલો, હું પણ આવું છું. અત્યારે કોણ જોવાનું છે?''

પુરુષના સ્વભાવનો પરિચય પત્નીથી વધારે બીજા કોને હોય? શ્રીમતી સિન્હા પતિના મનોભાવોને બરાબર જાણતી હતી. શી ખબર કે રસ્તામાં રૂપિયા સંતાડી દે'ને પછી કહે કે આપી આવ્યો રૂપિયા! તો મારી તો સ્થિતિ જ મરવા જેવી થઈ જાય. પેટીમાંથી રૂપિયા કાઢીને પતિની સાથે ચાલી નીકળી. સિન્હાના મોં ઉપર મેંશ લાગી હતી જાણે! પ્રાયશ્ચિત કરતા કરતા એ પાછળ ચાલતા હતા. મનમાં થતું હતું – ''પાંચ હજાર રૂપિયા? કોણ જાણે આટલા રૂપિયા ફરી ક્યારે મળશે? એના કરતાં તો એ મરી ગયો હોત તો સારું થાત. ભલે બદનામી થાત પણ રૂપિયા તો બચી જાત ને! ભગવાન કરે ને સાલો મરી ગયો હોય તોય સારું!''

બંન્ને જણાં દરવાજા સુધી આવ્યાં હતાં ત્યાં જ એમણે જોયું કે જગત પાંડે લાકડીના ટેકે ટેકે સામે આવતો હતો. એનો દેખાવ બીક લાગે એવો હતો. જાણે માણસમાંથી કોઈ મડદું ચાલ્યું આવતું ના હોય!

પતિ પત્નીને જોતાં જ પાંડે બેસી પડ્યો. અને હાંફતાં હાંફતાં બોલ્યો – ''બહુ મોડું કર્યું, લાવ્યા?''

પત્નીએ કહ્યું – ''મહારાજ! એમે આવતાં જ હતાં. તમે શું કામ તસ્દી લીધી નકામી? રૂપિયા લઈને સીધા ઘેર ચાલ્યા જશો ને?''

''હા, હા, સીધો જ ઘેર દતો રહીશ. ક્યાં છે રૂપિયા? લાવો.''



શ્રીમતી સિન્હાએ રૂપિયાની પોટલી કાઢી પાંડેના હાથમાં મૂકતાં કહ્યું – ''ગણી લો. પૂરા પાંચ હજાર છે.''

ફાનસના આછા અજવાળામાં રૂપિયાની પોટલી લેતાં કહ્યું – ''પૂરા પાંચ હજાર છે?''

''પૂરા પાંચ હજાર ગણી લ્યો.''

''બે ટોપલી ભરાઈ જશે ને પાંચ હજારમાં?''

''હજુ પણ વિશ્વાસ નથી આવતો?''

''આવે છે, આવે છે. પૂરા પાંચ હજાર! તો હવે જાઉં.''

આમ કહીને રૂપિયાની પોટલી લઈ એણે માંડ એક બે ડગલાં ભર્યાં હશે ત્યાં જ દારૂડિયાની જેમ લથડિયું ખાઈને ધડામ્ કરતો ક ને એ નીચે ગબડી પડ્યો. શ્રીમાન સિન્હા એને બેઠો કરવા દોડી ગયા. ઝટપટ બાથમાં ઘાલી ઊંચો કર્યો. પણ એનું મોં પીળું પડી ગયું હતું. આંખો તરડાઈ ગઈ હતી. સિન્હાએ પૂછ્યું – ''પાંડે, પાંડે, વાગ્યું તો નથી ને?''

પણ પાંડે બોલી શક્યો નહીં. જીવનનો આખરી તંતુ તૂટી ગયો. નોટોની પોટલી છાતી ઉપર પડી હતી. એટલામાં શ્રીમતી સિન્હા આવી પહોંચી. જગતનું શબ જોઈ એ છળી ગઈ અને બોલી – ''શું થયું આને?''

પતિએ જવાબ આપ્યો – ''મરી ગયો. બીજું શું!''

''મરી ગયો?! હે, ભગવાન, હવે શું થશે!''

એ ઝડપથી બંગલા ભણી દોડી ગઈ. શ્રીમાન્ સિન્હા પણ જગતના શબ ઉપરથી નોટોની પોટલી લઈ બંગલે ચાલ્યા ગયા.

પત્નીએ પૂછ્યું – ''આ રૂપિયાનું હવે શું કરીશું?''

''ધર્માદા કામમાં વાપરી નાખીશું.''

''ઘરમાં રાખવાના નથી. ખબરદાર!!''

બીજે દિવસે આખા શહેરમાં એક જ વાત ચર્ચા હતી કે જગત પાંડે એ જજ સાહેબના નામ પર કુરબાની આપી દીધી. એના સ્મશાનયાત્રામાં હજારો લોકો જોડાયા હતા. મિ.સિન્હાને લોકો છંડેચોક ગાળો દેતા હતા.

સાંજે કોર્ટમાંથી સિન્હા આવીને બેઠા હતા ત્યાં જ નોકરોએ કહ્યું કે એમને રજા આપવામાં આવે. એમણે સમાજે નાતબહાર મૂકવા આપેલી ધમકીની સિન્હા સાહેબને જાણ કરી.

સિન્હાએ આવેશમાં આવી કહ્યું – ''કોણ ધમકી આપે છે?''

''સરકાર! બધાય કહે છે. કોનું નામ દેવું?''

''પણ એક મહિનાની નોટિસ આપ્યા વગર તમે છૂટા ના થઇ શકો.''

''પણ અમારા સમાજ સાથે સંબંધ બગાડી અમારે રહેવું જ ક્યાં?'' આજથી જ અમારું રાજીનામું સમજો, સરકાર! હિસાબ તો જ્યારે કરવો હોય ત્યારે કરજો.''

ઘણી સમજાવટ છતાં નોકરો માન્યા જ નહીં. અડધા કલાકમાં જ બધા ચાલ્યા ગયા. મિ.સિન્હા દાંત કચકચાવીને બેસી રહ્યા. પણ અધિકારીઓનું કામ અટકી પડ્યું હોય એવું સાંભળ્યું છે ક્યારેય? એમણે તરત જ કોટવાળને ખબર આપી તરત જ થોડા માણસો રોજે તેડાવી મંગાવવામાં આવ્યા.

તે દિવસથી જ મિ.સિન્હા અને હિન્દુ સમાજ વચ્ચે મડાગાંઠ પડી ગઇ. ધોબીએ કપડાં ધોવાનું બંધ કર્યું. રબારીએ દૂધ આપવા ના પાડી દીધી. વાળંદે હજામત કરવા આવવા ના પાડી દીધી. આ મુશ્કેલીઓથી પત્ની તો વાજ આવી ગઇ. એ રાત્રે ગભરાતી ગભરાતી રહેતી. હવે એમનાં સગાં વહાલાંને પણ એમને ઘેર આવવાનું બંધ કરી દીધું. એક દિવસ શ્રીમતી સિન્હાનો ભાઇ આવ્યો. પણ તેણે એમના ઘરનું પાણી પીધું નહીં. સિન્હા





સાહેબ ધીરજપૂર્વક આ ઊપેક્ષા સહન કરતા જતા હતા. હજુ સુધી એમને કશું આર્થિક નુકસાન ભોગવવું પડ્યું હતું નહીં. ગરજવાળા કોઇને કોઇ ભેટ સોગાદ આપી જતા હતા, એટલે ચિંતા કરવાનું કોઇ કારણ ન હતું.

પણ કુટુંબ સાથે વેર કરવાનું કોઇ રીતે પાલવે એમ ન હતું. કુટુંબ અને સમાજ સામે નમતું જોખવું જ પડે છે. સિન્હાના જીવનમાં પણ આવો પ્રસંગ આવી ઊભો. એમની દિકરીનું લગ્ન હતું. ભલભલાનો ગર્વ ઓગાળી નાખે એવો આ સમય હતો.

ત્રિવેણીના લગ્નમાં મુશ્કેલીઓ આવવાની બીક તો સિન્હાને પહેલેથી જ હતી. પણ પૈસાથી એ આપત્તિમાંથી પણ ઉગરી જવાશે એવી એમની ગણતરી હતી. કેટલોક સમય તો એમણે જાણી જોઇને પસાર થવા દીધો.એમને એમ કે સમય જતાં લોકો ભૂતકાળને ભૂલી જાય છે. પણ હવે તો ત્રિવેણાએ સોળ વર્ષ પૂરાં કર્યાં હતાં. સમય બરબાદ કરવો હવે પાલવે તેમ ન હતું. મિ.સિન્હાએ સારા ઘરના છોકરાની તપાસ કરવા માંડી. પણ દરેક ઠેકાણેથી એક જ જવાબ મળતો – ''અમારે એ ઘેર સગાઇ કરવી નથી.'' પૈસાની લાલચ કે છોકરાને અમેરીકા મોકલવાના લાલચ પણ કામમાં આવી નહીં.

આમને આમ એક વર્ષ પસાર થઇ ગયું. શ્રીમતી સિન્હા ખાટલા ઉપર પડીપડી કણસતી હતી. ત્રિવેણી રસોઇ બનાવતી હતી. સિન્હા સાહેબ પત્નીની પાસે ચિંતાગ્રસ્ત હૈયે બેઠા હતા. એમના હાથમાં એક કાગળ હતો. વારંવાર એઓ કાગળ તરફ જોઇ વિચારમાં ડૂબી જતા હતા. ઘણીવાર પછી પત્ની રોહિણીએ આંખો ઉઘાડી કહ્યું – ''હવે હું નહીં બચી શકું. પાંડે મારો જીવ લઇને જ ઝંપશે. તમારા હાથમાં કાગળ કેવો છે?''

''યશોદાનંદનો કાગળ છે. હરામખોરને શરમ નથી આવતી કાગળ લખતાં? મેં એને નોકરીએ વળગાડ્યો. એનું લગ્ન કરી આપ્યું અને આજે એ મારી જ સામે થઇ ગયો છે. એના નાના ભાઇનું લગ્ન આપણી ત્રિવેણી સાથે કરવાની ના પાડે છે પાછી?''

"હે ભગવાન! હવે તો મોત આવે તો સારું! હવે આ દિવસો જોયા જતા નથી. મને દ્રાક્ષ ખાવાની ઈચ્છા થઈ આવી છે. મંગાવી કે નહીં?"

"હું જાતે જ લઈ આવ્યો હતો." આટલું કહેતા તો એક તાશકમાં દ્રાક્ષ લાવી પત્ની સામે મૂકી. આખી તાશક ખાલી થઈ ગઈ એટલે પૂછ્યું – "હવે કોને ત્યાં કહેણ મોકલશો?"

"શું કહું? મારા ધ્યાનમાં તો હવે કોઈ આવતું નથી. આવા સમાજમાં રહેવા કરતાં તો સમાજ બહાર રહેવું હજાર દરજે સારું. એક બ્રાહ્મણ પાસે લાંચ લીધી એની ના નહીં, કોણ લાંચ નથી લેતું?લાંચ આપનાર નિરાશ થઈને જીવ કાઢી નાખે એમાં મારો શો ગુનો? મારા નિર્ણયથી ના ખુશ થઈ કોઈ ઝેર ઘોળે તો એમાં હું શું કરી શકું? છતાં હું પ્રાયશ્ચિત કરવા તૈયાર છું. સમાજ કે રીતિ જે સજા કરે તે સહન કરવા પણ હું તૈયાર છું. પણ કોઈ મારી વાત કાને ધરતું નથી. સજા તો ગુનાના પ્રમાણમાં હોવી જોઈએ. નહીં તો તો એ અન્યાય કહેવાય. કોઈખ મુસલમાને અભડાણું ભોજન ખાવા બદલ સમાજ જો કાળાપાણીની સજા ફરમાવે તો હું એને કદાપિ મંજુર રાખું નહીં. જો કોઈ ગુનો હોય તો તે મારો ગુનો છે. મારી દિકરીનો શો ગુનો? મારા ગુના બદલ મારી દિકરીને સજા આપવી એ ન્યાય વિરુદ્ધ છે."

પત્નીએ કહ્યું – "તો હવે શું કરશો? પંચાયત કેમ નથી બોલાવતા?"

"પંચાયતમાં પણ એ જ કુટુંબના માણસો હશે. એમની પાસે વળી ન્યાયની શી આશા? હકીકતમાં તો આપણા તિરસ્કારનું કારણ જ અદેખાઈ છે. મને જોઈને બધા બળે છે. અને એટલે જ આપણને નીચા પાડવાની કોશિશ કરે છે."

પત્નીએ કહ્યું – "મનની મનમાં જ રહી ગઈ. બધી આશાઓ ધૂળમાં મળી ગઈ. જેવી ભગવાનની ઈચ્છી. તમારી વાતો સાંભળું છું ને મને બીક લાગે છે કે મારી દિકરી ને જ્ઞાતિ બહાર  ના પરણાવશો. નહીં તો મને



પરલોકમાંયે શાંતિ નહીં મળે. મારી દિકરી ઉપર કોઈ જાણે કેવું સંકટ આવવાનું છે?"

શ્રીમતી સિન્હા રડવા લાગી. સિન્હા સાહેબ એમને આશ્વાસન આપવા લાગ્યા. "તું એની ચિંતા ન કરીશ. જ્ઞાતિના અન્યાયથી મારું કાળજું મૂંઝાઈ ગયું છે."

"જ્ઞાતિનું ખોટું બોલવું સારું ના કહેવાય. સમાજ કે જ્ઞાતિની બીક ના હોય તો માણસો બહેકી જાય. સમાજનું ખોટું ના બોલશો. પછી છાતી ઉપર હાથ મૂકતાં કહ્યું – "મને અહીં ખૂબ પીડા થાય છે. યશોદાનંદને પણ ના લખી દીધું. હવે મને જંપ વળતો નથી. હે ભગવાન, શું કરું?"

સિન્હાએ કહ્યું – "ડૉક્ટરને બોલાવું?"

પત્નીએ કહ્યું – "તમારી ઈચ્છા હોય તો બોલાવો, પણ હવે હું બચવાની નથી. જરા ત્રિવેણીને બોલાવી લાવો. જરા વહાલ કરી લઉં. જીવ મુંઝાતો જાય છે. મારી દિકરી! હાય...હાય...મારી દિકરી!"

# લૈલા

લૈલા કોણ હતી, ક્યાંથી આવી હતી અને શું કરતી હતી તેની કોઈને કશી ખબર ન હતી. એક દિવસ લોકોએ એક અનુપમ સૌંદર્યને તેહરાનના ચૌટામાં ચક ઉપર હાફિઝની ગઝલ ઝૂમી ઝૂમીને ગાતાં જોયું –

''રસાદ મુજરા કિ ઐયામે ગમ ન ખ્વાવહા માંદ;

ચૂના ન માંદ, ચૂની નીજહમ ન ખ્વાહદ માંદ.''

એ લૈલા હતી. સમગ્ર તેહરાન એના પર ફીદા હતું. ઉષાની પ્રફુલ્લ લાલિમા જેવું એનું સૌંદર્ય હતું. બુલબુલના ટહુંકા જેવો મીઠો એનો કંઠ હતો. લૈલા...લૈલા કાવ્ય, સંગીત. સૌરભ અને સુષ્માની એક મનોરમ પ્રતિમા હતી. એ પ્રતિમા સામે ગરીબ અમીર અને નાના મોટાનાં મસ્તક ઝૂકી જતાં હતાં. એ ગાતી ત્યારે મંત્ર મુગ્ધ થઈ સૌ મસ્તક ડોલાવતા. એ એની શાયરીમાં સંતોષ અને પ્રેમના આવનારા સામ્રાજ્યને આલાપતી એ રાજાને મોહ નિદ્રામાંથી જગાડીને કહેતી હતી કે આ ભોગવિલાસ ટકવાના નથી ઝાઝા! પ્રજાની સુષુપ્ત અભિલાષાઓને જાગૃત કરતી હતી એ. એની હૃદય જંત્રીને પોતાના સ્વરોથી રણઝણાવતી હતી. સમયનો પોકાર સાંભળીને વિકલ થતા શૂરવીરોની અમર કીર્તિ સંભળાવતી હતી. કુળની લાજ સાચવવા મરી મિટનારી વિદુષીઓનો મહિમા ગાતી હતી. એનો અનુરક્ત સૂર સાંભળીને સાંભળનારનાં હૈયાં થંભી જતાં હતાં. જાણે!

આખું તેહરાન લૈલા પાછળ પાગલ હતું. કચડાયેલી પ્રજા માટે એ આશાનો દિપક હતો. રસિક લોકો માટે એ સ્વર્ગની અપ્સરા હતી. ધનવાનો માટે એ આત્માની જાગૃતિ હતી અને સત્તાધીશો માટે દયા અને ધર્મનો સંદેશ હતી. એની નજરના એક માત્ર ઈશારે લોકો અગ્નિમાં કૂદવા તૈયાર હતા.



એનું અનુપમ સૌંદર્ય અમૃત જેવું પવિત્ર, હિમ જેવું શુભ્ર અને નિષ્કલંક અને નવપલ્લવિત કુસુમકળી જેવું અનિંદ્ય હતું. એના એક પ્રેમ કટાક્ષ પર સોનાના પહાડ ખડકાઈ જતા હતા. ભલભલી સત્તા પગની ધૂળ ચાટતી, વિદ્વાનો ઘૂંટણે પડી જતા, કવિઓનાં કાળજાં કોરાઈ જતાં. પણ લૈલા કોઈની સામે ઊંચી આંખ કરીને જોતી પણ ન હતી. એ નીલાંબર નીચે એક ઘટાદાર વૃક્ષની છાયામાં નિવાસ કરતી હતી. ભિક્ષા માગીને ભૂખ મિટાવતી હતી અને સદૈવ એની હૃદય વીણાના તાર ઝણઝણાવતી હતી. કવિની કવિતા જેવી એ માત્ર નિર્વ્યાજ આનંદ અને પવિત્ર પ્રકાશની વસ્તુ હતી. ભોગવિલાસની નહીં. એના હૈયામાં કલ્યાણની ભાવના અંકુરિત થઈ હતી. જેને સ્પર્શી ના શકાય અને ખરીદી ના શકાય એવી ઋષિમુનિઓના આશીર્વાદની પ્રતિમા હતી એ.

એકવાર નમતા પહોરે તેહરાનનો શાહજાદો નાદિર ઘોડા ઉપર સવાર થઈ ત્યાંથી પસાર થયો. લૈલા ગીત આલાપતી હતી. નાદિરે મધુર આલાપ સાંભળ્યો અને એણે ઘોડાની લગામ ખેંચી. ઘણીવાર સુધી એ ખોવાયેલી દશામાં ઊભો ઊભો સાંભળી રહ્યો. ગઝલ નો શેર હતો –

''મેરા દેર્દેસ્ત અંદર દિલ, અગર ગોયમ જબાં શોજદ;
વગર દમ દરકશમ, તરસમ કી મગઝો ઉસ્તખ્વાં સોજદ''

પછી ઘોડા ઉપરથી ઉતરીને એ નીચું જોઈ બેસી ગયો અને રડવા લાગ્યો. પછી એણે ઉઠીને લૈલા પાસે જઈ એનાં ચરણોમાં માંથું મૂકી દીધું. લોકો અદબપૂર્વક ત્યાંથી દૂર હડી ગયા.

લૈલાએ પૂછ્યું – ''કોણ છો તમે?''

''તમારો ગુલામ'' નાદીરે ઉત્તર આપ્યો.

''શી ઈચ્છા છે આપની?''

''આપની સેવા કરવાની આશા. આપ મારી ઝુંપડીએ પગલાં પાડો, એ જ અભિલાષા છે.''

''મને એ ગમતું નથી.'' લૈલાએ કહ્યું.

શાહજાદો બેસી ગયો. લૈલાએ ફરી સૂર છેડ્યો. પણ જાણે વીણાનો તાર તૂટી ગયો હોય એમ એનું ગળું કંપવા લાગ્યું. તેણે નાદિરને ત્યાં નહીં બેસવા વિનંતી કરી.

ત્યાં હાજર રહેલા કેટલાક માણસોએ શાહજાદાની ઓળખાણ આપતાં લૈલાને કહ્યું – ''લૈલા, આ તો આપણા શાહજાદા નાદિર છે.''

બેફિકરાઈથી લૈલાએ કહ્યું – ''ખૂબ સરસ! પણ અહીં શાહજાદાનું શું કામ છે? એમને માટે તો મહેલ છે, મહેફિલ છે અને મદિરા છે. હું તો શોખીનો માટે ગાતી નથી. હું તો ગાઉં છું જેમના દિલમાં દર્દ છે, વ્યથા છે, વેદના છે એમના માટે.''

શાહજાદાએ ઉન્મતભાવે પ્રશ્ન કર્યો – ''લૈલા, તમારા એક સૂર પાછળ હું મારું સર્વસ્વ કુરબાન કરવા તૈયાર છું. હું તો શોખમાં રાચનારો પ્યાલો હતો પણ તમે દર્દનો સ્વાદ ચખાડી દીધો.''

લૈલા ગાવા લાગી ફરી, પણ હવે એના વશમાં ન હતી.

લૈલાએ ચંગ ગળે મૂકી દીધું. અને તે તેના નિવાસસ્થાને ચાલી ગઈ. શ્રોતાઓ પણ વિખરાઈ ગયા. કેટલાક તેની પાછળ પાછળ પેલા વૃક્ષ હેઠળ ગયા. જ્યારે એ એની ઝુંપડીએ પહોંચી ત્યારે સૌ પાછા ફર્યા. માત્ર એક માણસ એની ઝુંપડીથી થોડાંક ડગલાં ચૂપચાપ ઊભો હતો.

લૈલાએ કહ્યું – ''તમે?''

''હું તમારો ગુલામ નાદિર!''

લૈલાએ કહ્યું – ''તમને ખબર નથી કે હું મારી શાંતિના સામ્રાજ્યમાં કોઈને પ્રવેશવા દેતી નથી?''

''એ તો અનુભવી રહ્યો છું.''

''તો પછી શા માટે બેઠા છો?''

''ઈચ્છાનો ગુલામ છું એટલે.''

''કશું ખાઈને આવ્યા છો?''





''હવે તો નથી ભૂખ કે નથી તરસ.''

લૈલાએ કહ્યું – ''આવો, આ ગરીબોનું ખાણું તો ખાઈ જુઓ આજે!''

નાદિર ના પાડી શક્યો નહીં. બાજરાના રોટલા એને આજે મીઠા લાગ્યા. એને થયું કે આ વિશાળ વિશ્વમાં કેટલો બધો આનંદ ભર્યોભર્યો છે! એ આત્માનું ઊર્ધ્વીકરણ થતું અનુભવવા લાગ્યો.

એના ખાઈ રહ્યા બાદ લૈલાએ કહ્યું – ''જાઓ હવે, અડધી રાતી વીતી ચૂકી છે.''

નાદિરે રડતી આંખે કહ્યું – ''ના, ના, લૈલા! હું હવે અહીં જ રહીશ.''

આખો દિવસ નાદિર લૈલાનાં ગીતો અને ગઝલો સાંભળતો જ રહ્યો. એ એની પાછળ પાછળ ફરતો. રાત્રે પેલા ઝાડ નીચે જ એ વિસામો લેતો. બાદશાહ અને બેગમે એને ખૂબ સમજાવ્યો પણ શાહજાદો તો એક નો બે ના થયો. લૈલાની સાથે એ પણ સામાન્ય માણસની જેમ રહેવા લાગ્યો.

લૈલાના સંગીતમાં હવે માધુર્ય રહ્યું ન હતું. એમાં ન હતો જાદુ, ન હતી જીવંત અનુભૂતિ. એ ગાતી હતી. સાંભળનારા પણ આવતા હતા. છતાં એ નિજાનંદથી પર હતી. શ્રોતાઓને ખુશ કરવા જ એ ગાતી હતી.

આમને આમ છ માસ પસાર થઈ ગયા.

લૈલા એક દિવસ ગાવા ગઈ નહીં. નાદિરે પૂછ્યું – ''લૈલા, આજે ગાવા નથી જવું?''

''હવે હું ક્યારેય ગાવાની નથી. સાચું કહેજો; તમને આજેય મારાં ગીતો પહેલાંના જેવા જ મીઠાં લાગે છે?''

''પહેલાં કરતાં પણ વધારે મીઠાં.''

''પણ લોકોને તો હવે મઝા નથી આવતી!''

''હા, મને એ જ વાતનું આશ્ચર્ય છે.''

લૈલાએ કહ્યું – ''એમાં આશ્ચર્ય જેવું કશું નથી. મારું હૈયું પહેલાં ઊઘાડું હતું. સૌને માટે એમાં સ્થાન હતું. મારા હૈયામાંથી ઊઠતો સૂર સૌનાં હૈયાં સુધી પહોંચતો હતો. પણ હવે...હવે તમે હૈયામાં દ્વારા બંધ કરી દીધાં છે. હવે મારા હૈયામાં એક માત્ર તમે છો. તેથી મારો સૂર તમને જ આનંદ આપી શકે છે. મારું હૃદય હવે તમારા સિવાય અન્ય કોઈના કામનું રહ્યું નથી. આજ સુધી તો તમે મારા ગુલામ હતાં; આજથી હું તમારી દાસી બની ગઈ છું. હવે તમે મારા માલિક છો. હું હવે તમારો પડછાયો બનીને ફરીશ. આ ઝુંપડીમાં આગ ચાંપી દો તમે કે જેથી એની ભભૂકતી જ્વાળાઓમાં હું મારું ડફ બાળી દઉં.''

તેહરાનમાં ઘેર ઘેર ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. શાહજાદો નાદિર લૈલાને બેગમ બનાવી લાવ્યો હતો. ઘણા દિવસોની તપસ્યા પછી એની મહેચ્છા સાકાર થઈ હતી. આખું તહેરાન શાહજાદાના લગ્નની ખુશાલીમાં ઝૂમતું હતું. બાદશાહે આખા શહેરમાં ઢંઢેરો પીટાવ્યો હતો કે આ શુંભ પ્રસંગે ધન અને સમયની બરબાદી ના કરે. લોકો માત્ર મસ્જિદોમાં જઈ ખુદાની પાસે વરવધુના સુખ માટે દુવા માગે. પણ લોકોને શાહજાદો એટલો વહાલો હતો કે એમણે ધન કે સમયની પરવા જ કરી નહીં. ઠેરઠેર રોશની થઈ. સંગીતની સૂરાવલિઓ છેડાઈ રહી. ઠેરઠેકાણે મિજબાનીઓ થવા લાગી. ગરીબો તેમની ડફલીઓ લઈ શહેરની ગલીઓમાં ઘૂમવા લાગ્યા.

સંધ્યા સમયે અમીર ઉમરાવો લગ્નની વધાઈ આપવા દિવાને ખાસમાં એકઠા થવા લાગ્યા. અત્તરથી મહેંક મહેંક થતો, કીમતી આભૂષણોથી ઓપતો અને આનંદોલ્લાસ ઝૂમતો શાહજાદો દિવાનેખાસમાં આવી ઊભો.

કાજીએ દુવા માંગી – ''હુજુર પર ખુદાની બરકત ઉતરો.''

હજારો લોકોએ એક સાથે કહ્યું – ''આમીન.''

શહેરની ખાનદાન સ્ત્રીઓ પણ લૈલાને મુબારકબાદી આપવા આવી પહોંચી હતી. લૈલા તદ્દન સાદાં કપડાં પહેરી ઊભી હતી. ઘરેણાંનું તો નામ નિશાન ન હતું.





એક સ્ત્રીએ કહ્યું – ''તમારું સૌભાગ્ય સદા સલામત રહે.''

હજારો કંઠ રણકી ઊઠ્યા – ''આમીન.''

કેટલાંક વર્ષો પાણીના જેમ પસાર થઈ ગયાં. નાદિર હવે તેહરાનનો બાદશાહ હતો. અને લૈલા હતી તેહરાનની મલેકા. ઈરાનનો કારોબાર સુવ્યવસ્થિત ચાલતો હતો. પ્રજા આટલી સુખી અગાઉ ક્યારેય ન હતી. નાદિર રાજસત્તાનું પ્રતીક હતો. લૈલા પ્રજાસત્તાનું પ્રતીક હતી. પણ બંન્નેમાં કોઈ ભેદ ન હતો. બંન્ને વચ્ચે ગજબનું અનુકુલન હતું. તેમનું દામ્પત્યજીવન આદર્શ હતું. રાજ્યકારોબરમાંથી ફુરસત મળતી ત્યારે બંન્ને સાથે બેસી સંગીતની મોજ માણતાં, ક્યારેક નૌકાવિહાર માટે જતાં તો ક્યારેક કોઈ ઘટાદાર વૃક્ષોની છાયામાં બેસી હાદિજની ગઝલો વાંચતાં. હવે લૈલામાં એટલી સાદગી ન હતી કે નાદિરમાં ન હતો એટલો શિષ્ટાચાર. નાદિરનો લૈલા પર એકાધિકાર હતો. રાણીવાસમાં જ્યાં અનેક બેગમો વિરાજતી હતી ત્યાં હવે લૈલા એકલી હતી. મહેલોમાં હવે દવાખાનાં, મદરેસાઓ અને પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યાં હતાં. જ્યાં રાણીવાસનો વાર્ષિક ખર્ચ કરોડો રૂપિયા થતો હતો ત્યાં હવે હજારોથી વધુ આંકડો પહોંચતો ન હતો. બાકીનું ધન પ્રજાકલ્યાણનાં કામોમાં વપરાવા લાગ્યું. લૈલાએ શાહીખર્ચ ઉપર કાપકૂપ મૂકી દીધી હતી. બાદશાહ નાદિર હતો, પણ વહીવટ હતો લૈલાના હાથમાં.

બધું જ હતું પણ પ્રજા સંતુષ્ટ ન હતી. પ્રજામાં દિનપ્રતિદિન અસંતોષ વધુને વધુ પ્રબળ થવા લાગ્યો. રાજકારણીઓને શંકા થવા લાગી કે જો આમને આમ ચાલશે તો કદાચ બાદશાહનો અંત આવી જશે! હજારો સદીઓથી પ્રચંડ આંધીઓ અને તોફાનોનો સામનો કરીને ટકી રહેલું આ બાદશાહનું વૃક્ષ એક હસીનાના નાજુક પણ કાતિલ હાથો વડે ઊખડી જઈ રહ્યું હતું! લૈલા પર આશાની મીટમાંડી બેઠેલી પ્રજા નિરાશ થઈ ગઈ. ઈરાન જો આજ રસ્તા પર આગળ વધશે તો તે તેનાં સિદ્ધિનાં શિખરો સુધી પહેંચતા પહેલાં જ કયામતને દરવાજે પહોંચી જશે. અમીરો અને ગરીબોની વચ્ચે હવે સતત સંઘર્ષ થયા કરતો હતો. નાદિરની સમજાવટની અમીરો ઉપર કોઈ અસર થતી ન હતી અને લૈલાની સમજાવટથી ગરીબો ઉપર કોઈ અસર થતી ન હતી. સામંતો નાદિરના

લોહીતરસ્ય થઈ ગયા હતા જ્યારે પ્રજા લૈલાની દુશ્મન બની બેઠી હતી.

રાજ્યમાં અશાંતિથી આગ ફેલાઈ ગઈ હતી. બળવાનો દાવા લોકહૈયામાં ધગધગતો હતો. જ્યારે રાજભવનમાં બાદશાહ અને બેગમ પ્રજા સંતોષની કલ્પનામાં રાચતાં હતાં.

રાત્રિનો સમય હતો. નાદિર અને લૈલા આરામગૃહમાં બેઠાં બેઠાં શતરંજ ખેલતાં હતાં.

નાદિરે લૈલાનો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું – ''તમારી ચાલ પૂરી થઈ. જુઓ, આ તમારું એક પ્યાદું મરાયું.''

લૈલાએ કહ્યું – ''ઠીક, તો લ્યો આ શહ(ચેક) તમારાં બધાં પ્યાદાં એમને એમ રહી ગયાં અને બાદશાહને શહ(ચેક) મળી ગયો.''

''તમારી સાથે હારવામાં જે આનંદ આવે છે, એ જીતવામાં નથી આવતો.''

''એમ વાત છે? તો તમે મને ખુશ કરવા એમ કહો છો? શહ(ચેક) બચાવો, નહીં તો હવે આ બીજી જ ચાલમાં મર્યો જાણજો.''

નાદિરે કહ્યું – ''ઠીક! તો સંભાળજો હવે. તમે મારી બાદશાહનું ઘોર અપમાન કર્યું છે. એકવાર મારો ચાલશે તો તમારાં બધાં પ્યાદાં સાફ કરી દેશે.''

લૈલાએ સામો પ્રહાર કર્યો – ''લ્યો, આ ફરી શહ! આ વખતે હું છોડવાની નથી. ચલાવો હવે વજિર! બે વાર જવા દીધા તમને. આ વખતે તમને નહીં જવા દઉં.''

''જ્યાં સુધી મારી પાસે મારો દિલરામ (ઘોડો) છે ત્યાં સુધી મને કોઈ ચિંતા નથી.''

''એમ વાત છે? તો લ્યો આ શહ! લાવો તમારા ઘોડાને. બોલો, હવે તો હારી ગયા ને?''

''હા, જાનેમન! હવે હારી ગયો. હું જ જ્યાં તારી અદાઓ ઉપર હારી ગયો છું, પછી બિચારા મારા બાદશાહનું શું ગજું!''



''બહાનાં ના કાઢશો. છાનામાના આ ફરમાન પર દસ્તખત કરી દો. તમે વચન આપ્યું હતું ને?''

આટલું કહેતાં લૈલાએ ફરમાન નાદિરની સામે ધર્યું. ફરમાન ખુદ લૈલાએ એના હસ્તાક્ષરોમાં તૈયાર કરેલું હતું. એમાં અનાજ પરનો આયાતી કર ઘટાડીને અડધો કરી દેવામાં આવ્યો હતો. લૈલા પ્રજાને ભૂલી ન હતી. એને હૈયે હજુ પણ પ્રજાકલ્યાણની ભાવના વસેલી હતી. લૈલા શતરંજની રમતમાં બાદશાહને ત્રણવાર હરાવે તો ફરમાન પર સહી કરવાનું એણે વચન આપ્યું હતું. નાદિરે હસતાં હસતાં ફરમાન પર હસ્તાક્ષર કરી દીધા. કલમના બે અક્ષરોએ પ્રજાને પાંચ કરોડના વાર્ષિક કરમાંથી મુક્તિ આપી દીધી. લૈલાનો ચહેરો ગર્વથી લાલ થઈ ગયો. જે કામ વરસોના આંદોલનથી થઈ ના શક્યું એ લૈલાના પ્રેમબાણોઓ થોડા દિવસોમાં જ પૂરું કરી દીધું.

લૈલાને થયું કે ફરમાન સરકારી પત્રોમાં પ્રકાશિત થશે ત્યારે લોકો કેટલા ખુશખુશાલ થઈ જશે? લોકો એની કીર્તિ ગાશે, એને આશીર્વાદ આપશે.

રાજ્યભવનના દરવાજે ઓચિંતો કોલાહલ મચી ગયો. થોડીવારમાં જ ખબર પડી કે લોકોનું એક મોટું ટોળું હાથમાં હથિયારો સાથે રાજદ્વાર પર જમા થઈ દરવાજો તોડવાની ચેષ્ટા કરતું હતું. પ્રતિક્ષણ પ્રજાનો આવેશ વધતો જતો હતો. થતું હતું કે ક્રોધોન્મત્ત પ્રજા દરવાજો તોડી અંદર પ્રવેશી જશે! કેટલાક નિસરણીઓ મૂકી કિલ્લાની દિવાલ પર ચઢવા લાગ્યા. લૈલા લજ્જા અને શોકમાં નતમસ્તક ઊભી હતી. એ કશું જ બોલી શકી નહીં. એ નિસ્તબ્દ્ધ બની ગઈ. જેની વીણાના તાર સાંભળતાં પ્રજા ઉન્મત્ત થઈ જતી હતી એ જ આ પ્રજા હતી? જેને માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દીધું હતું તે જ આ દીન, દુઃખી, દુર્બળ, દલિત, ક્ષુધાપીડિત અને અત્યાચારની વેદનાથી તડપતી પ્રજા હતી?

નાદિર અવાક્ બની ઊભો હતો. એના ચહેરા પર ક્રોધ તરવરતો હતો. આંખોમાંથી તણખા ઝરતા હતા. જાણે! વારંવાર એનો હાથ

તલવારની મૂઠ ઉપર જતો હતો. તે લૈલા ભણી તાકીતાકીને જોતો હતો. માત્ર ઈશારાની જ અપેક્ષા હતી એને. બળવાખોરોને નસાડી મૂકવા એની સેના ઉપર નીચે થઈ રહી હતી. પણ લૈલા સ્થિરચિત્ત ઊભી હતી.

આખરે અધીરાઈથી એણે કહ્યું – ''લૈલા, હું રાજ્યના સૈન્યને બોલાવવા ઈચ્છું છું. તારો શો અભિપ્રાય છે?''

લૈલાએ દિનતા પૂર્ણ આંખોએ કહ્યું – ''ઊતાવળ શા માટે? થોભો જરા. એમને પૂછો તો ખરા કે એમને શું જોઈએ છીએ?''

આદેશ મળતાં જ નાદિર મહેલની છત પર જઈ ચઢ્યો. લૈલા પણ એની પાછળ પાછળ ગઈ. પ્રજાની સામે આવતાં જ આકાશ પ્રચંડ ધ્વનિથી ગુંજી ઊઠ્યું – ''જુઓ, એ ઊભી ત્યાં.'' આ એજ પ્રજા હતી કે જે એક દિવસ લૈલાના મીઠા સંગીત પાછળ પાગલ બની ગઈ હતી.

નાદિરે તીવ્ર સ્વરે વિદ્રોહીઓને સંબોધતાં કહ્યું – ''ઈરાનની હે બદનસીબ પ્રજા! શા માટે તમે શાહીમહેલને ઘેરો ઘાલ્યો છે? બળવો કરવાનો તમારો શો હેતુ છે? શું તમને તમારી જરાયે ચિંતા નથી? તમે નથી જાણતા કે મારી એક આંખના ઈશારા માત્રથી તમને ખાકમાં મેળવી દઈ શકું એમ છું? મારો હુકમ છે કે એક પળમાં જ તમે અહીંથી ખસી જાઓ, નહીં તો, કલામે પાકની કસમ, હું અહીં લોહીની નદીઓ વહેવડાવી દઈશ.''

બળવાખોરોના નેતા જેવા જણાતા એક માણસે સામે આવી કહ્યું – ''શાહી મહેલમાં જ્યાં સુધી લૈલા હશે ત્યાં સુધી અમે અહીંથી નહીં જઈએ.''

ગુસ્સાના આવેશમાં નાદિરે કહ્યું – ''હે નમકહરામીઓ! ખુદાનો ડર રાખો. તમારી મલકાની આવી બે અદમી કરતાં શરમ નથી આવતી તમને? એના તમારા ઉપરના ઉપકારો ભૂલી ગયા તમે? જાલિમો, એ મલિકા હોવા છતાં તમે જ કૂતરાંને ખવડાવો છો એવો ખોરાક ખાય છે. તમે ફકિરોને આપી દો છો એવાં કપડાં પહેરે છે. તમે રાણીવાસમાં જઈને જુઓ તો ખરા, કે એવો કેવો સૂનમૂન છે! એ સાધ્વી જેવું જીવન જીવીને સદા તમારી સેવામાં મગ્ન રહે છે. તમારે તો તેનાં ચરણોની ધૂળ માથે ચઢાવવી જોઈએ, એનો સૂરમો બનાવી આંખોમાં આંજવો જોઈએ. ઈરાનના સામ્રાજ્યમાં પ્રજા માટે





જાન પાથરનારી આવી રાણી થઈ જાણી છે તમે? અને તમે એને કલંક લાગે એવી બેબુનિયાદ વાતો કરો છો? લ્યાનત છે તમને! તમે ઈન્સાનિયતથી ખાલીખાલી કમીને છો. તમને તો હાથીના પગ નીચે કચડી નાખવામાં આવે તોય પાપ ના લાગે...''

નાદિર તેની વાત પૂરી પણ ન હતો કરી રહ્યો વિદ્રોહીઓના ટોળામાંથી અવાજ ઊઠ્યો – ''લૈલા...લૈલા અમારી દુશ્મન છે. અમે એને અમારી મલકા માનતા નથી.''

નાદિરે ગુસ્સામાં કહ્યું – ''ખામોશ, જાલિમો.'' જુઓ આ એ જ ફરમાન છે કે જેના પર હમણાં જ લૈલા એ જબરદસ્તીથી મારી પાસે દસ્તખત કરાવ્યા છે. આજથી અનાજ ઉપરનો કર ઘટાડીને અડધો કરી દેવામાં આવ્યો છે. તમારા સૌના માથેથી પાંચ કરોડનો મહેસૂલી કરબોજ ઓછો થઈ ગયો છે.

એકઠા થયેલાઓએ જોરજોરથી કહ્યું – ''એ તો બહુ પહેલેથી માફ થવો જોઈતો હતો. અમે એક કોડીય ભરવાના નથી. અને લૈલાને અમે અમારી મલકા તરીકે કદી સ્વીકારવાના નથી.''

બાદશાહનો ગુસ્સો હવે કાબૂ બહાર થઈ ગયો. લૈલાએ સજળ આંખોએ કહ્યુ – ''પ્રજાની એવી ઈચ્છા હોય કે હું ડફ વગાડતી વગાડતી તેહરાનની ગલીઓમાં ગાતી ફરું તો મને તેની સામે કોઈ ફરિયાદ નથી. મને વિશ્વાસ છે કે હું મારી મધુર સૂરાવલિથી પ્રજાનાં હૈયાં પર ફરી હકુમત જમાવી શકીશ.''

''લૈલા...લૈલા...! હું પ્રજાની ઈચ્છાઓનો ગુલામ નથી. મારાથી તને અલગ કરતા પહેલાંતો તેહરાનની ગલીઓ ખૂનથી તરબતર થઈ જશે. હું એ બદમાશોને એમની હરકતોની મજા ચખાડી દઈશ.''

નાદિરે મિનાર પર ચઢી ભયનો ઘંટ વગાડ્યો. આખા તહેરાનમાં એનો અવાજ ગુંજી ઉઠ્યો. પણ આ શું? શાહી સેનાનો એક પણ સૈનિક બહાર ના આવ્યો.

નાદિરે બીજી વાર, ત્રીજી વાર એમ વારંવાર ઘંટ વગાડ્યો પણ પરિણામ શૂન્ય આવ્યું. એક પણ સૈનિક વિદ્રોહીઓની સામે ના ફરક્યો. નાદિર તો આ પરિસ્થિતિ જોઇ અવાક્ બની ગયો એને સમજાઇ ગયું કે માઠા દિવસો હવે દૂર ન હતા. આ આવી પડેલી આપત્તિમાંથી ઉગરવાનો એક માત્ર ઉપાય હતો અને તે પ્રજાના હઠાગ્રહ આગળ લૈલાનું બલિદાન. પણ લૈલા તો એને પ્રાણથીયે અદકી પ્યારી હતી. એ અટારીમાં આવ્યો અને લૈલાનો હાથ પકડીને સદર દરવાજામાંથી બહાર આવ્યો. પ્રજાએ વિજય ધ્વનિ સાથે તેમનું સ્વાગત કર્યું. બધા તેમના રસ્તામાંથી આઘા ખસી ગયા.

બંન્ને જણાં તેહરાનની ગલીઓ વટાવતાં વટાવતાં ચાલ્યાં જતાં હતાં. ચારે તરફ ગાઢ અંધકારનું સામ્રાજ્ય છવાયેલું હતું. બધું જ સૂમસામ હતું. ઘરમાંથી કોઇ બહાર નીકળતું ન હતું. ફકીરો પણ મસ્જિદોમાં આશ્રય લઇ રહ્યા હતા. પણ આ બે માટે ક્યાં કોઇ સહારો હતો? નાદિરની કેડમાં તલવાર લટકતી હતી, લૈલાના હાથમાં ડફ હતું. એ હતાં એમના વિશાળ ઐશ્વર્યનાં સ્મૃતિચિહ્નો.

એક વર્ષ પસાર થઇ ગયું. નાદિર અને લૈલા દેશ વિદેશમાં ઘૂમતાં હતાં. સમરકંદ અને બુખારા, બગદાદ અને હલબ, કાહરા અને અદન વગેરે તમામ દેશો ખૂંદી વળ્યાં હતાં. લૈલાના ડફે ફરીવાર ચમત્કાર સર્જ્યો હતો. એનો અવાજ સાંભળતાં જ લોકો પાગલ થઇ જતા. ગલીઓ ગલીઓ ગાંડીતૂર થઇ જતી. ઠેકઠેકાણે માણસોની જાણે મેળા જામી જતા! લોકો એમના સ્વાગત માટે તડપતા. પણ એ બંન્ને ક્યાંય એક દિવસથી વધારે રોકાતાં ન હતાં. કોઇને ઘેર જતાં ન હતાં જે મળે તે લુખ્ખું સૂક્કું ખાઇ લેતાં અને કાં કોઇ વૃક્ષ નીચે, કાં કોઇ પર્વતની ગુફામાં કે કોઇ સડકને કિનારે રાત ખેંચી કાઢતાં.

સંસારના જડ વ્યવહારે એમને મોહમાયાથી અલિપ્ત કરી દીધાં હતાં. એમને સમજાઇ ગયું હતું કે જેને માટે આપણે આપણો જીવ કાઢીને દઇએ એ જ આપણો દુશ્મન થઇ જાય છે, આપણે જેનું ભલું કરીએ એ જ





આપણી બુરાઇ માટે વિચારતો રહે છે. આ સંસારમાં કોઇની સાથે માયા બાંધવી નિરર્થક છે. એમને અનેક અમીર ઉમરાવોનાં નિમંત્રણ મળવા લાગ્યાં. પણ લૈલાએ કોઇના નિમંત્રણનો સ્વીકાર કર્યો નહીં. નાદિરના મનમાં બાદશાહતાનું ભૂત કોઇ કોઇવાર સવાર થઇ જતું. એ ગુપ્તરૂપે સૈન્ય એકઠું કરી તેહરાન પર ચઢાઇ કરી બળવાખોરોને મહાત કરી નાખવા વિચારતો હતો. પણ લૈલાનું ઔદાસ્ય જોઇ એ કોઇને હળવા મળવાની હિંમત કરી શકતો નહીં. લૈલા એની હૃદયેશ્વરી હતી. પ્રાણેશ્વરી હતી.

બીજી બાજુ ઇરાનમાં અરાજકતાએ માઝા મૂકી હતી. પ્રજાસત્તાથી વાજ આવી ગયેલા જાગીરદારોએ સૈન્ય એકઠું કર્યું હતું. બળવાખોરો અને જાગીરદારો વચ્ચે ઘર્ષણ થયા કરતું હતું. અંદરોઅંદરની લડાઇમાં વર્ષ આખું વીતી ગયું. અશાંતિ અને અરાજકતામાં ખેતી થઇ શકી નહીં. દેશમાં ભયંકર દુકાળ પડ્યો. વેપાર વાણિજ્ય મંદ પડી ગયાં. રાજ્યની તિજોરી ખાલી થઇ ગઇ. દિવસે દિવસે પ્રજાની શક્તિ ક્ષીણ થવા લાગી. જાગીરદારોનું જોર વધતું ચાલ્યું. અંજામ એ આવ્યો કે પ્રજાના હાથ હેઠા પડ્યા અને જાગીરદારોએ રાજમહેલ ઉપર અધિકાર જમાવી દીધો. પ્રજાના નેતાઓને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યાં અનેકને કારાવાસમાં ધકેલી દેવાયા. ઇરાનમાંથી જનસત્તાનો અંત આવી ગયો.

પ્રજાને હવે શાહજાદાની યાદ સતાવવા લાગી. દેશમાં પ્રજાતંત્ર સ્થાપિત કરવાની ક્ષમતાનો અભાવ છતો થઇ ગયો. હવે એને માટે પ્રમાણની કોઇ જરૂર જણાઇ નહીં. આવા સમયે માત્ર રાજ્યસત્તા જ દેશનો ઉદ્ધાર કરી શકે એ વાત સ્પષ્ટ થઇ ગઇ હતી. હવે એ પણ સ્પષ્ટ થઇ ગયું હતું કે લૈલા અને નાદિર સિંહાસન પર બેસશે તો પણ જાગીરદારોના હાથનાં રમકડાં માત્ર થઇ રહેશે. અને જાગીરદારોને મનમાન્યા અત્યાચારો આચરવાની તક મળશે. આમ છતાં પ્રજાએ અંદરોઅંદર ચર્ચા કરીને નાદિરને મનાવી લાવવા પ્રતિનિધિ મોકલવાનું નક્કી કર્યું.

નાદિર અને લૈલા દમાસ્કસમાં એક વૃક્ષની છાયામાં બેઠાં હતાં. લૈલા વિસ્ફારિત આંખો એ પ્રકૃતિના લાવણ્યને નિહાળતી હતી. નાદિર મલિન અને ચિંતિત ભાવથી પડ્યો પડ્યો દૂર સુદૂર તૃષિત આંખો એ તાકી રહ્યો હતો. જાણે એ આ જીવનથી તંગ આવી ગયો હતો.

એણે દૂર દૂર ધૂળ ઉડતી જોઇ. ઘોડાના ડાબલાના અવાજ એના કાને અથડાયા. કેટલાક માણસો ઘોડાઓ પર બેસી એની તરફ આવી રહ્યા હતા. નાદિર બેઠો થઇ ગયો. આવનારને એ જોઇ રહ્યો હતો. એ ઊભો થઇ ગયો. એનું મુખમંડલ તેજથી ચમકવા લાગ્યું. ક્ષીણ થઇ ગયેલા શરીરમાં સ્ફુર્તિનો સંચાર થયો. અધીરાઈથી એણે કહ્યું – ‘‘લૈલા, આ તો ઈરાનના માણસો છે.’’

લૈલાએ આગંતુકો ભણી જોયું. અને બોલી – ‘‘તલવાર સંભાળો. કદાચ એની પણ જરૂર પડે.’’

‘‘ના, ના લૈલા. ઈરાનવાસીઓ એટલા નીચ નથી કે પોતાના બાદશાહ ઉપર તલવાર ચલાવે.’’

‘‘હું પણ પહેલાં એમ જ માનતી હતી.’’

પાસે આવતાં ઘોડેસવારોએ ઘોડા ઉપરથી નીચે ઉતરી બાદશાહને સલામ કરી નાદિર સભર હૈયે એમને ગળે વળગી પડ્યો. હવે એ બાદશાહ ન હતો. માત્ર ઈરાનો એક સામાન્ય મુસાફર હતો.એના બાદશાહત મરી પરવારી હતી. પણ ઈરાનીયત એનાં રોમેરોમમાં ઝંકૃત થઇ ઊઠી હતી. આવનારા ત્રણેય માણસો આ સમયે ઈરાનના ભાગ્યવિધાતા હતા. અનેકવાર નાદિરે તેમની સ્વામી ભક્તિની કસોટી કરી હતી. ઈરાનની અંધાધૂંધી અને અવ્યવસ્થા સંબંધી ઘણી વાતો થઇ એમની વચ્ચે દેશ આખો હવે પરાધીનતાની નાગચૂડમાંથી બચવા નાદિરને શોધી રહ્યો હતો. ડૂબતી નાવને એના સિવાય કોઇ બચાવી શકે તેમ ન હતું. આ આશાએ જ ત્રણેય જણા નાદિરની પાસે આવ્યા હતા.



નાદિરે કહ્યું – ‘‘એકવાર લોકોએ મારી ઈજ્જત લૂંટી છે. હવે શું એ મારો જીવ લેવા ઇચ્છે છે.? મને અહીં અપાર સુખ છે. મહેરબાની કરી મને તંગ ના કરશો.’’

સરદારોએ આગ્રહ કરતાં કહ્યું – ‘‘અમે અહીં અમારા પ્રાણ પાથરી દઇશું પણ આપને લીધા વિના પાછા ફરીશું નહીં. જે બદમાશો એ આપને હેરાન પરેશાન કર્યા છે એમનું નામ નિશાન રહ્યું નથી. અમે એમને ફરીવાર માથું ઊંચકવા નહીં દઇએ. માત્ર આપની હૂંફની જ અમારે જરૂર છે.’’

‘‘માત્ર એ જ આશયથી મને જો આપ સૌ ઈરાનનો બાદશાહ બનાવવા ઇચ્છાતા હો તો મને ક્ષમા કરશો. મારી આ યાત્રામાં પ્રજાની હાલતનું મેં ધ્યાનથી નિરીક્ષણ કર્યું છે. અને હું એ નિર્ણય પર આવ્યો છું કે બધા પ્રદેશો કરતાં એની સ્થિતિ ખરાબ છે. ખરેખર એ દયાપાત્ર છે. ઈરાનમાં મને આવી તક ક્યારેય પ્રાપ્ત થઇ ન હતી. આપ લોકો મારી પાસે એવી અપેક્ષા ના રાખશો કે પ્રજાનું શોષણ કરીને હું તમારી તિજોરીઓ તર કરી દઉં. હું ન્દ્રાયની અદબ જાળવીશ. આપને જો મારી વાત મંજૂર હોય તો જ હું ઈરાન આવું.’’

લૈલાએ હસીને કહ્યું – ‘‘રૈયતની ભૂલો આપ માફ કરી શકો છો, કેમ કે આપને પ્રજા સાથે કોઇ દુશ્મનાવટ નથી. પ્રજાને તો મારી સાથે દુશ્મનાવટ હતી. હું શી રીતે એને માફ કરી શકું?’’

‘‘લૈલા, મને વિશ્વાસ નથી આવતો કે આ તું બોલે છે?’’

આવનારાઓને લાગ્યું કે અત્યારથી બાદશાહ બેગમને ભડકાવવાની કોઇ જરૂર ન હતી.ઈરાનમાં જઇને જોયું જશે. બે ચાર જાસૂસો દ્વારા રૈયતના નામે એવો ઉપદ્રવ મચાવી દઇશું કે એમના બધા ખ્યાલો પલટાઇ જશે. એક સરદારે વિનંતી કરી – ‘‘આપની જેવી મરજી. અમે એટલા નાદાન નથી કે હુજુરને ઈન્સાફના રસ્તેથી દૂર કરવાની ઇચ્છા રાખીએ. ઈન્સાફ જ બાદશાહતની સાચી મૂડી છે. અમારી એ જ આરઝુ છે કે હવે પછી રૈયતને બળવો કરવાનો મોકો નહીં આપીએ. આપની બદનામી

અમારે માટે અસહ્ય છે. આપને માટે અમે અમારા પ્રાણ કુરબાન કરવા તૈયાર છીએ.''

લાગ્યું કે સમગ્ર પ્રકૃતિ સંગીતમય બની હતી. પર્વત, નદીઓ, વૃક્ષો, વેલીઓ, આકાશ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો અને તારા, સૌ સંગીતની સુમધુર સુરાવલિઓ છેડવા લાગ્યાં. લૈલા એનું ડફ વગાડીને ગાઇ રહી હતી. આજે જ સમજાયું કે આ સૃષ્ટિનું મૂળ જ સંગીત છે. દેવીઓ પ્રવતોનાં શૃંગો ઉપર ઉતરી આવી નાચવા લાગી. દેવતાઓ આકાશમાં ઝૂમવા લાગ્યા. સંગીતની એક નવી સૃષ્ટિ જાણે રચાઇ ગઇ!

રાજભવન પર હલ્લો કરી પ્રજાએ બળવો પોકાર્યો હતો. અને લૈલાના દેશનિકાલ માટેની હઠ લીધી હતી. ત્યારથી જ લૈલાના વિચારોમાં ક્રાન્તિ આવી ગઇ હતી. જન્મથી જ પ્રજા પ્રત્યે સહાનુભૂતિ રાખવાનું એ શીખી હતી. રાજ્યના અધિકરીઓને પ્રજા ઉપર સીતમ ગુજારતા જોઇ એનું કાળજું કકળી ઊઠતું હતું. ધન, વૈભવ અને વિલાસ પ્રત્યે એને સૂગ ચઢતી હતી. કારણ કે પ્રજાનાં દુઃખોનું મૂળ કારણ જ એ હતાં. એ શેતાનોના હૃદયમાં દયા અને પ્રજાનાં હૃદયમાં અભયનો સંચાર કરે એવી કોઇ ગહન શક્તિનો આવિર્ભાવ કરવા ઇચ્છતી હતી.

એની કલ્પના એને એક એવા રાજસિંહાસન ઉપર આરુઢ કરી દેતી હતી કે જેના પર બેઠા પછી એ ન્યાય અને નીતિથી સંસારની કાયાપલટ કરી દેતી હતી. રાતોની રાતો એણે આવાં સ્વપ્નો જોયાં હતાં. એણે જોયું કે પ્રજા એટલી દિન હીન અને દુર્બળ નથી, જેટલી એ સમજતી હતી. એથી વધારે તો એનામાં અધૂરપ, અવિચાર અને અશિષ્ટતાની માત્રા વધારે હતી એને એ પણ સ્પષ્ટ સમજાઇ ગયું હતું કે પ્રજા સદ્વ્યવહારની કદર કરવાનું નથી જાણતી અને એની શક્તિનો સદ્ઉપયોગ પણ નથી કરી શકતી. એ દિવસથી જ પ્રજા ઉપરથી એનું મન ઊઠી ગયું હતું.

જે દિવસ નાદિર અને લૈલાએ તેહરાનમાં પગ મૂક્યો ત્યારે આખું નગર એમના અભિવાદન માટે ઉમટી આવ્યું હતું. શહેર આખા પર શોક છવાઇ ગયો હતો અને ચારે બાજુથી કરુણ રૂદનના અવાજો સંભળાતા હતા. અમીરોના આવાસમાં લક્ષ્મી આળોટતી હતી જ્યારે ગરીબોના મહોલ્લા



ઉજ્જડ લાગતા હતા. નાદિરથી એ જોયું ના ગયું. એ રડી પડ્યો. પણ લૈલાના હોઠો પર નિષ્ઠુર અને નિર્દય હાસ્ય મલકી રહ્યું હતું.

નાદિર સામે કોઇ અતિવિકટ સમસ્યા આવી ઊભી. એને સ્પષ્ટ જણાતું હતું. કે એ જે કરવા ઇચ્છતો હતો તે કરી શકાતું ન હતું એને જે કરવાની એની ઇચ્છા ન હતી એ થઇ શકતું હતું. આ બધાનું કારણ લૈલા હતી. પણ એ કશું કરી શકતો ન હતો. લૈલા તેના દરેક કામમાં હસ્તક્ષેપ કર્યા કરતી હતી. લૈલાને માટે એણે એકવાર રાજ્યનો ત્યાગ કરી દીધો હતો. ત્યારે મુશ્કેલીના સમયે લૈલાની પરીક્ષા કરી ન હતી. આટલા દિવસોની આપત્તિમાં એને લૈલાના ચિરત્રનો એવો અનુભવ થયો હતો કે એ લૈલામય થઇ ગયો હતો. લૈલા એનું સ્વર્ગ હતી. એના પ્રેમમાં મગ્ન રહેવું એ જ એકમાત્ર એની અભિલાષા હતી. એ જ લૈલાને માટે શું હવે એ કશું કરી શકે એમ ન હતો? લૈલાની સામે પ્રજા અને સામ્રાજ્યની શી હસ્તી હતી?

આમને આમ ત્રણ વર્ષ વીતી ગયાં. પ્રજાની દશા દિવસે દિવસે બગડતી જતી હતી.

એકવાર જંગલમાં શિકારે ગયેલો નાદિર સાથીઓથી છૂટો પડી ગયો. સાંજ પડવા છતાં એને સાથીઓની ભાળ મળી નહીં. તે ઘેર આવવાના રસ્તાથી અજાણ્યો હતો. છેવટે એ ખુદાનું નામ લઇ કોઇ ગામ કે વસ્તીની આશાએ એક દિશા તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં એ જંગલને સામે છેડે આવેલા ત્રણચાર ઘરો વાળાં એક નાનકડા પરામાં આવી પહોંચ્યો. હા, તેમાં એક મસ્જિદ હતી. મસ્જિદમાં દીવો ટમટમતો હતો. પણ ત્યાં કોઇ માણસ કે મૌલવીનું નામ નિશાન ન હતું. લગભગ અડધી રાત થઇ હોવાથી નાદિરે કોઇને તકલિફમાં નહીં મૂકવા વિચાર્યું.

ઘોડાને એક વૃક્ષ સાથે બાંધી તેણે મસ્જિદમાં રાત ગાળવાનો વિચાર કર્યો. એક ફાટેલી ચટાઇ પડી હતી ત્યાં. તે તેના પર સૂઇ ગયો. આખા દિવસનો થાકેલો હોવાથી થોડીવારમાં જ ઘસઘસાટ ઊંઘી ગયો. ક્યાં સુધી એ ઊંઘી રહ્યો એ તો શી ખબર, પણ કોઇકની ચીસ સાંભળીને એ

જાગી ગયો. જોયું તો એક વૃદ્ધ માણસ નમાજ પઢી રહ્યો હતો. આટલી મોડી રાત્રે કોણ નામજ પઢતું હશે? નાદિરને પારાવાર આશ્ચર્ય થયું. એને ભાન રહ્યું નહીં કે રાત વીતી ચૂકી હતી. અને આ સવારની નમાજ હતી. એ સૂતો સૂતો જોઇ રહ્યો હતો. વૃદ્ધ માણસ નમાજ અદા કરી, બે હાથ ફેલાવી ખુદા પાસે દુવા માગતો હતો. દુવાના શબ્દો સાંભળી નાદિરનું લોહી જાણે ઠરી ગયું! એમાં રાજ્ય કાળની કડક, વાસ્તવિક છતાં બોધદાયક ટીકા હતી. દુવા હતી–

''હે ખુદા! તું ગરીબોનો સહારો છે. મદદગાર છે. તું આ જાલિમ બાદશાહના જુલ્મો જોવા જાણવા છતાં એને શિક્ષા નથી કરતો? એક હસીન ઓરતની મહોબતમાં આ કાફર પોતાના જાતને ભૂલી ગયો છે. એ એની મહેબૂબાની આંખે એ જુએ છે અને એના જ કાનો વડે સાંભળે છે. હવે એ સ્થિતિ અસહ્ય બની છે. કાં તો તું એ જાલીમને જહન્નમમાં પહોંચાડી દે અથવા અમારા જેવા ગરીબ અને કંગાલોને આ દુનિયામાંથી ઊઠાવી લે. ઇરાન એના સીતમોથી તંગ આવી ગયું છે. તું જ હવે એની હરકતોમાંથી ઇરાનને બચાવી શકે એમ છે.''

વૃદ્ધ તેની લાકડી લઇ ચાલતો થયો, પણ નાદિર મૃતવત્ ત્યાં પડી રહ્યો; જાણે એના પર વીજળી ના ત્રાટકી હોય!

એક અઠવાડિયા સુધી નાદિર ના તો દરબારમાંગયો કે ના કોઇ કર્મચારીને એણે મળવા બોલાવ્યો. એને ખાવાનું પણ ભાવતું ન હતું. શું કરું?નો વિચાર સતત ડંખ દેતો હતો એને. લૈલા વારંવાર એની પાસે જઇ, આલિંગન આપી પૂછતી હતી – '' તમે કેમ આટલા ઉદાસ જણાઓ છો? નાદિર એને જોઇ રડતો. એક શબ્દ પણ એ ઉચ્ચારી શકતો ન હતો. એક તરફ લૈલા હતી તો બીજી તરફ કીર્તિ હતી. એ સમસ્યામાં અટવાતો જતો હતો. હૃદયમાં ચાલતા ભીષણ દ્વંદ્વને અંતે પણ એ કશો નિશ્ચય ના કરી શક્યો. કીર્તિ એને વહાલી હતી, પણ લૈલા કીર્તિથીયે વધારે વહાલી હતી. એ બદનામી વહોરીનેય જીવી શકે એમ હતો પણ લૈલા વિના જીવવું એને માટે અશક્ય હતું. લૈલા એના રોમરોમમાં વ્યાપી ગઇ હતી.''



છેવટે એણે નિશ્ચય કરી લીધો – ''લૈલા મારી છે, હું લૈલાનો છું. હું એનાથી જુદો ના થઇ શકું! હું જે કઇ કરું છું તે એનું છે અને એ જે કઇ કરે છે એ મારું છે. અમે એક છીએ, અવિભક્ત આત્મા છે અમારા, બાદશાહત તો નાશવંત છે. અમર છે એક માત્ર મહોબ્બત. અમારો પ્રેમ અનંતકાળ સુધી આકાશનાં નક્ષત્રોની જેમ ચમકતો રહેશે.''

પ્રસન્ન થઇ નાદિર ઊઠ્યો. મુખ પર ગૌરવની લાલાશ પ્રસરેલી હતી. આંખોમાંથી શૌર્ય છલકતું હતું. લૈલાના પ્રેમનો પ્યાલો પીવા જ દઇ રહ્યો હતો. એનું હૈયું આનંદના ઉન્માદમાં નાચતું હતું.

પણ લૈલાના આરામગૃહનાં દ્વારા ભીડાયેલાં હતાં, અને દ્વારની પાસે જ સદા લટકતું રહેતું ડફ અદ્રશ્ય થઇ ગયું હતું. નાદિરનું ઉદય એક ધબકારો ચૂકી ગયું જાણે! લૈલા કદાચ બાગમાં હોય! પણ તો પછી ડફ ક્યાં? શક્ય છે કે ડફ સાથે જ એ બાગમાં ગઇ હોય! પણ મને બધું ઉદાસ કેમ જણાય છે.

કંપતા હાથે નાદિરે બારણાં ઊઘાડ્યાં. પણ અંદર લૈલા ન હતી. પલંગ સજાવેલો હતો. મીણબત્તી સળગી રહી હતી. વજુ માટે પાણી મૂકેલું હતું. નાદિરના પગ ડગમગતા લાગ્યા. શું લૈલા રાત્રે સૂઇ ગઇ નથી? ઓરડાની પ્રત્યેક ચીજમાં લૈલાની યાદ હતી, લૈલાની મહેંક હતી; પણ લૈલા સાક્ષાત્ ન હતી.

નાદિરનું હૈયું ભરાઇ આવ્યું. કોઇને કશું પૂછવાની એની હિમત ચાલી નહીં. એ એવો તો કાયર બની ગયો કે ફરશ ઉપર બેસી નાના છોકરાની જેમ ડૂસકે ડૂસકે રહી પડ્યો. આંસુનો અવિરત પ્રવાહ જરાવાર અટકતાં તેણે પથારી સૂંઘીને લૈલાનો સ્પર્શ અનુભવવાની ચેષ્ટા કરી; પણ ગુલાબ અને ખસની સુગંધ સિવાય ત્યાં બીજી કોઇ સુગંધ ન હતી.

ઓચિંતી એની નજર તકિયા નીચેથી ડોકાતા કાગળના એક ટુકડા ઉપર પડી. છાતી પર હાથ રાખી, જરાક સ્વસ્થતા ધારણ કરી એણે પેલો કાગળ તકિયા નીચેથી ખેંચી કાઢ્યો. એને બધું જ સમજાઇ ગયું. એ કાગળ ન

હતો પણ નાદિરના કિસ્મતનો ફેંસલો હતો. એનાથી બોલી જવાયું – ''હાય, લૈલા. એ મૂર્છિત થઇ જમીન પર ફડસાઇ પડ્યો. લૈલાએ કાગળમાં લખ્યું હતું–''

''મારા વ્હાલા નાદિર! તમારી લૈલા સદાને માટે તમારાથી જુદી થાય છે. મારી શોધ કરશો નહીં. કારણ કે તમને મારો પત્તો નહીં મળે. હું તમારી બાદશાહતની ભૂખ ન હતી. હું તો તમારી મહોબ્બતની માત્ર દાસી હતી. આજે એક અઠવાડિયાથી જોઇ રહી છું કે તમારી દ્રષ્ટિ બદલાઇ ગઇ છે. તમે મારી સાથો બોલતા ચાલતા નથી; અરે! મારી સામું જોતા શુદ્ધાંયે નથી. તમે મારાથી તંગ આવી ગયા લાગો છો. હું કેટકેટલાં અરમાનો સાથે આવી હતી તમારી પાસે અને આજે કેટલી હતાશ થઇને જાઉં છું! તમે મારી વેદના શી રીતે અનુભવી શકો! મેં આવી ક્રૂર સજાને યોગ્ય કોઇ કામ કર્યું નથી. મેં જે કઇ કર્યું છે તે તમારા ભલા માટે જ કર્યું છે. એક અઠવાડિયું મેં રડી રડીને વીતાવ્યું હતું. મને ખબર પડી ગઇ છે કે હું તમારા હૈયામાંથી સ્થાન ગુમાવી બેઠી છું. કાશ! તમારી સાથે વીતાવેલાં પાંચ વર્ષ મને હંમેશાં યાદ રહેશે, હંમેશાં તડપાવ્યા કરશે. ડફ લઇને તમારી પાસેથી જાઉં છું. લૈલા તો મહોબ્બતની દાસી હતી. મહોબ્બત જ ના રહી પછી લૈલા શી રીતે રહી શકે? નાદિર! અલવિદા!''



# મુક્તિધન

આપણા દેશમાં ધીરધારના ધંધા જેવો બીજો કોઇ ધંધો નથી. સામાન્ય રીતે વાર્ષિક વ્યાજનો દર રૂપિયા પચ્ચીસ હોય છે. આંટમાં લીધેલી વસ્તુ ઉપર સેંકડે બાર રૂપિયા વ્યાજ લેવામાં આવતું. એથી ઓછા વ્યાજે રૂપિયા મળવા અશક્ય હતું. વકીલ, ડાક્ટર, સરકારી અધિકારીઓ, જમીનદાર તથા જેની પાસે વધારાનો પૈસો હોય એ ધીરધારનો ધંધો કરી શકતા. એકઠી થયેલી મૂડીનો એ સૌથી સફળ સદુપયોગ થયો ગણાતો.

લાલા દાઉદયાળ આવો ધીરધારનો ધંધો કરનારા મહાજન હતા. એમનો ધંધો વકીલાતનો હતો. એ ધંધામાંથી જે વધારાની આવક થતી હતી તે સેંકડે ૨૫-૩૦ રૂપિયાના વાર્ષિક વ્યાજના દરે ધીરતા. ખાસ કરીને સામાન્ય કક્ષાના માણસો સાથે એ ધંધો કરતા. ઉચ્ચવર્ણના લોકોથી એ સાવધાન રહેતા હતા. એમનું માનવું હતું કે બ્રાહ્મણ, ક્ષત્રિય કે કાયસ્થને રૂપિયા ધીરવા કરતાં રૂપિયા કૂવામાં નાખવા સારું છે. રૂપિયા પાછા આપતાં એમને પેટમાં ચૂંક ઊપડે છે.

લાલા દાઉદયાળ એક દિવસ કોર્ટમાંથી ઘેર પાછા ફરી રહ્યા હતા. રસ્તામાં એક અજબઘટના એમના જોવામાં આવી. એક મુસલમાન એનીગાયનો સોદો કરી રહ્યો હતો. કેટલાક લોકો એની આસપાસ વિંટળાઇને ઊભા હતા. કોઇ એના હાથમાં પૈસા પકડાવતું હતું, કોઇ ગાયનો અછોડો ખેંચી લેવાની ચેષ્ટા કરતું હતું. પણ પેલો મુસલમાન ગ્રાહકોના સામે જોઇ જાણે કંઇક કળી ગયો હોય એમ ગાયનો અછોડો મજબૂત પકડી ઊભો હતો. ગાયનું રૂપ અજોડ હતું. નાની સરખી ગર્દન, ભારે શરીર અને દૂધથી ચિક્કાર ભરેલું થાન. વળી જોડે જ એક ઉછળતું કુદતું બળવાન વાછરડું.

મુસલમાન દુઃખી અને ચિંતિત જણાતો હતો. એ વારંવાર દીન ભાવે ગાય તરફ જોતો અને મનમારીને રહી જતો. દાઉદયાળે ગાય જોઇ અને એમના મનમાં વસી ગઇ. એમણે પૂછ્યું – "કેમ ભાઇ, ગાય વેચે છે કે શું? શું નામ છે તારું?"

મુસલમાને દાઉદયાલ તરફ જોયું અને રાજી રાજી થતાં તેમની પાસે જતાં કહ્યું – "હા, હુજુર, ગાય વેચવી છે."

"ક્યાંથી લાવ્યો છે? શું નામ છે તારું?"

"રહેમાન, હુજુર! પંચૌલીમાં રહું છું."

"દૂધ આપે છે કે?"

"એક ટંકે ત્રણ શેર દૂધ દોહિલ્યો.ને! હજુ તો બીજા વેતરની છે. એટલી સુંવાળી છે કે નાનું છોકરુંય દોહવા બેસે તોય પગ ના ઊંચો કરે! કોઇને માથું સરખુંય હલાવતી નથી."

"કોઇ ઓળખે છે તને અહીં?"

"ના હુજુર! ગરીબ માણસ છું. મારે અહીં કોઇનીય ઓળખાણ નથી."

દાઉદયાલના મનમાં શંકા ગઇ હતી કે કદાચ ચોરીનો માલ તો નહીં હોય ને? પણ પછી પૂછ્યું –

"કેટલામાં વેચવી છે?"

"પચાસ રૂપિયામાં, માલિક."

"પણ માલ તો રૂપિયા ત્રીસનો જ જણાય છે."

બંન્ને વચ્ચે ગાયની કિંમત અંગે ઘણી રકઝક થઇ. એક ને રૂપિયાની ગરજ હતી. બીજાને ગાયની ગરજ હતી. સોદો સહેલાઇથી પાર ઉતરી ગયો. આખરે રૂપિયા પાંત્રીસમાં ગાય ખરીદાઇ ગઇ.

સોદો થઇ ગયો હોવા છતાં રહેમાનને ગાયની માયા છુટતી ન હતી. એ ગાયનો અછોડો ઝાલી દાઉદયાલની પાછળ પાછળ ચાલવા લાગ્યો. એક જણે કહ્યું – "લ્યા. રે'માન! છત્રીસ રૂપિયા આપીશ. લે હેંડ્ય મારી જોડે."



"મારે નથી આલવી તમને ગાય."

"હુ પૂરા પચાસ આલીશ. હવે તો રાજી છું ને?" બીજાએ કહ્યું – અને રહેમાનના હાથમાંથી ગાયનો અછોડો ખેંચવા માંડ્યો. રહેમાન તો એના નિર્ણયમાં અડગ રહ્યો. છેવટે બધા હાથ ઘસતા રહી ગયા.

થોડુંક અંતર કાપ્યાબાદ રહેમાને કહ્યું – "માલિક, આપ તો હિંદુ છો. આપ એની પૂરી સેવા કરશો એની મને પૂરી ખાત્રી છે. પેલા બધા તો કસાઇ હતા. એમને તો પચાસ રૂપિયામાંય હું ગાય ના આપત. આપ ટાંકણે આવ્યા ના હોત તો આ લોકો પરાણે પરાણેય મારી પાસેથી ગાય ઝૂંટવી લેત. મારે માથે આફત ના આવી હોત તો હું ઘરની લક્ષ્મી જેવી ગાયને વેચવા તૈયાર ના થયો હોત! મેં પેટની દિકરીની જેમ પાળી પોષી છે એને. વધારે પૈસાના લોભમાં કસાઇના હાથમાં શી રીતે સોંપી દેવાય મારાથી? આપ એનો જેટલો ઠાઠો કરશો એટલું એ વધારે દૂધ આલશે. ભેંસનું દૂધથી હેઠ્ય હુજુર! મારી આપને એક અરજ છે કે આપના નોકરને કહેજો કે એને મારેઝુડે નહીં."

દાઉદયાળે આશ્ચર્યથી રહેમાન તરફ જોયું. આવા નીચી કોટિના માણસોય આટલી બધી સજ્જનતા અને  સહૃદયતા! પૈસાની લાલચે તો ભલભલા મહાત્માઓય કસાઇના હાથમાં ગાય સોંપતાં અચકાતા નથી અને આ ગરીબ મુસલમાન, કસાઇના હાથમાંથી ગાયને બચાવવા રૂપિયા વાનું નુકસાન વેઠવા તૈયાર થયો છે!

ઘેર આવીને એમણે રહેમાનને રૂપિયા ગણી આપ્યા. રૂપિયા ગાંઠે વાળી ફરી એકવાર ગાય તરફ પ્રેમભરી નજરે જોઇ લીધું. પછી દાઉદયાળને સલામભરી એ ત્યાંથી ચાલી નીકળ્યો.

રહેમાન એક ગરીબ ખેડૂત હતો. જમીનદારે તેના પર ચઢેલા મહેસૂલની વસૂલી માટે દાવો દાખલ કર્યો હતો. દાવો ચૂકવવા એને રૂપિયાની જરૂર હતી. ઘરમાં બે બળદ સિવાય બીજું કશું જ હતું નહીં. ગાયને એ જીવ કરતાંય વધારે વહાલી સમજતો હતો. પૈસાની કોઇ સગવડ ના થઇ શકવાથી છેવટે લાચાર થઇ ગાય વેચવી પડી.

પંચૌલીમાં મુસલમાનોનાં થોડાંક ઘર હતાં. પશ્ચિમી મહાસાગરમાં કેટલાંક વર્ષોથી બંધ થઇ ગયેલો હજનો રસ્તો ફરી ખુલ્લો થયો હતો. ગામનાં કેટલાંક શ્રદ્ધાળું સ્ત્રી પુરુષો હજ કરવા જતાં હતાં. રહેમાનની માને પણ મરતા પહેલાં હજ કરવાની ઇચ્છા થઇ આવી. તેણે રહેમાનને કહ્યું – ''બેટા, હવે આટલી જ ઇચ્છા અધૂરી રહી છે, એ ઇચ્છા પૂરી કર્યા વગર. અલ્લાના દરબારમાં શી રીતે જાઉં? ખુદા તને આ નેકીનું ફળ આપ્યા વગર નહીં રહે.'' ગાયની સેવા એ ગામડાની સંસ્કૃતિની વિશેષતા છે. રહેમાનની પાસે માને હજ કરાવવા જેટલા પૈસા ક્યાં હતા? પણ માની આજ્ઞાનો અનાદર શી રીતે થઇ શકે? એણે પૈસા વ્યાજે લેવા વિચાર્યું. શેરડીની ઉપજમાંથી પૈસા ચૂકવવાનું મનોમન નક્કી કર્યું. ઇશ્વરની દયાથી આ સાલ શેરડીય સારી પાકી હતી. પણ રૂપિયા લેવા કોની પાસેથી? ઓછામાં ઓછા બસો રૂપિયા વિના ચાલે તેમ ન હતું. કોઇ મહાજનને એ ઓળખતો ન હતો. એક બે વાણિયા ધીરધાર કરતા હતા પણ એ તો લેણદારોનાં ગળાં કાપતા હતા. એણે છેવટે લાલા દાઉદયાળ પાસે જવા વિચાર્યું. એણે સાંભળ્યું હતું કે એ લોકોનાં ગળા કાપતાં નહીં. પણ વાયદા પ્રમાણે રૂપિયા વસૂલ કરતા. એમાં કોઇનીય શરમ ભરતા નહીં. ઉઘરાણી પહેલી, વાત પછી. હા; હિસાબ કિતાબ એમનો ચોક્ખો રહેતો. કોઇની આંખોમાં એ ધૂળ નાખતા નહીં. એમની પાસે જવું કે ના જવું એ બાબતે રહેમાન વિચારતો રહ્યો. દિવસો સુધી કદાચ વાયદા પ્રમાણે રૂપિયા ચૂકવી ના શકાય તો? ફરિયાદ કર્યા વિના એ નહીં છોડે! ઘરબાર, વાસણકુંસણ અને બળદિયાઓને હરાજ કર્યા વગર ના રહે. પણ જ્યારે કોઇ અન્ય ઉપાય ના જડ્યો ત્યારે એ વિવશ થઇ દાઉદયાળ પાસે ગયો અને વ્યાજે રૂપિયાની માગણી કરી.

દાઉદયાળે તેને ઓળખી જતાં પૂછ્યું – ''તેં જ મને ગાય વેચાતી આપી હતી ને?''

''હા, હુજુર!''

''રૂપિયા તો આપીશ તને. પણ વાયદા પ્રમાણે તારે મને પાછા આપી દેવા પડશે. વાયદા પ્રમાણે રૂપિયા પૂરા નહીં થાય તો તારી વાત તું જાણે! મને પછી જરાપણ દયા નહીં આવે. બોલ, ક્યારે પાછા આપીશ?''

''બે વર્ષની મુદતે આપો, સરકાર!''



''બે વર્ષમાં રૂપિયા પાછા નહીં આવે તો સેંકડે રૂપિયા બત્રીસ વ્યાજ થશે. તારી એટલી શરમ ભરીશ કે કદાચ ફરિયાદ નહીં કરું!''

''જે કરવું હોય તે કરજો. પણ હુજુર, આટલું કામ કાઢો, હું તમારા હાથમાં જ છું ને!''

રૂપિયા વીસ વ્યાજના અગાઉથી કાપીને રૂપિયા ૧૮૦ દાઉદયાળે રહેમાનના હાથમાં મૂક્યા. ઘેર આવીને થોડોક વધેલો ગોળ વેચી નાખ્યો. પત્નીને સમજાવીને માને લઇ હજ કરવા ચાલ્યો.

મુદત વીતી ગયા બાદ પૈસાના આવતાં લાલાએ ઉઘરાણી કરી. એક માણસને રહેમાનને ઘેર મોકલી. બોલાવી મંગાવ્યો. રહેમાનના આવ્યા બાદ દાઉદયાળે કડક અવાજે કહ્યું – ''હજુર, ભારે મુશ્કેલીમાં છું. મા હજ કરીને આવ્યા પછી માંદી જ રહે છે. એની દાવા દારૂમાં પૈસો પાણીની જેમ વપરાઇ ગયો. પેટનો ધંધો તો જિંદગી આખી છે, છે ને છે જ પણ મા જીવે ત્યાં સુધી એની સેવા તો કરી લઉં. આ વર્ષે પાકેય ઠીક થયો નથી. પાણી વગર, શેરડી સુકાઇ ગઇ. શણ તો ખેતરમાં પડ્યાં પડ્યાં જ સુકાઇ ગયું. રવિ પાક માટે ખેતર ખેડી શકાતું નથી. પડતર પડી રહ્યું છે. હું કેવી મુશ્કેલીમાં દિવસો વીતાવું છું એ તો મારું મન જાણે છે. આપના રૂપિયા પૂરેપૂરા ભરપાઇ કરી આપીશ. એક વર્ષની મુદત વધારે આપો. માની તબિયત સારી થશે એટલે મને કોઇ ચિંતા નહીં રહે.''

દાઉદયાળે કહ્યું – ''સેંકડે બત્રીસ રૂપિયા વ્યાજના થશે.''

રહેમાને કહ્યું – ''જેવી આપની મરજી.''

રહેમાન વાયદો કરીને ઘેર આવ્યો ત્યારે માની અંતિમ ઘડી નજીક આવી પહોંચી હતી.એની ઇચ્છા પૂરી થઇ હતી. માએ દીકરા સામે છેલ્લીવાર નજર કરી આશીર્વાદ આપ્યા અને સદાને માટે આંખો બંધ કરી દીધી. રહેમાન આજ સુધી તો કેડપૂર પાણીમાં ડૂબેલો હતો પણ હવે એ માથાબોળ પાણીમાં ડૂબી ગયો.

પૈસો પાસે ન હોવા છતાં પડોશીઓ પાસેથી ઉછીનાપાછીના કરી માના અંતિમસંસ્કારની એણે વ્યવસ્થા કરી. પણ મૃતાત્માની શાંતિ માટે

પ્રાર્થના અને દાનપુણ્ય કરવાનાં હતાં. કબર પણ તૈયાર કરાવવાની હતી. ગરીબોમાં ખેરાત કરવાની હતી. કુટુંબમાં ભોજન કરાવવાનું હતું. કુરાનનો પાઠ કરાવવાનો હતો અને એવા તો ઘણા રિવાજો અદા કરવાના હતા.

માની સેવા માટે આથી વધારે સારો સમય ફરી ક્યારે આવવાનો હતો? કાશ, ઈશ્વરે મને ધનદોલત નથી આપ્યાં, નહીં તો કશી કસર ના રાખત. પણ તોય હું પડોશીઓ કરતાં જાઉં એવો છું!

તેણે વિચાર્યું – ''પણ રૂપિયા લાવવા ક્યાંથી? હવે તો લાલા દાઉદયાળ પણ નહીં આપે. છતાં જાઉં તો ખરો એમની પાસે. કદાચ મારી આવી પરિસ્થિતિમાં મારા પર દયા આવે પણ ખરી! દિલમાં દયા વરસી જાય તો સો બસો વધારે એમને માટે કઇ મોટી વાત નથી.''

એમ વિચારીને એ તો પહોંચ્યો. લાલાજી ને ઘેર. પણ મન ચિંતાગ્રસ્ત હતું. શું કહેવું? વધારે રૂપિયા માગવા શી રીતે? એમને મારામાં પતીજ નહીં પડે તો? કદાચ મને ધુત્કારી કાઢશે તો? હું શો જવાબ આપીશ?

લાલા દાઉદયાળ કોર્ટમાંથી આવી નોકરોને ધમકાવી રહ્યા હતા. રહેમાનને જોતાં જ ગુસ્સામાં એ બોલ્યા – ''તું પાછો શું કામ આવ્યો છે? શા માટે મારી પાછળ પડ્યો છે? મને તારી સાથે વાત કરવાનીયે ફુરસદ નથી હમણાં તો.''

રહેમાન કશું બોલ્યો નહીં. એ તો લાલાજીની વાત સાંભળતાં જ પાછો વળી ગયો. એને પાછો જતો જોઇ લાલાને કઇક દયા આવી. રહેમાનને તેમણે પાછો બોલાવ્યો. વિનમ્રતાથી પૂછ્યું – ''શું કામ આવ્યો હતો? કામ હતું કંઇ?''

રહેમાને નિરાશ થઇ કહ્યું – ''ના રે સરકાર! મળવા જ આવ્યો હતો અમથો.''

''મતલબ વગર મળવા આવતું હશે કોઇ?''

રહેમાન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. દાઉદયાળ વાત સમજી ગયા. પૂછ્યું – ''તારી મા જન્નતનસીન થઇ ગઇ કે શું?''





''હા, હજુર. આજ ત્રણ દિવસ થયા.''

''રડીશ નહીં, રડવાથી શું વળવાનું છે? જરા ધીરજ રાખ. ખુદાને ગમ્યું એ થઇ ગયું. એવા મોત પર શોક કરવાથી શો ફાયદો? તારે હાથે એના સંસ્કાર થયા પછી બીજું શું જોઇએ?''

''સરકાર એક અરજ ગુજારવા આવ્યો હતો. પણ જીવ નથી ચાલતો. હજુ પાછળની રકમ ચૂકવવાની બાકી છે ત્યાં નવું લેણું શી રીતે માગું? પણ, અલ્લાની કસમ! એક પૈસોય કોઇ ઠેકાણેથી મળે તેમ નથી. અને કામ તોએવું આવી પડ્યું છે કે જો હાથ ધોઇ બેસું તો આખી જિંદગી પસ્તાવાનો વારો આવે. આપને કશું કહી શકતો નથી. ગમે તેમ તોય આપ તો માલિક છો. કૂવામાં નાખો છો એમ સમજીને પણ મદદ કરો. જીવતો રહીશ તો પાઇપાઇ વ્યાજ સાથે ચૂકવી દઇશ. પણ આ વેળા ના પાડશો નહીં. મારી લાજ તમારા હાથમાં છે.''

''ત્રણસો તો થઇ ગયા છે. ઉપરથી બસો વધારે માગે છે. બે વર્ષમાં રૂપિયા સાતસો થઇ જશે. તને મારી વાત ગળે ઉતરે છે?''

''ગરીબ પરવર! અલ્લાહ આપવા ધારે તો બે વીઘાં શેરડીમાં પાંચસો તો આમ ભરી દઇશ.''

દાઉદયાળે રૂપિયા બસો રહેમાનના હાથમાં મૂક્યા.

ખેતી તો અનાથ બાળક જેવી ગણાય. વરસાદ પાણી માફક આવે તો ધાનના ઢગલા ખડકાઇ જાય. અને વરસાદ દગો દે તો હરિયાળાં ખેતરોમાં આગ ચંપાઇ જાય. હિમ, રેલ, દુકાળ, આંધી, રોગ વગેરે આફતોમાંથી બચી જવાય તો ખળાં ધાનથી ઉભરાઇ જાય. રહેમાને પેટે પાટા બાંધીને વૈતરું કર્યું. રાત દિવસ પણ એણે એક કર્યા હતાં. ઘરનાં સૌ મન લગાવીને મંડી પડ્યાં હતાં મહેનત કરવા. પરિણામ એ આવ્યું કે શેરડીના મોલથી ખેતર ભરાઇ ગયું. શેરડી જોઇ સૌ મોંઢામાં આંગળાં ઘાલી જાય. જોનારા – ''રહેમાન! આ વખતે તારા પાસા પોબાર છે. નબળી પાતળી તોય સાતસો આઠસોથી ઓછી શેરડી નહીં થાય. રહેમાન પણ ખુશ થતો હતો.'' વિચારતો હતો કે ''ગોળના પૈસા હાથમાં આવશે એટલે લાલાજીની પાઇ પાઇ દૂધે ધોઇને મૂકવી દઇશ.''

પણ નસીબને કોણ જાણી શક્યું છે? માગશર મહિનાનો સમય હતો. રહેમાન ખેતરના શેઢે બેસી ઊભા મોલની રખવાળી કરી રહ્યો હતો. ઓઢવા માટે એક જૂની ચાદર હતી. ટાઢથી બચવા શેરડીનાં સૂકાં પાન એણે સળગાવ્યાં હતાં. પવનનો એક જોરદાર ઝપાટો આવ્યો. સળગતાં પાંદડાં ઊડીને ખેતરમાં જઈ પડ્યાં. આખા ખેતરને દેવતા એ ઝડપી લીધું. જોતજોતામાં આગના ભડકા ઊઠ્યા. ગામ લોકો અગનજવાળાઓ જોઈ દોડ્યા. પણ એમ આમ કાબૂમાં આવે ખરી? જોતજોતામાં આખું ખેતર બળીને ભસ્મ થઈ ગયું. રહેમાનની આશાઓ પણ બળીજળીને રાખ થઈ. ગરીબનું સર્વસ્વ લૂંટાઈ ગયું. જાણે પીરસેલી થાળી કોઈકે ઝૂંટવી લીધી હતી! હતાશહૈયે ઘેર આવ્યો તો દાઉદયાળના રૂપિયાની ચિંતા એને સતાવવા લાગી. એને પોતાની કે બાળબચ્ચાની ચિંતા ન હતી. ભૂખે મરવું અને નાગા ફરવું એ તો ખેડૂતને માટે નવાઈની વાત ન હતી. ચિંતા હતી એક માત્ર દેવાની. બીજું વર્ષ પસાર થઈ રહ્યું છે. બે ચાર દિવસમાં જ લાલાજીનો માણસ ઉઘરાણીએ આવશે ત્યારે એ શું મોં બતાવશે? એણે વધુ એક વર્ષની મુદત વધારવાની અરજ ગુજારવા વિચાર્યું. પણ તો તો રૂપિયા નવસો થાય તેમ હતું. અને લાલાએ ગુસ્સે થઈને ફરિયાદ કરી તો? પણ તેમ છતાં તેણે વિચાર્યું – ‘‘બાર મહિનામાં શું ખાટું મોળું થઈ જવાનું હતું! અને લાલાજી તો કેટલા ભલા માણસ છે!’’

ખેતરના શેઢે ઊભો ઊભો રહેમાન વિનાશનું વરવું રૂપ જોઈ રહ્યો હતો. દૂરથી લાલાજીના નોકરને ખભે ડાંગ મૂકી આવતો જોયો. એનો જીવ ઊડી ગયો જાણે! હે અલ્લાહ! હવે તું જ બચાવે તો સારું! એ બબડ્યો.

નોકરે પાસે આવી કહ્યું – ‘‘રૂપિયા આપવાની ઈચ્છા થતી નથી? ગઈ કાલે મુદત પૂરી થઈ ગઈ છે. સરકારને તો જાણો છો ને? ફરિયાદ કરતાં જરાય વાર નહીં કરે. સમજ્યો?’’

રહેમાન ધ્રુજી ગયો. બોલ્યો – ‘‘જુઓને ભાઈ, આ આખું ખેતર બળીને રાખ થઈ ગયું.’’

‘‘મારે શું કામ છે તારું ખેતર જોઈને? સાતસો રૂપિયા લઈને જલ્દીથી લાલાજીને ઘેર આવીજા છાનોમાનો.’’



‘‘પણ...પણ મારી બધી શેરડી બળી ગઈ. નહીં તો પાઈએ પાઈ ચૂકવી દેવાનો હતો આ વખતે તો.’’

‘‘હું એ ના જાણું. તારી શેરડી ઉપર કઈ તને પૈસા નતા ધીર્યા. હમણાંને હમણાં જ ચાલ. સરકારે તને બોલાવવા જ મોકલ્યો છે મને.’’કહીને નોકરે રહેમાનનું બાવડું ઝાલી એને ખેંચ્યો.

રસ્તે ચાલતાં રહેમાન ખુદાની બંદગી કરતો રહ્યો. હવે એને ખુદા સિવાય કોઈનો ભરોસો ન હતો. એના પગ લડખડાતા હતા. જીભ ‘યા અલી મુશ્કિલ કુશા’ નો જાપ જપતી હતી.

રહેમાન લાલાજીને ઘેર પહોંચતાં જ એમનાં ચરણોમાં આળોટી પડ્યો. કહ્યું – ‘‘ખુદાવંદ! મારે માથે ભારે વિપત્તિનાં વાદળો ઘેરાયાં છે. ખુદાની કસમ, હું ક્યાંય નોય નથી રહ્યો.’’

‘‘શું બધી શેરડી બળી ગઈ?’’ લાલાજીએ પૂછ્યું.

‘‘આપે જાણ્યું, હજુર? જાણે ખેતરમાં કોઈએ ઝાડું ના ફેરવા દીધું હોય! બધું જ સફાચટ! બધું સમુંસૂતર પાર ઉતર્યું હોત. હજુર! તો બીજું તો કશું નહીં પણ આપના દેવામાંથી તો છૂટી જાત.’’

‘‘હવે શું કહેવું છે? પૈસા આપે છે કે પછી ઠોકી દઉં ફરિયાદ?’’

‘‘આપ તો માલિક છો, હજુર! મરજી પડે એ કરી શકો છો. હું તો એટલું જ જાણું કે આપના રૂપિયા મારી આંખ માથા પર. પાઈએ પાઈ વખત આવતાં વ્યાજ સાથે ચૂકવી દઈશ. મારું વિચારેલું કશું થતું નથી. બે વાર વાયદો કર્યો અને બે વાર ખોટો પડ્યો. હવે વાયદો કરતો નથી. જ્યારે પણ જે કઈ મળશે એ આપનાં ચરણોમાં મૂકી જઈશ કઠોર મહેનત કરીને પણ આપનું લેણું ચૂકવી આપીશ.’’

દાઉદયાળ હસીને બોલ્યા – ‘‘તારા મનમાં આ સમયે કશી મોટી ઈચ્છા છે?’’

‘‘હજુર, આપનું લેણું ચૂકવવાની. બીજી શું હોય! સાચું કહું છું, માલિક. અલ્લાહ જાણે છે.’’

‘‘ઠીક. તો માની લે કે તારું લેણું ચૂકવાઇ ગયું.’’

‘‘સરકાર! એમ તો શી રીતે માની લેવાય? અહીં નહીં ચૂકવાય તો ત્યાં તો ચૂકવવું જ પડશે.’’ રહેમાને ઉપર આંગળી કરતાં કહ્યું.

‘‘ના,ના રહેમાન! સાચું કહું છું. હવે તું એની ચિંતા ના કરીશ. હું તો તારી પરીક્ષા કરતો હતો.’’

‘‘સરકાર! એવું ના બોલો. માથે આટલો બધો બોજો લઇને હું મરી જવાનો નથી.’’

દાઉદયાળે કહ્યું – ‘‘કેવો બોજો? મેં મારું લેણું માફ કરી દીધું છે. હવે તું મારી એક પણ પાઇનો દેવાદાર નથી. ખરેખરતો મેં તારી પાસેથી જે પૈસા લીધા હતા તે તને પાછા સોંપી રહ્યો છું. હું તારો કરજદાર છું, તું મારો કરજદાર નથી. તારી ગાય આજેય છે મારી પાસે. એણે મને ઓછામાં ઓછું આઠસો રૂપિયાનું દૂધ આપ્યું છે. અને બે વાછડાં નફામાં. જો તેં ગાય કસાઇને વેચી દીધી હોત તો મને આ ફાયદો ક્યાંથી થાત? તે વખતે તેં પાંચ રૂપિયાંની ખોટ ખાઇને પણ ગાય મને જ આપી હતી. તારી એ સજ્જનતા મને યાદ છે. તારા એ ઉપકારનો બદલો ચૂકવવાની તો મારામાં શક્તિ નથી. ગરીબ અને નાદાન હોવા છતાં તેં એક ગાયનો જીવ બચાવવા પાંચ રૂપિયાની ખોટ વેઠી, તો તારાથી એનેક ઘણો સુખી હું પાંચસો રૂપિયા માફ કરી દઉં તો એમાં કોઇ નવાઇ નથી. ભલે તેં જાણી બૂઝીને મારા પર ઉપકાર કર્યો ના હોય. પણ હકીકતમાં તો એ મારા ધર્મ પરનો ઉપકાર જ ગણાય. મેં પણ તને ધાર્મિક કામ માટે જ રૂપિયા આપ્યા હતા. બસ, હવે આપણો હિસાબ સરખો થઇ ગયો. તારી ગાયનાં બંન્ને વાછરડાં અહીં મારી પાસે છે. તારે જોઇતાં હોય તો તેમને તારી સાથે લેતો જા. તને ખેતીના કામમાં ખપ લાગશે. તું તો ખરેખર સાચો અને નેકદિલ માણસ છે. હું તને મદદ કરવા હમેશાં તૈયાર રહીશ. તારે આ સમયે પણ રૂપિયાની જરૂર હોય તો જોઇએ એટલા લઇ જા.’’

રહેમાનને લાલાજીમાં ઇશ્વરી ફરિશ્તાનાં દર્શન થયાં. માણસ ઉદાર હોય તો ફરિશ્તો, અને અધમ હોય તો શૈતાન. રહેમાન તો આભારના બે શબ્દોય ના બોલી શક્યો. એની આંખોમાંથી આંસુઓનો પ્રવાહ વહી રહ્યો.



છેવટે ઘણી મુશ્કેલી પછી આંખમાં આવતાં આંસુઓ રોકીને એણે કહ્યું – ‘‘હજુર! આપની આ ભલી લાગણીનો બદલો ખુદા અચૂક આપશે. હું તો આજથી જ આપનો ગુલામ છું એમ સમજજો.’’

‘‘ના, રહેમાન! તું આજથી મારો દોસ્ત છે.’’

‘‘નાં, સરકાર! ગુલામ.’’

દાઉદયાળે કહ્યું – ‘‘ગુલામ મુક્તિ મેળવવા માટ જે રૂપિયા આપે છે એને ‘મુક્તિધન’ કહેવાય છે. તું તો બહુ પહેલાં ‘મુક્તિધન’ ચૂકવી ચૂક્યો છું. હવે ભૂલથીયે એવા શબ્દો મોંઢામાંથી કાઢીશ નહીં.’’

# દિક્ષા

કિશોરાવસ્થામાં શાળામાં ભણતો હતો ત્યારે મને ખાસ વ્યવહારિક જ્ઞાન ન હતું છતાંય હું નશાનિવારણી સભાનો ઉત્સાહિત સભ્ય હતો. હું એના મેળાવડાઓ માં હાજરી આપતો. ફાળો ઉઘરાવતો. એટલું જ નહીં, હું અટલ વ્રતધારી પણ હતો. પ્રધાન મહોદયે દિક્ષા લેતી વખતે મને પૂછ્યું હતું ‘‘તમને વિશ્વાસ છે કે આજીવન તમે આ વ્રત પાળશો?’’ ત્યારે મેં નિશંકભાવે જવાબ જવાબ આપ્યો હતો કે ‘‘હા, મને પૂર્ણ વિશ્વાસ છે.’’ પ્રધાન મહોદયે પછી મારા હાથમાં પ્રતિજ્ઞા પત્ર મૂક્યું હતું. મને તે દિવસે અપાર આનંદ થયો હતો.

પિતાજી થાક દૂર કરવા સાંજે એક પ્યાલી પીતા ત્યારે તેમની સાથે હું ઝઘડી પડતો. પિતાજી પીતા હતા. પણ ધંધો કરતા. જ્યાં જરાક નશો થતો કે આંખોમાં એક અદ્‌ભુત આભા ઉપસી આવતી. પછી એ વાળુ કરવા બેસતા. ખાતા  ઘણું ઓછું. આખી રાત એ મોહમાયામાં બંધનોથી મુક્ત થઈ જતા. હું એમને નશો નહીં કરવા સમજાવતો. એખવાર તો આખે આખી બોટલ અને પ્યાલો જ તોડી નાખેલાં મેં. મને પિતાના દુર્વાસા જેવા ક્રોધની પણ ચિંતા ન હતી.

પિતાજીએ જાણ્યું કે મેં બોટલ ફોડી નાખી છે. એ અક્ષરેય બોલ્યા વગર સીધા જ બજારમાં ગયા અને નવી બોટલ લઈ પાછા ફર્યા. આવી ને એમણે મારા તરફ ઉત્સાહસભર આંખો એ જોયું. મને એમની આંખોમાં અલૌકિક પ્રેમનો અણસાર દેખાયો. એ ખડખડાટ હસી પડ્યા. એમના એ હાસ્યમાં કેટલો વ્યંગ હતો, મારા વ્રતનો કેવો ક્રૂર ઉપહાસ હતો અને મારી સરળતા પર કેટલી દયા હતી. તેનો મર્મ હવે આજે મને સમજાઈ રહ્યો હતો.



કોલેજમાં પણ મારા વ્રતની અટલતાને લીધે હું વિદ્યાર્થી ઓમાં ઉપહાસપાત્ર બન્યો. કોઈ મને ગમાર સમજતું, કોઈ મુલ્લાની પદવી આપતું તો કોઈ વળી દોઢ ડાહ્યો કહી મારી ઠેકડી ઉડાડતું. મિત્રોની ઓરડીઓમાંથી આવતો ચૂસકીઓનો અવાજ સાંભળી હું સમસમી જતો. મિત્રો ભાંગવાટતા હતા ને હું જોઈ રહેતો. લોકો આગ્રહપૂર્વક કહેતા – ‘‘અરે, જરા પી તો જો.’’ હું  નમ્રતાથી કહેતો – ‘‘માફ કરજો. એ મારી સિસ્ટમ સાથે સૂટ થતું નથી.’’

સિદ્ધાંતને બદલે શારીરિક અશક્તિનું બહાનું શોધવું પડ્યું મારે. સત્યાગ્રહનો મારો જુસ્સો ધીમેધીમે ઓસરતો ચાલ્યો. હું ત્યારે કોલેજના છેલ્લા વર્ષમાં ભણતો હતો. મારે ત્યાંથી પુત્રજન્મના સમાચાર આવ્યા. મિત્રોએ તો વાત જાણી પાર્ટી માગી. મારે તેમના આગ્રહને વશ થઈ પાર્ટી ગોઠવવી જ પડી. એટલું જ નહીં, પણ મેં મારા હાથે જ સૌને પીવડાવ્યું. તે દિવસે મને શરાબ પીવડાવવામાં અવર્ણનીય આનંદ આવતો હતો. સિદ્ધાંતો અને આદર્શોમાંથી પીછે હઠ કરવી તેનું નામ જ ઉદારતા. સંસારમાં જો સૌથી સરળમાં સરળ કોઈ કામ હોય તો તે પોતાની જાતને છેતરવી એ છે. મેં પોતે તો પીધો ન હતો. પીવડાવ્યો હતો. એમાં મને શું નુકસાન? પોતે ના પીને પણ બીજાને પીવડાવ્યો એમાં જ ખરી મઝા.

કોલેજમાંથી તો હું નિષ્કલંક બહાર નીકળી ગયો. પછી તો મેં શહેરમાં વકીલાત કરી. સવારથી મોડી સાત સુધી કામમાં ડૂબેલો રહેતો. કોલેજની એ મઝા, એ આનંદપ્રમોદ હવે માત્ર સ્વપ્નો બની ગયાં હતાં. જીવન સંગ્રામની વિકટતાનો સાચો અનુભવ હવે થતો હતો. જીવનને સંગ્રામ કહેવો એ એક ભ્રમ છે. સંગ્રામનાં ઉમંગ, ઉત્તેજના, વીરતા અને જયઘોષ જીવનમાં ક્યાં જોવા મળે છે? જીવન એટલે તો ઢસરડા, વેઠ અને ધક્કામુક્કી. પત્નીના લસરકા સાંભળવા, નોકરની ગાળો ખાવી અને છેવટે નીચી મૂડીએ ત્યાંથી ચાલ્યા જવું. આખો દિવસ બેઠાં બેઠાં અરુચિ થઈ આવતી. મુશ્કેલીથી બે ભાખરી ખવાતી. મનમાં કહેતો – ‘‘શું માત્ર આ બે ભાખરી માટે આટલી મગજમારી અને દોડાદોડી? નકામું મરી જવાનું! અરમાન તો એવાં હતાં કે પોતાની મોટર હોય, મોટો બંગલો હોય, જમીન જાગીર હોય, બેંન્કમાં થોડાક રૂપિયા હોય પણ એ બધું હોય તોયે શું? એ તો સંતાનો ભોગવશે. હું વ્યર્થ વૈતરું કરું છું. હું તો ખજાનાને માથે બેઠેલો સાપ માત્ર છું. ના ના એમ નહીં

થઈ શકે. બીજાને માટે શા માટે મરી જવું મારે? હું તો મારી મહેનતની મઝા પોતે જ માણીશ. શું કરું? ક્યાંક સૈર કરવા ચાલ્યો જાઉં? ના, અસીલો હાથમાંથી છટકી જશે. એવો ખ્યાતનામ વકીલ તો છું નહીં કે મારા વગર કામ જ ના ચાલે. અહીં તો નેતાઓની જેમ અસહયોગ વ્રત ધારણ કરવા છતાંય કોઈ મોટો શિકાર નજરે ચઢે તો ઝાપટ માર્યા વગર ના છોડું.''

તો શું રોજ સિનેમા જોવા જવું? વ્યર્થ, રાત્રે બે વાગ્યા સુધી ઉજાગરો કરું તો વગર મોતે જ મરી જાઉં. મારા જેવા બીજા વકીલોય ક્યાં નથી? એ શું કરતા હશે કે હમેશાં ખુશ દેખાય છે? મને લાગે છે કે એમને કોઈ ચિંતા જ નથી. સ્વાર્થ સેવા, અંગ્રેજી શિક્ષણનો આત્મા છે. પૂર્વના દેશો બાળકો, કીર્તિ અને ધર્મ માટે જીવ આપી દે છે જ્યારે પશ્ચિમના દેશો પોતાને માટે જ મરી જાય છે. પૂર્વમાં ઘરનો માલિક સૌનો સેવક ગણાય છે. તે સૌને સારું સારું ખવડાવે છે. પીવડાવે છે તથા સારું સારું પહેરાવે ઓઢાડે છે જ્યારે પશ્ચિમમાં વ્યક્તિ જાતે જ સારું સારું ખાય છે, સારું સારું પહેરે ઓઢે છે. આપણા દેશમાં કુટુંબ સર્વોપરિ છે. જ્યારે પશ્ચિમમાં વ્યક્તિ સર્વોપરિ છે. આપણે બહારથી પૂર્વના છીએ અને અંદરથી પશ્ચિમના છીએ. આપણા સારા આદર્શો દિવસે દિવસે નષ્ટ થતા જાય છે.

મને વિચાર આવ્યો કે આટલા દિવસોની તપસ્યાથી હું લાધ્યું મને? આખો દિવસ ઢસરડા કરવા અને રાત્રે મોંઢે માથે ઓઢીને સૂઈ જવું. એ શું જીવન છે? કોઈ સુખ નહીં, મનને કશો આનંદ નહીં. જીવનને રસિક બનાવવા નો મારા મતે એક જ ઉપાય છે. આત્મવિસ્મૃતિ. હું મારી જાતને ભૂલી જાઉં મારી સ્થિતિને ભૂલી જાઉં. એક ચૂસકી ભરું ને બધુંય દુઃખ ગાયબ! એ વ્રત શું અને એ પ્રતિજ્ઞા શું? એ તો બાળપણના ચાળા હતા. તે વખતે મને શી ખબર કે મારી આવી હાલત થશે! ત્યારે તો જુવાનીનોં જુસ્સો હતો. અને હવે? આવા વિચારો મારા પૂર્વસંચિત સંસ્કારોને હચમચાવવા લાગી. શું હું જ સૌથી વધુ બુદ્ધિમાન છું? બધાય ક્યાં નથી પીતા?

જૂના જમાનામાં તો આવા નિયમો નભ્યે જતા. ત્યારે આજીવિકા આટલી કઠોર ન હતી. પણ તો પછી લોકો મારી મજાક ઊડાવશે. કહેશે કે ના જોઈ હોય તો મોટી વ્રતધારીની પૂછડી, મેં નકામો ટેક લીધો. પીધો નહીં તેથી કેવોક મોટો માણસ થઈ ગયો? ક્યું સન્માન મળ્યું? મેં વાંચ્યું હતું કે પીવાથી



નુકસાન થાય છે, પણ મેં તો આજ સુધી કશું નુકસાન થતું જોયું જાણ્યું નથી. હા, પીનારો ભાન ભૂલી જાય છે એ વાત સાચી છે. એ પણ સાચું છે કે વધારે પીવાથી નુકસાન થાય છે. કોઈ પણ વસ્તુનો અતિરેક આમ તો સારો નથી. જ્ઞાન પણ મર્યાદા બહાર જવાથી નાસ્તિકતાના પ્રદેશમાં પહોંચી જાય છે. મારે એવી વ્યવસ્થા કરવી જોઈએ કે લોકો મને પરાણે પીવડાવે. પછી મારો ટેક તૂટે તો મારે એની કશી સ્પષ્ટતા કરવાની જરૂર રહે નહીં. ઘરનાંની સામે પણ નીચીજોયું થાય નહીં.

હોળીના દિવસે નાટક ભજવવાનો મેં નિશ્ચય કર્યો. આવી દિક્ષા માટે બીજું ક્યું સારું મૂહુર્ત હોઈ શકે? હોળીતો પીવા પીવડાવવાનો દિવસ.

હોળી આવી. દિક્ષાની તૈયારી કરી મેં. કેટલાક પીનારા મિત્રોને નિમંત્ર્યા. વ્હિસ્કી અને શેમ્પેઈન મંગાવવામાં આવ્યાં. શરબની સાથે ખાવાપીવાનો બીજી વસ્તુઓ પણ લાવવામાં આવી. ઓરડો આમ તો ખાસ મોટો ન હતો. કાયદાનાં થોથાંના ઘોડા ખસેડી દેવામાં આવ્યા. જાજમ બિછાવી દેવામાં આવી. સાંજે મિત્રો આવવાની પ્રતીક્ષામાં રાચવા લાગ્યો.

એક એક કરીને મિત્રો આવવા લાગ્યા. નવ વાગતા સુધીમાં તો તમામ મિત્રો આવી ગયા. કેટલાક આગસ્ત્યમનિના અનુયાયી જેવા હતા. બોટલ ઉપર બોટલ ગટગટાવી જવા છતાં ધરાતા નહીં. મેં શરાબની બોટલો, જામ અને નાસ્તાની તાશકો સામે લાવીને ધરી દીધી.

એક મહાશયે કહ્યું — ''યાર, બરફ અને સોડા વગર મઝા નહીં આવે.''

મેં કહ્યું — ''મંગાવી રાખ્યાં જ છે. ભૂલી ગયો હું આપવાનું.''

''તો પછી થવા દે બિસ્મિલ્લાહ!''

''પણ સાકી કોણ થશે?''

''એ સેવાનો લાભ મને આપો.'' મેં જણાવ્યું.

મેં પ્યાલીઓ ઉપર પ્યાલીઓ ભરીને મિત્રોને પાવા માંડી. ઠઠ્ઠા મશ્કરી એ જોર પકડ્યું. અશ્લીલ વાતો થવા લાગી. પણ કોઈ મને પૂછતું ન

હતું. હું તો હાથે કરીને મૂર્ખ બન્યો. કોઈ અમથુંય પૂછતું નથી. કદાચ મને પૂછતાં એ બધા શરમાતા હશે! જાણે હું વૈષ્ણવ ના હોઉં! પણ મારે એમને સમજાવવા શી રીતે? છેવટે ખૂબ વિચારીને મેં કહ્યું – ''હું તો ક્યારેય પીતો નથી.''

એક મિત્રએ કહ્યું – ''કેમ પીતો નથી? ઈશ્વરના દરબારમાં તારે જવાબ આપવો પડશે.''

બીજાએ કહ્યું – ''ફરમાઈએ જનાબ! હું જ ઈશ્વર તરફથી પૂછું છું કે કેમ પીતો નથી?''

''જેવી મારી મરજી. પીવાના ઈચ્છા થતી નથી.''

''અરે, યાર! આ તે કઈ તારો જવાબ છે? શું જોઈને વકીલ થયો હોઈશ તું!''

ત્રીજો બોલ્યો – ''આ...પ! જવાબ આપ! ઈશ્વરને તું જેવો તેવો સમજે છે શું?''

બીજાએ કહ્યું – ''તમે કોઈ ધાર્મિક અડચણ નડે છે?''

''કદાચ નડે પણ ખરી.''

''વાહ રે ધર્માત્મા! મોટી ધર્માત્માની પૂછડી ના જોઈ હોય તો!''

મેં જવાબ આપ્યો – ''ધર્માત્માને તે શું પૂંછડી હોતી હશે?''

ચોથાએ કહ્યું – ''હા,હા, કેમ નહીં. કોઈને હાથની તો કોઈને બે હાથની. પૂંછડી વગરના ધર્માત્મા આજે હોય છે જ ક્યાં?'' અમે તો બધા પાપી છીએ.''

ત્રીજો બોલ્યો – ''ધર્માત્મા? અને તે વકીલ?''

બીજાએ કહ્યું – ''જેનામાં ધાર્મિક વિચારો ના હોય તે જ વકીલ થઈ શકે. એટલે ધાર્મિક વાંધો તો તમને શો હોઈ શકે?''

''ભાઈ! મને શરાબ અનુકૂળ આવતો નથી.''





''અરે! હું અનુકૂળ કરાવી દઉં. એમાં તે શી મોટી વાત છે?''

''શું કોઈ ડોક્ટરે ના પાડી છે?''

''ના તો નથી પાડી.'' મેં કહ્યું.

''અરે વાહ! તું જાતે જ ડોક્ટર થઈ ગયો ને! શરાબ તો અમૃત કહેવાય. અમૃત કોઈને અનુકૂળ ના આવે એ કેમ બને?''

''એકવાર ચાખી તો જો?''

''અરે યાર! આ તો બધા રોગોની દવા છે. સોમરસ છે સોમરસ. શું તેં નસો નહીં કરવાની પ્રતિજ્ઞા તો નથી કરીને?''

''માનો કે એવી પ્રતિજ્ઞા કરી હોય તો?''

''તો તારા જેવો કોઈ મહામૂર્ખ નથી.''

ચોથાએ શેર લલકાર્યો –

''જામ ચલને કો હે સબ, અહલે નજર બૈઠે હૈં,
આંખ સાકી ન ચુરાના, હમ ઈધર બૈઠે હૈં.''

એક મિત્રએ કહ્યું – ''પ્રતિજ્ઞા તો અમેય કરી હતી નશો નહીં કરવાની. પણ હવે અમે, અમે નથી રહ્યા તો પ્રતિજ્ઞા ક્યાંથી રહે. પ્રતિજ્ઞા તો નાનપણની રમત હતી. નાનપણ ગયું અને સાથે પ્રતિજ્ઞા પણ ગઈ.''

મેં પૂછ્યું – ''પણ પીવાથી શો લાભ?''

''એ તો પીવાથી જ ખબર પડે. એક જામ પી જો. ફાયદો ના થાય તો બીજો ના પીશ.''

ત્રીજાએ કહ્યું – ''બરાબર...બરાબર...હવે તો આ ધર્માત્માને પીનડાવ્યા વગર છોડવો જ નથી.''

પાછો શેર –

''ઐસે મૈ ખ્વાર હૈં, દિન રાત પિયા કરતે હૈ,
હમ તો સોતે મેં તેરા નામ લિયા કરતે હૈ.''

પહેલાએ કહ્યું – ''તમારાથી કશું નહીં બને, હું જ પીવડાવીશ એને.''

એ મહાશયે પ્યાલી મારે મોંએ અડાડી. મારી પ્રતિજ્ઞા તૂટી ગઇ. મને દીક્ષા મળી ગઇ. મારી ઇચ્છા પૂરી થઇ ગઇ. મેં બનાવટી ગુસ્સાથી કહ્યું – ''તમારી સાથે તમે મને પણ ડૂબાડ્યો.''

''મુબારક હો...મુબારક હો.''

બીજા એકે સૂર પૂરાવ્યો – ''મુબારક....મુબારક! સો સો વાર મુબારક!''

નવદીક્ષિત મનુષ્ય ઘણો ધર્મપરાયણ હોય છે. સંધ્યાકાળે એકાંતમાં મિત્રો સાથે જામ ઉપર જામ ગટગટાવતો ત્યારે મારું મન પ્રફુલ્લ થઇ જતું. રાતે ગાઢ ઊંઘ આવતી હતી. પણ સવારે આખા શરીરે કળતર થતું. આળસ થઇ આવતી. માથું શિથિલ થઇ જતું.

સવારે ઊઠીને સંધ્યાપૂજા કરવાને બદવે એકાદ બે પેગ ચઢાવતો. મને એટલો તો ખબર હતી કે નશો ખરાબ વસ્તુ છે. માણસ નશાનો ગુલામ બની જાય છે. છતાં હું એમાથી છટકી શક્યો નહીં. નશા વગર હવે ચાલતું જ નહીં.

વરસાદના દિવસો હતા. સર્વત્ર જળબંબાકાર થઇ ગયો હતો. અધિકારીઓ વરસાદમાંય બહાર જતાં. એમને તો ભથ્થા સાથે કામ. પ્રજાને શી વીતે છે એની પણ એમને શી પડી હોય! એક કેસ અંગે હું પણ બહાર ગયો હતો. સાંજે પાછા આવવાની ધારણા હતી. પણ ઠેરઠેર ઉભરાયેલાં નદી નાળાંને લીધે પહોંચતાં જ મોંડું થઇ ગયું. ન્યાયાધીશ મારી રાહ જોતા હતા. જતાંવેંત જ કેસ હાથ ધરવામાં આવ્યો પણ બંન્ને પક્ષની દલીલો પૂરી થતાં રાતના નવ વાગી ગયા. હું તો મુશ્કેલીમાં મૂકાઇ ગયો. થતું હતું કે જજ સાહેબને ઝાટકી નાખું! પ્રતિપક્ષી વકીલની દાઢી ખેંચી કાઢવાનીય ઇચ્છા થઇ આવતી હતી. કોઇકવાર કપાળ કૂટવાનું મન થઇ આવતું. મારાથી હવે રહેવાતું ન હતું. જજ સાહેબને મારી હાલતની શી ખબર પડે!



ખેર! કેસ પૂરો થયો. પણ હવે જવું ક્યાં? એકતો ચોમાસાની રાત. ક્યાંય સુધી વસ્તીનું ઠેકાણું ના મળે. ઘેર પાછા ફરવું હવે કઠિન હતું. આજુબાજુ પણ ક્યાંય એવી જગા દેખાતી ન હતી કે જ્યાંથી પેલા સંજીવની મળી આવે. ભારે આપત્તિ આવી પડી. અસીલો, સાક્ષીઓ વગેરે ચાલ્યા ગયા હતા. મારો સામેનો વકીલ મુસલમાન પટાવાળીની ચાદર પાથરી આરામગૃહમાં પડ્યો રહ્યો. પણ હું શું કરું? મારો તો જીવ નીકળી રહ્યો હતો. ઊંઘતો મારાથી દૂર ભાગતી હતી. ફાટી આંખે નસીબને દોષ દેતો. વરંડામાં બેસી રહ્યો હતો સાસરીમાં સો મણની તળાઇ ઉપર સૂતો હોય પેલો વકીલમિત્રતો મઝાથી ઘસઘસાટ ઊંઘી ગયો હતો. અને હું? મને એ જ એક વાતનું દુઃખ હતું.

અહીં મારી સ્થિતિતો કફોડી હતી. ત્યાં ડાક બંગલામાં સાહેબ બાહદુર પેગ પર પેગ ચઢાવતા હતા. શરાબ જામમાં ઠલવાતાં આવતો ડક...ડક...ડક...અવાજ મને વ્યાકુળ બનાવી દેતો. મારાથી રહેવાયું નહીં. ધીમેધીમે પડદા પાસે જઇ અંદર જોવા માંડ્યું. આહ! કેવું મનોહર દ્રશ્ય હતું એ! મારું હૈયું હાથ ના રહ્યું. મોંઢામાંથી લાળ ટપકવા લાગી. સાહેબ પીધેલી હાલતમાં કેટલા સરસ લાગતા હતા! એકાન્તમાં માનસિક આનંદ ના અતિરેકમાં એ અંગ્રેજી ગીત ગણગણતા હતા. ક્યાં એ સ્વર્ગનું સુખ અને ક્યાં મારી આ નરકની યાતના! સાહેબની પાસે જઇ એક પેગ માગવાની ઇચ્છા થઇ આવતી હતી. પણ શરાબને બદલે તિરસ્કાર મળે તો!

સાહેબ જમી રહ્યા ત્યાં સુધી હું પડદા પાસે ઊભો રહ્યો. મનગમતા ભોજન સાથે શરાબના સેવનનો સ્વાદ કઇ ઓર હોય છે! ભોજન પછી તેણે રસોઇયાને ટેબલ સાફ કરવા બોલાવ્યો. એ ત્યાં પાસે બેસીને જ ઊંઘતો હતો. ઉઠીને ખાલી વાસણો લઇ એ બહાર નીકળ્યો કે એની નજર મારા પર પડી ગઇ. એ તો ગભરાઇ જ ગયો મને જોઇને. મેં કહ્યું – ''ગભરાઇશ નહીં, હું છું એતો.''

''વકીલ સાહેબ, આપ? આપ અહીં ઊભા હતા?''

''હા, આ લોકોની ખાણી પીણી જોતો હતો. બધી બહુ શરાબ પીએ છે, નહીં?''

"વાત જ ના પૂછો, સાહેબ! રોજ વીસ રૂપિયાનો પી જાય છે. બહાર જાય છે ત્યારે ચાર ડઝન બાટલીઓ સાથે રાખે છે." – રસોઈયાએ કહ્યું.

"આદત તો મનેય છે. પણ આજે ના મળ્યો."

"તો તો આપને ઘણી મુશ્કેલી પડતી હશે?"

"હા, પણ શું કરું? અહીં તો કોઇ દુકાન પણ નથી દેખાતી. મને એમ હતું કે કેસપતી જશે એટલે ઘેર જલ્દી પાછો ફરી જઇશ. એટલે સાથે લાવ્યો ન હતો."

"સાહેબ, મને તો અફીણની ટેવ છે. એક દિવસ ના મળે તો વ્યાકુળ થઇ જવાય. નશાવાળાને ખાવાનું ના મળે તો ચાલે, પણ નશો કરવાનું ના મળે તો ના ચાલે."

"મારો તો જાણે જીવ નીકળી જાય છે, ભાઇ!"

"સાહેબ, તમારે એકાદ બોટલ તો સાથે રાખવી જ."

"એ જ ભૂલ થઇ ગઇને, ભાઇ! નહીં તો આ આફત જ ના આવત ને?"

"ઊંઘેય નહીં આવતી હોય?"

"ઊંઘની તો વાત કેવી! શી ખબર આખી રાત શી રીતે પસાર થશે?"

મને થતું હતું કે રસોઇયો મારી મુશ્કેલીને દૂર કરવાનો પ્રયત્ન કરશે. પણ એ તો ભારે ચાલાક નીકળ્યો. કહ્યું – "સૂઇ જાઓ હવે રામ રામ કરીને, ક્યાં સુધી ઉંઘ નહીં આવે?"

"મરી જઇશ તોય ઊંઘ તો નહીં આવે. શું સાહેબ બોટલો ગણીને રાખે છે? ના, ના, ગણતા તો નહીં હોય."

"સાહેબ તો જબરા દુષ્ટ છે. એકાદ બોટલ પણ જો ઓછી થઇ તો આવી બન્યું સમજો! તાકાત છે કોઇની કે એક ટીપુંય ઓછું કરે!"



"પણ મને તો એક જામ મળી જાય એટલે બસ. એટલો મળી જાય તોય ઉંઘી આવી જાય. તું કહીશ તે ઈનામ હું આપીશ તને."

"ઈનામ તો આપશો તમે સાહેબ, પણ જો એ જાણી ગયા તો મને જીવતો નહીં મેલે."

"લઇ આવ, યાર! હવે ધીરજ રહેતી નથી." મેં આગ્રહ કરતાં કહ્યું.

"પણ સાહેબ એક બોટલ રૂપિયા દસમાં આવે છે. કાલે કોઇ વેઠિયા જોડે મંગાવી સંખ્યા પૂરી કરી દઇશ."

"પણ હું કઇ આખી બોટલ ઓછો પી જવાનો છું?"

"સાથે લઇ જજો, હુજુર! અડધી બોટલ રહી જાય તો એમને તરત શંકા પડી જાય. બહુ શંકાશીલ માણસ છે એ તો! વખત આવ્યે માંરુંય મોંઢું સુધી જુએ."

મને મહેનતાણાના રૂપિયા વીસ મળ્યા હતા. આખા દિવસની કમાણીમાંથી અડધી રકમ આપવાનો જીવ તો ચાલતો ન હતો. પણ બીજો રસ્તોય શો હતો? મેં રૂપિયા દસ રસોઇયાના હાથમાં મૂક્યા. એણે અંગ્રેજી શરાબની એક બોટલ લાવીને મારા હાથમાં મૂકી. બરફ અને સોડા પણ એ સાથે લાવ્યો હતો. હું અંધારમાં શરાબ વડે મારી તરસ છીપાવવા લાગ્યો.

પણ વિધિનું નિર્માણ કઇક જુદુ જ હતું તેની મને શી ખબર!

મોડી રાત સુધીનો ઉજાગરો અને પાછો શરાબનો નશો! હું તો ઘસઘસાટ ઊંઘી ગયો. પહોર દિવસ ચઢતા સુધી ઊંઘી રહ્યો હું તો. સવારે ઝાડૂ મારનારા મહેતરે જગાડ્યો મને. શરાબની બોટલ અને જામ માથા આગળ મૂક્યાં હતાં. તેની ઉપર મેં મારું ગાઉન ઢાંકી દીધું હતું. ઊઠતાંવેંત મારી નજર ઓશિકા ભણી ગઇ. હું ચોંકી ઉઠ્યો. શરાબની બોટલ અને જામ અદ્રશ્ય થઇ ગયાં હતાં. રસોઇયાને પૂછવા હું તો ડાક બંગલાની પાછળ નોકરોના રહેણાકમાં ગયો. પણ ત્યાંનું ભયંકર દ્રશ્ય જોઇ મારા પગ થંભી ગયા.

સાહેબ બહાદુર રસોઇયાનો કાનપટ્ટી પકડી ઊભા હતા. શરાબની બોટલો જુદી જુદી મૂકી હતી. સાહેબ એક પછી એક ગણાવતા જતા હતા. ગણતરી કરીને એમણે પૂછ્યું – ''એક બોટલ ક્યાં ગઇ?''

સાહેબ, મેં કોઇ દગો કર્યો નથી. રસૌઇયો કરગરતો હતો.

''એટલે શું હું ખોટું બોલું છું? ઓગણત્રીસ બોટલ ન હતી?''

''કેટલી બોટલ હતી, તેની મને ખબર નથી હજુર!''

સાહેબબહાદૂરે રસોઈયાના ગાલ પર પાંચ સાત તમાચા ચોડી દીધા. તેમણે કહ્યું – ''સાચું નહીં બોલે તો જાનથી મારી નાખીશ તને. અને હું તો હાકેમ છું. મને કોઇ ગુનો લાગવાનો નથી સમજ્યો? બોલ, ક્યાં ગઇ એક બોટલ?''

મારા તો હોશકોશ ઉડી ગયાં. મનોમન હું ઘણા દિવસ બાદ ઈશ્વરને યાદ કરવા લાગ્યો. ગમે તેમ તોય એ અંગ્રેજ રહ્યા. કોણ જાણે કેવી આફતમાં ધકેલી દે! હું ભગવાનને વિનવવા લાગ્યો કે હે ભગવાન! રસોઇયાની જીભ બંધ કરી દેજે. હું ગુનેગાર છું. પણ તેં તો ગુનેગારોને ઊગાર્યા છે મનેય તું ઉગારી લેજે. તારા સોગંદ ફરીવાર શરાબને હાથ હાથ પણ નહીં અડાડું.

મારથી તો ભૂતેય ભાગી જાય. અસહ્ય મારથી જો રસોઇયો સાચી વાત જણાવી દેશો તો મારી તો સનદ છીનવાઇ જશે, ચોરીના ગુના સબબ મારી ઉપર મુકદમો ચાલશે. મારી આબરૂનો ભાજીપાલો થઇ જશે. જાલિમ હંટર લઇને મારી ઉપર તૂટી પડશે તો? મારી તો રેવડી દાણાદાણ થઇ જશે. મારું માન, મારી ઈજ્જત મારું ભવિષ્ય અને મારું જીવન રસોઇયાના એક શબ્દ ઉપર નિર્ભર હતાં, માત્ર એક શબ્દ ઉપર.

મનોમન હું પ્રતિજ્ઞા કરી રહ્યો હતો કે હે ઈશ્વર! આટલી વાર જો તું મને બચાવીશ તો ફરી કોઇવાર શરાબનો છાંટોય મોંએ નહીં અડાડું. પણ મારું નસીબ જ રૂઠેલું હતું. એણે મને મદદ ના કરી. ના તો ગોવર્ધન ધારીએ મદદ કરી કે ના નરસિંહ ભગવાન વહારે ધાયા. એ તો સતયુગમાં આવતા હતા. ના તો મારી પ્રતિજ્ઞાની ટેક જળવાઇ કે ના ઈશ્વરના સોગંદ ફળ્યા.



રસોઇયો એની વાતમાં અડગ રહ્યો. ખૂબ માર ખાવા છતાંયે એણે મોંઢું ના ઉઘાડ્યું. એ સત્યવાદી અને વીર પુરુષ હતો. મારી એના પ્રત્યેની શંકા ટળી ગઇ. હું જીવીશ ત્યાં સુધી એ વીરાત્માના ગુણગાન ગાતો રહીશ.

પણ મારી ઉપર બીજી બાજુથી વજપાત થયો.

રસોઇયાનો કાન પકડી સાહેબ બહાદુર તેને ડાક બંગલે લઇ આવ્યા. એમને આવતા જોઇ હું ઝટપટ અજાણ્યો થઇ ઓસરીમાં બેસી ગયો. સાહેબે રસોઇયાને મારી સામે લાવીને ખડો કરી દીધો. એ વખતે જો કોઇ એ મારી છાતી ચીરી હોત તો એમાંથી લોહીનું એક ટીપું પણ ના નીકળ્યું હોત!

સાહેબ બહાદુરે મને પૂછ્યું – ''વકીલ સાહેબ, તમે શરાબ પીવો છો?''

હું ના પાડી શક્યો નહીં.

''તમે રાત્રે પીધો હતો શરાબ?''

એ વાતનો પણ મારે સ્વીકાર કરવો પડ્યો.

''તમે મારા આ રસોઇયા પાસેથી શરાબ લીધી હતી?''

મેં મોન રહી સંમતિ આપી.

''શરાબ પીધા પછી ખાલી બોટલ અને જામ તમે ઓશિકા નીચે છુપાવ્યાં હતા?''

એ વાતનો પણ હું ઈન્કાર કરી શક્યો નહીં.

''તમે જાણો છો કે આ ચોરી થઇ કહેવાય?''

હું સામો જવાબ દઇ શક્યો નહીં.

''હું તમને સસ્પેન્ડ કરાવી શકું તેમ છું. તમારી સનદ ઝૂંટવી લઇ શકું છું અરે! તમને જેલમાં પણ ધકેલી દઇ શકું છું.''

વાત તો સાચી જ હતી.

''તમારા જેવા લુચ્ચા માણસો વકીલ બને છે. મારા રસોઇયા પાસેથી ચોરીનો શરાબ લે છે. સુવ્વર! હું એવી સજા કરીશ જે તમને ગમતી હોય.''

હું થરથર ધ્રુજવા લાગ્યો. કહ્યું – ''હુજુર! હું આપની માફી માંગું છું.''

''નહીં. બોલો શી સજા કરું?''

''હુજુરને યોગ્ય લાગે તે.''

''એમ જ થશે.''

એ નિર્દય અને ઘાતકી નરપિશાચે બે પોલીસો પાસે મારા હાથ પકડાવ્યા. હું તો નિઃશબ્દ ઊભો રહ્યો. મને થયું – શી શિક્ષા કરશે આ નરરાક્ષસ!

એ ઓફિસમાં જઇ સિક્કા મારવાની શાહી અને બ્રશ લઇ આવ્યા. હું તો રડવા લાગ્યો. થોડાક શરાબ માટે આવું ઘોર અપમાન! અને તે પણ બમણી કિંમત ચૂકવવા છતાં!

સાહેબ હસતા હતા અને શાહી ચોપડતા જતા હતા. મારું આખું શરીર રંગી નાખ્યું. થોડાક શરાબ માટે આવી બદનામી! મનમાં ને મનમાં જ આ બદનામીની ફરિયાદ કરવાનું વિચાર્યું. કોઇ બદમાસની પાસે કોર્ટમાં એની ખબર લેવડાવવાનુંય નક્કી કર્યું.

મને બદસૂરતી બનાવ્યા પછી સાહેબે મારા હાથ છોડી નાખ્યાં. એ તાળીઓ વગાળતા વગાડતા મારી પાછળ દોડ્યા. નવ વાગવા આવ્યા હતા. અસીલો, વકીલો અને અન્ય કર્મચારીઓ આવી ગયા હતા. સેંકડો લોકો એકઠા થઇ ગયા હતા. મને શુંય સૂઝયું કે હું ત્યાંથી નાઠો. એ મારી સાથે ખેલાયેલા પ્રહસનનું કરુણ દ્રશ્ય હતું. હું આગળ દોડ્યે જતો હતો. મારી પાછળ સૌ તાળીઓ વગાડતા દોડી આવતા હતા. જાણે કોઇ વાંદરો ના નસાડતા હોય!

લગભગ એક માઇલ દોડ્યો હોઇશ હું. એ લોકો મને ગધેડા પર બેસાડી ફેરવવા માગતા હતા. બધા પાછળ રહી ગયા ત્યારે હું હાંફતો હાંફતો એક નાળા પાસે બેસી ગયો. મને થયું કે હવે અહીં કોઇ જો આવશે તો



એમને માર્યા વગર નહીં છોડું. મેં મોં ધોવાનું યોગ્ય માન્યું નહીં. પાણીથી હવે આ કાળાશ ક્યાં ધોવાવાની હતી? મેં વિચાર્યું કે એ નાલાયક અંગ્રેજ ઉપર શી રીતે અભિયોગ ચલાવું? એ વાતતો છાવરવી જ પડશે કે મેં એના રસોઇયા પાસેથી શરાબ લીધો હતો. કદાચ એ વાત સાબિત થઇ જાય તો ઉલટો હું જ ફસાઇ જાઉં. પછી એ વાત છુપાવવામાં વાંધો શો? દુશ્મનાવટનું કારણ ગમે તે બાતાવીશ પણ હું એના પર કામ તો જરૂર ચલાવીશ.

ક્યાં જાઉં? કોને બતાવું આ કાળું મોં? સદ્ભાગ્ય એટલું કે રસ્તામાં કોઇ મળ્યું નહીં, નહીં તો એમને શો જવાબ આપત! હવે ક્યાં સુધી બેસી રહેવું અહીં? પ્રયત્ન કરી મોંઢા ઉપરથી શાહી દૂર કરવાનો પ્રયત્ન કર્યો. મોં રેતી ઉપર ઘસ્યું. જોયું કે રંગ ઓછો થતો જતો હતો. મને ખૂબ આનંદ થયો. મારી હિંમત વધી. મેં રેતીમાં ચહેરો એવો ઘસ્યો કે લોહીના ટશિયા ફૂટી નિકળ્યા. પણ કાળાશ દૂર કરવા મને એ વેદના સહન કરવામાં કશું અયોગ્ય ના લાગ્યું. કુરતો અને ધોતી પહેરીને ઉઘાડે પગે હું નાઠો હતો. મારાં ગાઉન, અચકન અને પાઘડી ડાક બંગલે રહી ગયાં હતાં. એની મને ચિંતા નથી.

કાળાશ દૂર કરી શકાય છે પણ હૈયામાં પડેલો ડાઘ ક્યારેય દૂર કરી શકાતો નથી. એ ઘટનાની આડે તો કેટલાય વહાણાં વાઇ ગયાં. પૂરાં પાંચ વર્ષ થયાં. પણ મેં આજ સુધી શરાબનું નામ પણ લીધું નથી. કદાચ મને સનમાર્ગે વાળવાનો એ ઈશ્વરી સંકેત તો નહીં હોય ને? કદાચ કોઇ તર્ક કે કોઇ યુક્તિનો મારા પર આટલો પ્રભાવના પડ્યો હોત! લાગે છે કે જે કઇ થયું તે સારું જ થયું.

સંકટ તો આવ્યું ને ચાલ્યું ગયું. મારી બદનામીની ખબર બધેય ફેલાઇ ગઇ હતી. છતાં મેં હિંમતથી કામ લેવાનો નિર્ણય કર્યો. મારી બેવફાઇ ઉપર હું હસતો હતો અને મારી દુર્દશાને લોકો આગળ કહ્યા કરતો હતો. હા મેં વાતને થોડીક્ત વધારી હતી તે ખરું. હકીકતમાં તો મારી ઉપર શું વીત્યું હતું તે હું જ જાણું છું.

સૌથી મોટી બીક જો કોઇ હોય તો એ હતી કે આ વાત મારી પત્ની સુધી ના પહોંચે, નહીં તો એને બિચારીને દુઃખ થશે. મને ખબર નથી કે એણે આ વાત સાંભળી હશે કે નહીં. પણ એણે ક્યારેય મારી સાથે એવી કોઇ ચર્ચા કરી નથી.

# સૌભાગ્યના કોરડા

બાળક સ્વભાવે જ ચંચળ હોય છે. સુખ કે દુઃખની સ્થિતિમાંય એ વિનોદપ્રિય હોય છે. નથુવાનાં મા બાપ મરી ગયા પછી એ અનાથ છોકરો ભોલેનાથ ને ઘેર જ મોટે ભાગે પડ્યો રહેતો હતો. રાય સાહેબ ભોલેનાથ દયાળુ માણસ હતા. ક્યારેક તેઓ પેલા છોકરાનો વાપરવા અધેલોય આપતા. એમના ઘરમાં એઠું જૂઠું ખાવનું તો એટલું બધું વધતું હતું કે આવાં તો કઇક અનાથ બાળકોનું પોષણ થઇ શકે! નથુવાને પહેરવા ઉતરેલાં લૂંગડાં મળી રહેતાં. એટલે નથુવા અનાથ હોવા છતાં દુઃખી ન હતો. રાયસાહેબે એને એક ખ્રિસ્તીના પંજામાંથી છોડાવ્યો હતો. એ બાળક ખ્રિસ્તી બને એ એમને મંજૂર ન હતું. પણ એ હિન્દુ રહી શકે તોય ઘણું હતું. એમના ઘરનું એઠું ખાવાનું મિશન ના ભોજનથી અનેક ઘણું પવિત્ર હતું એમની નજરે!

બંગલાની સફાઇ કરવા સિવાય નથુવાને અહીં ખાસ કોઇ કામ કરવાનું રહેતું નહીં. ખાવું પીવું અને રમતું ફરવું. કર્મ પ્રમાણે એની જાતિ પણ નક્કી થઇ ગઇ. ઘરના બીજા નોકરો એને ભંગી કહેતા. નથુવાને એથી કશું માઠું પણ લાગતું ન હતું. ભંગી થવામાં એને કશું નુકસાન પણ ન હતું. ઝાડું મારતાં કોઇ કોઇ વાર એને કોઇના પડી ગયેલા પૈસા કે બીજી કોઇ કિંમતી વસ્તુ મળી આવતી. એ ત્યારે સિગરેટ ખરીદતો અને પીતો. નોકરો સાથેના સહવાસથી નાનપણથી જ એને તમાકુ અને સિગારેટની આદત પડી ગઇ હતી.

રાયસાહેબના ઘરમાં નાનાં છોકરાની ખોટ ન હતી. કેટલાંય ભાણા ભાણી અને ભત્રીજા ભત્રીજી ધામા નાખીને પડ્યાં રહેતાં એમને ત્યાં પણ એમની પોતાની તો એક દિકરી જ હતી. નામ હતું રત્ના. રત્નાને





ભણાવવા શિક્ષકો ઘેર આવતા. એક ગોરી મેમ અંગ્રેજી ભણાવવા આવતી. રત્ના ગુણવાન અને શીલવાન બને એવી રાયસાહેબની અભિલાષા હતી એ જે ઘરમાં જાય એ ધરતી લક્ષ્મી બની ને ઘરને અજવાળે એવું એ ઇચ્છાતા હતા. એ રત્નાને બીજાં બાળકો સાથે હળવા મળવા દેતા નહીં. એને માટે વિશાળ બંગલામાં બે રૂમ અલગ ફાળવી દેવામાં આવ્યા હતા, એક વાંચવા અને બીજો સૂવા બેસવા. લોકોનું કહેવું છે કે વધારે પડતાં લાડ પ્યારથી છોકરાં વંઠી જાય છે. પણ રત્ના અતિશય લાડપ્યાર છતાં સુશીલ અને સંસ્કારી રહી શકી હતી. નોકરો અને ભિખારીઓ સાથેય એ સૌજન્યથી વર્તતી નથુવાને એ કોઇ કોઇ વાર વાપરવાના પૈસા આપતી તો ક્યારેક ખાવા મિઠાઇ પણ આપતી. એ એની સાથે, સમય મળતાં વાતો પણ કરતી હતી. એથી નથુવા એની સાથે હળીમળી ગયો હતો.

એક દિવસની વાત છે. નથુવા રત્નાના સૂવાના ઓરડાની સફાઇ કરતો હતો. રત્ના બીજા ઓરડામાં મેમ સાહેબા સાથે અંગ્રેજી વાંચી રહી હતી. નથુવાને કુમતિ સુઝી. ઝાડું મારતાં મારતાં એને રત્નાના પલંગમાં સૂઇ જવાની ઇચ્છા થઇ ગઇ. ઊજળી ચાદર, નરમ ગાદલું, રેશમી ચાદર નથુવાનો જીવ ઝાલ્યો ના રહ્યો. વિચારવા લાગ્યો – ‘‘રત્ના, કેટલા આરામથી સૂતી હશે આ પલંગ પર! એટલે જ એનું શરીર આવું ગોરું ગોરું હશે! જાણે એના શરીરમાં પણ રૂ ભરેલું છે!’’ અહીં કોણ જોનારું છે? એમ વિચારીને એ તો પલંગ પર ચઢી, ચાદર ઓઢીને સૂઇ ગયો. ગર્વ અને આનંદથી એ ખુશખુશાલ થઇ ગયો. આનંદના અતિરેકથી એ પલંગમાં ઊછળવા લાગ્યો. – ‘‘અહા, કેટલું સુખ! કેવી મઝા! ભગવાને મને રાયસાહેબને ઘેર જન્મ કેમ ના આપ્યો? સુખનો અનુભવ થતાં જ એને એની વાસ્તવિક સ્થિતિનું ભાન થયું અને એનું ચિત્ત વિહ્વળ બની ગયું. એકાએક કોઇ કામ માટે રાયસાહેબ કોઇક કામસર રત્નાના ઓરડામાં આવ્યા અને નથુવાને પલંગમાં સૂતેલો જોઇ એ આભા બની ગયા. એમના શરીરમાંથી જાણે આગની જ્વાળાઓ નીકળી રહી હતી. ગર્જ્યા – ‘‘ગધેડા! ઊઠ ઊઠ અહીંથી, આ શું કરી રહ્યો છે તું?’’

નથુવાના હાંજા ગગડી ગયા. આંધીમાં થરથરતા કુમળા છોડની જેમ થરથરવા લાગ્યો એ. પલંગમાંથી એ ઊભો થઇ ગયો અને ઝાડું લઇ ઓરડો વાળવા લાગ્યો.

રાયસાહેબે પૂછ્યું – ‘‘શું કરતો હતો અલ્યા?’’

‘‘કશું નહીં સરકાર!’’

‘‘અલ્યા, ગધેડા! રત્નાના પલંગમાં સૂઈ જવાની તારી હિંમત શી રીતે ચાલી? સાલા, નમકહરામ! લાવ મારું હંટર!’’

હંટર મંગાવીને સાયસાહેબે એને ફટકાર્યો. બિચારાનો બરડો સૂજી ગયો. મારની પીડા એનાથી જીરવાઈ નહીં. એ હાથ જોડી કાલાવાલા કરવા લાગ્યો. રાયસાહેબના પગમાં આળોટવા લાગ્યો. નથુવાની ચીસો સાંભળીને ઘરના બધા નોકરો ભેગા થઈ ગયા. રાયસાહેબનો ક્રોધ શાંત થતો ન હતો. બીજા નોકરોને એકઠા થયેલા જોઈને તો જાણે બળતામાં ઘી હોમાયું. રાય સાહેબ નથુવાને લાતો મારવા લાગ્યા. રત્નાએ શોરબકોર સાંભળ્યો. એ દોડીને ઓરડાની બહાર આવીને રાયસાહેબની પાસે જઈ એણે કહ્યું – ‘‘પિતાજી! પિતાજી ! બસ, બહુ થયું. મરી ગયો બિચારો.’’

‘‘મરી જશે તો ફેંકી દઈશ એની લાશને બંગલાની બહાર, બિચારાં ગીધડાં કૂતરાંને તો દિવાળી થશેને!’’

‘‘બાપુજી! પણ એ મારા પલંગમાં સૂઈ ગયો હતો ને? એમાં શું થઈ ગયું? હું એને માફ કરી દઉં છું.’’

‘‘રત્ના...આ! જા, જઈને તારા પલંગની દશા જોઈ આવ. નાલાયકના ગંદા ગોબરા શરીરથી આખું ગાદલું મેલું થઈ ગયું છે. સાલાને, આ શું સૂઝયું? બોલ અલ્યા. તને આવો વિચાર આવ્યો ક્યાંથી?’’ અને પાછા એ નથુવા ઉપર તૂટી પડ્યા. નથુવા બીકનો માર્યો રત્નાની પીઠ પાછળ સંતાઈ ગયો. એ સિવાય એને માટે બીજું કોઈ જ શરણું ન હતું. રત્ના રડતી રડતી બોલી – ‘‘ પિતાજી! મારા કહેવાથી તો બિચારાને માફી આપો!’’

રાયસાહેબે આંખોમાંથી અંગારા વરસાવતાં કહ્યું – ‘‘આ તું શું બોલે છે? રત્ના! આવા ગુનેગારને તો સજા જ કરવી જ પડે, ભલે તું કહેતા હોઉં તો છોડી દઉં છું એને. નહીં તો આજે એને જાનથી મારી નાખત. નથુવા; જો તારે જીવતા રહેવું હોય તો, નાલાયક! અબઘડી આ ઘરમાંથી નીકળી





જા.’’

નથુવા તો જાય નાઠો. પાછો ફરીને જો તો પણ ન હતો. છેક સડકે પહોંચીને એ ઊભો રહ્યો. હવે રાયસાહેબ એને કશું કરી શકે એમ ન હતા. હવે અહીં કોઈ એમની હામાં હા તો નહીં ભણેને! કોઈક તો કહેશેને કે બિચારો છોકરો છે. થઈ જાય ભૂલ. હવે અહીં મને મારે તો ખરા. દોઢમણની ગાળ ભાંળીને જ ચાલ્યો જાઉં. પછી કોની તાકાત છે કે પકડી શકે મને! એની હિંમત વધી, રાયસાહેબના બંગલા ભણી મોંઢું રાખી બૂમ પાડી – ‘‘અહીં આવો તો દેખાડી દઉં.’’ અને પછી મૂઠીઓ વાળીને નાઠો. એને થયું કે કદાચ રાયસાહેબ સાંભળી ગયા હશે તો!

નથુવા થોડેક આઘે ગયો હશે ત્યાં રત્નાની મેમ સાહેબા બે પૈડાં વાળી ખુલ્લી ગાડીમાં બેસી આવતી દેખાઈ. એને થયું, કદાચ પકડવા તો નહીં આવતી હોય! એ નાઠો પણ થાકી ગયો એટલે પાછો ઊભો રહ્યો. થોજી વારમાં મેમસાહેબની સવારી આવી પહોંચી. ગાડી થોભાવીને એણે પૂછ્યું – ‘‘ નાથું! ક્યાં જઈ રહ્યો છે?’’

‘‘કંઈ એ નહીં.’’

‘‘રાયસાહેબને ઘેર ફરી જઈશ નહીં. નહીં તો તને મારશે. ચાલ, મારી સાથે આવવું છે? મિશનમાં રહેજે નિરાંતે. તું સારો માણસ થઈ શકીશ.’’

‘‘પણ મેમ સાહેબ! તમે ખ્રિસ્તી તો નહીં બનાવોને?’’

‘‘ખ્રિસ્તી કંઈ ભંગી કરતાં ખરાબ છે, પાગલ!’’

‘‘ના, ભઈ, ના! મારે ખ્રિસ્તી તો નથી થવું.’’

‘‘તારી ઈચ્છા ના હોય તો ખ્રિસ્તી ના થઈશ. કોઈ જબરજસ્તીથી તમે ખ્રિસ્તી નહીં બનાવે.’’

નથુવા થોડીકવાર તો મેમની ગાડી સાથે ચાલ્યો. એના મનમાં શંકા થતી હતી. એ ઊભો રહી ગયો. એને ઊભેલો જોઈને મેમ સાહેબાએ પૂછ્યું – ‘‘આવવું નથી મિશનમાં?’’

"મેં સાંભળ્યું છે કે જે મિશનમાં જાય છે એ વહેલો મોડો ખ્રિસ્તી થઈ જાય છે. મારે નથી આવવું. તમે ખાતરી આપો છો?"

"અરે, ગાંડા! તને ત્યાં ભણાવવામાં આવશે. કોઈની ગુલામી કરવી નહીં પડે સાંજે વળી હરવા ફરવાની કે રમવાની રજા મળી એ વધારામાં, કોટપાટલુન પહેરવાનાં મળશે. ચાલ, બેચાર દિવસ રહીને અનુભવ તો કરી જો."

મેમ સાહેબાની લોભામણી વાતોની નથુવા પર કોઈ અસર થઈ નહીં. એ તો ત્યાંથી નાસી છૂટ્યો. ગાડી ખૂબ દૂર નીકળી ગયા પછી તે ઊભો રહ્યો. નિરાંતે વિચારવા લાગ્યો – "ક્યાં જાઉં? કોઈ પોલીસવાળો પકડીને થાણે લઈ જશે તો? એણે વિચાર્યું – "મારી જ્ઞાતિના માણસો ત્યાં રહે છે. શું તેઓ મને નહીં સંઘરે? મારે કઈ બેઠાં બેઠાં ખાવું નથી. મહેનત કરીશ અને પેટ ભરીશ! બસ, મને કોઈકની ઓથ મળવી જોઈએ! આજે મને કોઈનો સથવારો મળી ગયો હોત તો રાયસાહેબની મજાલ હતી કે મને આંગળી અડાડે! અમારી આખી વસ્તી ભેગી થઈ જાત. ઘરની સાફ સૂફી બંધ થઈ જાત. અરે! બંગલાના આંગણામાંય કોઈ ઝાડુ મારવાની હિંમત કરત નહીં. આખી રાયસાહેબની હવા નીકળી જાત. એ ભંગાઓની વસ્તીમાં જઈ પહોંચ્યો. દિવસ નમવા આવ્યો હતો. કેટલાક ભંગીઓ મહોલ્લાના ચોકમાં એક ઝાડ હેઠળ બેઠા બેઠા તબલાં અને શહનાઈ વગાડતા હતા. એ દરરોજ આમ મહાવરો કરતા. એ એમની આજીવિકા હતા નથુવા જઈને ત્યાં ઊભો રહી ગયો. એને ધ્યાનથી ત્યાં સાંભળતો જોઈ પૂછ્યું – " અલ્યા, તને આવડે છે ગાતાં?"

"ગાતો તો નથી,પણ શીખવાડો તો ગાઉં."

'રૈ'વાદ્યે, રૈ'વાદ્યે, હવે તારું ડા'પણ! બધાં બા'નાં મેલી ને ગાવા માડ્ય જે આવડે ઈ. ગાઊં તો ખબર પડે ને કે તારું ગળું કેવુંક છે! ગળું સારું હોય તો ગાતાં શીખવાડાય ને?"

સામાન્ય છોકરાઓની જેમ નથુવાય કોઈ કોઈ વાર કશુંક ને કશુંક ગાઈ લેતો. એણે તો ગાવાનું શરૂ કર્યું. ઉસ્તાદ તો સાંભળીને ઝૂમી ઊઠ્યો.



જાણકાર હતો એ. સમજી ગયો કે છોકરો કાચનો કટકો નથી. તેણે પૂછ્યું – "ક્યાં રહે છે, લ્યા."

નથુવાએ એની વીતકકથા સંભળાવી. એને આશરો મળી ગયો.

ત્રણ વર્ષ વીતી ગયાં. નથુવાનાં ગીતોની આખા શહેરમાં પ્રસંશા થવા લાગી. એના ગળા પાછળ લોકો પાગલ થઈ ગયા હતા. ગાવું, શહનાઈ વગાડવી, પખવાજ, સારંગી, સિતાર અને તંબૂરો વગાડવાં. જેવી તમામ કાળાઓ એને સુપેરે હસ્તગત થઈ ગઈ હતી. ભલભલા ઉસ્તાદોય એની આગળ પાણી ભરતા. જાણે એના પૂર્વજન્મના સંસ્કારો સાકાર થયા હતા.

સંજોગવશાત્ એ દિવસોમાં ગ્વાલિયરમાં એક સંગીત સંમેલન થયું. દેશદેશાવરથી સંગીતના આચાર્યોને નિમંત્રણો અપાયાં. ઉસ્તાદ ઘૂરે ને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. નથુવા ઘૂરેનો ચેલો હતો. ઉસ્તાદ ગ્વાલિયર ગયા તો નથુવાને પણ સાથે લેતા ગયા. એક અઠવાડિયા સુધી ગ્વાલિયરમાં ધૂમધામ મચી ગઈ. નથુરામને ત્યાં ઘણી નામના મળી. ગ્વાલિયરના સંગીત વિદ્યાલયના અધ્યક્ષને નથુવાને વિદ્યાલયમાં દાખલ કરવા આગ્રહ કર્યો. ઘૂરે ને એમની વાત માનવી પડી. નાથુરામ પણ રાજીરાજી થઈ ગયો.

પાંચ વર્ષની સખત સાધના પછી નાથુરામે વિદ્યાલયની સર્વોચ્ચ પદવી પ્રાપ્ત કરી લીધી. સાથે સાથે ભાષા, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોમાં પણ એની બુદ્ધિ ખીલી ઊઠી. એ સમાજમાં ખૂબ નામ કમાયો. હવે કોઈ એની જાતિ પૂછતું નહીં. એની રહેણી કરણી પણ સભ્ય અને શિક્ષિત માણસ જેવી થઈ ગઈ. એણે માંસ મદિરાનો ત્યાગ કર્યો. નિયમિત સંધ્યા પૂજા પણ કરવા લાગ્યો. એ જોતજોતામાં ના.રા. આચાર્ય તરીકે પ્રસિદ્ધ થઈ ગયો. લોકો એને આચાર્યના લાડકા નામે ઓળખવા લાગ્યા. રાજા દરબાર તરફથી પણ એને સારી કમાણી થવા લાગી. અઢાર વર્ષની નાની ઉંમરમાં આટલી ખ્યાતિ મેળવવી એ વિરલ જ ગણાયને!

મહાશય આચાર્યએ વધુ ખ્યાતિ મેળવવા યુરોપ પ્રસ્થાન કર્યું. જર્મનીના સંગીત વિદ્યાલયમાં એ દાખલ થઈ ગયો. પશ્ચિમના સંગીતનો અભ્યાસ કરી આચાર્યની પદવી સાથે એ પાંચ વર્ષ બાદ પાછો ગ્વાલિયર

આવ્યો. આવતાંવેંત મદન કંપનીએ એને માલિક રૂપિયા ત્રણ હજારના પગારે પોતાની તમામ શાખાઓના નિરીક્ષક તરીકે નીમી દીધો.યુરોપમાં પણ ઘણી ઓપેરાઓમાંથી અને નાટ્યશાળાઓમાંથી એને સારી કમાણી થઇ હતી. લખનૌ પ્રત્યે એને વિશેષ લગાવ હોવાથી એણે ત્યાં જ વસવાનું પસંદ કર્યું.

આચાર્ય મહાશય લખનૌ પહોંચ્યા તો તેમનું હૈયું ગદ્‌ગદ્‌ થઇ ગયું. અહીંમ જ એમણે બાળપણ વીતાવ્યું હતું. આ જ શહેરની ગલીઓમાં એ અનાથ થઇ પતંગો લૂંટતા ફરતા હતા. અહીંનાં બજારોમાં એ ભીખ માગતા ફરતા હતા. અહીં જ એમણે હંટરોનો માર ખાધો હતો. ચાબૂકનો નિશાનીઓ એને સૌભાગ્યની રેખાઓ જેટલી પ્રિય લાગતી હતી. વાસ્તવમાં એ કોરડાઓનો માર એમને માટે વરદાનરૂપ સાબિત થયો હતો. હવે એમના મનમાં રાયસાહેબ પ્રત્યે જરા પણ ધૃણા કે વેરભાવના ન હતી. રાયસાહેબની ભલાઇ એને યાદ આવી ગઇ. રત્નાની દયા અને વાત્સલ્યથી સભર યાદ એની આંખોમાં આનંદનાં આંસુ છલકાવવા લાગી. ગાડીમાંથી ઉતરતાં જ હૈયું જોરજોરથી ધબકવા લાગ્યું. દસ વર્ષની ઉંમરનો બાળક આજે ત્રેવીસ વર્ષનો નવ યુવાન થઇ ગયો હતો. પાછો શિક્ષિત અને સભ્ય.

સ્ટેશનમાંથી બહાર આવ્યો ત્યારે તેણે જોયું કે શહેરની અનેક નાની મોટી હસ્તીઓ એનું સ્વાગત કરવા ટોળે વળી હતી. એમાં એક યુવતી પણ હતી. બરાબર રત્નાની હમશકલ. લોકોએ હાથ મિલાવી એમનું અભિવાદન કર્યું અને રત્નાએ એમના ગળામાં ફૂલમાળા પહેરાવી. પરદેશમાં ભારતનું નામ રોશન કરવાની એ ભેટ હતી. રત્નાએ આજે સૌંદર્ય, લજ્જા, ગર્વ અને વિનયની દેવીનું રૂપ ધારણ કરી લીધું હતું. રત્નાની સામે જોવાની એમની હિંમત ચાલી નહીં.

એ ઉતારા પર આવ્યા. જ્યાં એમને ઉતારો આપવામાં આવ્યો હતો એ બંગલો જોઇને એ ચક્તિ થઇ ગયા. આ એ જ બંગલો હતો જ્યાં એ રત્નાની સાથે રમતા હતા. એ જ રાચરચીલું, એ જદ સાજ સજાવટ. કોઇ દેવદેવીના મંદિરમાં જતાં ભક્તના મનમાં જેવો ભાવ જાગૃત થાય તેવો ભાવ આ બંગલામાં આવતાં આચાર્યજીના મનમાં જાગૃત થયો. રત્નાના શયનકક્ષમાં જતાં હૈયામાં એવી વેદના થઇ આવી કે એ આંસુઓ ખાળી



શક્યા નહીં. એ જ પલંગ, એ જ નરમ ગાદલું, એ જ રજાઇ. અને એ જ ઓશિકું! એમણે અધીરાઈથી પ્રશ્ન કર્યો. – ‘‘કોનો છે આ બંગલો?’’

મદન કંપનીનો મેનેજર આચાર્યની સાથે જ હતો. તેણે જવાબ આપ્યો – ‘‘છે એક રાયસાહેબ ભોલેનાથ. એમનો આ બંગલો છે.’’

‘‘રાયસાહેબ ક્યાં ગયા છે?’’ આચાર્યએ આતુરતાથી પૂછ્યું.

‘‘એ તો જાણે ઉપરવાળો. આ બંગલો દેવાની પંચાતમાં હરાજ થતો હતો. મને થયું કે આપણા થિયેટરની પાસે છે એટલે મેં ખરીદી લીધો. કંપનીના નામે રૂપિયા ચાલીસ હજારમાં અંદરના તમામ રાચરચીલા સાથે બંગલો ખરીદી લીધો છે.’’

‘‘તો તો મફતમાં મળ્યો કહેવાય. પણ હાં, તમને રાયસાહેબની કોઇ ખબર નથી?’’

‘‘સાંભળ્યું હતું કે યાત્રાએ ગયા હતા. પાછા આવ્યા કે નહીં એ તો રામ જાણે!’’

આચાર્ય મહાશય સાંજના બેઠા હતા ત્યારે એક માણસને પૂછ્યું – ‘‘ઉસ્તાદ ઘૂરેના સમાચાર જાણો છો? એમનું નામ તો બહુ સાંભળ્યું છે.’’

કરુણાર્દ્ર ભાવથી તેણે જવાબ આપ્યો – ‘‘જવા દો એમની વાત! શરાબ પીને આવતાં રસ્તામાં જ બેભાન થઇ પડી ગયા. પડતાંવેંત જ હરાયા આખલાની જેમ વેગથી દોડી આવતો એક ખટારો ફરી વળ્યો એમની ઉપર. સવારે લાશ હાથમાં આવી. ખુદાવંત, એમની કળામાં તો એ અજોડ હતા. એમના જવાથી આખું લખનૌ જાણે ઉજ્જડ થઇ ગયું છે. લખનૌ જેના પર ગૌરવ કરી શકે એવું હવે કોઇ નથી. નથુવા નામનો હતો કોઇ એમનો એક શિષ્ય. સાંભળ્યું છે કે એ એમનાથી સવાયો છે કળામાં. પણ કાશ, એ તો અત્યારે લખનૌમાં નથી. વિદ્યાભણી ગણીને એ ચાલ્યો ગયો છે. ગ્વાલિયરમાં એક એને માટે આશા હતી. પણ આજે તો એનોય પત્તો નથી.’’

સાંભળીને આચાર્યના પ્રાણ નીકળી જવા લાગ્યા જાણે! વાત ખુલ્લી થઇ જવાની અણી ઉપર હતી. પણ તોય ભેદ ખુલતો ખુલતો રહી ગયો.

નવી આણાત વહુ સાસરીમાં રહે તેમ આચાર્ય આ બંગલામાં રહેતા હતા. એમના હૃદયમાં પહેલા જૂના સંસ્કારોની છાપ ભૂંસાતી નથી. આ ઘર સાથેની જૂની આત્મીયતાની યથાર્થતાથી એ અલિપ્ત થતા જતા હતા. મિત્ર ગણ આવીને શોરબકોર કરતો તો એમનું મન શંકાશીલ થઈ જતું હતું. લખવા વાંચવાના ઓરડામાં એ સૂઈ જતા તો આખી રાત પાસાં ઘસવાં પડતાં. રત્નાના શયનકક્ષને તો એમણે ક્યારેય ઉઘાડ્યો ન હતો ફરીવાર. એ જેમનો તેમ બંધ હતો. એ બંધ ઓરડાને દરવાજે જતાંય એમના પગ ધ્રુજવા લાગતા હતા.

લખનૌમાં અનેકવાર તેમણે વિશ્વવિદ્યાલયમાં તેમની કલાનિપુણતાનો પરિચય કરાવ્યો હતો. લાખ્ખો રૂપિયાને ઠોકરે મારી ને પણ એ અમીર ઉમરાવોને ઘેર જલસો કરવા જતા નહીં. એ એમના જીવનનું વ્રત હતું. એમનું અલૌકિક સંગીત સાંભળીને લોકો પણ અલૌકિક આનંદ માણતા હતા.

એક દિવસ વહેલી સવારે પૂજાપાઠથી પરવારી આચાર્યજી બેઠા હતા ત્યાં જ રાયસાહેબ ભોલાનાથ એમને મળવા આવ્યા. આચાર્ય તો ગભરાઈ ગયા. યુરોપમાં વિશાળ થિયેટરોમાંય એ ક્યારેય આટલા ગભરાયા ન હતા. તેમણે જમીન સુધી વળી ને રાયસાહેબ સલામ કરી. ભોલાનાથ એમની વિનમ્રતાથી પ્રભાવિત થઈ ગયા. હવે એવા દિવસો આવ્યા હતા કે લોકો રાયસાહેબને સલામ કરવાને બદલે એમની મજાક ઊડાડતા હતા. ખુદ રત્ના પણ લજ્જિત થઈ જતી હતી.

રાયસાહેબે વેધક દ્રષ્ટિથી પૂછ્યું – ‘‘આ જગા તો પસંદ છે ને આપને?’’

‘‘હા,હા. આથી બીજી ઉત્તમ જગાની કલ્પના કરવી પણ અયોગ્ય છે.’’

‘‘આ મારો બંગલો છે. મેં જ એને બનાવડાવ્યો હતો અને મેં જ એને બગાડી મૂક્યો.’’

સંકોચાતાં રત્નાએ કહ્યું – ‘‘પિતાજી, હવે એવી નકામી વાતો ઉખેડવાથી શો લાભ?’’





‘‘બેટી, ફાયદો તો કશો નથી. તો પછી નુકસાન પણ શું છે? સારા માણસો સમક્ષ હૈયાની વેદના ઠાલવવાથી હૈયું હળવું થાય છે. મહાશય! હું હતો આ બંગલાનો ખરો માલિક. આખા ઈલાકામાંથી વાર્ષિક પચાસ હજારની આવક મળતી હતી. પણ કેટલાક માણસોની સોબતથી સટ્ટો રમવાની આદતનો ગુલામ બન્યો. બે ચાર વાર બાજી જીતી ગયો. મારી હિંમત વધી. વિશ્વાસ દ્રઢ બન્યો. પછી તો લાખ્ખોની હોડ બકાવા લાગી. અને એક દિવસ માથે સાડાસાતીની પનોતી બેસી ગઈ. મારી તમામ મિલકત હું ગુમાવી બેઠો. વિચાર તો કરો; પચીસ લાખનો સોદો ઓછો હતો. આજે તો મારા ભૂતકાળને વાગોળતો વાગોળતો આ બંગલાને જાઉં છું ને કાળજું બાળું છું. મારી દિકરી રત્નાને આપના સંગીત પ્રત્યે અનહદ પ્રેમ છે. જ્યારે જોઉં ત્યારે આપની જ વાત હોય છે એના હોઠો પર. મેં એને બી.એ. સુધી ભણાવી છે.....’’

રત્નાનો ચહેરો શરમથી લાલ કંકુ જેવો બની ગયો. તેણે કહ્યું – ‘‘પિતાજી! આચાર્યજી મારી મનોદશા બરાબર જાણે છે. એમને મારો પરિચય આપવાની જરૂર નથી. મહાશય, પિતાજીનું મન ત્યારથી જરા વિક્ષુબ્ધ થઈ ગયું છે. ક્ષમા કરશો. એ તો એવી અરજ ગુજારવા આવ્યા છે કે આપને કોઈ વાંધો ના હોય તો કોઈ કોઈ વાર આ બંગલાની મુલાકાતે તેઓ આવતા રહે. એમના આત્માને સંતોષ થશે આપના આવવાથી વળી આ બંગલાનો માલિક એમનો મિત્ર છે એવો પણ એમને સંતોષ થશે.’’

‘‘તે મને શો વાંધો છે? તમારું ઘર છે. જ્યારે તમારી ઈચ્છા થાય ત્યારે આવજો. એને જોવા. અરે, હું તો કહું છું કે તમારે રહેવું હોય તો રહી પણ શકો છો. આ બંગલામાં. હું તો વળી બીજો મુકામ શોધી લઈશ.’’

રાયસાહેબ આભાર માની ચાલતા થયા. એ બીજે ત્રીજે દિવસે અહીં આવતા અને કલાકો સુધી બેસી રહેતા. રત્ના પણ એમની સાથે આવતી. કેટલાક દિવસ આમ ચાલ્યું. પણ પછી તો તેઓ દરરોજ અહીં આવવા લાગ્યા.

એક દિવસ રાયસાહેબે આચાર્ય મહાશયને એકાંતમાં બોલાવી કહ્યું – ‘‘આપ આપના પરિવારને અહીં કેમ તેડાવતા નથી? આપને એકલાને તો મુશ્કેલી પડતી હશે?’’

આચાર્યએ ઉત્તર આપ્યો – ‘‘મારાં લગ્ન પણ હજુ થયાં નથી અને કોઇ દિવસ થવાનાં પણ નથી.’’

‘‘અરે, એમ કેમ? લગ્નથી આપને નફરત છે શું?’’

‘‘કોઇ ખાસ કારણ નથી. પણ લગ્ન કરવાની મારી ઇચ્છા નથી.’’

‘‘આપ બ્રાહ્મણ છો?’’ રાયસાહેબે સીધો પ્રશ્ન કર્યો.

આચાર્યના મોં ઉપરનું તેજ ઊડી ગયું. તેમણે સસંકોચ કહ્યું – ‘‘યુરોપની યાત્રાએ જઇ આવ્યા બાદ હું વર્ણભેદમાં માનતો નથી. મારો જન્મ ગમે તે જ્ઞાતિમાં થયો હોય, પણ હું કર્મે તો શુદ્ર છું.’’

ભોલાનાથે કહ્યું – ‘‘ધન્ય છે તમારી વિનમ્રતાને! આપના દેવા સજ્જનો બહુ થોડા હોય છે દુનિયામાં. હું પણ કર્મથી જ વર્ણમાં માનું છું. નમ્રતા, વિવેક, સત્ચરિત્ર, આચાર, ધર્મનિષ્ઠા, વિદ્યાપ્રેમ વગેરે બ્રાહ્મણોના ગુણો છે અને હું તો આપને, આપનામાં એ તમામ ગુણો હોવાથી બ્રાહ્મણ જ સમજું છું. જેનામાં આ ગુણો નથી એ બ્રાહ્મણ નથી. રત્નાને આપની ઉપર ઘણો જ પ્રેમ છે. આજ સુધી કોઇ પુરુષ એની આંખોમાં સમાયો નથી. એના હૈયામાં વસ્યો નથી. પણ આપે, આપની કળાએ એને વશ કરી દીધી છે. મારી ધૃષ્ટતા ક્ષમા કરશો. આપનાં મા બાપ....’’

આચાર્યએ નમ્રતાથી ઉત્તર આપ્યો – ‘‘આપ જ મારાં મા બાપ. મને કોણે જન્મ આપ્યો છે તે તો હું ખુદ પણ નથી જાણતો. હું બહુ નાનો હતો ત્યારે જ મા બાપનું મૃત્યું થઇ ગયું હતું.’’

‘‘અરેરે! ભગવાન! આજે એ જીવતાં હોત તો આપને જોઇને એમને કેટલો આનંદ થતો હોત! તમારા જેવા સપૂત બહુ ઓછાંને પ્રાપ્ત થાય છે.’’

એટલામાં રત્ના કાગળ લઇ આવી અને રાયસાહેબના હાથમાં આપતાં બોલી – ‘‘પિતાજી! આચાર્યજી કાવ્યરચના પણ કરી જાણે છે. જુઓ, આ હું એમના ટેબલ પરથી લઇ આવી છું. સરોજિની નાયડુની કવિતા



સિવાય મેં આટલી સારી કવિતા ક્યાંય નથી જોઇ.’’

રત્નાની આંખોમાં ઉભરાતો આનંદ જોઇ રાયસાહેબે કહ્યું – ‘‘બેટી, મને એવી કવિતામાં શી સમજ પડે?’’

રત્ના અને આચાર્ય સદ્ગુણો અને મોહનો સંગમ પરસ્પર પ્રેમમાં આશક્ત. બંન્ને એકબીજાથી વશ થઇ ગયાં. જીતાઇ ગયાં. પ્રેમ ના જીતી શકે એવું હૃદય જોયું છે તમે ક્યાંય?

પણ આચાર્ય માટે આ પ્રેમે સમસ્યા ઊભી કરી. એમનું મન મૂંઝાતું હતું. એ વિચારવા લાગ્યા ‘‘મારી અસલિયત છતી થઇ જશે ત્યારે? રત્નાને કેટલું દુઃખ થશે? એ મારા પર તિરસ્કાર નહીં કરે તેની શી ખાતરી? ભલે મારા તરફની સ્વભાવગત ઉપેક્ષા એ શી રીતે ટાળી શકશે? મારો આ નકાબ ઉતરી ગયા પછી એના હૈયાના ચૂરેચૂરા થઇ જશે. એનાથી મારે કશું જ છુપાવવું નથી. એમ કરવું એ તો કાયરતા છે. કપટ છે દગો છે. સાચો પ્રેમ એ બધાંથી દૂર રહે છે.

એ નિર્ણય કરી શક્યા નહીં. રાયસાહેબની આવજા વધી ગઇ. એમની વાતો પરથી એમનો આશય સ્પષ્ટ થતો હતો. ત્રણ ચાર માસ આમ જ વીતી ગયા. આચાર્યજી નો વિચારતંતુ લંબાયો. – ‘‘આ એ જ રાયસાહેબ છે કે જેમણે મને માત્ર રત્નાના પલંગમાં સૂઇ જવાની નાની અમથી ભૂલ બદલ મારમારીને ઘરની બહાર કાઢી મૂક્યો હતો. એમને જ્યારે અબર પડશે કે હું એ જ અનાથ, અછૂત, નિરાધાર નથુવા છું. ત્યારે એમના કાળજાને કેટલી વ્યથા કોતરી ખાશે! એમને કેટલો આઘાત લાગશે! કેટલો પસ્તાવો થશે એમને!’’

રાયસાહેબ પ્રસ્તાવ મૂક્યો – ‘‘આચાર્યજી, લગ્નની તિથિ તો નક્કી કરી નાખવી જોઇએ.’’

‘‘કેવી તિથિ, રાયસાહેબ?’’

‘‘અરે! રત્નાના લગ્નની જ સ્તો.’’

‘‘લગ્નની!?’’

‘‘હા,હા, હું કુંડળીમાં તો નથી માનતો, પણ લગ્ન તો સારા મુહૂર્તમાં જ થવું જોઇએ ને?’’

આચાર્ય જમીન ખોતરવા લાગ્યા. એમનાથી કશું જ બોલી શકાયું નથી.

રાયસાહેબે કહ્યું – ''હવે હું તો રહ્યો પાંકુપાન. બસ, એક માથે રત્નાની જ ચિંતા છે. રત્નાને આપ જાણ છો. આપની આગળ એનાં વખાણ કરવાં વ્યર્થ છે. એ ગમે તેવી હોય તોયે આપે એનો સ્વીકાર કરવો જ પડશે.''

આચાર્યની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં.

રાયસાહેબે આગળ ચલાવ્યું – ''ઈશ્વરે રત્નાને માટે જ આપને અહીં મોકલ્યા છે. તમારું બંન્નેનું જીવન સુખેથી વીતે એવી મારી ઈશ્વરને પ્રાર્થના છે. મારે માટે એથી વધારે આનંદની વાત બીજી કોઈ નથી.''

''રાયસાહેબ! રાયસાહેબ! આપ તો મારા પિતા સમાન છો. પણ...પણ હું કોઈ રીતે રત્નાને માટે લાયક નથી.'' આટલું બોલતાં આચાર્યનો કંઠ અવરોધાઈ ગયો.

રાયસાહેબે આચાર્યજીને ગળે વળગાડી દીધા ગદ્ગદ્ હૈયે બોલ્યા – ''બેટા, તમે સર્વગુણ સંપન્ન છો. સમાજનું ભૂષણ છો. મારે માટે એ ગૌરવની વાત છે કે તમારા જેવો જમાઈ હું મેળવી રહ્યો છું. હું આજે જ તિથિ વાર નક્કી કરીને જણાવીશ તમને.''

રાયસાહેબ ચાલ્યા ગયા. આચાર્યને કશુંક કહેવું હતું પણ એમની હિંમત ચાલી નહીં. કદાચ એવી તક પણ ના મળી હોય! સંભવ છે કે એટલું દ્રઢ મનોબળ નહીં હોય!

લગ્નને એક મહિનાનો સમય વીતી ગયો હતો. રત્નાના આગમનથી પતિનું ઘર દેદિપ્યમાન થઈ ગયું અને પતિનું હૈયું પવિત્ર થઈ ગયું. જાણે સમુદ્રમાં કમળ ખીલી ઊઠ્યું! રાત્રિનો સમય હતો. આચાર્ય મહાશય જમી પરવારીને પેલા જ પલંગ ઉપર સૂતા હતા. જેણે એમના ભાગ્યનું પરિવર્તન કરી દીધું હતું.

રત્નાને એ રહસ્ય બતાવવાની પેરવીમાં હતા. એ એવું માનવા તૈયાર ન હતા કે એમનું સૌભાગ્ય એમના ગુણોને આભારી હતું. પણ તક મળતી ન હતી. રત્નાની સામે નજર મળતાં જ એ મંત્રમુગ્ધ થઈ જતા.

એટલામાં રત્ના હસતી હસતી આવી. દીવાનું તેજ મંદ પડી ગયું હતું.

આચાર્યએ હસીને કહ્યું – ''હવે દીવો બુઝાવી દઉંને?''





''કેમ? શરમાઓ છો મારાથી?''

''હા, રત્ના. ખરેખર મને શરમ આવે છે.''

''એટલા માટે કે મેં તમને જીતી લીધા છે?''

''ના, એટલા માટે કે મેં તારી સાથે કપટ કર્યું છે , રત્ના.''

''કપટ?! ના,ના. એવું ના બને. તમારામાં તો એવી શક્તિ જ નથી.''

''તને શી ખબર! મેં તને બહુ જ ભારે દગો દીધો છે.''

''હું બધું જ જાણું છું.''

''તું બધું જ જાણે છે? કહે, હું કોણ છું?''

''મને બધી જ ખબર છે ઘણા દિવસોથી હું તમને ઓળખું છું બગીચામાં આપણે રમતાં હતા. હું તમને મારતી હતી અને એંઠી મિઠાઈ ખાવા આપતી હતી. તમે રડતા હતા અને મારા હાથમાંથી મિઠાઈ ઝૂંટવી લેતા હતા. ત્યારથી જ હું ચાહું છું તમને.''

''રત્ના, એ જાણવા છતાં પણ તેં મારી...''

''હા,હા, જાણતી ના હોત તો કદાચ લગ્ન ના કરી શકી હોત તમારી સાથે.''

''આ એ જ પલંગ છે.'' આચાર્યએ કહ્યું.

''અને હું ધોખેબાજ છું.'' રત્નાએ કહ્યું.

''તું તો મારી દેવી છે દેવી.''

''ના, દેવી નહીં. દાસી.''

''રાયસાહેબને ખબર છે આ વાતની?''

''ના, એમને કશી ખબર નથી. એમને ભૂલથીયે વાત ના કરશો, નહીં તો એ આપઘાત કરી બેસશે.''

આચાર્યએ કહ્યું – ''મને એમના કોરડાનો માર હજુ આજેય યાદ છે.

રત્ના બોલી – ''પિતાજીની પાસે પ્રાયશ્ચિત કરવા હવે કશું બચ્યું નથી. શું હજુ પણ તમને સંતોષ થતો નથી.?''

# સાચું સમર્પણ

હોળીનો દિવસ હતો. મિસ્ટર એ.બી.ક્રોસ શિકારે ગયા હતા. ગાડીવાન, પટાવાળો, ભિસ્તી, ધોબી વગેરે તમામ હોળીનો ઉત્સવ મનાવવામાં ખોવાઇ ગયા હતા. સાહેબના ગયા પછી બધાએ ખૂબ ભાંગ પીધી હતી. અત્યારે તેઓ બગીચામાં બેસીને હોળીના ફાગ ગાઇ રહ્યા હતા. તેમ છતાં બધાંની નજર તો બંગલાના દરવાજા ભણી હતી. કદાચ સાહેબ આવી જાય તો? એટલામાં શેખ નૂરઅલી ત્યાં આવીને ઉભો રહ્યો.

ગાડીવાને પૂછ્યું – ‘‘સાહેબ ક્યારે આવશે?’’

‘‘એમની મરજી હશે ત્યારે આવશે. મેં તો રાજીનામું આપી દીધું છે. હું હવે એમની નોકરી કરવાનો નથી.’’

પટાવાળાએ કહ્યું – ‘‘જે કરો તે વિચારીને કરજો. આવી નોકરી ફરી નહીં મળે. પસ્તાશો પાછળથી.’’

નૂરઅલીએ કહ્યું – ‘‘ધિક્કાર છે આવી નોકરીને! હવે મારાથી ગુલામી નહીં થાય! એ આપણને ખાસડાં ફટકારે ને આપણે એમની ગુલામી કરીએ? આજે જ હું તો ઉચાળા ભરું છું. આવો, તમને બધાંને ખુશ કરી દઉં. ચાલો, ગોઠવાઇ જાવ ટેબલ ઉપર. એવી શરાબ પીવડાવું કે કાળજાં ટાઢાં થઇ જાય.’’

‘‘અને સાહેબ આવી જશે તો?’’

‘‘હમણાં એ આવવાના નથી. ચાલો...ચાલો.’’





મોટા ઘરના નોકરો ઘણું ખરું ખરાબ હોય છે. માલિક જ જ્યાં પાણીની જગાએ દારૂ ઢીંચતા હોય તેયાં નોકરોનું તો પૂછવું જ શું? બધા તો રાજીના રેડ થઇ ગયા. ભાંગનો નશો તો ચઢેલો જ હતો. બધા ઢોલ મંજીરા છોડીને સાહેબના બંગલામાં ગયા અને ટેબલ ઉપર ગોઠવાયા. નૂરઅલીએ શરાબની બોટલ ખોલીને જામ ભર્યા. બધાએ જામ ઉપર જામ ગટગટાવ્યાં. બધાંએ એટલો બધો પીધો કે એમનાં માથાં ઠેકાણે ના રહ્યાં. શરાબના નશામાં એ તો ગાવા મંડ્યા. નૂરઅલીએ પેલાં ઢોલ મંજીરા ત્યાં લાવીને મૂક્યાં. બસ, જામી ગઇ મહેફિલ! ગાતાં ગતાં તેઓ નાચવા લાગ્યા. અને પછી? પછી શું? બધા સાહેબના ઓરડામાં કૂદવા લાગ્યા. જોતજોતામાં ધમાચકડી મચી ગઇ. કબીર, ફાગ, ચૌતાલ, ગાળાગાળી, મારામારી એક પછી એક નંબર આવતો જતો હતો. હવે કોઇને કશી બીક ન હતી. ખુરશી ટેબલ આડાં ઊભાં પડી ગયાં હતાં. દીવાલો પર ટાંકેલા ફોટા તુટીને હેઠે પડ્યા હતા.

તાયફો બરાબર જામ્યો હતો. ત્યાં જ શહેરના જાગીરદાર લાલા ઉજાગરમલનું આગમન થયું. એ તો આ કૌતુક જોઇને આભા બની ગયા. એમણે નૂરઅલીને પૂછ્યું – ‘‘શું માંડ્યું છે આ બધું? સાહેબ જાણશે તો શું થશે, ખબર છે?’’

‘‘સાહેબે જ કહ્યું છે. પછી શું થાય! એમણે જ હોળી નિમિત્તે એમના નોકરોને મિજબાની આપી છે. લાટસાહેબનો હુકમ છે કે પ્રજાની સાથે હળીમળીને એમના તહેવારોમાં ભાગીદાર થવું, એઠલે તો સાહેબે આવો આદેશ આપ્યો છે. નહીં તો આપ એમનો સ્વભાવ ક્યાં નથી જાણતા? આવો, આપ પણ માણો મિજબાની, બોલો, મજેદાર ચીજ લાવું? હમણાં જ વિલાયતથી પારસલ આવ્યું છે.’’

રાય ઉજાગરમલ ઉદાર વિચારો ધરાવતા માણસ હતા. અંગ્રેજોની મિજબાનીઓમાં તેઓ કોઇ પણ જાતના ખચકાટ વિના સામેલ થતા હતા. તેમની રહેણીકરણી અંગ્રેજી હતી. તેઓ યુનિયન ક્લબના એક માત્ર સર્વેસર્વા હતા. મિ. ક્રોસના એ પરમ સ્નેહી હતા. કલેક્ટરની સાથે પણ એમના સંબંધો ઘનિષ્ટ રહેતા હતા. નૂરઅલીની વાત સાંભળતા જ એક ખુરશી ઉપર બેસીને તેમણે કહ્યું – ‘‘ઓહો! એમ વાત છે? તો પછી લાવો કોઇ મજેદાર ચીજ. શરાબની સાથે થોડો નાસ્તો પણ જોઇશે, હોં!’’

"હજૂર! આપને માટે બધું જ તૈયાર છે."

લાલા સાહેબ આમ તો ઘેરથી પીને જ નીકળેલા. અહીં વળી થોડા ગ્લાસ ગટગટાવ્યા. નશો ચઢતાં જીભ લોચવાવા માંડી. તેમણે કહ્યું – "નૂરઅલી! શું ઉં...સા...હે...બ આજે હોળી રમ...શે?"

"હા,હા, કેમ નહીં રમે?"

"પણ હું રંગબંગ તો લાવ્યો નથી. કોઈ પટાવાળાને મારે ઘેર મોકલી રંગ અને પિચકારી મંગાવી લ્યો. આજે તો ખૂબ આનંદ છે." ઉજાગરમલે કહ્યું.

"આનંદની તો વાત ના પૂછો, સરકાર! આજે તો હોળી છે. હોળી." ગાડીવાને કહ્યું.

"આજે સાહેબને ખરેખરી હોળી રમાડી દઉં. જોજેને, સાહેબને ખબર પડી જશે!"

ગાડીવાને કહ્યું – "ખૂબ અબીલ ચોપડીશ."

ભિરતી બોલ્યો – "ગુલાલના ખોબા ઉડાડીશ."

ધોબીએ કહ્યું – "હું તો બોટલ પર બોટલ ચઢાવીશ."

પટાવાળો બોલ્યો – "આજે તો મન ભરીને હોળીના ફાગ સંભળાવીશ."

ઉજાગરમલે કહ્યું – "સાહેબની સાથે મન ભરીને હોળી રમીશ આજે તો."

ત્યાં જ બધાંને નૂરઅલીએ સાવધ કરતાં કહ્યું – "જુઓ, બધા સાવધાન થઈ જાઓ. સાહેબની મોટર! આવતી લાગે છે. શેઠજી, લ્યો આ રંગપિચકારી. બસ, એક ગીત લલકારીને, સાહેબ આવે કે તરત જ એમની ઉપર રંગ છાંટી દેજો. અને તમે બધા પણ ગુલાલથી સાહેબનું મોં રંગી નાખજો, સાહેબ ખુશીના માર્યા ફુલાઈ જશે. ચાલો, બધા તૈયાર થઈ જાઓ. મોટર આવવાની તૈયારીમાં છે."



હાથમાં બંદૂક લઈ ક્રોસ સાહેબ મોટરમાંથી નીચે ઊતર્યા કે એમણે નોકરોને બૂમ પાડી પણ એમનો અવાજ કોણ સાંભળે! અહીં તો ફાગ ગવાતા હતાં. શોરબકોર સાંભળીને ક્રોસ સાહેબ દંગ રહી ગયા. "શું છે આ બધું? અને તે પણ મારા બંગલામાં!" ગુસ્સાના આવેશમાં ઝડપભેર એ બંગલામાં દાખલ થયા. જોયું તો ડાઈનિંગ રૂમમાંથી ગાવાનો અવાજ સંભળાતો હતો તેમના ગુસ્સાનો પાર ના રહ્યો. હંટર લઈ એમણે ડાઇનિંગ રૂમ ભણી પગ ઉપાડ્યા. પણ બારણાની બહાર બે ત્રણ ડગલાં જ દૂર, હશે ત્યાં તો શેઠ ઉજાગરમલે એમની ઉપર પિચકારી છોડી સાહેબનાં કપડાં રંગાઈ ગયાં. હજુ તો એ આંખો લૂંછતાં હતા ત્યાં જ નોકરોએ આવી એમના મોંઢે ગુલાલ ઘસવા માંડ્યો. અટકચાળા ધોબીએ તો તેલમાં કાલવેલી મેંશ ચોપડી દીધી. સાહેબનો ચહેરો વાંદરાના મોંઢાથીયે ભૂંડો થઈ ગયો.

સાહેબે મિજાજ ગુમાવ્યો. એ તો હંટર લઈ આડેધડ ઝૂડવા મંડ્યા. બિચારા નોકરોએ તો વિચારેલું કે સાહેબ રાજી થઈને હોળીનું ઈનામ આપશે પણ? ઉપરા ઉપરી હંટર પડતાં ગયાં અને નશો ઉતરતો ગયો. બધા બૂકના માર્યા આમતેમ નાસી ગયા. શેઠ ઉજાગરમલ નુરઅલીની ચાલ સમજી ગયા. એ પણ એક ખૂણામાં લપાઈ ગયા. નોકરોના ચાલ્યા ગયા પછી ક્રોસ સાહેબ શેઠ ઉજાગરમલ પાસે ગયા. લાલા સાહેબના તો હોશકોશ ઊડી ગયા. ઓરડામાંથી બહાર નીકળીને એ તો જીવ લઈને નાઠા. ક્રોસ સાહેબ પણ એમની પાછળ નાઠા. શેઠની ગાડી દરવાજે જ ઊભી હતી. ગાડીમાં બેસતા પહેલાં જ ઘોડાઓ પણ સમજી ગયા. અને કાન ઊંચા કરી તેજ ચાલે ગાડી ચાલવા લાગ્યા.

અદ્‌ભુત દ્રશ્ય સર્જાયું હતું. આગળ ખાલી ઘોડા ગાડી જતી હતી. પાછળ શેઠ ઉજાગરમલ દોડતા હતા. અને એમની પાછળ હાથમાં હંટર લઈ ક્રોસ સાહેબ દોડતા હતા. ગભરાટના માર્યા શેઠ ઠોકર ખાઈને જમીન પર પડી ગયા. પણ પાછા ઊભા થઈને નાઠા. છેવટે ક્રોસ સાહેબ ઊભા રહી ગયા. કાબરચીતરું મોં લઈ આગળ વધવું ઠીક ના લાગ્યું. લોકોમાં મશ્કરી થવાની બીક હતી. એમને એમ પણ થયું કે શેઠને પૂરેપૂરી સજા મળી ગઈ છે. હવે નોકરોની ખબર લેવી વધું જરૂરી હતું. તેઓ ત્યાંથી જ પાછા વળી ગયા.

શેઠ ઉજાગરમલના જીવમાં જીવ આવ્યો. તેઓ બેસી ગયા અને જોરજોરથી હાંફવા લાગ્યા.

લાલા ઉજાગરમલ સમાજના આગળ પડતા નેતા હતા. એમને અંગ્રેજો ઉપર પૂરેપૂરો વિશ્વાસ હતો. અંગ્રેજી કારોબારનાં એ ભરપેટ વખાણ કરતા હતા. અંગ્રેજોમાં પણ એમનાં સારાં માનપાન હતાં. અંગ્રેજોની ભલી લાગણી ને લઇ એમને મોટીમોટી એજન્સીઓ મળતી હતી. અંગ્રેજો સાથેના સહકારને લીધે તેઓ ખૂબ ધન કમાયા હતા. આમ છતાં અસહકારની તેઓ ઉન્નતિ ઇચ્છતા હતા. એમને વિશ્વાસ હતો કે અસહકારની તો એક હવા છે. ચાલે ત્યાં સુધી ઠીક! એ હવામાં આપણે આપણાં ભીનાં લૂગડાં સૂકવી લેવાં! તેથી જ તેઓ અસહકારની પ્રવૃત્તિઓનાં પેટ ભરીને વખાણ કરતા. માનપાનની સાથે તેમનું આત્માભિમાન પણ વધ્યું હતું. હવે તેઓ પહેલાંની જેમ ડરપોક રહ્યા ન હતા.

ગાડી ઉપર બેઠા પછી એ વીતી ગયેલા પ્રસંગને વાગોળવા લાગ્યા – “અચૂક નૂરઅલીએ મને દગો કર્યો! અસહયોગીઓની સાથે એ મળેલો લાગે છે! તેઓ હોળી નથી રમતા તો પછી તેમનું આમ આટલું બધું ગુસ્સે થવું શું સૂચવે છે? એનો અર્થ એ જ કે એ લોકો અમને કૂતરાથીયે બદતર સમજે છે. એમને એમની મોટાઇનું કેટલું અભિમાન છે? મારી પાછળ હંટર લઇ મારવા દોડ્યા! એનો અર્થ એ જ કે મારા પ્રત્યેનો એમનો આદર માત્ર દંભ હતો. વાસ્તવમાં એ મને નીચ અને નાલાયક જ સમજે છે.”

“લાલ રંગ એ કંઇ તીર તો ન હતું કે એનાથી વીંધાઇ જવાય! નાતાલના દિવસોમાં આપણે ગિરજાઘરોમાં જઇ મેવા મિઠાઇની છાબડીઓ ભેટ આપીએ છીએ એમને. ભલે નાતાલ આપણો તહેવાર ના હોય! અને આજે જરાક રંગ છાંટવાથી એ ગુસ્સે થઇ ગયા. કેવું ઘોર અપમાન! મારે ખુલ્લંખુલ્લો એનો વિરોધ કરવો જોઇતો હતો. હું નાઠો એ તો મારી કાયરતા હતા. એમ કરવાથી તો એ લોકો સિંહ થઇ જાય છે. સિંહ! એમની નમ્રતા અને સજ્જનતા તો એમનો ભારોભાર સ્વાર્થ છે.”

શેઠના અંતરમાંથી ઊઠેલી લાગણીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું. “મારી આવી અવદશા! અપમાનનો કડવો ઘૂંટડો ઊબકાઇ ઊબકાઇને બહાર



આવતો હતો. આ મારા એમના પ્રત્યેના સહકારનું જ પરિણામ છે. હું આવી સજાને જ લાયક છું. એમની લોભામણી વાતો સાંભળીને તો હરખાતો હતો હું આજ સુધી! પણ હું એના સમજી શક્યો કે સ્વતંત્રતા અને પરતંત્રતા વચ્ચે કોઇ સમન્વય સધાઇ શકે નહીં. અત્યાર સુધાતો હું અસહકારવાદીઓને હસતો હતો. પણ હવે મને મારી ભૂલ સમજાય છે. તેઓ હાસ્યાસ્પદ નથી, પણ હું સ્વયં નિંદાપાત્ર છું.”

એ સીધા જ કોંગ્રેસ સમિતિની કચેરીએ પહોંચ્યા. ત્યારે ત્યાં એક મોટી સભા મળી હતી. સમિતિ એ નાના મોટા છૂત અછૂત સૌને હોળી રમવા માટે નિમંત્ર્યા હતા. હિન્દુ મુસલમાન સાથે બેસી હોળી મનાવતા હતા. ફળાહારની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. એ પહોંચ્યા ત્યારે વ્યાખ્યાન ચાલતું હતુ. શેઠને સભામાં જતાં સંકોચ થતો હતો. સંકોચાતાં સંકોચાતાં એ એકબાજુ જઇ ઉભા રહ્યા. એમને જોઇને લોકો અચંબામાં પડી ગયા. બધા વિસ્ફારિત આંખોએ એમની સામે તાકવા લાગ્યા. સૌને થયું ખુસામત ખોરોના ગુરૂ આજે અહીં શી રીતે આવી ચઢ્યા. એ તો સહકારવાદીઓની સભામાં અંગ્રેજો પ્રત્યેની રાજભક્તિનું વ્યાખ્યાન આપતા જ શોભી શકે! હાં, કદાચ એઓ ભેદ પામવા આવ્યા હશે કે અહીં આપણે શું કરી શરીએ છીએ! એમને અકળાવવા માટે લોકોએ કહ્યું – “કોંગ્રેસની જય”

ઉજાગરલાલે ઊંચા સાદે કહ્યું – “અસહકારની જય!”

પાછો અવાજ આવ્યો – “ખુશામતખોરો મુર્દાબાદ.”

શેઠે બમણા ઊંચા અવાજે કહ્યું – “જી હજૂરો, મુર્દાબાદ.”

લોકોના આશ્ચર્ય વચ્ચે તેઓ મંચ ઉપર ચઢી ગયા. ગંભીર અવાજે બોલ્યા – “મિત્રો અને સજ્જનો! મેં આપ સૌ સાથે આજ સુધી અસહયોગ આદર્યો છે તે બદલ સૌની માફી માંગું છું. મને આપ જાસૂસ ના સમજશો. આજે, મોડે મોડે પણ મારી આંખનાં પડદો ઊઘડી ગયો છે. આ પવિત્ર હોળીના દિવસે હું આપ સૌનો પ્રેમ પામવા અત્રે ઉપસ્થિત થયો છું. આપ સૌ મને અપનાવી લેશો એવો વિશ્વાસ છે. મને મારી ભૂલની સજા મળી ગઇ છે. કલેક્ટર સાહેબે મારું હળહળતું અપમાન કર્યું છે. હું આજ સુધી દેશદ્રોહી હતો, મિત્રદ્રોહી હતો. મેં મારા અંગત સ્વાર્થને લીધે દેશનું ઘણું અહિત કર્યું છે. એ બધું યાદ આવતાં મને થઇ આવે છે કે મારા પ્રાણ ત્યજી દઊં!”

સભામાંથી કોઈકનો અવાજ આવ્યો – ‘‘હા, હા, પ્રાણ ત્યજી દો એમાં જ તમારી ભલાઈ છે.’’

‘‘કરીશ, સમય આવો એમ પણ કરીશ. પણ મને મારા પાપના પ્રાયશ્ચિત માટે સમય આપો એવી મારી આપ સૌને નમ્ર પ્રાર્થના છે.આશા છે કે મારા જીવનના શેષ દિવસો પ્રાયશ્ચિત કરવામાં અને મારા જીવનમાં લાગેલા કલંકને ધોવામાં વીતાવું. મને આત્મસુધારણા માટેની તક આપો એવી મારી આગ્રહભરી વિનંતી છે. હું આજથી આપ સૌનો સેવક છું. હું તન, મન અને ધન બધું દેશ માટે સમર્પણ કરું છું.’’



# મુક્તિ માર્ગ

પોતાના રૂપને દર્પણમાં જોતાં કોઇ રૂપવતી નારીને જેવો આનંદ થાય, તેવો જ આનંદ મોલથી હર્યાભર્યા ખેતરોને જોઇ ખેડૂતને થાય છે. શેરડીથી લહેરાતાં ખેતરોને જોઇ ઝીંગુરને એક અજબ પ્રકારનો કેફ થઇ આવતો. ત્રણ વીઘાં શેરડી હતી. રૂપિયા છસો તો અમથા અમથાય મળી જાય. અને જો ઇશ્વર પાધરો ઉતર્યો તો તો વાત જ પૂછવા જેવી ના રહે. એના બંન્ને બળદો ઘરડા થઇ ગયા હતા. ક્યાંક બે વીઘાં જમીન વધારે મળે તો લખાવી લેવાય એમ હતું. પૈસાની હવે શી ચિંતા હતી? વાણિયા તો અત્યારથી જ એની ખુશામત કરતા હતા. એ ગામમાં પોતાની જાતને દાદો માનતો. કોઈની સાથે લડ્યા વગર રહ્યો ન હતો.

સાંજનો સમય હતો. ઝીંગુર એના દીકરાને ખોળામાં લઇ વટાણાની શિંગો તોડતો હતો. ત્યાં તેણે ઘેટાંના એક ટોળાને પોતાની તરફ આવતાં જોયું. તે ગણગણ્યો આ કઇ ઘેટાંને જવાનો રસ્તો છે! શેઢા ઉપરથી શું ના જઇ શકે એ? ઘેટાંને અહીં લાવવાની શી જરૂર? સાલાં કચડી કાઢશે બધા વટાણા! આખું ખેતર ભેલાઈ જશે. એનો દંડ કોણ ભરશે? લાગે છે કે બુદ્ધ ભરવાડનાં છે એ બધાં. બચ્ચાને અભિમાન આવી ગયું લાગે છે. માથું ધડ ઉપર લાગતું નથી. નઇં તો ઘેટાંને આમ ખેતરમાં આડફેટાં ના નાખે! એની અકડાઇ નો તો પાર નથી. હું જોઉં છું ને એ તો ઘરાર ખેતરની વચ્ચેથી ઘેટાં હાંકી જાય છે. મારે એની સાથે શી લેવા દેવા છે તે વેઠી લઉં એની કનડગત? હમણાં એક ઘેટું વેચાતું લેવાનું કહું તો પાંચ રૂપિયાથી ઓછું ના કહે. આખી દુનિયામાં ચાર રૂપિયામાં કામળો વેચાય છે, પણ એ તો મારો બેટો પાંચથી ઓછું જ ના કહે.

એટલામાં ઘેટાં ખેતરની લગોલગ આવી ગયાં. ઝીંગુરાએ રાડ પાડી – ''અલ્યા, તારાં ઘેટાં લઈને એમ ક્યાં હેડ્યો આવે છે?''

''અરે, શેઢેશેઢે હેંડ્યાં જશે. ફરીને જઉં તો એક ગાઊનું ચક્કર થઈ જાય.'' – બુદ્ધુએ કહ્યું.

''તે તારું ચક્કર બચાવવા, લ્યા મારું ખેતર ભેલાડવાનું? આલ્યા, તને અહીંથી જ જવાનું સૂઝયું? શું તું મને આલીમવાલી જાણે છે? વાળ, પાછાં વાળ કહું છું.''

બુદ્ધુએ વિનંતી કરતાં કહ્યું – ''આટલી વાર જવા દો. અહીંથી, ફરી આ બાજુ ડાફરેય નઈં મારું. અને ફરીવાર આ બાજુ ફરકું તો મન ફાવે એ સજા કરજો.''

''એકવાર કહ્યું ને કે લ્યા, પાછો વળી જા! એકાદ ઘેટું જો પેઠું છે તો તારી ખેર નથી.!''

''અરે કાકા! તમારું આટલું અમથુંય બગડે તો મને ગોળીએ દેજો જાવ, બસ હવે.''

બુદ્ધુને પાછા વળવું અપમાનજનક લાગતું હતું. એને થયું કે આમ ને લોકોની ધમકીથી ગભરાઈ જઈને ઘેટાં પાછાં વાળશે તો પછી એમને એ ચરાવશે ક્યાં? પછી તો બધાય માથે છાણાં થાપવા જ મંડી પડે.

બુદ્ધુ પહોંચેલો માણસ હતો. ઝાઝાં ઘેટાં બકરાં હતાં એની પાસે. ખેતરમાં ઘેટાં બેસાડ્યાના રોજના આઠ આના મળતા. ઉપરાંત એ દૂધમાંથી રળી લેતો. ઘેટાંના ઉનમાંથી ધાબળા બનાવી વેચતો. એણે વિચાર્યું – ''એટલા બધા ધખી જઈને શું કરી લેવાના છે? કંઈ એમનો દબઈલો તો નથી ને? ઘેટાંને તો શું! જરાક લીલું ભાળ્યું નથી કે એપા વળ્યાં નથી!'' છતાં બુદ્ધુ એમને વારવાની કોશિષ કરતો હતો. ઘેટાં વારંવાર ખેતરમાં પેસતાં હતાં.

ઝીંગુર રાતો પીળો થઈ ગયો. બોલ્યો – ''લ્યા, તારે જબરઈ કરવી છે મારી જોડે? તારો અકડાટ ઘડીના છઠ્ઠા બાગમાં ઉતરી જશે, હાં.''

''તમે જરા પાછા ખસી જાઓ. તમને જોઈને ચમકે છે. હું બધાં





પાછાં વાળીને હેંડતો થઉં છું.''

ઝીંગુરે છોકરાને ખોળામાંથી હેઠે ઉતારી મૂક્યો. લાકડી લઈને એ તો તૂટી પડ્યો. ઘેટાં પર...કોઈને પગ ભાગ્યો, કોઈનું શિંગડું તૂટ્યું, તો કોઈની કેડ ભાગી ગઈ. બધાં ઘેટાં બકરાંએ કકળાટ કરી મૂક્યો. બકરીઓ બેં બેં કરવા લાગી. બુદ્ધુ સ્તબ્ધ બની તાકી રહ્યો હતો. ના તો એ ઝીંગુરને વાળતો હતો કે ના તો ઘેટાં બકરાને પાછાં વાળતો હતો. બસ, ઊભો ઊભો તમાશો જોઈ રહ્યો હતો. થોડી પળોમા જ આખાયે કાફલાને ત્યાંથી મારી હઠાવ્યો ઝીંગુરે, પછી ગર્વથી બુદ્ધુ ભણી જોઈને એણે કહ્યું – ''જા, હેંડતો થા. હવે ફરીવાર આણી પા ઢૂંકતો નઈ. નઈં તો....''

ઘવાયેલાં ઘેટાં બકરાં ભણી જોઈ બુદ્ધુએ કહ્યું – ''ઝીંગુર! તમે આ હારું નથી કર્યું. પસ્તાશો પાછળથી.''

ખેડૂત સાથે વેર વાળવું બહુ સહેલું હોય છે. એની વરસ આખાની કમાણી ખેતરના ખળામાં રહેતી હોય છે. ઘણી બધી મુશ્કેલીઓ પછી જ એ અનાજ ઘરમાં આવે છે.

ઘેર આવી ઝીંગુરે આખી વાત લોકો ને કહી સંભળાવી. કોઈકે એને કહ્યું – ''આ સારું નથી કર્યું તે! તું હજુ બુદ્ધુને ઓળખતો લાગતો નથી. બહુ માથાભારે માણસ છે. હજુ વડી પાપડ વંઠી ગયા નથી. જા, જઈને એને રાજી કરી લે, નહીં તો પાપડી ભેગી અમારા જેવી ઈયળોય બફાઈ જશે.'' ઝીંગુરને વાત સમજાઈ. એને પસ્તાવો થવા લાગ્યો. એ બુદ્ધુને ઘેર જવા ઈચ્છતો ન હતો. પણ આખરે મજબૂર થઈ જવું પડ્યું એને.

માગશરના દિવસો હતા. ઝાકળ અને ધુમ્મસ પડતાં હતાં સવારે. ચારે બાજુ અંધકાર છવાયેલો હતો. જરાક મોડી રાતે એ ખેતરમાં જવા નીકળ્યો ત્યાં દૂરથી જ એણે ખેતરમાં દવ લાગતો જોયો. શેરડીમાંથી ભડકા ઊઠતા હતા. એનું હૈયું ઝાલ્યું ના રહ્યું. આખું ખેતર ભડકે, બળતું હતું.

ઝીંગુરે રાડો પાડવા માંડી. ગામનું લોક ભેગું થઈ ગયું. બધા ખેતર ભણી દોડ્યા. તુવેરના છોડ ઉપાડી ઉપાડી આગહોલવવા મથતા હતા બધા. આગ કાબૂમાં આવી નહીં. બધું બળીને ભસ્મ થઈ ગયું. આસપારનાં ખેતરો પણ

આગની જ્વાળાઓમાં લપેટાઇ ગયાં હતાં. એક પહોર સુધી હાહાકાર મચી ગયો.

આગ કોણે લગાડી હતી એ તો સૌ જાણતા હતા. પણ કોઇના કહેવાની હિંમત ચાલી નહીં, કોઇની પાસે કશી સાબિતિ ન હતી. સાબિતિ વગરની વાતનો કશો અર્થ પણ ન હતો. ઝીંગુરને હવે ઘરમાંથી બહાર નીકળવું ભારે પડી ગયું હતું. એ જ્યાં જતો ત્યાં લોકો મેણાં મારતા હતા. લોકો કહેતા હતા – ‘‘તારાં કાળાં કરતૂતોનું આ પરિણામ છે. તેં જ બધાંનું સત્યાનાશ વાળી નાખ્યું. તું તો મર્યો પણ આખા ગામનેય મારી નાખ્યું. બુદ્ધુને હેરાન ના કર્યો હોત તો આજે આવી દશા ના થઇ હોત!’’

ઝીંગુર તો લોકોના મેણાંના મારથી જ જાણે મરી ગયો. આખો દિવસ ઘરમાં જ ભરાઇ રહેતો. પોષ મહિનો આવ્યો. જ્યાં આખી રાત ગોળનાં કોલું ચાલતાં હતાં ત્યાં નિસ્તબ્ધતા છવાઇ ગઇ હતી. ઠંડીના માર્યા લોકો સાંજથી જ ઘરમાં ભરાઇ રહેતા હતા. અને ઝીંગુરને મનમાં ને મનમાં ગાળો દેતા હતા. માગશર મહિનો એથીયે વધારે કાષ્ટકર બની રહ્યો.

શેરડી તો ખેડૂતની જીવનદાતા હતી. એનાથી ખેડૂતોની ટાઢ ઊડતી. લોકો ગરમ ગરમ રસ પીતા. શેરડીનાં પાન બાળી ટાઢ ઊડાડતા. એના કૂચા ઢોરને ખવડાવતા. ઘાસચારાના અભાવથી ગામનાં ઢોર મરવા પડ્યાં. આ બધા માટે લોકો ઝીંગુરને દોષિત માનવા લાગ્યા.

ઝીંગુરે વેર વાળવાનો પાકો નિશ્ચય કર્યો. એણે વિચાર્યું – ‘‘હું પણ એનો સર્વનાશ કરીને જ ઝંપીશ.’’

હવે બુદ્ધુએ આ તરફ આવવાનું છોડી દીધું હતું. ઝીંગુરે બુદ્ધુ સાથે મનમેળ રાખવાનું શરૂ કર્યું. પોતાને બુદ્ધુ ઉપર કોઇ જ દ્વેષ નથી એવું તો બતાવવા માગતો હતો. એ એક દિવસ કામળો લેવાના બહાને એની પાસે ગયો. બીજે દિવસે એક દૂધ લેવાના બહાને ગયો. બુદ્ધુ એને ઠીકઠીક આદર આપવા લાગ્યો. એ ઝીંગુરને દૂધ પીવડાવ્યા વિના આવવા દેતો નહીં.

ઝીંગુર આજકાલ શણના કારખાનામાં મજૂરી કરવા જતો હતો. એને મજૂરી એકસામટી મળતી. બુદ્ધુને કારણે ઝીંગુરનું રોજનું ખર્ચ નીકળતું. આથી ઝીંગુરે બુદ્ધુ સાથેનો વહેવાર ઘનિષ્ટ કર્યો હતો. એકવાર બુદ્ધુએ પૂછ્યું



– ‘‘ઝીંગુર! તમારી શેરડીમાં દેવતા મેલનાર. હાય આવે તો શું કરો સાચું કહેજો?’’

‘‘હું તો કહું કે તેં જે કર્યું છે તે સારું જ કર્યું છે. મારું અભિમાન ઓગાળી દીધું.’’

‘‘અરે! હું જો તમારી જગાએ હોઉં તો એનું ઘર બાળ્યા વગર ના રહું.’’

‘‘ભઇ, આ ચાંદરણા જેવી જિંદગીમાં દુશ્માનવટ વધારવાથી શો લાભ?’’

‘‘બસ, હવે સાચું બોલ્યા તમે! પણ ભાઇ, ગુસ્સામાં માણસ બધુંય ભૂલી જાય છે.’’

ફાગણ મહિનો આવ્યો. ખેડૂતો શેરડી વાવવા ખેતરો તૈયાર કરતા હતા. બુદ્ધુને ઘેર ખેડુતોનો તડાકો પડ્યો હતો. બધા ખેતરો ખતરાવવા આતુર હતા. સૌ કોઇ બુદ્ધુની ખુશામત કરતા. પણ રવાનો ભાવ એણે બમણો કરી દીધો. કોઇ જીવ બાળતું તો તરત એ સંભળાવતો – ‘‘ભાઇ! ઘેટાં બકરાં તમારે ગળે તો નથી બાંધી જતો ને પરાણે! ના પોષાય તો ના બેસાડશો. પણ એક પાઇ ઓછી નઇં થાય મારાથી. પણ લોકોને ગરજ હતી. તેની વાત માન્યા વગર છૂટકો ન હતો.’’

બુદ્ધુના ઘર ઉપર લક્ષ્મીની કૃપા વરસી. હવે તેણે નવું ઘર બનાવડાવ્યું. ખેડૂતોએ એને લાકડું, વાંસ, પથ્થર વગેરેની મદદ કરી. લગભગ મફતમાં જ આખું ઘર તૈયાર થઇ ગયું. બુદ્ધુએ વાસ્તુની તૈયારીઓ કરવા માંડી.

ઝીંગુર આખો દિવસ વૈતરું કરતો ત્યારે માંડ માંડ પેટ ભરાય એટલું રળી લેતો. જ્યારે બુદ્ધુને ઘેર લક્ષ્મીની છોળો ઊડતી હતી. ઝીંગુર તો જોઇને બળીને ખાક થઇ જતો હતો. એનાથી આ ભારોભાર અન્યાય સહન થઇ શક્યો નહીં.

ફરતો ફરતો એ એકવાર ચમારોની વસ્તીમાં પહોંચ્યો. એણે હરિહરને બૂમ પાડી. હરિહરે આવીને એને રામરામ કર્યા અને ચલમભરી બંન્ને ચલમ ફૂંકવા લાગ્યા. એ ચમારાનો મુખી ઘણો દુષ્ટ માણસ હતો. બધા ખેડૂતો એનાથી થરથર ધ્રુજતા હતા.

ઝીંગુરે ચલમ પીતાં પીતાં કહ્યું – ''આજ કાલ ફાગ બાગ નથી થતો કે શું? કશું સંભળાતું નથી ને?

''પેટની વેઠમાંથી ટેમ જ ક્યાં મળે છે. તે ફાગ ગઈએ? કહો, કેવુંક ચાલે છે તમારે?''

''મારી તો વાત જ ના પૂછો. સાડાસાતી બેઠી છે લોઢાને પાયે. આખો દિવસ પરસેવો પાડું ત્યારે સાંજે માંડ માંડ ઘેર ચૂલો સળગે છે. આજકાલ તો ઘેટાંય લીધાં વધારે. વાસ્તુપૂજાની તૈયારી ઓ ચાલે છે હમણાં તો!''

હરિહરે કહ્યું – ''પૈસો આવે છે એટલે માણસને ઘમંડ આવી જાય છે. ધરતી માથે જાણે એના પગ જ ટકતા નથી.''

''આ ગામમાં બુદ્ધુની હોડબકે એવો એક પણ માણસ દેખાય છે તમને? પણ યાર, આવી હડહડતી અનીતિ જોઇ જતી નથી. ભગવાન પૈસો આલે તો જરા હેઠા નમીને હેંડવું જોઇએ. એની વાતો સાંભળું છું ને સળગી જાઉં છું હું તો! કાલનો ભિખારી આજે શેઠ થઇને અક્કડ બની ગયો છે. ગઇ કાલે તો લંગોટી મારી ને ખેતરમાં ભટકતો હતો, ને આજે તો એના નામના દીવા સળગે છે.''

''કહેતો હોય તો કઇંક પેરવી કરું?''

''શું કરશો. આ બીકે જ એ ગાય ભેંશ પાળતો નથી.''

''ઘેટાં બકરાં તો છે ને?''

''પાડો વાઢીએ ત્યારે પૂડું હાથ આવે એના જેવો ઘાટ થાય!''

''તો તમે વિચારી કાઢો.''



''એવી તરકીબ વિચારો કે પછી જરાય આઘો પાછો ના થાય.''

પછી કાનાફૂસી થતી રહી. એ એક રહસ્ય છે કે ભલાઈમાં જેટલો દ્વેષ હોય છે એટલો જ બુરાઈમાં પ્રેમ હોય છે. વિદ્વાન વિદ્વાનને જોઇને. સંત સંતને જોઇને, કલાકાર કલાકારને જોઇને અને કવિ કવિને જોઇને અદેખાઇ કરે છે. પણ, શરાબી શરાબીને જોઇને, જુગારી જુગારીને જોઇને અને ચોરા બીજા ચોરને જોઇને ખૂબ હરખાય છે. તેઓ મુશ્કેલીના સમયમાં એકબીજાને મદદ કરે છે. ખરાબ માણસોમાં પરસ્પર પ્રેમ હોય છે. આખી દુનિયા ભલાઈનાં ગુણગાન ગાય છે તેથી જ ભલા માણસોમાં પરસ્પર વિરોધ હોય છે.

ઝીંગુર અને હરિહરે મસલત કરી, કપટ કરવાની યોજના ઘડી. તેનો સમય, સ્વરૂપ અને ક્રમ નક્કી થયાં.

બીજે દિવસે કામ પર જતા પહેલાં ઝીંગુર બુદ્ધુને ઘેર ગયો. એને જોઇને બુદ્ધુએ પૂછ્યું – ''કેમ, આજે કામ પર ગયા નથી કે શું?''

''આ હેંડ્યો, તમને કહેવા આવ્યો છું કે મારી વાછડીને તમારાં જાનવરો સાથે ચરાવવા લઇ જજો જરા. કેટલાય દા'ડાથી લીલું તરણુંય ભાળ્યું નથી. ભૂખે મરવા બેઠી છે.''

''ભાઇ હું ગાયો ભેંશો નથી રાખતો. ચમારો તો ઢોરના દુશ્મન હોય છે. આ હરિહરે જ મારી એ ગાયો મારી નાખી હતી. કોણ જાણે શું ખવડાવે છે? તે દા'ડાથી જ મેં કાનની બૂટ ઝાલી છે કે ગાય ભેંશ રાખવાં નહીં. પણ તમારી તો એક વાછડી જ છે ને! મરવા પડે ત્યારે મેલી જજો.''

બુદ્ધુએ વાસ્તુની સામગ્રી ઝીંગુરને દેખાડી. ઘી, ખાંડ, મેંદો, મસાલો, શાકભાજી બધું તૈયાર હતું. સત્યનારાયણની કથા જ બાકી હતી માત્ર ઝીંગુરની આંખો ઊઘડી ગઇ. એ મનમાં ને મનમાં બળતો ત્યાંથી ચાલ્યો ગયો. એ મજૂરીમાંથી પાછો ફર્યો કે તરત જ એણે જ વાછડીને બુદ્ધુને ઘેર પહોંચાડી દીધી. એ રાતે જ બુદ્ધુને ઘેર સત્યનારાયણની કથા થઇ. બ્રહ્મભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. બુદ્ધુ બ્રાહ્મણોના આદર સત્કારમાંથી નવરો પડ્યો નહીં. સવારે એ ઊઠ્યો છે તરત કોઇકે ખબર કરી કે ઘેટાં બકરાંની વચ્ચે ઝીંગુરની વાછડી મરવા પડી હતી.

બુદ્ધુને ભારે આઘાત લાગ્યો. ઝીંગુર પણ ત્યાં જ હાજર હતો. એણે કલ્પાંત કરતાં કહ્યું – "હાય રે...મારી વાછડી મરી ગઈ!" અને એ મરેલી વાછડી પાસે દોડી ગયો. પાછળ બુદ્ધુ પણ ગયો.

ઝીંગુરે કહ્યું – "અરેરે! મેં તો એને ગાળિયું ય બાંધ્યું ન'તું! એના ગળામાં આ આવ્યું શી રીતે? હું તો એને તમારાં ઘેટાં બકરાંમાં છુટ્ટી મૂકી હેંડતો થયો'તો. તમે એને ગાળિયું કે વારે ઘાલ્યું'તું?"

"ભગવાનના સમ જો મેં એને કશુંય બાંધ્યું હોય તો! હું તો આ ધમાલમાં હાડા ભણી ગયો જ નથી."

"તમે ના ગયા હોતો એને ગાળિયું બાંધે કોણ? ગયા હશો તમે. ભૂલી ગયા હશો!"

એક બ્રાહ્મણે કહ્યું – "પણ વાછડી મરી છે તો ઘેંટાના વાડામાં ને? લોકો તો એમ જ માનવાના, ભઈ! પછી એના ગળે ગાળિયું ગમે તેનું હોય!"

હરિહરે કહ્યું – "સાંજે જ એને વાડામાં વાછડી બાંધતો જોયો હતો."

બુદ્ધુએ નવાઈ પામતાં કહ્યું – "મને?"

"કેમ? તમે ખભે ડાંગ મેલી વાછડી નતા બાંધતા? ભૂલી ગયા?"

"કેવી વાત કરે છે તું? તેં મને વાછડી બાંધતાં જોયો હતો?"

હરિહરે કહ્યું – "તે મને શું કરવા તતડાવો છો? તમે ના બાંધ્યું હોય તો નહીં."

બ્રાહ્મણે કહ્યું – "એ નક્કી કરવું પડશે. ગૌહત્યાનું પ્રાયશ્ચિત કરવું પડશે. આ તે કઈ ઠઠ્ઠા મશ્કરી કરવા જેવી વાત છે?"

ઝીંગુરે કહ્યું – "મહારાજ! જવા ઘો ને એ વાત! જાણી જોઈને તો ગળે ગાળિયું નઈ ઘાલ્યું હોય ને!"

"એથી શું? ગાળિયું ઘાલ્યું હોય કે ના ઘાલ્યું હોય! પણ ગાય મરી છે તો બુદ્ધુના વાડામાં જ ને?"



ઝીંગુરે ધીમે રહીને કહ્યું – "હા, ગાય વાછડાં છોડવાં બાંધવાં એ જોખમનું કામ તો છે જ!"

"શાસ્ત્રમાં ગૌહત્યાનું પાપ મહાપાપ કહેવાયું છે. ગાયની હત્યા બ્રહ્મહત્યાથી ઉતરતી ના ગણાય."

"ખરી વાત મહારાજ! આખરે ગાય તે ગાય. એટલે તો એ ગાય માતા કહેવાય છે. એમ કરો મહારાજ! સસ્તામાં પતે એવું કરો. બિચારો માર્યો ના જાય."

બુદ્ધુતો હતપ્રભ બની ઊભો હતો. એને માથે પરાણે હત્યાનો દોષ ઠોકી બેસાડવામાં આવી રહ્યો હતો. એને આમાં ઝીંગુરનું કપટ જણાતું હતું. પણ હવે લાખવાર કહેવા છતાં મારી વાતને કોઈ સાચી માનવાનું ન હતું.

બ્રાહ્મણ દેવતાનેય પ્રાયશ્ચિતથી લાભ થવાનો હતો. આવી હાથમાં આવેલી તક જતી કરાય! આખરે બુદ્ધુને માથે ગૌહત્યા ચોંટી. આમ તો બ્રાહ્મણો પણ એનાથી બળતા હતા. ત્રણ માસની ભિક્ષાની સજા થઈ. ઉપરથી સાત તીર્થસ્થાનોની યાત્રા! ઓછું હોય તેમ પાંચસો બ્રાહ્મણોને જમાડવાનું અને પાંચ ગાયોનું દાન કરવાનું નક્કી થયું. બુદ્ધુના તો હોશકોશ ઊડી ગયા. એ તો કાકલુદી કરવા લાગ્યો. ભિક્ષાની સજામાં ઘટાડો કરી બે માસ કરી દેવામાં આવ્યા. એ સિવાય બીજી કોઈ છૂટછાટ મૂકવામાં આવી નહીં. બુદ્ધુની કોઈ અપીલ દલીલ ચાલી નહીં. એનો એ શિક્ષા સ્વીકાર્યે છૂટકો થયો.

બુદ્ધુએ ઘેટાં બકરાં ઈશ્વરને ભરોસો સોંપ્યો. છોકરા નાના હતા. પત્ની એકલી શું શું કરી શકે? એ ઘેર ઘેર ભિક્ષા માટે ફરતો, ભિક્ષા તો એને મળતી પણ ભિક્ષાની સાથે સાથે તિરસ્કારભર્યાં મ્હેણાંય સાંભળવાં પડતાં. દિવસે ભિક્ષામાં જે મળતું તે સાંજે રાંધીને ખાઈ લેતો અને ત્યાં જ કોઈ ઝાડ નીચે પડી રહેતો. ભિક્ષા માગવા કરતાં લોકોનાં મેણાં એને કઠતાં હતાં. પણ કોઈ ઉપાય ન હતો.

બે મહિના પછી એ ઘેર પાછો ફર્યો. દાઢી વાળી વધી ગયાં હતાં. દુર્બળ થઈ ગયો હતો. હવે તીર્થયાત્રા માટે પૈસાની વ્યવસ્થા કરવાની હતા. ઘેટાં બકરાં પર તો કયો મહાજન પૈસા ધીરે! ઘેટાં બકરાંનો શો ભરોસો? કાં

તો એક રાતમાં જ સોથ વળી જાય! વળી આ તો જેઠ મહિનો હતો. ઘેટાં બકરાંમાંથી કશી ઉપજ જ મળે એમ ન હતી. એક ઘાંચી રાજી થયો પણ રૂપિયે બે આના વ્યાજ ગણવા કહેતો હતો. આઠ મહિનામાં તો વ્યાજ મૂડી જેટલું થઈ જાય. એનો પૈસા લેવાની જીગર ના ચાલી. બે મહિનામાં તો એનાં કેટલાંય જાનવરો ચોરાઈ ગયાં હતાં. કોઈ રસ્તો ન હતો. આખરે એણે લાચાર થઈને એક કસાઈને પાંચસો રૂપિયામાં એનું બધું ધન વેચી દીધું. એમાંથી એ બસો રૂપિયા લઈ જાત્રા કરવા ચાલ્યો હતો. બાકીના રૂપિયા બ્રહ્મભોજન અને ગૌદાન માટે રાખ્યા.

બુદ્ધુના ગયા પછી એને ઘેરે બે વાર ચોરી થઈ. પણ સદ્‌ભાગ્યે રૂપિયા બચી ગયા હતા.

શ્રાવણ મહિનો હતો. ચારેબાજુ હરિયાળી છવાઈ હતી. ઝીંગુરને બળદો તો હતા નહીં પોતાના એણે ખેતરો ભાગે ખેડવા આપી દીધાં હતાં. બુદ્ધુ પ્રાયશ્ચિતમાંથી પાર ઉતરી ગયો હતો. હવે એનું મન માયામાંથીયે ઊઠી ગયું હતું. ઝીંગુરની પાસે કશું બન્યું ન હતું કે ન હતું બચ્યું કશું બુદ્ધુની પાસે હવે કોઈ કોની ઉપર અદેખાઈ કરે?

શણનું કારખાનું બંધ થઈ ગયું હતું. ઝીંગુર હવે માટીકામ કરી પેટિયું રળતો હતો. શહેરમાં એક ધર્મશાળા બંધાતી હતી. સેંકડો મજૂરો કામ કરતા હતા. ઝીંગુર પણ ત્યાં કામ કરતો હતો. દર સાતમા દિવસે એ રોજી લઈ ઘેર આવતો અને રાત રહીને બીજે દિવસે પાછો કામ પર ચાલ્યો જતો.

બુદ્ધુ પણ કામ શોધતો શોધતો ત્યાં જઈ પહોંચ્યો. દેહ તો એનો દુર્બળ હતો. છતાં ગારો બનાવવા એને રાખી લેવાયો. એણે અહીં ઝીંગુરને કામ કરતો જોયો. બંન્નેએ એકબીજાને રામરામ કર્યા. ઝીંગુરે ગારો તગારામાં ભરીને બુદ્ધુને માથે તગારું ચઢાવ્યું. આખો દિવસ બેય જણા બોલ્યા ચાલ્યા વગર કામ કરતા રહ્યા.

સાંજના સમયે ઝીંગુરે પૂછ્યું – ''કશું રાધવું તો પડશે ને?''

''હાસ્તો, નહીં તો શું ખઈશ?'' બુદ્ધુએ જવાબ આપ્યો.

''હું તો એક ટંક ચાવણું, ફાકી લઉં છું. સાંજે તો સત્તુ ખાઈ લઉં છું. કોણ લમણાઝીંક કરે?''



બુદ્ધુએ કહ્યું – ''જાવ, તમે થોડાં લાકડાં એકઠાં કરી લાવો. હું લોટ તો લેતો આયો છું ઘેરથી. હું લોટ બાંધું છું તમે મારા ઘડેલા રોટલા તો પાછા ખાશો નહીં, એટલે તમે જ શેકી કાઢજો રોટલા. ને આપણે બેય ખાઈશું.''

પણ તવો તો છે નઈ!

''અરે આ શું રહ્યો તોવો!'' કહીએ ગારનું તગારું ધોઈ લાવ્યો.

ઝીંગુરે કાચા પાકા રોટલા ઘડ્યા. વાટેલાં મરચા જોડે બંન્નેએ રોટલા ખાધા. પછી ચલમ ભરી. બંન્ને જણા પથ્થરની શિલાઓ ઉપર પડ્યા પડ્યા ચલમ ફૂંકવા લાગ્યા.

બુદ્ધુએ કહ્યું – ''તમારી શેરડીમાં મેં દેવતા ચાંપ્યો હતો. ઝીંગુર!''

''જાણું છું હું એ વાત.''

થોડીવાર પછી ઝીંગુરે કહ્યું – ''અમે તારા વાડામાં વાછડી મેં જ બાંધી હતી. હરિહરે એને કશુંક ખવડાવી દીધું હતું.''

બુદ્ધુએ કહ્યું – ''હું પણ એ જાણું છું.''

અને પછી અક્ષરેય બોલ્યા વગર બંન્ને જણા સૂઈ ગયા.

# મૈત્રીનું મૂલ્ય

નઈમ અને કૈલાસમાં ઘણો જ તફાવત હતો. નઈમ એક વિશાળ વટવૃક્ષ હતો તો કૈલાસ બગીચાનો એક કુમળો છોડ. નઈમ હાસ્યપ્રિય અને વિલાસી યુવાન હતો જ્યારે કૈલાસ ચિંતનશીલ અને આદર્શવાદી જીવ હતો.

નઈમ સમૃદ્ધ પિતાનો એકમાત્ર પુત્ર હતો. કૈલાસ એક સામાન્ય બાપનું ફરજંદ હતું. એને પુસ્તકો માટે ખાસ પૈસો મળતો ન હતો. માગી તાગીને કામ ચલાવતો. એકને માટે જીવન આનંદનો વિષય હતો અને બીજાંને માટે મુશ્કેલીઓનો ભારો. આટઆટલી વિષમતા હોવા છતાં બંન્ને ઘનિષ્ટ મિત્રો હતા. બંન્નેને પરસ્પર વિરુદ્ધ પ્રેમબંધને બંધાયેલા હતા.

કોલેજનો અભ્યાસ પૂરો થતાં જ નઈમ ને વહીવટી વિભાગમાં ઉચ્ચ જગા ઉપર નોકરી મળી હતી. જો કે એ આમ તો ત્રીજા વર્ગમાં પાસ થયો હતો. કૈલાસ પ્રથમ વર્ગમાં પાસ થવા છતાં એ દર દર ઠોકરો ખાતો ભટકતો ફરતો હતો. વિવશ થઈને એણે કલમનું શરણું સ્વીકાર્યું. એણે એક સમાચાર પત્ર શરૂ કર્યું. એકે રાજ્યસત્તાનો આશરો લીધો. એનું ધ્યેય માત્ર ધન પ્રાપ્તિનું હતું. બીજાએ સેવાનો રસ્તો લીધો. જેનું લક્ષ્ય ખ્યાતિ હતું.

ઓફિસની બહાર નઈમને કોઈ ખાસ ઓળખતું ન હતું. પણ એની પાસે બંગલો હતો. એ નાટક સિનેમા જોતો. ઉનાળાના દિવસોમાં નૈનિતાલ હવા ખાવા જતો. કૈલાસને બધાય ઓળખતા હતા. પણ એને રહેવા કાચું મકાન હતું. છોકરાં દૂધ માટે વલખાં મારતાં હતા. નઈમને માત્ર એક પુત્ર હતો જ્યારે કૈલાસની વાડી ફૂલીફાલી હતી.



બંન્ને મિત્રોમાં પત્ર વ્યવહાર ચાલતો રહેતો. ક્યારેક બંન્ને એકબીજાને મળતાય ખરા ત્યારે નઈમ કહેતો – ‘‘ભાઈ, ખરી મઝા તો સેવામાં છે. મારે તો પેટપૂજા સિવાય કોઈ કામ જ નથી હોતું.’’

કૈલાસ બધું જાણતો હતો. એ તો માત્ર નઈમની વિનયશીલતા જ હતી. માત્ર પોતાની દયનીય સ્થિતિ બદલ આશ્વાસન આપવાનો ઉપચાર માત્ર હતો. તેથી જ કૈલાસ પોતાની અસલિયનને ઢાંકવાનો નિષ્ફળ પ્રયત્ન કરતો હતો.

વિષ્ણુપુરની જાગીરમાં હાહાકાર મચી ગયો. જાગીર ના મેનેજરને તેના જ બંગલામાં ખરે બપોરે સેંકડો લોકોની વચ્ચે કાપી નાખવામાં આવ્યા હતા. ખૂની તો નાસી છૂટ્યો હતો. પણ અધિકારીઓને શંકા હતી કે કુંવર સાહેબની પ્રેરણાથી જ આ કાવત્રું ઘડાયું હતું. કુંવર સાહેબ હજુ પૂરા યુવાન થયા ન હતા. રિયાસતનો કારભાર કોર્ટ ઓફ વોર્ડ દ્વારા ચાલતો. વિલાસપ્રિય કુંવર સાહેબની દેખભાળ રાખવાની જવાબદારી પણ મેનેજરની હતી. તેથી તેઓ મેનેજરનો હસ્તક્ષેપ સહન કરી શક્યા નહીં. વરસોથી બંન્ને વચ્ચે મનભેદ હતો. કોઈ કોઈ વાર બંન્ને લડી પણ પડતા. આથી જ કુંવર સાહેબ પર શંકા જાય એ સ્વાભાવિક હતું. આ સમગ્ર બનાવની ઊંડી તપાસ જિલ્લાના વડા મિરઝા નઈમને સોંપવામાં આવી. કોઈ પોલીસ અધિકારી દ્વારા તપાસ કરાવવામાં કુંવર સાહેબનું અપમાન થાય એવો પણ ડર ખરો!

નઈમનું તો જાણે કિસ્મત ખુલી ગયું. તે તો ન હતો ત્યાગી કે ન હતો જ્ઞાનીની એની દુર્બળતાથી સૌ પરિચિત હતા. કુંવર સાહેબ તો ખુશ ખુશ થઈ ગયા. વિષ્ણુપુર પહોંચતા જ નઈમનો ભવ્યા સત્કાર થયો. ભેટ સોગાદોનો તો પાર ન હતો. અહીં એની એવી સેવા ચાકરી થવા લાગી કે જાણે જમાઈ સાસરે ના આવ્યા હોય!

એક વહેલી સવારે કુંવર સાહેબની મા નઈમની સામે જઈ હાથ જોડી ઊભાં રહ્યાં. નઈમ ત્યારે સૂતો સૂતો હુક્કો પીતો હતો. તપ, સંયમ અને વૈધવ્યની એ સાક્ષાત્ મૂર્તિને સામે ઊભેલી જોઈ નઈમ બેઠો થઈ ગયો.

વાત્સલ્ય પૂર્ણ આંખોએ રાજરાણીએ કહ્યું – ''હુજુર, મારા દીકરાનું જીવન તમારા હાથમાં છે. આપ એના ભાગ્યવિધાતા છો. આપને આપના પિતાજીના સોગંદ છે. મારા લાલનું રક્ષણ કરજો. હું આપનો ચરણોમાં મારું તન, મન, ધન સર્વસ્વ સમર્પિત કરી દઈશ.''

દયાના સંયોગથી સ્વાર્થે નઈમને પૂર્ણતઃવશ કરી દીધો.

એ દિવસોમાં જ કૈલાસ નઈમને મળવા ગયો. બંન્ને મિત્રો ખૂબ પ્રેમથી એકબીજાને ભેટી પડ્યા. વાતવાતમાં જ નઈમે કૈલાસને સમગ્ર હકીકત કહી સંભળાવી અને એના મોંઢે જ એ કામના ઔચિત્યને જાણવાની ઈચ્છા કરી.

કૈલાસે કહ્યું – ''પાપ એ છેવટે પાપ જ છે. પછી એના પર ભલે ગમે તેવો ઢોળ ચઢેલો હોય!''

''અને મારું માનવું છે કે ગુનો કરવાથી કોઈનો પુત્ર બચતો હોય તો તે સાચું પુણ્ય છે. કુંવર સાહેબ નવજુવાન છે. ખૂબ જ ચાલાક, બુદ્ધિમાન, ઉદાર અને સહૃદયી! આપ એમને મળો તો ખુશ થઈ જાય. સ્વભાવે વિનમ્ર! સ્વભાવે દુષ્ટ એવો જાગીરનો મેનેજર ભલાભોળા કુંવર સાહેબને હેરાન કરતો હતો. કુંવર સાહેબનું કાર્ય નિંદનીય નથી એમ તો ના કહી શકાય, પણ ચર્ચાનો મુદ્દો તો એ છેકે એમને ગુનેગાર ઠેરવી કાળાપાણીની સજા આપવી કે પછી નિર્દોષ સાબિત કરીને એમની રક્ષા કરવી? તારાથી કશું છુપાવવાનું નથી. પૂરા વીસ હજારનો લાભ છે. મારે તો માત્ર એટલા જ શબ્દો પાડવાના છે કે જે થયું છે તે વ્યક્તિગત દુશ્મનાવટને લીધે થયું છે! રાજા સાહેબ ને એની સાથે કશી લેવાદેવા નથી. સાબિતિઓ તો મેં અદ્રશ્ય કરી દીધી છે. આ કામ મારે માથે સોંપવાનું પણ એક કારણ છે. કુંવર સાહેબ હિન્દુ છે તેથી કોઈ હિન્દુને આ જવાબદારી સોંપવાને બદલે જિલ્લાધીશોએ મને એ જવાબદારી સોંપી છે. આથી પક્ષપાતની તો કોઈને શક પણ નહીં જાય, મેં બે ચાર વખત મુસલમાનો માટે સીધે સીધો પક્ષપાત કર્યો હતો. તેથી હું હિન્દુઓ તો મને પક્ષપાતનું પૂતળું માને છે. આટલું જ મારે માટે પૂરતું છે. બોલ, છું ને ભાગ્યશાળી?''



કૈલાસે શંકા વ્યક્ત કરી – ''પણ વાત જાહેર થઈ જશે તો?''

''તો એ મારી તપાસનો દોષ ગણાશે. હું કોઈ સર્વજ્ઞાતા તો છું નહીં. મને તેથી કોઈ તકલિફ થવાની નથી. મારી પ્રમાણિકતા પર પણ કશી આંચ આવવાની નથી. લાંચ લીધાની શંકા તો કોઈનેય નહીં જાય! તું માત્ર નૈતિક દ્રષ્ટિકોણથી જ આ બાબતને વિચારી જો. આ કામ નીતિને અનુકૂળ છે કે નહીં?''

કૈલાસે કહ્યું – ''એમ કરવાથી તો બીજા જાગીરદારોને છળકપટ કરવાની પ્રેરણા મળશે. લોકો એમ પણ માનતા થઈ જશે કે પૈસાથી ગમે તેવા ભયંકર, પાપને પણ ઢાંકી દઈ શકાય છે. તમે જ વિચારી જુઓને!''

''લાંચ રુશ્વત લે ને ટકા કેસોમાં સચ્ચાઈ પર પડદો પાડી દે છે. છતાંય પ્રત્યેકને પાપનો ભય તો હોય છે જ.''

બંન્ને મિત્રોમાં આ બાબતે તર્ક વિર્તક થતા રહ્યા. પણ કૈલાસના ન્યાયપૂર્ણ વિચારો નઈમના વિચારો આગળ કરી શક્યા નહીં.

વિષ્ણુપુરના હત્યાકાંડ ઉપર છાપાંઓમાં તરેહ તરેહની ટીકાઓ થવા લાગી. બધાં સમાચારપત્રો રાય સાહેબને દોષિત ઠેરવતાં હતાં અને સરકાર પર એવો આરોપ મૂકતાં હતાં તેણે રાજા સાહેબ પ્રત્યે પ્રક્ષપાત કર્યો હતો. છતાં છેવટે છાપાંઓમાં એવી પણ નોંધ કરવામાં આવતી હતી કે આ કેસ વિચારાધીન હોઈ એના પર ટીકા કરી શકાય નહીં.

તપાસને પૂરો એક મહિનો થયો. આખરે અહેવાલ પ્રગટ થયો. રિપોર્ટ પ્રગટ થતાં રાજકીય ક્ષેત્રમાં જાણે બળવો મચી ગયો! જનતાની શંકાને સમર્થન મળી ગયું હતું.

અત્યાર સુધી મૌન રહેલા કૈલાસને માટે અગ્નિ પરીક્ષાનો સમય શરૂ થયો. શું લખવું પોતાના પત્રમાં? સરકારનો પક્ષ લેવો એટલે આત્મસ્વાતંત્ર્યનું જાહેર લીલામ કરવા બરાબર હતું. પણ મૌન રહેવું એથીયે વિશેષ આપમાનજનક હતું. હવે તટસ્થ રહેવું અશક્ય બની ગયું. એના વ્યક્તિગત અને જાતીય કર્તવ્યો વચ્ચે ઘોર સંગ્રામ ખેલાયો. પચીસ વર્ષથી પાંગરેલી મૈત્રીને એકાએક છેહ દેવાનું એને કઠતું હતું. જે મિત્ર સદાય સહાયતા કરી છે, જેના દર્શન માત્રથી દૃઢ મનોબળ પ્રાપ્ત થયું હતું. એવા એક ખરા મિત્રનાં મૂળ ખોદવાં એ કઈં ઓછું દુષ્ટકર ન હતું.

એને પોતાના વ્યવસાય પર તિરસ્કાર થવા લાગ્યો. કેટલો ઘોર વિશ્વાસઘાત! અને વિશ્વાસ એ તો મિત્રતાનો મૂળ પાયો છે. તે વિચારવા લાગ્યો – "નઈમે મિત્રતાના દાવે મારાથી કોઈ વાત છાની રાખી નથી. એનાં ભેદી રહસ્યો નો ઘટસ્ફોટ કરવો એ ઘોર અન્યાય છે. ના, ના, હું મૈત્રીને દામ લાગવા નહીં દઉં. ઈશ્વર એવા દિવસોના લાવે કે મારે હાથે નઈમનું અહિત થાય! મારે માટે તો એ પ્રાણ આપવા પણ તૈયાર છે. એવા મિત્રની ગરદન પર તલવારનો ઘા કરું?"

પણ વ્યવસાયી કર્તવ્યથી પણ એ સભાન હતો. સમાચારપત્રો તો પ્રજાનાં સેવકો છે. એ પ્રજાની વિરાટ દ્રષ્ટિથી બધું જુએ છે, તપાસે છે. એના વિચારો પર પ્રજાની મહોર લાગે છે. પ્રજાની આગળ વ્યક્તિનો વિચાર કરવો તુચ્છ છે. સમગ્ર સમદષ્ટિને માટે વ્યક્તિએ જરૂર પડ્યે બલિદાન આપવું એ એની પ્રથમ ફરજ છે. એવી વ્યક્તિનું જીવનલક્ષ્ય મહાન પુરુષોનું અનુસરણ કરવાનું હોય છે.

રાજકીય ક્ષેત્રે કૈલાસને ઘણાં યશ કિર્તિ પ્રાપ્ત થયાં હતાં. પ્રજાને એના પ્રત્યે ઘણું માન હતું. એના નીડર વિચારોએ અને યથાર્થ ટીકાઓએ એને સમાચાર પત્રોના તંત્રી મંડળનો પ્રમુખ બનાવી દીધો હતો. આ સમયે કર્તવ્ય માર્ગમાંથી ચલિત થયું એ પ્રજાની નજરમાંથી દૂર થવા બરાબર હતું. સમગ્ર દેશની આગળ એક વ્યક્તિની શી હસ્તી? પછી એ ગમે તેટલી પ્રિય કે મહાન કેમ ન હોય? નઈમની સાથેના સંબંધો બગડી જવાથી કોઈ ભારે આપત્તિ આવી પડવાની ન હતી, પણ રાજ્યની નિરંકુશતા અને અત્યાચાર પર ઢાંકપિછોડો કરવાથી રાષ્ટ્રદ્રોહ જેવું ભયંકર પાપ લાગે તેમ હતું.

પણ એને ટીકાઓની કોઈ પરવા ન હતી. સંપાદકના વિચારો તટસ્થ હોય છે અને તે સમગ્ર યુગને પલટી નાખે છે. નઈમ તેનો મિત્ર પુત્રો, પણ દેશ તો એનું સર્વસ્વ હતું. મિત્રપદના રક્ષણ માટે દેશદ્રોહ કરવો એ મોટામાં મોટો ગુનો હતો.



કૈલાસે પ્રચ્છન્ન રહસ્યનો ભેદ છતો કરવાને નિર્ણય કરી લીધો. સત્તાધારીઓનાં કૂડકપટ અને સ્વાર્થ લોલુપતા પ્રજાની સામે છતાં કરી દેવાનો દ્રઢ મનસૂબો કર્યો. સરકારની અક્ષમતા, અયોગ્યતા અને દુર્બળતાને છતી કરવાની આથી બીજી સારી તક ક્યારે મળવાની હતી?

એણે વિચાર્યું – "નઈમ! મને ક્ષમા કરજે. આજે ના છુટકે મારે મારા કર્તવ્યની વેદી ઉપર તારા જેવા મિત્ર રત્નનું બલિદાન ચઢાવવું પડે છે. પણ તારી જગ્યાએ મારો પુત્ર હોત તો પણ હું આમ જ કરત."

બીજા જ દિવસથી કૈલાસે પોતાના પત્રમાં સમગ્ર ઘટનાની મિમાંસા શરૂ કરીદીધી. એની આગળ નઈમે જે બયાન કર્યું હતું. તે એક લખમાળાના રૂપે એણે પ્રકાશિત કર્યું. બીજા સંપાદકો જ્યારે અનુમાન, તર્ક અને યુક્તિ પ્રયુક્તિના આધારે પોતાની વાતને અનુમોદન આપતા હતા. ત્યારે કૈલાસે પ્રત્યક્ષ પ્રમાણે ટાંકીને પોતાની વાત રજૂ કરી હતી.

એણે નઈમનો પણ ઉધડો લઈ નાખ્યો એની સ્વાર્થ લોલુપતાનાં ચિંથરાં ઉડાડ્યાં. એણે લીધેલી લાંચની વાત પણ રજૂ કરવામાં આવી. નઈમને રૂપિયા લેતાં જોનાર એક સરકારી ગુપ્તચરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એણે પોતાની વાત ખોટી સાબિત કરવા સરકારને પડકાર ફેંક્યો. પોતાની અને નઈમની વચ્ચે થયેલી વાતચીત એણે અક્ષરશઃ પ્રસિદ્ધ કરી હતી.

કૈલાસની લેખમાળાએ રાજકીય ક્ષેત્રે ઘણોમોટો ઉહાપોહ મચાવી દીધો. એના વખાણના સંદર્ભમાં ઠેરઠેર સભાઓ ભરાવા લાગી. સરકારી અધિકારીઓ પર માછલાં ધોવાવા લાગ્યાં. શાશનકર્તાઓએ છેવટે પોતાની રહીસહી આબરૂ બચાવવા, મિરઝા નઈમ કૈલાસ પર બદનક્ષીનો દાવો માંડે એવો નિર્ણય કર્યો.

કૈલાસ પર દાવો મૂકાયો. નઈમને પક્ષે સરકાર લડતી હતી. કૈલાસ એનો બચાવ જાતે જ કરતો હશે. કેટલાક ધુરંધર બેરિસ્ટરોએ ગમે તે કારણોસર કૈલાસનો કેસ હાથમાં લેવાની ધરાર ના પાડી દીધી. ન્યાયાધીશે છેવટે, કાયદાકીય સનદ ન હોવા છતાં કૈલાસને તેનો કેશ લડવાની મંજૂરી આપી. એક મહિનો કામ ચાલ્યું. પ્રજાનાં હૈયાં અદ્ધર થઈ ગયાં. હજારોની ભીડ કોર્ટમાં એકત્ર થઈ જતી હતી. સમાચાર પત્રોનો તો તડાકો બોલતો હતો. માંડ માંડ ઊંચી કિંમતે સમાચારપત્ર હાથ આવતું. લોકો પણ હવે કેસની અસલિયત બાબતે ટીકા ટીપણ કરતા થયા.

જ્યાં જુઓ ત્યાં નઈમની જ ચર્ચા. જનતાનો ગુસ્સો આસમાને પહોંચી ગયો હતો. કોર્ટમાં કૈલાસ નઈમના જવાબ લેતો હતો એ દિવસ તો સૌને માટે યાદગાર બની ગયો હતો.

કૈલાસે પૂછ્યું – ‘‘આપણે સાથે ભણતા હતા એ વાત સ્વીકારો છો તમે?’’

નઈમે જવાબ આપ્યો – ‘‘હા, સ્વીકારું છું.’’

‘‘જે દિવસે આપ આ મામલાની તપાસ કરવા ગયા હતા ત્યારે હું તમને મળ્યો હતો તે બાબત પણ સ્વીકારો છો તમે?’’

‘‘હા, સ્વીકારું છું.’’

‘‘આપણે એકબીજાની વાતો એકબીજાની સમક્ષ ખુલ્લા દિલે રજૂ કરતા હતા એ વાત કબૂલ કરો છો તમે?’’

‘‘હા, એ પણ કબૂલ કરું છું.’’

‘‘આપે તે વખતે મને કહ્યું ન હતું કે જે કંઈ થયું છે તે કુંવર સાહેબની પ્રેરણાથી થયું છે?’’

‘‘ના,ના એ હડહડતું જુઠ્ઠાણું છે. મેં એવું કહ્યું જ નથી.’’

‘‘તમે એમ પણ ન હતું કહ્યું કે રૂપિયા વીસ હજારનો લાભ છે?’’





નઈમને જરાય સંકોચ થયો નહીં. ના તો જવાબ આપતાં એની જીભ લોચા વાળતી હતી કે ના તો એનું આખું અંગ ધ્રુજતું હતું! એના મોંઢા પર ઉચાટ, અશાંતિ, દ્વિધા કે ભયનું નામનિશાન ન હતું. એ તો અડગ મને ઊભો હતો. કૈલાસે ગભરાતાં ગભરાતાં પ્રશ્નો પૂછ્યા હતા. એને એમ હતું કે નઈમ એના એક પણ પ્રશ્નનો જવાબ આપી શકશે નહીં. કદાચ પ્રશ્નો સાંભળીને જ રડી પડશે. પણ નઈમે નિઃશંક ભાવે કહ્યું કે – ‘‘કદાચ આપે સ્વપ્નામાં મારા મોંઢે આવી વાતો સાંભળી હશે.’’

કૈલાસ તો આભો જ બની ગયો. એણે નઈમ તરફ વેધક દ્રષ્ટિ નાખતાં પૂછ્યું – ‘‘આપે એમ પણ કહ્યું ન હતું કે તમે બે ચાર પ્રસંગોએ મુસલમાનોનો પક્ષ ખેંચ્યો હતો અને એટલે જ તમને હિન્દુ વિરોધી માનીને તપાસની જવાબદારી સોંપી છે?’’

નઈમે દ્રઢતાથી કહ્યું – ‘‘તમારી આવી વાતો મને માત્ર કલ્પનાનું તરકટ જણાય છે. વરસો સુધી સાથે રહ્યા પછી પણ હું એ જાણી શક્યો નહીં કે તમારામાં આવી વાતો ઉપજાવી કાઢવાની આવડત છે તેનું મને દુઃખ છે.’’

કૈલાસે કોઈ દલીલો કરી નહીં. એને એની હારનું જરા પણ દુઃખ ન હતું. દુઃખ હતું માત્ર તેના મિત્ર નઈમના આત્માના અધઃપતનનું. નઈમ આટલી હદે જુઠ્ઠું બોલશે એવી તો એને કલ્પનાય ન હતી. માણસની દુર્બળતાની આ પરાકાષ્ઠા નહીં તો બીજું શું? આ એ જ નઈમ હતો જે મન અને વચનથી એક હતો. એના આચરણમાં અને વિચારમાં પણ બિંબ પડતું હતું. આવો સત્યનિષ્ઠ અને આત્માભિમાની નઈમ આટલી હદે શી રીતે ધૂર્ત બની શકે! શું ગુલામીના બીબામાં ઢળાયા પછી માણસ એની માણસાઈ ગુમાવી બેસતો હશે?

કોર્ટે નઈમને રૂપિયા વીસ હજાર દાવા પેટે આપવાનો ફેંસલો સંભળાવ્યો. કૈલાસ પર તો જાણે વીજળી ત્રાટકી.

કોર્ટના ફેંસલા પર લોકોમાં ફરી એકવાર હાહાકાર મચી ગયો. સરકારી પત્રો કૈલાસને લુચ્ચો કહી વગોવવા લાગ્યાં તો સ્વતંત્ર સમાચાર પત્રો નઈમને શેતાન કહી વગોવવા લાગ્યાં. નઈમને આદાલતે ભલે નિર્દોષ ઠેરવ્યો હતો પણ પ્રજાનાં હૈયાંમાં એના પ્રત્યે પારાવાર તિરસ્કારની લાગણી ઉભરાઇ આવી હતી. કૈલાસ પર અનેક ઠેકાણેથી સહાનુભૂતિ અને આશ્વાસન પત્રો આવવા લાગ્યા. ઠેરઠેર નઈમનાં વિરોધમાં સભાઓ થઈ. દેખાવો યોજાયા. પણ વાદળોના ઢુવા ખસેથી વરસાદની આશા ક્યાંથી રાખી શકાય? કૈલાસ માટે હવે રૂપિયા વીસ હજારનો પ્રશ્ન ઊભો થયો હતો. આટલા બધા રૂપિયા એક સામટા લાવવા ક્યાંથી?

શક્ય છે કે પ્રજાના ફાળામાંથી બે પાંચ હજારની રકમ એકત્રિત કરી શકાય. પણ એતો કૈલાસના આદર્શની વિરૂદ્ધ હતું. લોકનિંદાનો પણ એમાં ડર હતો. એણે ગમે તે પરિસ્થિતિ ઊભી થાય તો પણ કોઈની સામે હાથ નહીં ફેલાવવાનો નિર્ણય કરી લીધો.

સૂર્યોદય થઈ ગયો હતો. પૂર્વાકાશ, કંકુ ઉડાડ્યું હોય એવું લાલ લાલ થઈ ગયું હતું. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. ઘરમાં સ્તબ્ધતા છવાઈ ગઈ હતી. આજે કૈલાસની રઘળી સંપત્તિનું લીલામ થવાનું હતું.

એણે હૈયાની વેદનાથી વીંધાતાં કહ્યું – ‘‘આજે મારા સાર્વજનિક જીવનનો અંત આવી જશે. પચીસ વર્ષની કઠોર મહેનતથી ઊભા કરેલા આ મકાન મારી આંખો નીચે ઝુંટવાઈ જશે! મારા પગ મારા પગ મજાક અને અપમાનની શૃંખલાઓથી જકડાઈ જશે! મારો પરિવાર પીંખાઈ જશે. પ્રજાની સ્મૃતિમાં કોઈ વાત ઝાઝી ટકતી નથી. કોઈને હું યાદ પણ નહીં આવું. અરે! મારો ઉપર ઊતરી આવેલી વિપત્તિની આ ભયંકર આંધી બદલ કોઈ આંસુ વહાવનાર પણ નહીં હોય!’’

એને પોતાના પત્ર માટે આગ્રલેખ લખવાનું યાદ આવ્યું. કદાચ આજે એના પત્રનો છેલ્લો દિવસ હતો તેણે વિચાર્યું – ‘‘મેં આજ સુધી અનેક ભૂલો કરી હશે. હું મારા વાચકવર્ગની ક્ષમા માગું છું. મારે કોઈની સામે કશી ફરિયાદ નથી. જે પોતાના કર્તવ્યમાર્ગમાં અડગ રહે છે તેને જ આવું મોત મળે છે તેથી મને મારા અકાળ મૃત્યુનું કોઈ દુઃખ નથી. મને દુઃખ માત્ર એક છે વાતનું છએ કે પ્રજાને માટે હું આથી વધુ સારી રીતે બલિદાન આપી



શકતો નથી. પોતાના અગ્રલેખની વસ્તુ, વિચારીને એ ખુરશી પરથી ઊભો થયો ત્યાં જ એણે કોઈકનો પગરવ સાંભળ્યો. એ મિરઝા નઈમ હતો. આવતાં વેંત એ કૈલાસને ગળે બાઝી પડ્યો.’’

એના આલિંગનમાંથી પોતાના જાતને છોડાવતાં કૈલાસે કહ્યું – ‘‘ઘા ઉપર મીઠું ભભરાવવા આવ્યો છે? મારી લાશને પગની ઠોકરે ચઢાવવા આવ્યો છે તું?’’

‘‘બીજું શું? એ જ પ્રેમની ખરી મઝા છે.’’

‘‘મશ્કરી રહેવા દે યાર! મારા મગજનું કોઈ ઠેકાણું નથી. કદાચ હું તને મારી બેસીશ!’’

નઈમની આંખમાં અશ્રુ ઉભરાઈ આવ્યાં કહ્યું – ‘‘અરેરે! તારે મોંઢે આવા શબ્દો! તને ઠીક લાગે ત્યાં સુધી મને ભાંડ ગાળો. તારી ગાળોમાંથી મને મધુર ગીત સંગીત સંભળાય છે.’’

‘‘અને મારા ઘરનું લીલામ થશે ત્યારે તને શું થશે? તું તો તારો જીવ બચાવીને બેસી ગયો જુદે પાટલે!’’

નઈમે હસતાં હસતાં કહ્યું – ‘‘આપણે બંન્ને ભેગા મળી ખૂબ તાળીઓ પાડીને આપનાર અધિકારીને વાંદરાની જેમ નચાડીશું.’’

‘‘માર ખાઈશ, જાલિમ! જા તું અહીંથી! તને મારાં છોકરાં પર પણ દયા ના આવી?’’

‘‘ભાઈ! તું મારા પર જોર અજમાવવા તો નીકળ્યો હતો. એક વખત બાજી તારા હાથમાં હતી. આજે સરનો એક્કો મારી પાસે છે. તેં સમયને પારખ્યો નહીં, કૈલાસ! બસ, મારે ગળે આવી બેઠો!’’

‘‘સત્યની ઉપેક્ષા કરવી એ મારા આદર્શોની વિરુદ્ધ હતું!’’

‘‘અને સત્યને ગળું દબાવી ગુંગળાવી મારવું એ મારા સિદ્ધાંતને અનુકૂળ હતું.’’

"મારા પરિવારનો બોજ તું સહન નહીં કરી શકે, નઈમ! પૂરાં સાત બાળકો છે. જરા વિચાર કરજે."

"બસ હવે. ચા પાણી કરાવવાં છે કે પછી આમ મરશિયા જ ગાયા કરવા છે? તારા સમ, મને ખૂબ ભૂખ લાગી છે. ખાધા વગર જ ઘેરથી નીકળી પડ્યો છું."

"આજે તો એકાદશી છે એમ માનજે. બધાં જ શોકમાં ડૂબી ગયાં છે. સૌ કાગ ડોળે અદાલતના પેલા જલ્લાદની રાહ જોઇ બેઠાં છે. ત્યાં ખાવાપીવાની શી વાત! તારી પાસે હોય તો લાય, આજે છેલ્લી વાર આપણે સાથે બેસીને ખાઇ લઇએ. પછી તો આખી જિંદગી રડવાનું જ છે ને?"

"હવે આવી ભૂલ નહીં કરે ને, કૈલાસ?"

'ભૂલ કરવી એ તો મારો જન્મસિદ્ધ અધિકાર છે. જયાં સુધી સરકાર પશુબળથી આપણી ઉપર શાશન કરતી રહેશે ત્યાં સુધી મારો વિરોધ ચાલવાનો જ. દુઃખની વાત તો એ છે કે હવે મને વિરોધ કરવાની તક ફરીવાર નહીં મળે. પણ યાદ રાખજે તને રૂપિયા વીસ હજારમાંથી પૂરા વીસ રૂપિયા નહીં મળે."

નઈમે કહ્યું – "પણ હું તારી પાસેથી પાંચગણા વસૂલ કરી લઇશ. તું સમજે છે શું?"

"જા,જા જઇને મોંઢું ધોઇ આવ જરા!"

"મારે રૂપિયાની જરૂર છે. તું કહેતો હોય તો આપણે સમાધાન કરી લઇએ."

"કુંવર સાહેબના વીસ હજાર ઓહિયાં કરી ગયો તોય ધરાતો નથી? યાદ રાખજે, અપચો થઇ જશે."

"ધનપ્રાપ્તિથી ધનની ભૂખ ઊઘડે છે, કૈલાસ! ધનનો સંતોષ થતો નથી. હજુ વખત છે. સમજી જા. સરકારી અધિકારીઓ સાથે કામ પાડવામાં વધારે પરેશાનીની સંભાવના છે."



"પણ મારી સાથે સમજી જવા જેવું છે પણ શું?"

"મારું ઋણ ચૂકવવા જેવું તો તારી પાસે ઘણું છું. એક વાત ઉપર સમજૂતી કરી લે. કે મારી મરજીમાં આવે એ વસ્તુ હું લઇ લઉં! પણ પછી રોદણાં નહીં રડવાનાં!"

"અરે, આ આખી ઓફિસ લઇ જા માથે મૂકીને. ઇચ્છા થાય તો મારું ઘર લઇ લે. અરે! તને સંતોષ થતો હોય તો મને ઊઠાવી જી, બસ! કસમથી કહું છું, જા, તારી ઇચ્છા થાય તે વસ્તુ લઇ લે. જો એક હરફેય ઉચ્ચારું તો કહેજે!"

"હું તો માત્ર એક જ વસ્તુ ચાહું છું. માત્ર એક જ."

કૈલાસના કુતૂહલની સીમા ન રહી. એ વિચારવા લાગ્યો. – "મારી પાસે એવી કઇ કીંમતી ચીજ બચી છે? મને મુસલમાન થવાનું તો નહીં કહે ને? હા, માત્ર ધર્મ જ એક એવી વસ્તુ છે કે જેનું કોઇ મૂલ્ય આંકી શકાતું નથી." એણે પૂછ્યું – "કઇ?"

નઈમે કહ્યું – "તારી પત્ની સાથે એકાન્તમાં માત્ર એક મિનિટ વાતચીત કરવાની આજ્ઞા."

કૈલાસે નઈમને એક તમાચો મારતાં કહ્યું – "પાછી એની એ મજાક? તેં એને સેંકડો વાર તો જોઇ છે. એ કઇ ઇન્દ્રના દરબારની અપ્સરા થોડી છે?"

"એ ગમે તે હોય. સોદો કરવો હોય તો જ કરજે. પણ યાદ રાખજે, શરત એકાન્તની છે."

"મંજૂર છે. પણ પછી જો રૂપિયા માગ્યા તો કરડી ખાઇશ, જાણજે."

"તારી વાત પણ મને મંજૂર છે." નઈમે કહ્યું.

કૈલાસે ધીમેથી કહ્યું – "પણ જોજે, નાજુક સ્વભાવની છે એ. બેહૂદી મશ્કરી ના કરી બેસતો."

"મને તારા ઉપદેશની કોઈ જરૂર નથી. મને એના ઓરડામાં તો લઈ જા."

"પણ માથું નીચું રાખીને જજે."

"અરે! એવું હોય તો મારી આંખે પાટો બાંધી દે."

ઉમા ચિંતામગ્ન બેઠી હતી. નઈમ અને કૈલાસને જોઈ એ ચમકી ગઈ. કહ્યું – "આવો, મિરઝાજી! ઘણા દિવસે યાદ કર્યાં અમને!"

કૈલાસ બહાર નીકળી ગયો. પણ બારણાના પડદાની આડમાં રહી જોવા લાગ્યો કે નઈમ શું કરવા માગતો હતો. એનામનમાં કોઈ ખરાબ વિચારો ન હતા. માત્ર કુતૂહલ હતું.

નઈમે કહ્યું – "અમે તો રહ્યા સરકારી માણસો. અમને રોજરોજ નવરાશ ક્યાંથી મળે? હું તો કોર્ટના આદેશ અનુસાર મને મળવા જોઈતા રૂપિયા લેવા આવ્યો છું."

ઉમાના ચહેરા પરનું તે જ ઉડી ગયું. તેણે ગંભીર સ્વરે કહ્યું – "અમે પોતે જ એની ચિંતામાં છીએ. રૂપિયા મળવાની આશા જ નથી.અને એમને પ્રજા પાસે ટહેલ નાખતાં શરમ આવે છે."

નઈમે એટલી જ ગંભીરતાથી કહ્યું – "શું વાત કરો છો તમે? મેં પાઈ પાઈ વસૂલ કરી લીધી છે."

હર્ષાવેશમાં ઉમાએ કહ્યું – "સાચું? એમની પાસે એટલા રૂપિયા હતા?"

નઈમે કહ્યું – "એને તો પહેલેથી જ આવી ટેવ છે. તમને કહ્યું હશે કે એની પાસે રાતી પાઈ પણ નથી. પણ મેં તો ચપટી વગાડતામાં જ વસૂલ કરી દીધા. ઊઠો, ખાવા પીવાની વ્યવસ્થા કરો. હવે ચિંતા કરવાનું કોઈ કારણ નથી."

ઉમાએ કહ્યું – "મને વિશ્વાસ નથી પડતો. એ રૂપિયા શી રીતે ચૂકવી આપે, ભલા?"

"તમારો સ્વભાવ ભોળો છે. પણ એ તો ભારે ચાલાક છે. એને તો



હું એકલો જ ઓળખું."

કૈલાસ હસતો હસતો ત્યાં આવી ચઢ્યો અને કહ્યું – "એમ વાત છે? નીકળ હવે બહાર. અહીં પણ ચાલાકી કર્યા વગર રહેવાયું નહીં?"

"અરે! પણ રૂપિયાની રસીદ તો લખી લેવા દઈશ કે નહીં?"

ઉમાએ પૂછ્યું – "તમે આપી દીધા રૂપિયા? ક્યાંથી લાવ્યા હતા?"

"કહીશ કોઈકવાર વખત આવ્યે. ઊઠ, ઊભો થા નટખટ."

ઉમાએ ભારપૂર્વક પૂછ્યું – "પણ મિરઝાજીથી શું છુપાવવાનું? કહોને, ક્યાંથી લાવ્યા રૂપિયા?"

કૈલાસે કહ્યું – "નઈમ! તું ઉમાની સામે મારું ઘોર અપમાન કરવાનું રહેવા દે."

"તેં આખી દુનિયા સામે મારું અપમાન કર્યું એ ઓછું છે?"

કૈલાસે કહ્યું – "તમારા અપમાન બદલ અમારે રૂપિયા વીસ હજાર નથી આપવા પડ્યા?"

"હું પણ એ જ ટંકશાળામાંથી રૂપિયા ચૂકવી આપીશ. ઉમા, મને રૂપિયા મળી ગયા. એ બિચારાનો પડદો ઊઘેડવાનું રહેવા દો"

## ભોગ!

રામધન આહીરના ખોરડે એક સાધુએ આવી ને ટહેલ નાખી – ‘‘બચ્ચા, તેરા કલ્યાણ હો. સાધુ પર કુછ દયા કર.’’

રામધને એની પત્નીને કહ્યું – ‘‘બારણે સાધુ પધાર્યા છે. એમને ભિક્ષા આપ.’’

એની પત્ની વાસણ માંજતી માંજતી આજે શું રાંધવું એની ચિંતા કરી રહી હતી. ઘરમાં અનાજનો એક દાણોય ન હતો. ચૈત્ર મહિનો હોવા છતાં અહીં ભરબપોરે અંધકાર છવાઈ ગયો હતો. અનાજ ખળામાંથી પરબારું જ ઠેકાણે પડી ગયું હતું. અડધું મહાજને લઈ લીધું હતું. અને અડધું જમીનદારે વસુલાતના બદલામાં ઝૂંટવી લીધું હતું. ઘાસવેચીને બળદોના વેપારીઓને પૈસા ચૂકવ્યા હતા. ભૂસું ઝૂડીઝૂડીને પરાણે મણેક દાણા એકઠા કર્યા હતા. ચૈત્ર મહિનમો તો ગમે તેમ કરી વીતાવ્યો. આગળ શું થશે એ તો એક માત્ર ભગવાન જ જાણતો હતો. પણ ઘરને આંગણે આવેલા સાધુને નિરાશ શી રીતે કરાય? એનું કાળજું કકળે તો ધનોતપનોત નીકળી જાય.’’

પત્ની બોલી – ‘‘સાધુને શું આપું? આપવા જેવું ઘરમાં કશુંય નથી.’’

‘‘જા જઈને જો. થોડો લોટબોટ મળી આવે તો લાવીને આપ.’’





‘‘ઘરમાં ચપટીએ લોટ નથી. કાલે જ પરાણે પરાણે બે રોટલા ઘડ્યા’તા.’’

‘‘મારાથી સાધુને એમ તો નહીં કહેવાય કે બાબા ઘરમાં કશુંય નથી આપવા જેવું. કોઈકને ઘેરથી વાટકી લોટ ઉછીનો ભરી લાવ્ય.’’ – રામધને પત્નીને કહ્યું.

‘‘શું કહું તમને! જેમને ઘેરથી ઉછીનો લઈ આવી છું એમને આજ સુધી પાછો નથી દઈ શકી હવે ફરીવાર શું મોંટું લઈને માગવા જાઉં?’’

‘‘દેવોના ભોગ માટે પેલો ઘઉંનો લોટ રાખ્યો છે ને તે લાવ અને આપી દે.’’

‘‘પછી દેવોની પૂજા શી રીતે થશે?’’

‘‘અરેરેરે! સમજતી કેમ નથી! દેવો કઈ માગવા થોડા આવે છે? સંપત હશે ત્યાં સુધી કરીશું. પછી હરે હરે!’’

‘‘તે ઘઉંનો લોટ છે પાંચ દસ શેર? હશે માંડ માંડ અરધો શેર! અને એ આપી દીધા પછીય શું કોઈ સાધુ સન્યાસી ફરી નહીં આવે? એને શો જવાબ દઈશું?’’

‘‘પણ બારણેથી આ બલા તો ટળશેને? પછીની વાત પછી જોઈ લેવાશે.’’

રામધનની પત્ની અકળાઈને ઊઠી. અને એક નાની હાંડલી લઈ આવી. એમાં માંડ માંડ અડધો શેર લોટ હશે! ઘઉંનો લોટ મહામહેનતે

દેવોના ભોગ માટે એણે સાચવી રાખ્યો હતો. ઘણો વિચાર કર્યા બાદ રામધન એક વાડકામાં લોટ લઇને બહાર આવ્યો ને એણે એ સાધુની ઝોળીમાં ઠાલવી દીધો.

મહાત્માએ લોટ લઇ કહ્યું – ''બચ્ચા, અબ તો સાધુ આજ યહીં રહેંગે. થોડી સી દાલ દેદે. બસ, સાધુકા ભોગ લગ જાય.''

રામધને ઘરમાં આવી પત્નીને કહ્યું – ''સંજોગવશાત્ થોડીક દાળ ઘરમાં બચી હતી. રામધને દાળ, મીઠું, અને થોડાં જેરણાં સાધુને આપ્યાં. કૂવેથી પાણી લાવી આપ્યું. સાધુએ દાળ બાટી રાંધ્યાં. બટાંકાનું ભરતું બનાવ્યું. બધું તૈયાર થઇ ગયા પછીથી સાધુએ રામધનને કહ્યું – ''બચ્ચા, ભગવાનકે ભોગ કે લિયે કૌડી ભર ઘી ચાહિએ. રસોઇ પવિત્ર ન હોગી તો ભોગ કૈસે લગેગા?''

રામધમે કહ્યું – ''બાબજી! ઘી તો ઘરમાં નથી.''

''અરે, બચ્ચા! ભગવાન કા દિયા બહોત હૈ તેરે પાસ. ઐસી બાતેં મત બોલ.''

''મહારાજ! મારે ઘેર નથી તો ગાય કે નથી તો ભેંશ, પછી ઘી ક્યાંથી હોય?''

''બચ્ચા, ભગવાન કે ભંડારમેં સબ કુછ હૈ. જા, ઔર અપની સ્રીસે બોલ.''

રામધને ઘરમાં જઇને પત્નીને કહ્યું – ''સાધુ ઘી માગે છે. એક તો ભીખ માગીને પેટ ભરવું છે, ને પાછો ઘી વગર કોળિયો ઉતરતો નથી.''



''તો આ દાળ લઇને જાવ વાણિયાને ઘેર અને લઇ આવો થોડુંક ઘી. જ્યારે આટલાં વાનાં કર્યાં છે તો બે ચમચી ઘી માટે શું કરવા સાધુને નિરાશ કરવા?''

ઘી આવ્યું. સાધુએ ઠાકુરજીને ભોગ ધરાવ્યો. ઘંટડી રણકી ઊઠી. પછી ધરાઈને ખાધું. ખાઇને પેટ ઉપર હાથ ફેરવી સાધુ રામધનના આંગણામાં જ સૂઇ ગયો. સાધુનાં એંઠાં વાસણો રામધન સાફ કરવા ઘરમાં લઇ ગયો.

એ રાત્રે રામધનને ઘેર ચૂલો સળગ્યો નહીં. બંન્ને એ એકલી દાળ રાંધીને પી લીધી.

રામધન સૂતો સૂતો વિચારતો હતો – ''મારાથી તો આ સાધું સુખી છે.''